BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## પ્રથમ વર્ષ
## સેમેસ્ટર : 02
## SKTMJ -204
# વૈદિક સાહિત્ય અને ઉપનિષદ




As per NEP - 2020

B.A. (Hons.)



# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં, ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

**'स्वाध्यायः परमं तपः'** ધ્યેય વાક્યને ચરિતાર્થ કરતાં વિશ્વવિદ્યાલયનું પરમ લક્ષ્ય સમાજના છેવાડાના દરેક માનવી સુધી શિક્ષણને પહોંચાડવાનું છે. **'भारतस्य प्रतिष्ठे द्वे संस्कृतं संस्कृतिस्तथा'** અર્થાત્ ભારતની પ્રતિષ્ઠા સંસ્કૃત તથા સંસ્કૃતિથી છે અને સંસ્કૃત વિના ભારતીય સંસ્કૃતિ અધૂરી છે. ભારત પ્રાચીન કાળથી જ સમૃદ્ધ રહ્યું છે, જેનું એક માત્ર કારણ એ છે કે ભારતીય શિક્ષણ પરંપરાનો ઉદ્દેશ ચરિત્ર નિર્માણનો રહ્યો છે. શિક્ષણનું વાસ્તવિક સ્વરૂપ વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન કરવાનું રહ્યું છે. આપણા ભારતીય આદર્શ ગ્રંથો સંસ્કૃત ભાષામાં જ રચાયા છે. વિશ્વના પ્રાચીનતમ ગ્રંથ એવા વેદો પણ સંસ્કૃત ભાષામાં જ ઉપલબ્ધ છે, જેમાં સંગીત, કલા, વાસ્તુ, ચિકિત્સા, તત્ત્વજ્ઞાન જેવા વિવિધ વ્યાપક વિષયો પ્રતિપાદિત થયા છે.

સંસ્કૃતનું મહત્ત્વ વૈદિક કાળથી જ પ્રતિષ્ઠિત છે તો નિઃસંદેહ વિશ્વની પ્રાચીનતમ ભાષા સંસ્કૃત સિવાય અન્ય કઈ હોઈ શકે ! સંપૂર્ણ વિશ્વની પ્રવર્તમાન ભાષાઓમાંથી 97% ભાષાઓ સંસ્કૃતથી પ્રભાવિત છે. તે પ્રાચીન હોવા ઉપરાંત, અત્યંત વૈજ્ઞાનિક ભાષા પણ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરનું સ્વપ્ન હતું કે, સંસ્કૃત ભારતની રાષ્ટ્રભાષા બને. તેમના વિચારોનું અનુસરણ કરતાં વિશ્વવિદ્યાલય આ પાઠ્યક્રમ દ્વારા આંબેડકરજીને શ્રદ્ધાંજલિ અર્પે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરૂષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન પાઠવું છું અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે તેવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું. **'तेजस्विनावधीतमस्तु'.**


કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ - ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

# SKTMJ-204

# વૈદિક સાહિત્ય અને ઉપનિષદ્

| | |
|---|---|
| **નિદર્શન:** | |
| પ્રો. યોગેન્દ્ર પારેખ | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **વિષયસમિતિ:** | |
| ડૉ. વિનોદ માજીરાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| (પ્રો.) ડૉ. મયૂરી ભાટિયા | પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. યોગિની એચ. વ્યાસ | રિટાયર્ડ એસોસિએટ પ્રોફેસર, ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગર |
| **સંપાદન** | |
| ડૉ. વિનોદ માજીરાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. રાખી જૈન | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **પરામર્શન (વિષય)** | |
| ડૉ. નયના કલ્પેશભાઈ નાયક | એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત, શ્રી એમ.આર.ડી.આર્ટ્સ એન્ડ શ્રી ઈ.ઈ.એલ.કે.કોમર્સ કોલેજ, ચીખલી |
| ડૉ. કશ્યપ ત્રિવેદી | એસોસિએટ પ્રોફેસર,સંસ્કૃત વિભાગ, કે.સ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ. |
| પ્રા. જીતેન્દ્રકુમાર એ. બ્રહ્મભટ્ટ | એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કોલેજ, કપડવંજ |
| (પ્રો.) ડૉ. મયૂરી ભાટિયા | પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| **લેખન** | |
| પ્રા. ઉષાબા એચ. ગોહિલ | લેક્ચરર(સંસ્કૃત), સંહિતા-સિદ્ધાન્ત વિભાગ, સરકારી મોડેલ આયુર્વેદ કોલેજ, કોલવડા. |
| ડૉ. પંકજ કે. ઠાકર | આસિસ્ટન્ટ પ્રોફેસર,સંસ્કૃત વિભાગ, કે.સ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ. |
| ડૉ. મધુસૂદન એમ. વ્યાસ | અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, શ્રી કે.આર.કટારા આર્ટ્સ કોલેજ, શામળાજી. |
| ડૉ. શ્વેતા એ. જેજૂરકર | આસિસ્ટન્ટ પ્રોફેસર અને અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા. |

**પ્રકાશક:** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રથમ આવૃત્તિ-2024**

## સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

BAOU
Education
for all

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## વૈદિક સાહિત્ય અને ઉપનિષદ
**SKTMJ-204**

વિભાગ- 1  વૈદિક સાહિત્યનો પરિચય


| | |
|---|---|
| એકમ : 1<br>વેદનો અર્થ અને વેદની સંહિતાઓ | 1 - 20 |
| એકમ : 2<br>બ્રાહ્મણગ્રંથો અને આરણ્યકગ્રંથો | 21 - 32 |
| એકમ : 3<br>ઉપનિષદો | 33 - 47 |
| એકમ : 4<br>વેદાંગ | 48 - 56 |

એકમ 1

# વેદનો અર્થ અને વેદની સંહિતાઓ

## રૂપરેખા

**1.0 ઉદ્દેશ**
**1.1 પ્રસ્તાવના**
**1.2 'વેદ'નો શાબ્દિક અર્થ અને પર્યાયો**
**1.3 વેદોની સંખ્યા**
**1.4 ઋગ્વેદ સંહિતા**
**1.5 યજુર્વેદ સંહિતા**
**1.6 સામવેદ સંહિતા**
**1.7 અથર્વવેદ સંહિતા**
**1.8 તમારી પ્રગતિ ચકાસો**

## 1.0 ઉદ્દેશ:

સંસ્કૃતપ્રેમી વિદ્યાર્થીમિત્રો,

વેદોને ભારતીય સંસ્કૃતિના સર્વોચ્ચ શિખર સમાન જ્ઞાનમાં હિમાલય સાથે સરખાવી શકાય કે જેમાંથી અનેક ભારતીય પરંપરારૂપી નદીઓ પ્રગટ થઈ છે. આ 'વેદ' સાહિત્યથી આપ સૌ પરિચિત હશો, છતાં આ એકમ દ્વારા વિશ્વના પ્રથમ સાહિત્ય 'વેદ'ને વિસ્તૃત રીતે આપની સમક્ષ મૂકવાનું મારું પ્રયોજન છે, તો મને વિશ્વાસ છે કે આ એકમ દ્વારા તમે-

- પ્રાચીન સાહિત્ય 'વેદ'ના શાબ્દિક અર્થને તથા તેના સમાનાર્થી શબ્દોને સમજી શકશો.
- ચારેય વેદોથી સુપરિચિત થશો.
- ભારતનાં ભૂતકાળની ભવ્યતાનું સાંગોપાંગ દર્શન તથા વેદનો વારસાવૈભવ અદ્વિતીય છે તે આ વૈદિકસાહિત્ય દ્વારા આપ જાણી શકશો.
- ભારતીય ભૂમિમાં પ્રચલિત તત્ત્વજ્ઞાનની મોટાભાગની શાખાઓનું મૂળ વૈદિક સાહિત્ય છે, જે આપ આ એકમ ભણીને જાણી શકશો.

## 1.1 પ્રસ્તાવના:

સંસ્કૃત સાહિત્ય બે પ્રકારનું છે: પ્રાચીન વૈદિક સાહિત્ય અને તે પછીનું શિષ્ટ સંસ્કૃત સાહિત્ય. પ્રાચીન વૈદિક સાહિત્યમાં ખાસ કરીને ચાર વેદ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યક ગ્રંથો અને વેદાંગનો સમાવેશ થાય છે. સૌથી પ્રથમ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એ ચાર વેદ રચાયા. કહેવાય છે કે વેદો ઈશ્વર પ્રણિત, ઈશ્વર કથિત છે. કોઈ મનુષ્ય દ્વારા કહેવાયા ન હોવાથી "અપૌરુષેય" ગણાયા.તપ કરનાર ઋષિઓ પાસે વેદના મંત્રો સ્વયં સ્ફૂર્યા છે.આમ ઋષિઓ વૈદિક મંત્રોના કર્તા નહીં પણ શ્રોતા કહેવાયા. તે જ્ઞાન શિષ્યોને ઉપદેશ દ્વારા સમજાવ્યું તેથી ઋષિઓદૃષ્ટા (ઉપદેશક) કહેવાયા.

સામાન્ય સમજ પ્રમાણે આપણે, ચાર વેદ છે એમ સમજીએ છીએ, પણ વાસ્તવમાં પ્રારંભે સંસ્કૃતિના આદિકાળમાં વેદ એક જ ગ્રંથ હતો. વેદ વ્યાસ મુનિએ તે ગ્રંથનું ચાર સંહિતાઓમાં વિભાજન કર્યું. તો સર્વપ્રથમ આપણે આ 'વેદ' શબ્દને સમજવાનો પ્રયત્ન કરીએ.

## 1.2 'વેદ'નો શાબ્દિક અર્થ અને તેના પર્યાયો:

**'વેદ'નો શાબ્દિક અર્થ:**

સમગ્ર વિશ્વમાં આજે પણ ભારત સ્વસંસ્કૃતિની વિજયપતાકા લહેરાવી ઉંચા મસ્તકે ઊભો છે તેનું કારણ આપ જાણો છો? ઉત્તર સરળ છે- વેદ. હવે એક પ્રશ્ન થાય છે કે વેદ કોને કહેવાય? તેનો અર્થ શું થાય? વેદશબ્દનો અર્થ જ્ઞાન થાય છે. મહાન વૈયાકરણી પાણિનિધાતુપાઠમાં 'વિદ્' શબ્દ ચાર અર્થમાં પ્રયોજે છે. જ્ઞાન, સત્તા, લાભ અને વિચારવું. 'લાભ' આનંદનો જનક છે. આનંદનું સ્વરૂપ છે. વિચારવું એ જ્ઞાનમાં નિહિત છે. આમ જ્ઞાન, સત્તા, આનંદ, એ ત્રણ બ્રહ્મના લક્ષણો છે, તે જ વેદના અર્થ છે. આથી પ્રાચીન ભારતમાં 'બ્રહ્મવિદ્યા' અને 'વેદ' બંને પર્યાયવાચી શબ્દો ગણાતા.

સાયણાચાર્ય નામના પ્રાચીન વિદ્વાને કહ્યું છે કે આપણે પ્રત્યક્ષ (આંખ સામે) કે અનુમાન પ્રમાણથી જેને જાણી ન શકીએ તેને વેદથી જાણી શકાય છે. એમ કહેવાય છે કે પ્રાચીન આર્ય ઋષિઓને સાક્ષાત્પરમાત્મા પાસેથી જે જ્ઞાન મળ્યું તે તેમણે વેદમંત્રો દ્વારા રજૂ કર્યું. આ વેદમંત્રોનો સમૂહ એટલે વેદ.'જેનાથીધર્મ,અર્થ,કામ અને મોક્ષ પુરુષાર્થો જાણી શકાય છે અથવા મેળવી શકાય છે તે વેદ છે'. સ્વામી દયાનંદ સરસ્વતીએ પણ જુદાજુદા ચાર ગણના 'વિદ્' ધાતુમાંથી આ 'વેદ'નો શબ્દાર્થ સમજાવતાં તેમના 'ઋગ્વેદભાષ્યભૂમિકા'માં લખ્યું છે કે- **विदन्ति, जानन्ति, विद्यन्ते भवन्ति, विंदन्ति अथवा विंदन्ते लभन्ते, विंदन्ति विचारयन्ति सर्वे मनुष्या: सर्वा: सत्यविद्यायै:, येषु वा तथा विद्वांस: च भवन्ति ते वेदा:** || અર્થાત્ "જેનાથી સૌ મનુષ્યો સઘળી સત્યવિદ્યાઓને જાણે છે, અથવા જે (વેદો)માં સઘળી સત્યવિદ્યાઓ રહેલી છે, અથવા જેનાથી સઘળી સત્યવિદ્યાઓ મેળવી શકાય છે, અથવા જે (વેદો)થી સઘળી સત્યવિદ્યાઓ વિચારીને બધા

માણસો વિદ્વાન થાય છે તેને 'વેદ' કહેવાય છે". ટૂંકમાં 'વેદ' એટલે પરમજ્ઞાન, આધ્યાત્મિક જ્ઞાન એમ સમજાય છે. વળી, 'વેદ' શબ્દ, "વેદ-સાહિત્ય", કે જેમાં ઋગ્વેદ, યજુર્વેદ સામવેદ, અને અથર્વવેદનો મુખ્યત્વે સમાવેશ થાય છે- તેનો પણ વાચક છે. સ્થૂલ અર્થમાં તો વેદ ચાર ગ્રંથોનો વાચક છે જ. આમ, વેદનો મુખ્યાર્થ જ્ઞાન અને ગૌણાર્થ ગ્રંથો થાય છે.

'વેદ' શબ્દના અન્ય અર્થો અત્રે નોંધવા અસ્થાને નહિ લેખાય. તેનો એક અર્થ 'વિષ્ણુ' થાય છે. નાનર્થરત્નમાલા તેનો અર્થ 'વેદાંગ' આપે છે અને વિષ્ણુનું એક નામ 'વેદાંગ' પણ છે, કેમકે 'વેદો જેનાં અંગભૂત છે તે ભગવાન વેદાંગ' એવો અર્થ શંકરાચાર્ય ઘટાવે છે.

'વેદ' શબ્દ રૂઢિથી એક અસાધારણ જ્ઞાન અથવા ગૌરવનો પણ વાચક બન્યો છે. પરિણામે સમાજના અમુક વર્ગમાં લોકોને માટે જ્ઞાનના કે મનોરંજનના ઉપાય તરીકે 'નાટક'ની રચના-ઉત્પત્તિ કરવામાં આવી ત્યારે તેને પાંચમો "નાટ્યવેદ" કહેવાયો. તે જ પ્રમાણે વૈશ્વિક જ્ઞાનની ખાણ સમા મહાભારત જેવા ગ્રંથને માટે 'ભારતવેદ' તથા ધન્વંતરિના ઔષધિજ્ઞાનને માટે પણ 'આયુર્વેદ' શબ્દ વપરાય છે.

### વેદના વિવિધ પર્યાયો

અમરકોશમાં '**वेद**' માટે **श्रुति** અને **आम्नाय** બે પર્યાય છે. **श्रुति** એટલે સાંભળેલું જ્ઞાન, જે '**श्रु**' ધાતુ પરથી બન્યો છે. ઋષિઓને તેમના હૃદયરૂપી આકાશમાં વેદના દિવ્યમંત્રો સંભળાયા. આકાશવાણી રૂપે તે રોજ રોજ સંભળાતા રહ્યા. એમણે તે યાદ રાખ્યા. એ સમયે લેખનસામગ્રી ઉપલબ્ધન હતી, તેથી ઋષિઓએ આ મંત્રો બોલીને પોતાના શિષ્યોને ભણાવ્યા. તે શિષ્યોએ એજ મંત્રો એમના શિષ્યોને શીખવ્યા. આમ જે જ્ઞાન સાંભળીને પ્રાપ્ત કરેલું, એકકાનેથી બીજા કાને કહેલું અને યાદ રાખેલુ તે જ્ઞાન શ્રુતિ.

**आम्नाय** એટલે પરંપરા. ગુરુ શિષ્યોને કહે એવી પરંપરાથી ઉતરી આવે માટે **आम्नाय** પણ વેદનો પર્યાયવાચી શબ્દ છે. જે પદ્ધતિ કે પ્રવૃત્તિ એકધારી વર્ષો સુધી સતત ગંગાના પ્રવાહની જેમ વહ્યા કરે એ પરંપરા કહેવાય. વેદો આ પરંપરાથી મળ્યા છે. સાંભળવાની પરંપરાથી વેદો 10,000 થી વધુ વર્ષોથી એક ધારા ઉતરી આવ્યા છે તેનું આશ્ચર્ય વિશ્વમાં છે.

વૈદિકસાહિત્યમાં મહર્ષિ વસિષ્ઠ અને વિશ્વામિત્રનો મહિમા અપાર છે. હજારો વર્ષો પૂર્વે મહર્ષિ વસિષ્ઠ અને વિશ્વામિત્ર જેવા યુગપ્રભાવ, સફળ, શ્રેષ્ઠ આર્ષદ્રષ્ટા આદ્ય ઋષિઓએ જે સ્વરથી વેદમંત્રોનો ઉચ્ચાર કર્યો હશે તે જ પ્રમાણે પરંપરાગત ઉચ્ચાર, પાઠ અને પધ્ધતિસરનું ગાન આજે થાય છે. મુનિ વસિષ્ઠનાં મૃત્યુંજયમંત્ર અને મુનિ વિશ્વામિત્રનાં ગાયત્રીમંત્રનું ગાન આજે પણ આપણે સાંભળીએ છીએ. 'આમ્નાય'નો બીજો અર્થ અભ્યાસ (પુનરાવર્તન) પણ થાય છે. સૃષ્ટિના આરંભે વેદો પૂર્વયુગમાં જેવા હતા તેવા ફરી આવ્યા. આમ વેદોનો અભ્યાસ એટલે કે પુનરાવર્તન થયું .

વૈદિક સાહિત્યમાં વેદને 'સ્વાધ્યાય' પણ કહેવાય છે, કારણ વેદનું વારંવાર જાતે અધ્યયન- પુનરાવર્તન થાય છે. ગુરુ પરંપરાથી જે વિધિપૂર્વક સારી રીતે અધ્યયન કરવા યોગ્ય

છે તે સ્વાધ્યાય. મૌખિક પરંપરાને ઉદ્દેશીને સ્વાધ્યાય એ વેદનું સાર્થક નામ છે. વળી, વેદના ઘોતક બે શબ્દો છે.

1.આગમ (આવવું) - જે કુળ-પરંપરાથી કે ગુરુ-પરંપરાથી ઉતરી આવે છે તે અથવા જે શ્રવણ દ્વારા મનમાં પ્રવેશ કરે છે તે.

2.નિગમ- શિષ્ય પ્રદેય હોવાથી તેને આપવા માટે ગુરુમુખેથી જે ઉપદેશ/જ્ઞાન બહાર નીકળે છે તે.

ગુરુ - શિષ્ય પરંપરાથી વેદનું મૌખિક શ્રવણ કરાવવામાં આવતું. તે સ્મૃતિમાં જાળવી એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ એક પછી એક સાંભળે તેથી વેદને માટે 'અનુશ્રવ' કે 'અનુશ્રુતિ' શબ્દ પણ વપરાય છે. વળી, ભારતીય માન્યતા મુજબ ઋષિઓને યજ્ઞક્રિયા દરમિયાન આ ઈશ્વરીય જ્ઞાનનું-વેદમંત્રોનું-દર્શન થયું હોઇને વેદોને 'આર્ષ સાહિત્ય' પણ કહેવામાં આવે છે. એ જ પ્રમાણે આ વેદના મંત્રોની રચના મુખ્યત્વે છંદોબદ્ધ થયેલી જોવા મળે છે. આથી, વેદના માટે 'છંદસ્' એવા શબ્દનો પણ પ્રયોગ થાય છે.

શ્રી માધવાચાર્યએ 'ન્યાયવિસ્તાર' ગ્રંથમાં લખ્યું છે- આ ચારેય- ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદને 'ત્રયી' પણ કહેવામાં આવે છે. કારણ કે એમાં ગદ્યાત્મક, પદ્યાત્મક અને ગાનાત્મક મંત્રો આવેલા છે. બીજા શબ્દોમાં કહીએ તો પદ્યાત્મક મંત્રોને 'ઋક્' કહેવાય છે. ગેય- ગાનાત્મક મંત્રોને 'સામ' કહેવાય છે. તથા ગદ્યાત્મક મંત્રોને 'યજુસ્' કહેવાય છે. આમ ચારેય વેદોના મંત્રો આ ત્રણ પ્રકારના હોઈને તે ચારેય વેદોને માટે 'વેદત્રયી' કે 'ત્રયીવિદ્યા' આવા શબ્દો પણ વપરાય છે.

## 1.3 વેદોની સંખ્યા :

વેદ એક છે, ત્રણ છે, ચાર છે કે પછી અનંત છે એવા નિર્દેશો પ્રાચીન સમયથી પ્રાપ્ત થતાં આવ્યાં છે. પરિણામે, ભ્રાન્તિયુક્ત મતો પણ ઉપસ્થિત થતા આવ્યા છે. વાસ્તવમાં વેદના એકત્વ કે અનન્તત્વના નિર્દેશોને તેના સંદર્ભમાં યોગ્ય રીતે ન સમજી શકવાથી આવી ભ્રાંતિઓ સર્જાઈ છે. 'ત્રયી'ના ઉલ્લેખથી પહેલાં ઋક્, યજુસ્ અને સામ એમ ત્રણ વેદ હતા અને ચોથો અથર્વવેદ પાછળથી રચાયો એમ કેટલાંક વિદ્વાનો માને છે, પણ આ બાબત સહેજ ઊંડો વિચાર માગી લે તેમ છે.

પુરાણોમાં પ્રાપ્ત થતી પરંપરાઓ અનુસાર પહેલા કેવળ એકજ વેદ હતો અને પાછળથી વ્યાસે તેમને ચાર વેદમાં વિભાજિત કર્યા. વેદોને વ્યવસ્થિત રીતે વિભક્ત કરવાને કારણે તેઓ વ્યાસ કહેવાયા. "**वेदान्व्यस्यते इति व्यासः**"। ઋક્, યજુસ્, સામ અને અથર્વ એમ ચાર વેદ તરીકે વિભક્ત કરેલી સંહિતાને તેઓએ પોતાના શિષ્યો પૈલ, વૈશંપાયન, જૈમિનિ અને સુમન્તુને અનુક્રમે આપી. તે શિષ્યોએ સંહિતાઓને પોતપોતાના શિષ્યોને પરંપરામાં આપી. પરિણામે, અનેક શાખાઓ થઈ.

પૂર્વે વેદ એક હતો અને વ્યાસે તેનું સંકલન કે વ્યવસ્થિત વિભાગીકરણ કર્યું એવા વિચારો મહાભારત તેમજ પુરાણોમાં અનેક સ્થળે પ્રાપ્ત થાય છે. વેદ એક હતો, તે અત્યંત મોટો હોવાથી તેને સમજવો તેમજ સમજાવવો અઘરો પડતો માટે શાખાભેદમાં તેને વ્યવસ્થિત કર્યો. સુખપૂર્વક તેનું ગ્રહણ થાય તે આશયથી વ્યાસે ચાર સંહિતાઓમાં તેને વ્યવસ્થિત કર્યો, તેનું સંહિતીકરણ કર્યું, એમ 'નિરુક્તવૃત્તિ'કાર દુર્ગાચાર્ય માને છે. જગત ઉપર ઉપકાર કરવા કાજે ભગવાન વ્યાસે એક બનીને રહેલા વેદને જુદા કર્યા અને શાખાના ભેદો અલગ અલગ કર્યા.

મહીધર નામના સુપ્રસિદ્ધ ભાષ્યકારનું માનવું છે કે - મંદમતિના માણસોનો વિચાર કરી, પહેલા બ્રહ્મપરંપરાથી પ્રાપ્ત થયેલ એક વેદને ઋક્, યજુસ્, સામ અને અથર્વ એમ ચાર વેદોમાં વહેંચીને વ્યાસે પૈલ, વૈશંપાયન, જૈમિનિ અને સુમન્તુને અનુક્રમે ઉપદેશ કર્યો. વાયુપુરાણમાં એમ નોંધ્યું છે કે પહેલા કેવળ એક યજુર્વેદ હતો અને તેને ચાર વિભાગમાં વહેંચ્યો, પણ આને એક મતાન્તર તરીકે સ્વીકારી શકાય. આમ આજ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એવા જે ચાર વેદ પ્રાપ્ત થાય છે તે મૂળ એક વેદમાંથી ચાર થયા અને આ વિભાગીકરણનું શ્રેય દ્વાપરયુગના આરંભમાં ભગવાન વેદવ્યાસના ફાળે જાય છે. આમ વેદની એક અને ચાર સંખ્યાનાં ઉલ્લેખોનો ભાવ સ્પષ્ટ થતા તેમાં કોઈ અસંગતિ નથી.

ઋગ્વેદનાં 'પુરુષસૂક્ત'માં સર્વહૂત યજ્ઞમાંથી ઋચા, સામ અને યજુસ્ તેમજ છન્દાન્સિ ઉત્પન્ન થયા એમ જણાવ્યું છે. અહીં અથર્વવેદનો ઉલ્લેખ નથી. કેવળ ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદનો નિર્દેશ છે એમ કેટલાક માને છે. પણ વાસ્તવમાં અહીં તે તે નામના ત્રણ વેદોનો ઉલ્લેખ નથી, પરંતુ ઋક્, સામ અને યજુસ્ એમ ત્રણ પ્રકારના વેદમંત્રોનો ઉલ્લેખ છે. જેમાં અર્થ અનુસાર પાદવ્યવસ્થા હોય તેને ઋક્ અથવા ઋચા કહેવાય છે. ગીતબધ્ધ મંત્રને સામ અને બાકીના ગદ્યમય કે યજ્ઞોપયોગી મંત્રોને યજુસ્ કહે છે. આ મંત્રમાં છન્દાન્સિથી અથર્વવેદનો ઉલ્લેખ જોનારા પણ છે. આમ, "ત્રયી" દ્વારા ત્રણ પ્રકારના મંત્રો એ અર્થ પ્રાચીનતમ ઉલ્લેખોમાં તેમજ ઉપનિષદોમાં પણ જોવા મળે છે. વળી, વેદ ચાર હોવાનો સ્પષ્ટ નિર્દેશ ઘણે સ્થળે જોઈ શકાય છે. જેમકે,

ઋગ્વેદ-4-58-3 માં "चत्वारि शृंगा: त्रयो अस्य पादा: ..."માં चत्वारि નો અર્થ ચાર વેદ કરવામાં આવ્યો છે અને તે પણ અત્યંત પ્રાચીનકાળથી. નિરુક્ત તેમજ કાઠક-સંકલન મુજબ અહીં ચારવેદનો નિર્દેશ છે. સાયણાચાર્ય પણ અહીં ચારવેદ એવો એક અર્થ આપે છે. આમ,"ચારવેદ" એ અત્યંત પ્રાચીન રચના છે. રામાયણ, મહાભારત પણ ચાર વેદનો નિર્દેશ કરે છે. વળી, એક પ્રચલિત ઉક્તિ છે- "**नाटको पंचमो वेद:**" એટલે કે નાટક પાંચમો વેદ છે. આનો અર્થ એ થયો કે આ પૂર્વે ચાર વેદ હતા, ત્રણ નહીં. નહીં તો નાટક માટે **चतुर्थ वेद** શબ્દનો પ્રયોગ કર્યો હોય.

વેદની આટલી વિશદ વ્યાખ્યા જોયા બાદ હવે તમને વેદના અભ્યાસનું મહત્ત્વ સમજાયું હશે અને સાથે સાથે તે વેદને વધારે જાણવાની ઈચ્છા પણ થઈ હશે, તો મિત્રો , ચાલો હવે આવા વિશાળ વેદને ચાર સંહિતા દ્વારા સરળતાથી સમજીએ.

## 1.4 ઋગ્વેદસંહિતા:

**ઋગ્વેદ સંહિતા; સામાન્ય પરિચય:**

'ऋच्यन्ते स्तूयन्ते देवा अनया इति ऋक्' અર્થાત્જેના દ્વારા દેવતાઓની સ્તુતિ કરવામાં આવે છે તે 'ઋક્'(ઋચા કે મંત્ર) કહેવામાં આવે છે. પોતાના મૂળરૂપમાં અવિભક્ત તથા મિશ્રિત વેદમંત્ર અનેક ઋષિઓ, મહર્ષિઓ તથા મુનિઓ દ્વારા સમય-સમય પર સંકલિત અને સંપાદિત થતા ગયા, એ સંકલિત મંત્રનાં સમૂહને 'સંહિતા' નામ આપવામાં આવ્યું. વ્યાકરણની દૃષ્ટિએ જોઈએ તો જેમાં પદોના અંતને અન્ય પદોથી જોડવામાં આવે છે તેને 'સંહિતા' કહે છે. આ સંહિતાઓનું બીજું નામ વેદ છે.

સંહિતાઓ વિશ્વની ગૌરવમયી પ્રાચીનતમ સાહિત્યિક નિધિ છે. પ્રાચીન ભારતની સભ્યતા અને સંસ્કૃતિનું એકાત્મરૂપ આપણને સંહિતાઓમાં પ્રાપ્ત થાય છે. આ સંહિતાઓમાં સૌથી પ્રાચીનતમ અને પ્રમુખ રૂપે ઋગ્વેદ સંહિતાને દરેક વિદ્વાનો દ્વારા એકમતે સ્વીકારાય છે, કેમકે આજ એ ગ્રંથ છે જેના મંત્ર દરેક સંહિતાઓમાં ઉપલબ્ધ છે. એમાં પ્રયોજાયેલી ભાષા-શૈલી, વ્યાકરણ તથા મંત્રોના અધ્યયનથી એ જ્ઞાત થાય છે કે આ કોઈ એક નિશ્ચિત સમયાવધિ કે કોઈ એક વ્યક્તિવિશેષ દ્વારા રચિત નહિ, પરંતુ વિભિન્ન સમયાવધિમાં અલગ અલગ ઋષિઓ દ્વારા રચિત મંત્રોનો સંગ્રહ ગ્રંથ છે. આ સંહિતામાં ભારતીય સંસ્કૃતિ, ધર્મ-દર્શન, જ્ઞાન-વિજ્ઞાન, ઇતિહાસ તથા કાવ્યની વિવિધ સામગ્રી ઉપલબ્ધ છે.વિન્ટરનિત્ઝનામના એક વિદ્વાન વિશ્વના અદ્વિતીય ગ્રંથ તરીકે ઋગ્વેદને ગણાવે છે. ઋગ્વેદના વિભિન્ન વિષયોના અવલોકન પછી પુન: પુન: કહી શકાય કે "ઋગ્વેદ સમગ્ર વિશ્વનો પુરાતન ગ્રંથ છે અને ઋગ્વેદને જ વિશ્વની સર્વપ્રથમ કૃતિ હોવાનું ગૌરવ પ્રાપ્ત છે".

**ઋગ્વેદીય શાખાઓ**

આ પૂર્વે આપણે જોયું તેમ સમગ્ર વેદ વસ્તુત: એક જ હતો, પરંતુ યજ્ઞ અનુષ્ઠાનની દૃષ્ટિએ શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજીએ ભિન્નભિન્ન ઋત્વિજોના ઉપયોગ માટે સુવિધા અનુસાર ચાર સંહિતાઓમાં સંકલિત કર્યો. આ મુજબ કલ્પતરૂ સમાન આ 'વેદ' નામના વૃક્ષની વિવિધ શાખાઓ-પ્રશાખાઓને અગણિત રૂપમાં વિસ્તાર કરી. આ શાખાઓ વિસ્તૃત થયા બાદ પ્રાચીન ઋષિઆશ્રમોમાં અધ્યયન અને શિક્ષણના ઉદ્દેશ્યથી જે ભિન્ન ભિન્ન વિદ્યાકુળ પ્રતિષ્ઠિત થયા તેને જ 'ચરણ' કે 'શાખ' કહેવામાં આવી. આ જ ચરણો કે શાખાઓ દ્વારા વૈદિક જ્ઞાન કે અધ્યયન તથા નિર્માણની પરંપરા આગળ વધી. 'વ્યાકરણ મહાભાષ્ય'માં પણ પતંજલિમુનિએ ઋગ્વેદની ૨૧ શાખાઓ હતી તેવો ઉલ્લેખ કર્યો છે. તથા શૌનકઋષિના સમયમાં ઋગ્વેદ સંહિતા કુલ પાંચ શાખાઓમાં સચવાઇ રહી હતી. જેમકે-

1 શાકલ શાખા
2. બાષ્કલ શાખા
3. આશ્વલાયન શાખા
4. શાંખાયન શાખા અને
5. માંડૂકાયન શાખા.

પરંતુ વર્તમાન સમયમાં તો ઋગ્વેદની કેવળ એક જ શાખા- શાકલ શાખા- મળી આવે છે. આ શાકલ શાખામાં સચવાયેલી ઋગ્વેદ સંહિતાનું સંગ્રથન બે પ્રકારે કરવામાં આવ્યું છે.
(1) અષ્ટકક્રમ અને (2) મંડળક્રમ

**(1) અષ્ટક ક્રમ:**

ઋગ્વેદ સંહિતામાં 10,552 મંત્રો આવેલા છે. આ બધા મંત્રોને લગભગ સરખા વિસ્તારવાળા ‘અષ્ટક’ નામના કુલ આઠ વિભાગમાં વહેંચી કાઢવામાં આવ્યા છે. આ દરેક અષ્ટકમાં 8-8 અધ્યાયો આવેલા છે. એટલે કે કુલ 64 અધ્યાય થાય. હવે આ દરેક અધ્યાયને પાંચ- પાંચ મંત્રોના બનેલા એવા કુલ 33 વર્ગોમાં મૂકવામાં આવ્યા છે.(ક્યારેક ક્યાંક એક મંત્ર કે નવ મંત્રો પણ એક વર્ગમાં મુકાયા છે.) શાકલની આખી ઋગ્વેદ સંહિતામાં આવા 2024વર્ગો આવેલા છે.

**(2) મંડળ ક્રમ:**

ઋગ્વેદ સંહિતાને જે ‘મંડળ’ ક્રમમાં વિભાજિત કરવામાં આવી છે તે વધારે પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ જણાય છે. આ મુજબ ઋગ્વેદના લગભગ 10,000 મંત્રોને 10 મંડળમાં અને આ 10 મંડળોને નાના નાના 85 અનુવાકોમાં વિભાજિત કરવામાં આવેલા છે. તે અનુવાકોમાં કુલ 1028 સૂક્તો આવેલા છે, જેમાં 10,552 મંત્રો આવેલા છે. (શૌનકની ‘અનુવાકાનુક્રમણી’ અનુસાર ઋગ્વેદમાં 10,580 મંત્રો આવેલા હતા અને એક પાદ હતો તથા કુલ 1,53,826 શબ્દો હતા.)

| **મંડળ** | | **સૂક્ત** | |
|---|---|---|---|
| 1. પ્રથમ | 191 | | 2006 |
| 2. દ્વિતીય | 43 | | 429 |
| 3. તૃતીય | 62 | | 617 |
| 4. ચતુર્થ | | 58 | |
| 5. પંચમ | 87 | | 727 |
| 6. ષષ્ઠ | | 75 | |
| 7. સપ્તમ | 104 | | 841 |
| 8. અષ્ટમ | 92(+11)<br>1636+80 | કાણ્વ | |
| 9. નવમ | | 114 | 1108 |
| 10.દશમ | | 191 | 1754 ભૃગુ |
| | કુલ= 1017 10,552<br>+ 11<br>1,028 | | |

અષ્ટમ મંડળમાં જે 11 સૂક્તો ઉમેરાયા છે, તેને ‘વાલખિલ્ય સૂક્ત’ તરીકે ઓળખવામાં આવે છે. (જે પ્રક્ષિપ્ત ગણાય છે.)

પ્રાતિશાખ્યના કોઈપણ ગ્રંથમાં અને યાસ્કના નિરુક્તમાં ઋગ્વેદના 'અષ્ટક ક્રમ'નો નિર્દેશ નથી, પરંતુ ઋગ્વેદ પ્રાતિશાખ્યમાં અને યાસ્કના નિરુક્તમાં તો ઋગ્વેદ માટે **દશતયી** શબ્દ વપરાયો છે, જે આ વિભાજનની પ્રાચીનતા સિદ્ધ કરે છે.

**વિવિધ સૂક્તોમાં 10 મંડળોનું સુગ્રથન**

ઋગ્વેદના સૂક્તોને વિન્ટરનિત્ઝ દ્વારા જુદા જુદા **પાંચ** વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે.

1.ઊર્મિકાવ્યો 2.પ્રાર્થના કાવ્યો 3.તત્ત્વજ્ઞાન વિષયક સૂક્તો 4. આખ્યાન સૂક્તો અને 5. કૂટ કાવ્યો (દાનસ્તુતિઓ).

2..ઉર્મિકાવ્યો- ઋગ્વેદમાં કેટલાંક સુંદર ઊર્મિકાવ્યો છે,જેમ કે – ઉષસ્, પર્જન્ય,અરણ્યાની, મરુત,સૂર્યસૂક્ત .

3.પ્રાર્થના કાવ્યો- ઋગ્વેદનાં કેટલાંક સૂકતોમાં દેવતાઓ પાસે ધન-ધાન્ય,વીરપુત્રો, શત્રુનાશ વગેરે માટે સ્તુતિ કામના કરવામાં આવી છે,તેને પ્રાર્થના કાવ્યોમાં મૂકી શકાય.આમાં અગ્નિસૂકતો,ઈંદ્રસૂક્તો,સોમસૂકતો આવી શકે.

4. તત્ત્વજ્ઞાન વિષયક સૂક્તો- ઋગ્વેદમાં એવાં પણ કેટલાક સૂકતો મળી આવે છે, જેમનો યજ્ઞ સાથે કોઈ સંબંધ નથી. તે સૂકતો કેવળ સૃષ્ટીવિષયક  કલ્પનાઓ રજૂ કરે છે ,અથવા તત્વજ્ઞાનની રજૂઆત કરે છે.નાસદીય સૂક્તનો સમાવેશ આમાં કરી શકાય.

5.આખ્યાન સૂકતો- ઋગ્વેદમાં બે પાત્રો વચ્ચે સંવાદો થતાં હોય ,કે આખ્યાન જેવા  સૂકતો પણ મળી આવે છે, જેમાં યમ-યમી સંવાદ,પુરરવા-ઉર્વશી સંવાદ,વિશ્વામિત્ર-નદી સંવાદ,સરમા-પણિ સંવાદ વગેરે સંવાદવાળા સૂકતોનો સમાવેશ કરી શકાય.અક્ષ સૂકતો પણ આમાં આવી શકે. ઋગ્વેદમાંથી પ્રાપ્ત થતાં આવાં આખ્યાન-સંવાદસૂકતોમાં ઓલ્ડનબર્ગ પાછળથી રચાયેલાં સંસ્કૃત નાટકોનું બીજ જુએ છે.આ મંત્રોને પણ યજ્ઞક્રિયા સાથે કોઈ સંબંધ નથી .

6.કૂટકાવ્યો- ઋગ્વેદમાંથી મળતી દાનસ્તુતીઓ વગેરે સૂકતોનો આમાં સમાવેશ થાય છે. યજ્ઞક્રિયા સાથે ઉપલક દ્રષ્ટિએ સંબંધ છે.

ઋગ્વેદના એક જ ઋષિના, એક જ શાખાના કે એક જ ઋષિના કુટુંબના સૂક્તોને એકસાથે જ્યાં મૂકવામાં આવ્યા છે એવા સૂક્તોને 'કુલમંડળ' કે 'કુટુંબમંડલ' કહેવામાં આવ્યા છે. આ રીતે ૨થી 7 મંડળોને 'કુલમંડળ' કહેવામાં આવ્યા છે. આ મંડળોને અતિપ્રાચીન ગણવામાં આવ્યા છે. અહીં સૂક્તોની ગોઠવણી એક જ જાતની છે. પહેલું, આઠમું, નવમું અને દસમું પાછળથી જોડવામાં આવ્યા હશે એવું પ્રોફેસર મેકડોનલ વગેરે વિદ્વાનો માને છે. આ દશેય મંડળોમાં પહેલું અને દસમું મંડળ અર્વાચીન મનાય છે.

મિત્રો, આવા વિશાળ ઋગ્વેદના બાહ્યસ્વરૂપની ચર્ચા પછી હવે આપણે તેનાં અંતરંગ સ્વરૂપની છણાવટ કરીએ.

**ઋષિ, વૈદિક દેવતાનું સ્વરૂપ અને છંદવિચાર**

વૈદિક સાહિત્યની આ પરંપરામાં વેદના પ્રત્યેક મંત્રનાં દ્રષ્ટા ઋષિ, તે મંત્રનો છંદ અને તેના દેવતા (સંસ્કૃતમાં દેવતા શબ્દ સ્ત્રીલિંગમાં છે)નું સ્પષ્ટ ચિત્રણ જોવા મળે છે. તેના માટે

એવું ભારપૂર્વક સ્વીકારાયું છે કે ઋષિ, છંદ, દેવતા અને વિનિયોગને જાણ્યા વિના વેદનો અભ્યાસ કરનાર પાપી બને છે અને તેમાં બ્રાહ્મણ, અર્થ, સ્વર, વર્ણ, અક્ષર, માત્રા, નિરુક્ત, કૃદંત, તદ્ધિત, વગેરે ધીમે ધીમે ઉમેરાઈને કહેવાયું છે કે આ બધુ જાણ્યા વિના વેદનો અભ્યાસ કરનાર મંત્રકંટક કે યાગકંટક બને છે. હવે મંત્રકંટક એટલે શું? કેવળ ઋગ્વેદનો અભ્યાસ અને મૂલ્યાંકન ઋગ્વેદ સંહિતાને આધારે જ કરે, તેમાં બ્રાહ્મણ, નિરુકત વગેરે જરૂરી નથી એવું માને તેને આપણી પરંપરામાં મંત્રકંટક કહેવાય. મંત્રના ઋષિ, દેવતા અને છંદ કેવી રીતે નક્કી કરવા તે માટે શૌનકાચાર્યે પોતાના ગ્રંથ સર્વાનુક્રમણીનાં આરંભના ભાગમાં લખ્યું છે કે –

(1) જેનું વાક્ય હોય તે મંત્રનો તે ઋષિ કહેવાય ,

(2) તેના દ્વારા જેને કહેવાય તે તેના દેવતા કહેવાય ,

(3) અને જે અક્ષર-પરિમાણ હોય તે તેનો છંદ કહેવાય.

### (1) ઋષિ:

ઋષિ શબ્દની વ્યુત્પત્તિ **ऋष्गतौ** (૨જો ગણ પરસ્મૈપદ) એ ધાતુ પરથી નિષ્પન્ન થતી દર્શાવાય છે. જે જ્ઞાનથી સંસાર પાર ઉતરી જાય તે ઋષિ કહેવાય. અન્ય રીતે સમજાવતા 'જે તપ કરતા હતા તેની પાસે સ્વયં બ્રહ્મ એટલે સ્વયં વેદ પધાર્યા માટે તે ઋષિઓ બની ગયા', એમ પણ કહેવાયું છે. ઋષિને **दृश् प्रेक्षणे**, (1લો ગણ, પરસ્મૈપદ) પરથી નિષ્પન્ન થતો પણ દર્શાવવામાં આવ્યો છે. વેદોનું તપથી પ્રથમ દર્શન કર્યું માટે ઋષિ  કહેવાયા, એ અર્થ અહીં અભિપ્રેત છે. ઋષિ એટલે કવિ એ ભાવના વેદના કાળથી પ્રચલિત થયેલી છે. ઋષિ ન હોય તે કવિ ન બની શકે. ઋગ્વેદમાં બધું મળીને 403 ઋષિઓ પ્રાપ્ત થાય છે.

ઋગ્વેદના જ મંત્રો મોટી સંખ્યામાં અન્ય વેદોમાં પ્રાપ્ત થાય છે. આથી, વૈદિક ઋષિઓના વર્ણનમાં મુખ્ય પણે ઋગ્વેદને પ્રધાનતા આપવામાં આવે છે. સંપૂર્ણ ઋગ્વેદમાં ૧૦ મંડળ છે. જેમાં ૨ થી ૫ મંડળ સુધી પારિવારિક મંડળ કહેવાય છે. આ મંડળોનું વિશેષ મહત્ત્વ છે, કેમકે તે મંડળોમાં ગૃત્સમદ (ભાર્ગવ), વિશ્વામિત્ર, વામદેવ, અત્રિ, ભારદ્વાજ તથા વસિષ્ઠએ ૬ ઋષિઓના વંશજોના મંત્રોનો સંગ્રહ છે. પ્રથમ મંડળમાં શતાર્ચિન, આઠમામાં કણ્વ અને નવમા મંડળમાં અંગિરા વંશિઓના સૂક્ત  છે. આ સિવાય વિભિન્ન ઋષિઓના કુળોના પણ મંત્રો મળે છે.

### (2) વૈદિક દેવતાનું સ્વરૂપ :

વેદના અધ્યયન માટે સૌથી વિશેષ મહત્ત્વ દેવતાનું છે. દેવતા બાબતમાં જાણનારો મંત્રના  અર્થને પામી શકે છે. કોઈપણ મનુષ્ય યથાર્થરૂપે દેવતાને જાણ્યા વિના લૌકિક કે વૈદિક કર્મોનું ફળ મેળવી શકતો નથી, એવું બૃહદદેવતામાં કહેવામાં આવ્યું છે.

યાસ્ક નામના સુપ્રસિદ્ધ આચાર્યએ નિરુક્ત ગ્રંથની રચના કરી છે. અહીં તેમણે વૈદિક શબ્દોની વ્યાખ્યા આપી છે. 'દેવતા' શબ્દની વ્યાખ્યા આપતા તેમણે કહ્યું છે કે- દાતા, વરપ્રદાતા, દ્યોતમાન અને દિવ્ય સ્થાનવાળાને દેવતા કહેવાય. આરંભમાં કુદરતના અગ્નિ, સૂર્ય, ઉષા જેવા પદાર્થોને માનવી દેવ તરીકે પૂજવા લાગ્યા. જે કઈ બુદ્ધિગમ્યતાથી પર હતું, માનવશક્તિની મર્યાદાથી પર હતું અને માનવબાળને મદદરૂપ થતું તથા મનને ભય પમાડવાની

શક્તિથી યુક્ત હતું એ સહુ પ્રાચીન માનવીના મનમાં દેવ થઈ ગયું. પ્રથમ દેવની કલ્પના થઈ. ત્યાર બાદ તેના યજન-યજ્ઞની તથા મંત્રો અને સ્તુતિઓની રચના થઈ. દેવ યુગોથી આજ સુધી શાશ્વત બની ગયા. ઋગ્વેદમાં પ્રત્યેક સૂક્તના કોઈ એક દેવતા હોય છે. જેની સૂક્તના મંત્રોથી પ્રાર્થના કરવામાં આવી હોય છે અને તેની પાસે કોઈ વસ્તુની માંગ કરવામાં આવી હોય છે. નિરુક્ત પરંપરામાં વિચારકો ત્રણ સ્થાનના ત્રણ જ દેવો છે એમ માનતા હતા. આ બ્રહ્માંડને ત્રણ સ્થાનમાં વિભાજિત કરી તેના દેવતા નક્કી કરવામાં આવ્યા હતા. જેમકે - પૃથ્વી સ્થાન- જેના દેવતા પાર્થિવ અગ્નિ છે, અંતરિક્ષ સ્થાન- જેના દેવતા વાયુ કે ઈન્દ્ર છે અને દ્યુસ્થાન- જેના દેવતા સૂર્ય છે.

**(3) વૈદિક છંદ :**

વૈદિક સંહિતાઓ છંદોબદ્ધ રચનાઓ છે. તેમાં માત્ર કૃષ્ણયજુર્વેદ અને અથર્વવેદનો કેટલોક ભાગ બાદ કરતાં બાકીનું બધું પદ્યમય છે. અપાદ રચના ગદ્યમય હોય છે. પદસંતતિ સહિતની રચના છંદ બને છે. માત્રા, ગણ અને અક્ષરના પરિગણન પર છંદનું બંધારણ અને નામકરણ નિશ્ચિત થાય છે, પણ વેદમાં છંદ કેવળ અક્ષરની ગણતરી પર આધારિત છે આ છંદને વેદપુરુષનાં બે ચરણ(પગ) કહેવામાં આવ્યા છે. "**छन्दः पादौ तु वेदस्य**" - પાણિનીયશિક્ષા.

ગાયત્રી અને ઉષ્ણિકમાં ત્રણ પાદ હોય છે. અનુષ્ટુપ, જગતી, બૃહતી અને ત્રિષ્ટુપ સામાન્યત: ચાર પાદના બનેલા છે. પંક્તિ પાંચ પાદનો હોય છે. દરેક પાદના અક્ષરોની સંખ્યા નિયત હોય છે, પરંતુ જો તેમાં એકાદ અક્ષર ખૂટતો હોય તો તેની પૂર્તિ માટે પ્રાતિશાખ્ય અને સર્વાનુક્રમણિમાં દર્શાવી છે.

વૈદિક છંદની સરળતમ અને સુબોધ્ય વ્યાખ્યા સર્વાનુક્રમણિમાં છે: "**यदक्षरपरिमाणं तत्छन्दः।**" ઋગ્વેદ અનુસાર અગ્નિથી - ગાયત્રી, સૂર્યથી - **उश्णिक**, સોમથી - **अनुष्टुप**, બૃહસ્પતિથી - बृहती, મૈત્રાવરુણથી - **विराट्**, ઈન્દ્રથી - **त्रिष्टुप** અને વિશ્વદેવોથી **जगती** છંદની ઉત્પત્તિ થઈ છે. સાત છંદોનો નિર્દેશ અનેકવાર સંહિતાઓમાં થયો છે, જેમાં સૌપ્રથમ ગાયત્રી છંદનો જન્મ થયો અને ત્યાર પછી અનુષ્ટુપ્, ત્રિષ્ટુપ વગેરે છંદો આવ્યા. વેદમાં છંદોનું મહત્ત્વ ઋષિ અને દેવતા જેટલું જ સ્વીકારાયું છે. લૌકિક સાહિત્યમાં આલંકારિકોએ પણ વૈદિક છંદોનું મહત્ત્વ સ્વીકાર્યું છે. છંદોના બે પ્રકાર છે: માત્રિક અને વર્ણિક. આમાંથી પહેલા પ્રકારના છંદમાં લઘુ-ગુરુની માત્રાઓ મેળવવાની હોય છે, પણ બીજા પ્રકારના વર્ણિક છંદોમાં વર્ણોની-અક્ષરોની ગણના કરવાની હોય છે. વેદોમાં મહદંશે અક્ષરગણનાવાળા સાત છંદો વપરાયા છે, તેના અક્ષરોનું પરિમાણ નીચે મુજબ જોવા મળે છે.

| | **છંદનું નામ** | **અક્ષરની સંખ્યા** | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **પ્રથમ પાદ** | **દ્વિતીય પાદ** | **તૃતીય પાદ** | **ચતુર્થ પાદ** | **પંચમ પાદ** | **કુલ અક્ષર** |
| 1. | ગાયત્રી | 8 | 8 | 8 | | | 24 |
| 2. | ઉષ્ણિક્ | 8 | 8 | 12 | | | 28 |
| 3. | અનુષ્ટુપ્ | 8 | 8 | 8 | 8 | | 32 |
| 4. | ત્રિષ્ટુપ્ | 11 | 11 | 11 | 11 | | 44 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 5. | બૃહતી | 8 | 8 | 8 | 12 | | 36 |
| 6. | જગતી | 12 | 12 | 12 | 12 | | 48 |
| 7. | પંક્તિ | 8 | 8 | 8 | 8 | 8 | 40 |

લૌકિક સંસ્કૃતમાં છંદોનાં બંધારણના ચુસ્ત નિયમોનું પાલન અનિવાર્ય ગણાય છે. વૈદિક સંસ્કૃતમાં છંદોના બંધારણમાં પણ અનિયમિતતા જોવા મળે છે. છંદમાં આવતા વર્ણોની સંખ્યા અને ક્રમની બાબતમાં પણ ચુસ્ત નિયમો નથી. વૈદિક છંદ અક્ષરમેળ પ્રકારના છંદ છે. છંદમાં આવતા પાદ(ચરણ) અને પ્રત્યેક પાદમાં આવતા કુલ વર્ણની સંખ્યાના આધારે છંદોના પ્રકાર પાડવામાં આવ્યા છે. જે આપણે ઉપરના કોષ્ટક દ્વારા નિહાળ્યા. આ સાતેય છંદોમાં સામાન્ય રૂપે આ મુજબની અક્ષરગણના જોવા મળે છે, પરંતુ ક્યારેક કોઈક પાદમાં એકાદ અક્ષર વધારે-ઓછો પણ જોવા મળે છે. જો આવા છંદોમાં એક અક્ષર ઓછો હોય તો તેને 'નિચૃત્' એવું વિશેષણ જોડવામાં આવે છે, પણ જો બે વર્ણ-અક્ષર-ઓછા હોય તો તેને 'વિરાટ્' કહેવામાં આવે છે. એક અક્ષર વધારે હોય તો 'ભુરિક્' અને બે અક્ષર વધારે હોય તો 'સ્વરાટ્' કહેવામા આવે છે.

## 1.5 યજુર્વેદ સંહિતા :

જેમ પ્રાચીન વેદકાલીન ભારત વિશે જાણવા માટે ઋગ્વેદને મહત્ત્વ આપવામાં આવે છે, તેવી જ રીતે યજ્ઞસંસ્થાના યોગ્ય અધ્યયન માટે યજુર્વેદને મહત્ત્વ આપવામાં આવે છે. ભારતીય કર્મઠ વિદ્વાનો માટે 'વેદોમાં વેદ યજુર્વેદ' એવી ભાવના ઘર કરી ગયેલી છે. કારણ યજ્ઞયાગાદિના વિધિવિધાનો માટે યજુર્વેદ સવિશેષ મહત્ત્વ ધરાવે છે.

**विश्वानी देव सवितदुरितानिपरासुव|यद्भद्रं तन्न आ सुव ||(यजुर्वेद ३०/३)**

જ્યાં ગતિ હોય છે ત્યાં કર્મ  હોય છે અને જ્યાં કર્મ હોય છે ત્યાં ગતિ હોય છે. યજુર્વેદ ગતિનો વેદ છે, કર્મનો વેદ છે. એનો અર્થ એ ન લેવો કે અન્ય વેદ એ તત્ત્વ થી શૂન્ય છે, પરંતુ કર્મની પ્રધાનતા એ યજુર્વેદની વિશેષતા છે. વિધિપૂર્વક કરેલું કર્મ અભિષ્ટની સિદ્ધિ અપાવનારું બને છે, આવા પ્રકારનું જ્ઞાન જેમાં રહેલું છે તે યજુર્વેદ. યજ્ઞક્રિયા દરમિયાન ચારેય વેદના જુદાજુદા જાણકાર બ્રાહ્મણો એકઠા મળે છે. તેમાંથી,

જે બ્રાહ્મણ ઋગ્વેદનો જ્ઞાતા હોય તેને 'હોતા',

યજુર્વેદનો જ્ઞાતા હોય તેને 'અધ્વર્યુ',

સામવેદનો જ્ઞાતા હોય તેને 'ઉદગાતા' અને

અથર્વવેદના જ્ઞાતા હોય તેને 'બ્રહ્મા' કહે છે.

આ દ્રષ્ટિએ યજુર્વેદને 'અધ્વર્યુઓનો વેદ' પણ કહેવામાં આવે છે.

**'યજુસ્'નું સ્વરૂપ:**

જેમ ઋગ્વેદની ઋચા=મંત્રોને 'ઋક્' કહેવામાં આવે છે, તેમ યજુર્વેદના મંત્રોને 'યજુસ્' કહેવામાં આવે છે. વળી, ઋગ્વેદની ઋચાઓ છંદોબદ્ધ છે, પદ્યાત્મક છે. જ્યારે યજુર્વેદના

યજુસો ગદ્યાત્મક=અનિયતાક્ષર છે. **यजतियजते वा अनेनेति यजुस्** - જેનાથી દેવોનું યજન થાય તે યજુસ્. એવી વ્યુત્પત્તિ અનુસાર યજુસનો અર્થ પૂજાનું સાધન કે 'યજ્ઞ' પોતે એવો પણ થાય છે. **यज्ञो वै श्रेष्ठतमं कर्म** -અનુસાર 'યજુસ'માં માનવજીવન માટે ઉપયોગી સમસ્ત કર્મોનો સમાવેશ થાય છે. યજુર્વેદ સંહિતાના મુખ્ય દેવતા-વાયુ, આચાર્ય વેદ વ્યાસના શિષ્ય વૈશમ્પાયન છે.

### યજુર્વેદ સંહિતાના બે સ્વરૂપો

યજુર્વેદ બે પરંપરામાં મળી આવે છે. (1) **શુક્લ યજુર્વેદ** અને (2) **કૃષ્ણ યજુર્વેદ.** શુક્લ યજુર્વેદમાં કેવળ યજ્ઞસંબંધી મંત્રોનો જ સંગ્રહ કરવામાં આવ્યો છે, તથા કૃષ્ણ યજુર્વેદમાં મંત્રોની સાથે સાથે તે મંત્રોનો વિનિયોગ પણ દર્શાવ્યો છે. એક જ વેદના આ બે સ્વરૂપો કેવી રીતે ઉદભવ્યા? એ વિશે અનેક કથાઓ સાંભળવા મળે છે.

૧. શુક્લ યજુર્વેદના મહિધર ભાષ્યના આરંભમાં કથા આપી છે કે મુનિ વેદવ્યાસે ચાર વેદ પોતાના ચાર શિષ્યોને ભણાવ્યા. તેમાંથી વૈશંપાયને યજુર્વેદ પોતાના શિષ્ય યાજ્ઞવલ્ક્યને ભણાવ્યો. એકવાર ગુસ્સે થયેલા વૈશંપાયને યાજ્ઞવલ્ક્યને પોતે ભણાવેલી વિદ્યા પાછી આપી દેવા આજ્ઞા કરી. આથી, યોગના સામર્થ્યથી યાજ્ઞવલ્ક્યે તે વિદ્યાઓનું વમન કરી નાખ્યું. તે પછી "વમન કરેલા યજુસ્નો વમન કરો" એવી વૈશંપાયન ગુરુની આજ્ઞા સાંભળી અન્ય શિષ્યોએ તિત્તિર પક્ષીનું રૂપ લઈને વાન્ત યજુસ્નું ભક્ષણ કર્યું, એ યજુસ્ બુદ્ધિની મલિનતાને કારણે કૃષ્ણ બની ગયા. દુઃખી યાજ્ઞવલ્ક્યે સૂર્યની આરાધના કરી શુક્લ યજુસ્ મેળવ્યા. આમ શુક્લ યજુર્વેદ અને કૃષ્ણ યજુર્વેદ અસ્તિત્વમાં આવ્યા.

2. શતપથ બ્રાહ્મણમાં એવું દર્શાવાયું છે કે યજુર્વેદના બે સંપ્રદાય છે (1) બ્રહ્મ સંપ્રદાય અને (2) આદિત્ય સંપ્રદાય. આમાં યાજ્ઞવલ્ક્ય દ્વારા આદિત્ય સંપ્રદાય પ્રવર્તિત થયો. તેઓએ સૂર્યની આરાધના કરી શુક્લ યજુર્વેદ મેળવ્યો. આમ આદિત્ય પાસેથી આવ્યો એ માટે એ શુક્લ યજુર્વેદ કહેવાયો. બીજી બાજુ કૃષ્ણ યજુર્વેદએ બ્રહમસંપ્રદાયનું પ્રતિનિધિત્વ કરે છે.

૩. કેટલાક વિદ્વાનોના મતે શુક્લ યજુર્વેદમાં કેવળ શુદ્ધ મંત્રનો જ સંગ્રહ છે તેથી તેને 'શુક્લ' કહેવાયો હશે, તથા 'કૃષ્ણ યજુર્વેદ'માં તે તે મંત્રોનો જુદા જુદા યજ્ઞમાં કેવી રીતે વિનિયોગ કરવો? તે પણ બતાવ્યું છે. તેમાં બ્રાહ્મણ ભાગ પણ નિશ્રિત કરવામાં આવ્યો હોઈને તેને 'કૃષ્ણ' કહેવાયો હશે.

4. વેદગ્રંથોને સંહિતા, બ્રાહ્મણ અને આરણ્યક- એવા ત્રણ ભાગમાં વિભક્ત કરવામાં આવેલ છે પરંતુ સરસ્વતીની પાઠ-પરંપરામાં આવી વ્યવસ્થા ન જળવાઈ અને યજુર્વેદના સંહિતા ભાગમાં બ્રાહ્મણ, આરણ્યક ભાગોના અંશો પણ ભળી ગયા, આથી તેને 'કૃષ્ણયજુર્વેદ' કહેવાયો. એક આર્ષેયપરંપરા હતી, જેમાં સંહિતાભાગ શુદ્ધ સ્વરૂપે ટકી રહ્યો હતો, તેને શુક્લ યજુર્વેદ કહેવાયો.

### યજુર્વેદની શાખાઓ

યજુર્વેદ માટે "વ્યાકરણ મહાભાષ્ય"ના પ્રણેતા મહાભાષ્યકાર પતંજલિ– '**एकशतमध्वर्युशाखा**'। એમ જે કહે છે તેનો અર્થ કરવામાં કેટલીકવાર સંદિગ્ધતા જણાય

છે. એ મુજબ યજુર્વેદની 101 (અથવા 100) શાખાઓ છે. મુક્તિકોપનિષદમાં તેની 109 પુરાણોમાં 107 'ચરણવ્યૂહ'માં ૮૬ શાખાઓ હોવાના ઉલ્લેખ મળે છે. આ 86 શાખાઓ કૃષ્ણ યજુર્વેદની છે તથા ૧૫ શાખાઓ શુક્લ યજુર્વેદની છે. આમ, યજુર્વેદ 101 શાખાઓ થઈ રહી છે, પરંતુ વર્તમાન સમયમાં યજુર્વેદની માત્ર પાંચ શાખાઓ જ પ્રાપ્ત છે.

1. શુક્લ યજુર્વેદની- વાજસનેયિ/માધ્યન્દિન, કાણ્વ શાખા.
2. કૃષ્ણ યજુર્વેદની- તૈત્તિરીય, મૈત્રાયણી અને કાઠકશાખા.

**શુક્લ યજુર્વેદ**

ઉપર કહ્યા મુજબ યાજ્ઞવલ્કય ઋષિને સૂર્ય પાસેથી શુક્લ યજુર્વેદનું જ્ઞાન મળ્યું હતું, આથી તેને શુક્લ કહેવામાં આવ્યું છે. વળી, યાજ્ઞવલ્કયને જે શુક્લ યજુર્વેદની સંહિતા મળી તેમાં બ્રાહ્મણ ભાગ સંમિશ્રિત નહોતો થયેલો, આથી પણ તેને 'શુક્લ' કહેલ છે. આ શુક્લ યજુર્વેદની 1.વાજસનેયિ અથવા માધ્યન્દિન અને 2.કાણ્વ શાખા. બે શાખામાંથી વાજસનેયિ શાખા વધુ પ્રચલિત છે. આ સંહિતામાં 40 અધ્યાય છે, જે 303 અનુવાકોમાં વિભક્ત કરવામાં આવ્યા છે. ચરણવ્યૂહ મુજબ આ સંહિતામાં 1800 મંત્ર હતા, પરંતુ વર્તમાન સમયમાં જે વાજસનેયિ સંહિતા મળે છે તેમાં ૧૯૭૫ મંત્રો સંગૃહિત થયેલા છે. યજુર્વેદનાં આ મંત્રોને 'કંડિકા' કહેવામાં આવે છે.

જ્યારે કાણ્વ સંહિતામાં, ખીલ મંત્રો સહિત 2086 મંત્રો છે. વાજસનેયિ શાખાની અપેક્ષા એ કાવ્ય શાખાનો પ્રચાર ઓછો થયો હોય એમ જણાય છે.

**કૃષ્ણ યજુર્વેદ**

કૃષ્ણ યજુર્વેદમાં મંત્રો સાથે યજ્ઞાદિનું વર્ણન કરતો બ્રાહ્મણ ભાગ પણ સમ્મિલિત કરવામાં આવ્યો છે. આ કૃષ્ણ યજુર્વેદની ત્રણેય શાખાઓમાંથી તૈત્તિરીય શાખાનો પ્રચાર વધારે થયેલ છે.

આગળ જોયું તે મુજબ તેતર પક્ષીની કથાને આધારે આ સંહિતાને તૈત્તિરીયશાખા એવું નામાભિધાન આપવામાં આવ્યું છે. આ શાખામાં યજુર્વેદને સાત કાંડોવાળા 4અધ્યાયોમાં વિભક્ત કરવામાં આવ્યો છે. આ 4 અધ્યાયને 651અનુવાકો અને 2168 મંત્રોમાં વહેંચી કાઢવામાં આવ્યો છે. અહીં પણ મંત્રોને 'કંડિકા' કહેવામાં આવે છે. આ સંહિતામાં અશ્વમેધ યજ્ઞનું વર્ણન ઘણા વિસ્તારથી કરવામાં આવ્યું છે. અહીં અનેક પૌરાણિક કથાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

મૈત્રાયણી શાખામાં ચાર કાંડ છે. તેને 54 પ્રપાઠકોમાં વહેંચવામાં આવ્યા છે.આ સંહિતામાં કુલ 3144 મંત્રો છે. તેમાંનાં કુલ 1701 જેટલા મંત્રો તો ઋગ્વેદમાંથી જ લેવામાં આવ્યા છે.

કઠ શાખામાં પાંચ ખંડ આવેલા છે. આ પાંચ ખંડોને 18 ભાગોમાં વહેંચી કાઢવામાં આવ્યા છે. આ ભાગોને 'સ્થાનક' નામ આપવામાં આવ્યું છે. આ સ્થાનકો વળી 'અનુવાક' નામના પેટા ભાગમાં વહેંચાયેલ છે. આવા કુલ 843 અનુવાકો છે, જેમાં કુલ 3091 મંત્રો સંગ્રહિત છે. કાશ્મીરમાં આ શાખા વધુ પ્રચલિત છે

આ ઉપરાંત કૃષ્ણયજુર્વેદની બીજી બે શાખાઓનો પણ નિર્દેશ મળે છે.કાપિષ્ઠલ શાખા અને શ્વેતાશ્વતર શાખા. તો વિદ્યાર્થીમિત્રો, યજુર્વેદના અભ્યાસ દ્વારા તમે હિન્દુ સંસ્કૃતિના વિવિધ યજ્ઞો, ક્રિયાકાંડો, ધાર્મિક ભાવનાઓ અને સાથે સાથે આધ્યાત્મિક વિચારધારાઓ પણ જાણી શકશો. યજુર્વેદમાથી અનેક વિજ્ઞાનો જેવા કે –ગણિત, રેખાગણિત,વાસ્તુવિદ્યા, ચિકિત્સા, યુધ્ધવિજ્ઞાન અને જ્યોતિષ વગેરેનો ઉદ્ભવ અને વિકાસ થયો છે,જે તેનું મહત્ત્વ સ્થાપિત કરે છે.

## 1.6 સામવેદ:

'**વેદાનાંસામવેદોઙસ્મિ**' ગીતા-૧૦/૨૨ 'હું વેદોમાં સામવેદ છું.' એમ કહીને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણએ પોતાની વિભૂતિનું વર્ણન કર્યું છે. આ વાક્ય સમજાવી જાય છે કે શ્યામસુંદરનું સર્વસ્વ આ સામવેદ છે. કારણ? કારણ કે 'સામ'ને ઋચાનો સાર માનવામાં આવે છે. બ્રાહ્મણગ્રંથોમાં પણ 'સામ'ને સર્વ વેદોનો રસ કહેવામાં આવ્યો છે. બૃહદ્દેવતામાં પણ કહ્યું છે કે "જે સામને જાણે છે તે વેદના તત્ત્વને જાણે છે." સામ એટલે સંગીત અથવા ગાન. સામવેદમાં જે મંત્ર આવેલા છે તે સુખદ છે, સંગીતાત્મક છે.

### સામવેદ સંહિતાનું વિભાજન

સામવેદને બે ભાગ- આર્ચિક -માં વિભક્ત કરવામાં આવેલા છે, આર્ચિક એટલે ઋચાઓનો સંગ્રહ. તે બે ભાગમાં પ્રથમ પૂર્વાર્ચિક જેમાં 640 મંત્રો અને બીજો ઉત્તરાર્ચિક જેમાં 125 મંત્રો છે. આ બંને વિભાગોની વચ્ચે 10 મંત્રોનો બનેલો 'મહાનામ્ન્યાર્ચિક' નામનો એક ભાગ પણ આવેલો છે.

અહીં નોંધપાત્ર મુદ્દો એ છે કે પૂર્વાર્ચિકના કુલ 640 મંત્રોમાંથી 226 મંત્રોની તો ઉત્તરાર્ચિકમાં પુનરાવૃત્તિ કરવામાં આવી છે. આથી, સમગ્ર સામવેદમાં મંત્રોની સંખ્યા 1549 છે એમ કહી શકાય. વળી, 1474 જેટલી ઋચાઓ ઋગ્વેદમાંથી લેવામાં આવી છે. માત્ર ૭૫ જેટલી નવી ઋચાઓ અહીં પ્રાપ્ત થાય છે.સામવેદમાં અગ્નિ, ઈન્દ્ર, સોમ એ ક્રમથી ઋચાઓનો સંગ્રહ થયો છે. તેના ઉપરોક્ત વિભાગોને પણ પુન:વિભક્ત કરેલ છે.

1.**પૂર્વાર્ચિક** ચાર કાંડ અને છ અધ્યાયમાં પુન:વિભક્ત કરવામાં આવ્યો છે. જેમ કે

| **કાણ્ડ** | **અધ્યાય/પ્રપાઠક** | **વિષય** |
|---|---|---|
| 1.આગ્નેય કાણ્ડ | પહેલો અધ્યાય | અગ્નિદેવતાની સ્તુતિ |
| 2.ઐન્દ્ર કાણ્ડ | બીજો, ત્રીજો અને ચોથો અધ્યાય | ઈન્દ્ર દેવતા |
| 3.પવમાન કાણ્ડ: | પાંચમો અધ્યાય | પવમાન સોમ દેવતા |
| 4. આરણ્યક કાણ્ડ: | અધ્યાય છઠ્ઠો | જુદા જુદા દેવતાની સ્તુતિ |

આ 6 અધ્યાયો કે પ્રપાઠકોને બીજા 12 અર્ધપ્રપાઠક, 64 દશતી (=પ્રાય: દશ ઋચાઓનો સમૂહ)માં પુનઃ વિભક્ત કરવામાં આવી છે. અહીં પૂર્વાર્ચિક કુલ 640 ઋચાઓ છે.

2. **મહાનામ્ન્યાર્ચિકમાં** દશ ઋચાઓનો સંગ્રહ છે. તેમાં ઈન્દ્રની સ્તુતિ કરવામાં આવે છે. (આ મંત્રો 4-7 માં રજુ કર્યા છે.) કેટલાક લોકો આ મહાનામ્ન્યાર્ચિકને ઉપરના ચોથા આરણ્યકકાંડનું પરિશિષ્ટ પણ કહે છે.

3. **ઉત્તરાર્ચિક** 9 પ્રપાઠક, 21 અધ્યાય અને ૨૨ અર્ધકોમાં વહેંચી કાઢવામાં આવેલ છે. જેમકે,

| પ્રપાઠક | અધ્યાય | અર્ધક |
|---|---|---|
| 1. | 1,2 જો | 1,2 |
| 2. | 3,4,થો | 3,4 |
| 3. | 5,6 ઠો | 5,6 |
| 4. | 7,8 મો | 7,8 |
| 5. | 9,10 મો | 9,10 |
| 6. | 11,12,13 મો | 11,12,13 |
| 7. | 14,15,16 મો | 14,15,16 |
| 8. | 17,18,19 મો | 17,18,19 |
| 9. | 20,21 મો | 20,21,22 |

આ ઉત્તરાર્ચિકને 22 અર્ધકો પછી, વધારે નાના 'ખંડો'માં પણ વિભક્ત કરેલ છે. આખા ઉત્તરાર્ચિકમાં 119 ખંડ છે તથા આ ઉત્તરાર્ચિકમાં કુલ 400 ગાન છે, તે પ્રત્યેક ગાનમાં 3 કે 4 ઋચાઓ છે.

**સામવેદની શાખાઓ:-**

**सहस्त्रवर्त्मा सामवेद:।** સામવેદની 1000 જેટલી શાખાઓ છે, એમ વ્યાકરણમહાભાષ્યમાં પતંજલિ કહે છે. આજે માત્ર ૩ શાખાઓ સચવાઈ છે.

(1) કૌથુમી શાખા

(2) જૈમિનીય શાખા અને

(3) રાણાયણીય શાખા

**(1) કૌથુમી શાખા**

પૂર્વોક્ત ત્રણેય શાખાઓમાંથી સૌથી વધારે પ્રચાર પામેલી શાખા કૌથુમી શાખા છે. ગુજરાત-કાઠિયાવાડમાં તરફ વધારે ફેલાવો થયો છે. ગુજરાતનાં શ્રીમાળી બ્રાહ્મણો આ શાખાના અધ્યેતા મનાય છે. તથાપિ તે અન્ય રાજ્યોમાં પણ તે પ્રચલિત છે.

આ શાખા પૂર્વાર્ચિક અને ઉત્તરાર્ચિકમાં વિભક્ત છે. પૂર્વાર્ચિકમાં **गेयगान** અને **अरण्यगान** છે. તથા ઉત્તરાર્ચિકમાં **ऊहगान** અને **ऊह्यगान** છે. એવું કહેવાય છે કે પૂર્વાર્ચિક દ્વારા ઉદગાતા શિષ્યને સંગીતની શિક્ષા અપાતી હતી અને એકવાર સંગીતમાં

નિષ્ણાત થઈ જાય ત્યાર પછી ઉદગાતા ઉત્તરાર્ચિક દ્વારા મન્ત્રોનો યજ્ઞમાં વિનિયોગ કરવામાં આવતો હતો.

### (2) જૈમિનીય શાખા

ભારતીય પરંપરા અનુસાર મહર્ષિ વેદવ્યાસે ચારેય વેદોનું સંકલન કર્યું હતું. તે વેદવ્યાસના એક શિષ્ય જૈમિની હતા. તે જૈમિનીએ સંપાદિત કરેલી સામવેદની આ શાખાને 'જૈમિનીય શાખા' કહે છે. આ શાખાનો કર્ણાટક સિવાય અન્ય ખૂબ ઓછો પ્રચાર થયો છે.આનો વર્ણ્ય વિષય અને સંગ્રથન કૌથુમી શાખા જેવા જ છે. પણ તેમાં ઋચાઓની સંખ્યા 1687 જેટલી છે. આમાં જે કેટલીક વધારાની ઋચાઓ છે તે અન્યત્ર ક્યાંય મળતી નથી.

### (3) રાણાયણીય શાખા-

રાણાયણીય શાખાના અનુયાયીઓ વિશેષ કરીને મહારાષ્ટ્રમાં વસે છે એમ મનાય છે.રાણાયણીય અને કૌથુમ શાખા વચ્ચે ભેદ નથી. એકમાં પ્રપાઠમાં વિભાગો છે, બીજીમાં અધ્યાયમાં. આ શાખાનો પ્રચાર પણ ઘણો ઓછો થવા પામ્યો છે. આનાં ક્યાંક મહારાષ્ટ્ર અને દ્રવિડ દેશના કેટલાક પ્રદેશોમાં અનુયાયીઓ મળે છે.

### સામગાન

સામવેદની ચર્ચામાં સામગાન વિષયક નોંધ અત્યંત આવશ્યક છે. સામગાન વિના કોઈ યજ્ઞ થઈ શકે નહીં. યજ્ઞમાં ઉદગાતાનું કાર્ય સામગાન કરીને દેવોને અને શ્રોતાઓને આનંદ આપવાનું મનાતું હતું. આ ઋષિઓ જે સામગાન કરતાં હતા તે ગાનના પ્રકારો નીચે મુજબ મનાય છે.

1. ગેય ગાન સામવેદના પૂર્વાર્ચિક ભાગને ગાવા માટે વપરાય છે.
2. આરણ્ય ગાન સામવેદના પૂર્વાર્ચિક ભાગને ગાવા માટે વપરાય છે.
3. ઊહ ગાન સામવેદના ઉત્તરાર્ચિક ભાગને ગાવા માટે વપરાય છે.
4. ઊહ્ય ગાન સામવેદના ઉત્તરાર્ચિક ભાગને ગાવા માટે વપરાય છે.

ગાન માટે આવશ્યકતા અનુસાર નીચેના આઠ પ્રકારના પરિવર્તનો માન્ય રાખવામા આવ્યા છે.

1. વિકાર 2. વિશ્લેષ 3. વિકર્ષણ 4. અભ્યાસ

5. વિરામ 6. સ્તોભ 7. આગમ 8. લોપ

સામગાનના પાંચ પ્રસિદ્ધ વિભાગ - 1. પ્રસ્તાવ 2. ઉદ્ગીથ 3. પ્રતિહાર 4. ઉપદ્રવ અને 5. નિધાન છે. જ્યારે ઘણા વિદ્વાનોના માટે આ પાંચ ભાગ નીચે મુજબ છે.

1. હિંકાર- જેમાં ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત ત્રણ સ્વર આવે છે.
2. પ્રસ્તાવ- સ્થાયીભાવ
3. ઉદ્ગીથ- અન્તરા
4. પ્રતિહાર-અભોગ
5. નિધાન- તાન

આવું સામગાન વીણા, દુન્દુભિ અને વેણુ એ ત્રણ વાદ્યોની મદદથી કરવામાં આવે છે. સામને ભારતીય સંગીતનું મૂળ પ્રેરણાસ્ત્રોત માનવામાં આવે છે. નારદીય શિક્ષામાં સામ સ્વર અને લૌકિક સ્વરની સરખામણી સુંદર આપવામાં આવી છે.

સામવેદના વિષયની ચર્ચાનો ઉપસંહાર કરતાં પહેલા એક વાતની નોંધ લેવી આવશ્યક છે કે સોમલતા અને સોમરસનો મહિમા આ વેદમાં સવિશેષ વર્ણવાયેલ છે.

## 1.7 અથર્વવેદ સંહિતા :

ઋગ્વેદાદિ વેદોની સરખામણીમા અથર્વવેદ સંપન્ન કે ઉન્નત વર્ગના સમાજના સ્થાને જનસાધારણ અથવા બહુજન સમાજની ભાવનાનું પ્રતિબિંબ પાડતો વેદ છે. તત્કાલિન સમાજનું વ્યાપક અને સૂક્ષ્મદર્શન અથર્વવેદમાં દૃષ્ટિગોચર થતું હોવાથી તે સમાજશાસ્ત્રના અભ્યાસની દૃષ્ટિએ અદ્વિતીય અગત્ય ધરાવે છે. અનેક રસપ્રદ વિષયોનો વિશ્વકોશ એટલે અથર્વવેદ. મારણ, મોહન, ઉચ્ચાટન, વશીકરણ જેવા જાદુ કે અભિચાર પ્રયોગો તેમજ શાન્તિકપૌષ્ટિક કર્મો આ વેદમાં વિશેષ રૂપે વિષય તરીકે સ્થાન પામ્યા છે. આયુર્વેદની દૃષ્ટિએ તો અથર્વવેદ ચિકિત્સાપદ્ધતિ અને ઔષધ બાબતમાં અનેક પ્રાચીન નિર્દેશોનો ભંડાર છે. પદાર્થવિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, જીવવિજ્ઞાન વગેરેના અભ્યાસીને પણ અથર્વવેદ વિપુલ સામગ્રી પૂરી પાડવા સમર્થ છે.

આ અથર્વવેદના અન્ય નામાન્તરો પણ પ્રચલિત થયેલાં જોવા મળે છે. જેમકે, આ વેદનું જૂનામાં જૂનું નામ **अथर्वाङ्गिरस**: છે. 'અથર્વ' અને 'અંગિરસ્' એ બે શબ્દો ભેગા મળીને **अथर्वाङ्गिरस**: એવો સમાસ થયો છે. આ ઉપરાંત અથર્વવેદના બીજા બે નામ પણ છે-

(1) ભૃગ્વંગિરસ અને (2) બ્રહ્મવેદ

આ સંહિતાના 20 કાંડ પાડવામાં આવ્યા છે, તેમાં ૭૩૦ સૂક્તો અને આશરે 6,000 મંત્રો આપવામાં આવ્યા છે. એમાંના આશરે ૧,૨૦૦ મંત્રો ઋગ્વેદમાંથી લેવાયેલા છે. ઘણાખરા મંત્રો દશમા, પહેલા અને આઠમા મંડળમાંથી લેવાયેલા છે.

### અથર્વવેદની શાખાઓ

વ્યાકરણ મહાભાષ્યમાં પતંજલિએ કહ્યું છે કે- **नवधाऽथर्वणो वेद**:। અથર્વવેદ નવ પ્રકારનો–નવ શાખાઓમાં સચવાયેલો છે. 'ચરણવ્યૂહ'ના પરિશિષ્ટ ભાગમાં પણ અથર્વવેદની નવ શાખાઓનો ઉલ્લેખ છે. સાયણાચાર્યે ભાષ્યમાં પણ નવ શાખાઓનાં એ જ નામ બતાવ્યાં છે, જે નીચે મુજબ છે.

1.પિપ્પલાદ 2.સ્તૌદ 3.મોદ 4.શૌનકીય 5.જાજલ 6.જલદ 7.બ્રહ્મવેદ 8.દેવદર્શ અને 9.વારણવૈદ્ય.

વર્તમાન સમયમાં અથર્વવેદની માત્ર **બે** જ શાખાઓ મળી આવી છે:

1. શૌનક સંહિતા અને 2. પૈપલાદ સંહિતા .

આ બંને શાખાઓમાંથી શૌનકશાખાનો પ્રચાર વધારે થયેલો જોવા મળે છે તથા સાયણે પણ તેની ઉપર જ ભાષ્ય લખ્યું છે. વળી, આ બંને શાખાઓની સંહિતામાં અથર્વવેદના મંત્રોનું સંગ્રથન અને વિષયવસ્તુ પ્રાય: સમાન છે. પંડિત સાતવળેકર દ્વારા મુદ્રિત અથર્વવેદની શૌનકશાખાની સંહિતામાં 20 કાંડ, 731 સૂક્ત અને 5987 મંત્રો છે. સ્વામીશ્રી ગંગેશ્વરાનંદજી મહારાજ દ્વારા મુદ્રિત ભગવાન વેદમાં 20 કાંડ, 36 પ્રપાઠક, 111 અનુવાક, 736 સૂક્ત અને 6031 મંત્રો આપ્યા છે. અથર્વવેદના વિસ્તાર માટે વિવિધ વિવાદ પ્રચલિત

છે. કેટલાક તેને દસકાંડાત્મક એટલે કે દસ કાંડનો જ માને છે, એમ સાતવલેકરજી કહે છે. કેટલાક તેને 19 કાંડાત્મક સ્વીકારે છે, કારણ 19મા કાંડના અંતભાગમાં 71 મા સૂક્તમાં અને 72મા સૂક્તમાં સમાપ્તિસૂચક મંત્રો આવે છે. વળી અથર્વવેદની સર્વાનુક્રમણિમાં પણ 19 કાંડ સુધીના જ ઋષિ, દેવતા, છંદ વગેરેનું સંકલન થયું છે. વીસમાં કાંડમાં ઋગ્વેદના મંત્રોનો સંગ્રહ હોવાથી તેના ઋષિ, દેવતા વગેરે ઋગ્વેદની અનુક્રમણિ અનુસાર આપવામાં આવતા હોય છે. બધુ મળીને ઋગ્વેદના લગભગ 1200 મંત્રોનો સંગ્રહ અથર્વવેદમાં થયો છે. આથી, અથર્વવેદનો વિસ્તાર ૧૯ કાંડ સુધીનો છે એ મતને પંડિત સાતવળેકરજી સમીચીન પક્ષ તરીકે સ્વીકારે છે. વિદેશી વિદ્વાનો પણ એ મતને સ્વીકારે છે.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો :

**પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોનાં સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

1.વેદ શબ્દને સમજાવી તેની સંહિતાઓનું તમારા શબ્દોમાં વર્ણન કરો.

2.ઋગ્વેદસંહિતાના મંડલક્રમને સમજાવી તેની વિશદ ચર્ચા કરો.

3.ચાર વેદને તુલનાત્મક અધ્યયન દ્વારા વિશેષ રૂપે માહિતી આપો.

4.યજુર્વેદની બંને શાખા પર પ્રાપ્ત થતાં સાહિત્યનો પરિચય આપો.

**પ્રશ્ન -2 નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો.**

1.વૈદિક સાહિત્યનો પરિચય આપો.

2.વેદ કેટલા અને ક્યા ક્યા છે તેની ટૂંકમાં સમજૂતી આપો.

3.વેદનો શાબ્દિક અર્થ આપી સમજાવો.

4.વેદ માટે પ્રચલિત અન્ય નામોનો ઉલ્લેખ કરો.

5.વેદમાં આવતા ઋષિઓના નામોનો તેમના મંડળ સાથે ઉલ્લેખ કરો.

6. યજુર્વેદની બંને શાખાના પ્રાદુર્ભાવ વિશે માહિતી આપો.

7.વેદ મુજબ વેદના જ્ઞાતા બ્રાહ્મણોના પ્રચલિત નામો આપો.

**પ્રશ્ન -3 ખાલી જગ્યા પૂરો.**

1.ત્રણ વેદને -------કહેવામાં આવે છે.

2.ઋગ્વેદને ----------અને ---------એમ બે વિભાગમાં વહેંચવામાં આવેલો છે.

3.ઋગ્વેદની કુલ --------- શાખાઓ આવેલી છે.

4.દેવતાઓને ---------- સ્થાનમાં વિભાજિત કરવામાં આવ્યા છે.

5.સામવેદને --------- અને ------------ બે ભાગમાં વિભાજિત કરવામાં આવ્યો છે.

6.----------- સામગાન પ્રચલિત છે.

**એકમ 2**

# બ્રાહ્મણગ્રંથો અને આરણ્યક ગ્રંથો

## રૂપરેખા


**2.0 ઉદ્દેશ**
**2.1 પ્રસ્તાવના**
**2.2 બ્રાહ્મણગ્રંથો અને આરણ્યક ગ્રંથો**
**2.2.1 'બ્રાહ્મણ' શબ્દનો અર્થ**
**2.2.2 'બ્રાહ્મણ' સાહિત્યનો રચનાકાળ**
**2.2.3 બ્રાહ્મણ ગ્રંથોનો વિષય અને ઉપલબ્ધ બ્રાહ્મણ સાહિત્ય**
**2.2.3.1 ઋગ્વેદનાં બ્રાહ્મણો**
**2.2.3.2 યજુર્વેદનાં બ્રાહ્મણો**
**2.2.3.3 સામવેદનાં બ્રાહ્મણો**
**2.2.3.4 અથર્વવેદનાં બ્રાહ્મણો**
**2.2.4 'આરણ્યક' શબ્દનો અર્થ અને આરણ્યકોનું મહત્ત્વ**
**2.2.5 આરણ્યકોનો વિષય અને ઉપલબ્ધ ગ્રંથોનો પરિચય**
**2.2.5.1 ઋગ્વેદનાં આરણ્યકો**
**2.2.5.2 યજુર્વેદનાં આરણ્યકો**
**2.2.5.3 સામવેદનાં આરણ્યકો**
**2.6 સમાપન**
**2.7 તમારી પ્રગતિ ચકાસો.**


## 2.0 ઉદ્દેશ :

વેદના મંત્રોની વ્યાખ્યા કરવા માટે અને તેના અર્થનું પ્રતિપાદન કરવા માટે બ્રાહ્મણગ્રંથો રચાયાં છે. આ સાહિત્યને સમજ્યા વગર ભારતીય દર્શન, ધર્મ, ભાષા, સાહિત્ય અને પૌરાણિક કથાઓને સમજી શકાય નહીં. વૈદિક સમાજની એક ઉજ્જવળ યજ્ઞસંસ્થા અને તેની સાથે જોડાયેલા સમાજનાં દર્શન બ્રાહ્મણ સાહિત્યમાંથી મેળવી શકાય છે. બ્રાહ્મણ સાહિત્ય સાથે અત્યંત ગાઢ સંબંધ ધરાવતું વિશિષ્ટ સાહિત્ય આરણ્યક સાહિત્ય છે, તો આવો આવા ઉત્કૃષ્ટસાહિત્યની વિગતે ચર્ચા કરીએ.

## 2.1 પ્રસ્તાવના :

વેદની સંહિતાઓની રચના થયા પછી તેમાં અધ્યાત્મ,દર્શન, ધર્મ,સમાજ,લૌકિક સદાચાર વગેરેની બાબતમાં નીતિ નિયમ અને વ્યવસ્થાઓના વિસ્તૃત નિરૂપણ માટે બ્રાહ્મણ વગેરે પાછળનું સાહિત્ય નિર્માણ પામ્યું.ગદ્ય શૈલીમાં આ સાહિત્ય યજ્ઞ સંબંધી વિધિઓની ચર્ચા કરે છે.

## 2.2 બ્રાહ્મણગ્રંથો અને આરણ્યક ગ્રંથો :

### 2.2.1 'બ્રાહ્મણ' શબ્દનો અર્થ

વેદ મંત્ર અને બ્રાહ્મણાત્મક છે અથવા બ્રાહ્મણ વેદની સુપ્રસિદ્દ્ધ વ્યાખ્યા છે. મંત્રો પ્રાયઃ સંહિતાઓમાં સુગ્રથિત થયા છે અને બ્રાહ્મણ એ નામનું સ્વતંત્ર અને વિપુલ સાહિત્ય ઉપલબ્ધ થાય છે. બૃહ "વ્યાપીને રહેવું" શબ્દ પરથી "બ્રહ્મન્" શબ્દ નિષ્પન્ન થાય છે અને તેના પરથી "બ્રાહ્મણ" શબ્દ બને છે. "બ્રહ્મન્" શબ્દના અનેક અર્થો છે અને તદનુસાર "બ્રાહ્મણ" શબ્દના પણ વિવિધ અર્થો સૂચવાયા છે.

ઋગ્વેદમાં આદિ ઉદ્દાત "બ્રહ્મન્" શબ્દ "સ્તુતિ પ્રાર્થના" અને અંત્ય ઉદાત્ત "બ્રહ્મન્" શબ્દ "પ્રાર્થના કરનાર" એવો થાય છે.સ્તુતિ અને પ્રાર્થના મુખથી થાય તેથી તો જાણે કે બ્રાહ્મણ પુરુષનું મુખ હતો એમ ઋગ્વેદમાં કહ્યું છે.

"બ્રહ્મ" શબ્દનો એક અર્થ "યજ્ઞ" થાય છે. સમગ્ર વિશ્વને વ્યાપીને જ રહે છે ને ! એટલે તો તેનું બીજું નામ વિતાન પણ છે. આથી યજ્ઞો, તેના કર્મો, તેની વ્યાખ્યા, વિધિ, નિષેધ વગેરે દર્શાવનાર ગ્રંથને બ્રાહ્મણ નામ આપવામાં આવ્યું.

"બ્રહ્મન્" શબ્દનો અર્થ "વેદ" થાય છે, આથી બ્રહ્મન્એટલે વેદની વ્યાખ્યા પ્રસ્તુત કરતા ગ્રંથો એ બ્રાહ્મણ એવો અર્થ પણ ઘટાવી શકાય.

"બ્રહ્મ" શબ્દનો એક અર્થ "મંત્ર" પણ થાય છે. તદનુસાર મંત્રોની વ્યાખ્યાને પ્રસ્તુત કરનાર ગ્રંથને બ્રાહ્મણ કહેવાય.

પરંપરા અને અનેક વિદ્દ્વાનોના મતોની નોંધ પરથી તારવી શકાય કે વેદના મંત્રાત્મક ભાગથી ભિન્ન અને યજ્ઞકર્મમાં પ્રયુક્ત મંત્રોની વ્યુત્પતિ, વિનિયોગ વગેરેની શાસ્ત્રીય ઢબે ચર્ચા કરતું વેદના એક ભાગરૂપ સાહિત્ય એ બ્રાહ્મણ સાહિત્ય તરીકે ઓળખાય છે.

### 2.2.2 'બ્રાહ્મણ' સાહિત્યનો રચનાકાળ

બ્રાહ્મણગ્રંથોની રચના ક્યારે થઈ એનો નિશ્ચય કરવો ખૂબ મુશ્કિલ છે. અનેક ટીકાકારોએ બ્રાહ્મણોનો રચનાકાળ નક્કી કરવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ એ માત્ર અનુમાનો જ છે. એના દ્દ્વારા નિશ્ચિત સમય નક્કી કરી શકાતો નથી. એક અનુમાન પ્રમાણે ઋગ્વેદના સૂક્તો રચાયા પછી લાંબા સમય બાદ બ્રાહ્મણગ્રંથો રચાયા હશે. એમ કહી શકાય કે વૈદિક સંહિતાઓના સૌથી અંતિમભાગોની જ્યારે રચના થઈ ત્યારે બ્રાહ્મણોની રચનાનો પ્રારંભ થયો હશે.મોટા ભાગના યુરોપીય વિધાનોની માન્યતા એ છે કે બ્રાહ્મણોની રચના ઈ.સ.પૂર્વે 1200 થી ઈ.સ.પૂર્વે 200 સુધીમાં થઈ હશે. જ્યારે અનેક ભારતીય વિદ્દ્વાનોને મતે ઈ.સ.પૂર્વે ૩૦૦ થી ઈ.સ.પૂર્વે 2000 નિર્ધારિત કરે છે. જુદા જુદા વિદ્દ્વાનોના મતો જોયા પછી એમ લાગે છે

કે બ્રાહ્મણ સાહિત્યની રચના કોઈ એક સમયમાં થઈ નથી. એનો વિકાસ થતાં ઘણો સમય લાગ્યો હશે, કારણ કે બ્રાહ્મણકાળમાં બ્રાહ્મણો અને પુરોહિતોનું મહત્ત્વ વધારે હતું. આખાયે દેશમાં બ્રાહ્મણ સંસ્કૃતિ ફેલાઇ અને યજ્ઞક્રિયાનો સંપૂર્ણ વિકાસ થતાં અનેક શતાબ્દીઓ લાગી હશે. આથી બ્રાહ્મણગ્રંથોનું નિર્માણ સંહિતાઓના પૂર્ણ વિકાસ બાદ ઈ.સ.પૂ. 3000 થી ઈ.પૂ. 1000ની વચમાં માનવામાં આવે છે.

બ્રાહ્મણ સાહિત્યનો વિકાસ વિપુલ પ્રમાણમાં થયો હતો,વેદોની વિવિધ સંહિતાઓના કુલ 18 બ્રાહ્મણગ્રંથો અત્યારે ઉપલબ્ધ છે. બળદેવ ઉપાધ્યાયે ઋગ્વેદના 5, યજુર્વેદના 12, સામવેદના 4 અને અનિશ્ચિત શાખાઓવાળા 8 બ્રાહ્મણો લુપ્ત થઈ ગયાં છે એવું જણાવ્યુ છે. આ ઉપરાંત અન્ય બ્રાહ્મણ ગ્રંથો પણ લુપ્ત થયાની દહેશત તેઓ સેવે છે.

### 2.2.3 બ્રાહ્મણ ગ્રંથોનો વિષય અને ઉપલબ્ધ બ્રાહ્મણ સાહિત્ય

#### બ્રાહ્મણગ્રંથોનો વિષય

બ્રાહ્મણગ્રંથોમાં જે વિષયોની ચર્ચા કરવામાં આવી છે તેના ચાર વિભાગ પડી શકાય :

વિધિ, અર્થવાદ, ઉપનિષદ અને આખ્યાન.

**વિધિ** - બ્રાહ્મણગ્રંથોના આ પ્રકારના વિભાગના કર્મકાંડ સંબંધી સૂચનાઓ આપવામાં આવી છે. વૈદિક મંત્રોના અર્થોની મિમાંસા તથા વૈદિક શબ્દોની વ્યુત્પત્તિ પણ આપવામાં આવી છે. આ ભાગનો મુખ્ય ઉદ્દેશ યજ્ઞના અનુષ્ઠાનનો ઉપદેશ કરવાનો છે.

**અર્થવાદ** - અર્થવાદ એટલે વિધિનું અનુકરણ અને નિષેધની નિન્દા. અર્થવાદ એટલે જેમાં યજ્ઞવિધાનોનો ઉલ્લેખ કરાયો છે અને નિષિદ્ધ પદાર્થોની નિન્દા કરવામાં આવી છે. યજ્ઞની વિધિઓ સમજવા માટે અર્થવાદ જાણવો જરૂરી છે. આ યજ્ઞ કરવાથી આ ફળ પ્રાપ્ત થાય છે એવું કથન અહીં કરવામાં આવે છે. આવા અર્થવાદો, પ્રશંસાવચનો બ્રાહ્મણગ્રંથોમાં ઠેરઠેર જોવા મળે છે.

**ઉપનિષદ–** આ વિભાગમાં આધ્યાત્મિક તથા દાર્શનિક તત્ત્વોની વિવેચના કરવામાં આવી છે. અહીં આત્મા-પરમાત્મા, સૃષ્ટિની ઉત્પત્તિ વગેરેની વાત કરવામાં આવે છે.

**આખ્યાન–** બ્રાહ્મણગ્રંથોનો આ વિભાગ પણ ખૂબ મહત્ત્વનો છે. વેદના અર્થોની વ્યાખ્યા, યજ્ઞોના અનુષ્ઠાનોની સમજણ તથા પરમતત્ત્વની વ્યાખ્યા કરવા માટે પ્રાચીન ઋષિઓ અને બ્રાહ્મણોની અનેક કથાઓ બ્રાહ્મણગ્રંથોમાં આપવામાં આવી છે. આ રોચક કથાઓ દ્વારા ગૂઢ-ગંભીર અર્થ સરળતાથી સમજાવ્યો છે.

સૃષ્ટિની ઉત્પત્તિ બાબત અનેક આખ્યાનો બ્રાહ્મણગ્રંથોમાં મળી આવે છે. આ આખ્યાનોમાં ગૂઢ તત્ત્વોની વ્યાખ્યાની સાથે સાથે સાહિત્યિક કલ્પના તથા રસ પણ છે.

આ રીતે જોઈએ તો, સંહિતા અને ઉપનિષદ વચ્ચેના વૈચારિક તબક્કાઓને સમજવામાં બ્રાહ્મણગ્રંથો અતિ આવશ્યક છે. વળી, તુલનાત્મક ધર્મોના અભ્યાસમાં વૈદિક ધર્મને ઊંડાણથી સમજવા માટે બ્રાહ્મણગ્રંથોનો અભ્યાસ આવશ્યક ગણાય છે.

#### ઉપલબ્ધ બ્રાહ્મણ સાહિત્ય

વેદોના અર્થોનું પ્રતિપાદન તથા તેની વ્યાખ્યા કરવા માટે બ્રાહ્મણગ્રંથ રચાયા. આથી, પ્રત્યેક વેદની શાખાનું એક એક બ્રાહ્મણ અત્યારે પ્રાપ્ત થાય છે, જેમાં એ વેદના મંત્રની વ્યાખ્યા કરવામાં આવી હતી. એમ કહેવાય છે કે વેદની પ્રત્યેક શાખાનું એક એક બ્રાહ્મણ હતું.

એ રીતે જોઈએ તો વેદની 1130 શાખા પ્રમાણે 1130 બ્રાહ્મણગ્રંથો હોવા જોઈએ, પરંતુ મોટા ભાગના બ્રાહ્મણો હાલમાં અપ્રાપ્ય છે.

અત્યારે વેદની વિવિધ સંહિતાઓના કુલ અઢાર બ્રાહ્મણગ્રંથો ઉપલબ્ધ છે. શ્રી બળદેવ ઉપાધ્યાયના મતાનુસાર ઋગ્વેદના પાંચ, યજુર્વેદના બાર, સામવેદના ચાર અને બીજા નવ બ્રાહ્મણગ્રંથો લુપ્ત થઈ ગયા છે. આજે આપણને નીચે પ્રમાણેનું બ્રાહ્મણસાહિત્ય ઉપલબ્ધ થાય છે-

ઋગ્વેદ- ઐતરેય બ્રાહ્મણ, કૌષીતકિ અને શંખાયન બ્રાહ્મણ

શુક્લ યજુર્વેદ- માધ્યંદિન શતપથ બ્રાહ્મણ અને કાણ્વ શતપથ બ્રાહ્મણ

કૃષ્ણ યજુર્વેદ - તૈત્તિરીય બ્રાહ્મણ

સામવેદ-તાંડ્ય અથવા પંચવિંશ બ્રાહ્મણ, ષડ્વિંશ, મંત્ર અથવા છાંદોગ્ય, દેવત અથવા દેવતાધ્યાય બ્રાહ્મણ, આર્ષેય બ્રાહ્મણ, સામવિધાન બ્રાહ્મણ, સંહિતોપનિષદ બ્રાહ્મણ,વંશ બ્રાહ્મણ અને જૈમિનીય બ્રાહ્મણ અથર્વવેદ- ગોપથ બ્રાહ્મણ

### 2.2.3.1 ઋગ્વેદનાં બ્રાહ્મણો

ઋગ્વેદના ત્રણ બ્રાહ્મણો ઉપલબ્ધ થાય છે: (1) ઐતરેય બ્રાહ્મણ (2) કૌષીતકિ બ્રાહ્મણ અને (3) શાંખાયન બ્રાહ્મણ. કેટલાક વિદ્વાનો કૌષીતકિ બ્રાહ્મણ એ જ શાંખાયન બ્રાહ્મણ છે એમ માને છે, પરંતુ પંડિત ભગવદત્તની નોંધ અનુસાર શાંખાયન બ્રાહ્મણ અને કૌષીતકિ બ્રાહ્મણ અલગ અલગ છપાયેલાં છે અને તેમાં ક્યાંક નજીવો ભેદ પણ છે. આથી બંને બ્રાહ્મણોનો નિર્દેશ આપણે જુદો જુદો કરીએ છીએ. ઐતરેય બ્રાહ્મણ એ ઋગ્વેદની શાકલ સંહિતાનું બ્રાહ્મણ છે; જ્યારે કૌષીતકિ બ્રાહ્મણ અને શાંખાયન બ્રાહ્મણ એ ઋગ્વેદની બાષ્કલ સંહિતાનાં બ્રાહ્મણ છે.

#### ઐતરેય બ્રાહ્મણ

ઋગ્વેદના પ્રસિદ્ધ અને ઉપલબ્ધ બ્રાહ્મણોમાં ઐતરેય બ્રાહ્મણનું સ્થાન અત્યંત મહત્ત્વનુ છે. પરંપરા અનુસાર મહીદાસ ઐતરેય ઋષિ તેના દૃષ્ટા અથવા સંકલનકર્તા છે.

ઐતરેય બ્રાહ્મણમાં ચાલીસ અધ્યાય છે અને દરેક પાંચ અધ્યાયની એક પંચિકા છે. આવી કુલ આઠ પંચિકામાં ચાલીસ અધ્યાય વહેંચવામાં આવ્યા  છે. વળી બધુ મળીને તેમાં ૨૮૫ કંડિકાઓ છે. ઋગ્વેદ સાથે જોડાયેલા હોવાથી આ બ્રાહ્મણગ્રંથમાં ઋત્વિજના કાર્યોનું નિરૂપણ હોય એ સ્વાભાવિક છે. ઐતરેય બ્રાહ્મણનો પ્રચાર તુંગભદ્રા, કૃષ્ણ અને ગોદાવરીના પ્રદેશમાં તેમજ સહ્યાદ્રિથી આંધ્રના પ્રદેશમાં હતો. આજે પણ ઋગ્વેદની આશ્વલાયન શાખાના ઐતરેય બ્રાહ્મણનું અધ્યયન કરનાર વિદ્વાનો એ પ્રદેશમાં ઉપલબ્ધ થાય છે. પ્રાચીન બ્રાહ્મણોમાં સ્થાન પામનાર ઐતરેય બ્રાહ્મણ બીજી અનેક રીતે મહત્ત્વનુ છે. તેના ૭ મી પંચિકાના ત્રીજા અધ્યાયમાં આવતું શુન:શેપનું આખ્યાન અનેક ભારતીય અને વિદેશી વિદ્વાનોને આકર્ષતું રહ્યું છે. આ આખ્યાનમા આવતો ઈન્દ્રનો ઉપદેશ પ્રાચીન ભારતીય સાહિત્યના કર્મપ્રધાન ધર્મના શ્વાસના ધબકારા આજે પણ શ્રવણગોચર કરાવે છે. જેમ કે કામ કરતાં કરતાં અનેક રીતે થાકનારને લક્ષ્મી મળે છે. બેસી રહેનારો પાપી છે. ઈન્દ્ર એટલે ઈશ્વર ફરનારનો  મિત્ર છે. અથવા બેસનારનું નસીબ બેસે છે, ઊભા રહેનારનું ઊભું રહે છે,સૂનારનું સૂએ છે અને ચાલનારનં નસીબ ચાલે છે.

आस्ते भग आसीनस्योर्ध्वस्तिष्ठति तिष्ठतः।

शेते निपद्यमानस्य चराति चरतो भगश्चरैवेति॥

(ऐतरेय ब्राह्मण ,अध्याय-३,खंड-३)

ફરનારો મધુ મેળવે છે. ફરનારો સ્વાદુ ઉદુમ્બર મેળવે છે. જે ફરવામાં આળસ કરતો નથી તે સૂર્યની શ્રેષ્ઠતા જગદ્વંદ્યત્વ તું જો.

चरन वै मधु विन्दति चरन् स्वादुमुदुम्बरम् ।

सूर्यस्य पश्य श्रेमाणं यो न तंद्रयते चरन्श्चरैवेति॥

(ऐतरेय ब्राह्मण ,अध्याय-३,खंड-३)

અન્ય કથાઓમાં સોમહરણની કથા પણ ઉલ્લેખનીય છે.

**કૌષીતકિ બ્રાહ્મણ અને શાંખાયન બ્રાહ્મણ**

કૌષીતકિ બ્રાહ્મણ એ ઋગ્વેદની બાષ્કલ સંહિતાનું બ્રાહ્મણ છે. આચાર્ય પરંપરાનુસાર ઉદ્દાલક પાસેથી કૌષીતકિએ અને તેમની પાસેથી ગુણાખ્ય શાંખાયને આ વિદ્યા પ્રાપ્ત કરી હતી. આથી વિદ્વાનો કલ્પના કરે છે કે કૌષીતકિ અથવા શાંખાયને આ બ્રાહ્મણની રચના કરી હશે. કૌષીતકિ બ્રાહ્મણમ 30 અધ્યાય અને પ્રત્યેક અધ્યાય જુદા જુદા ખંડોમાં વહેંચાયેલો છે. તેમાં કુલ 226 ખંડો છે. વિષયની દ્રષ્ટિએ આ બ્રાહ્મણ ઐતરેય બ્રાહ્મણ સાથે ઘણું સામ્ય ધરાવે છે. કૌષીતકિ બ્રાહ્મણમાં મૃત્યુ અને પુનર્જન્મના વિચારો જોવા મળે છે. અહીં 'પુનમૃત્યુ' શબ્દનો ઉલ્લેખ થયો છે. આ બ્રાહ્મણમાં પ્રથમ છ અધ્યાયમાં અગ્નિચયન,અગ્ન્યાધાન, દર્શપૂર્ણમાસ વગેરે વિષયોની વાત કરી છે, જ્યારે અધ્યાય સાત થી ત્રીસમાં સોમયાગની ચર્ચા છે, જે ઐતરેય બ્રાહ્મણને મળતી આવે છે. શરૂઆતમાં એમ મનાતું હતું કે કૌષીતકિ બ્રાહ્મણ અને શંખાયન બ્રાહ્મણ બે એક હતા. પરંતુ પાછળથી ૧૯૧૧ માં આનંદાશ્રમ પૂનાથી શાંખાયન બ્રાહ્મણ સ્વતંત્ર રીતે પ્રસિદ્ધ થયું. વિષયની દ્રષ્ટિએ આ બંને બ્રાહ્મણોમાં કોઈ ખાસ તાત્વિક ભેદ નથી. પરંતુ મહિદાસ ચરણવ્યૂહની ટીકા માં આવતા એક શ્લોક ઉપરથી સિદ્ધ થાય છે કે ઋગ્વેદની શાંખાયની શાખાનું કૌષીતકિ બ્રાહ્મણ હતું. અને ઓક્સફોર્ડના બોડેલિયન પુસ્તકાલયમાં એક હસ્તપ્રતમાં (**कौषितकिमतानुसारी शांखायन ब्राहमनम** )એવો નિર્દેશ છે. આ બંને નિર્દેશો પ્રમાણે બંને બ્રાહ્મણો જુદા હશે એવો નિર્દેશ થાય છે. આ કૌષીતકિ બ્રાહ્મણ ઉપર માધવભટ્ટ ના પુત્ર વિનાયક ભટ્ટ નું ભાષ્ય મળી આવે છે.

## 2.2.3.2 યજુર્વેદનાં બ્રાહ્મણો

યજુર્વેદ શુક્લ યજુર્વેદ અને કૃષ્ણ યજુર્વેદ એમ બે પરંપરામાં મળી આવે છે. તેવીજ રીતે તેના બ્રાહ્મણગ્રંથો પણ અલગ અલગ મળી આવે છે. શુક્લ યજુર્વેદની મધ્યંદિન શાખા તથા કાણ્વ શાખાનું શતપથ બ્રાહ્મણો મળી આવે છે. કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય બ્રાહ્મણ મળી આવે છે.

**1. માધ્યંદિની શતપથ બ્રાહ્મણ**

શુક્લ યજુર્વેદની માધ્યંદિની શાખાનું શતપથ બ્રાહ્મણ એક બૃહતકાય ગ્રંથ છે. તેનું નામ સૂચવે છે તેમ તેમાં ૧૦૦ અધ્યાય છે. તેની પૂરી વિભાજન વ્યવસ્થામાં 14 કાંડ, 100 અધ્યાય, 68 પ્રપાઠક, 438 બ્રાહ્મણ અને 7624 કંડિકાઓ છે. આ ગ્રંથ ઉપર સાયણનું ભાષ્ય મળી આવે છે. આ બ્રાહ્મણના સંકલનકર્તા મહર્ષિ યજ્ઞાવલ્ક્ય મનાય છે. આ ગ્રંથમાં દર્શપૂર્ણમાસ, આધાન, અગ્નિહોત્ર પિંડ પિતૃયજ્ઞ, આગ્રાયણ ચતુર્માસ્ય, સોમયોગ, વાજપેય

અને રાજસૂયયાગ વગેરે અનેક યજ્ઞોનું સૂક્ષ્મ વિગતો સાથે વર્ણન છે. તેના અંત ભાગમાં બૃહદારણ્યક ઉપનિષધ આવે છે. બીજા બ્રાહ્મણગ્રંથો કરતાં શતપથ બ્રાહ્મણની શૈલી આધુનિક કહી શકાય. અહીં સાહિત્યિક ભાષા જોવા મળે છે. વિષયવસ્તુની દ્રષ્ટિએ યજ્ઞના ક્રિયાકાંડનું શૂક્ષ્મ વર્ણન બીજે ક્યાય જોવા મળતું નથી. આ ગ્રંથ તેમાં આવતી નાનીમોટી અનેક આખ્યાયિકાઓને કારણે વધુ રોચક બન્યો છે. અહીં આવતી પુરુરવા-ઉર્વશીની કથા અને મનુના જલપ્રલયની કથા પાછળના સાહિત્યમાં ઘણી વિસ્તાર પામી છે. પ્રાચીન ભારતના રાજાઓના નામ અને અને ચરિત્રોનો ઉલ્લેખ શતપથ બ્રાહ્મણમાં છે, જે શતપથ બ્રાહ્મણનું ઐતિહાસિક મહત્ત્વ જણાવે છે. શતપથ બ્રાહ્મણનું એક બીજું નામ વજસનેય બ્રાહ્મણ પણ છે.

**2. કાણ્વ શતપથ બ્રાહ્મણ**

શુક્લ યજુર્વેદની કાણ્વ શાખાનું શતપથ બ્રાહ્મણ 104 અધ્યાય, 446 બ્રાહ્મણ અને 5865 કંડિકાઓમાં વહેચાયેલું છે. તેના સત્તર કાંડ છે. આના છેલ્લા બે અધ્યાય ખીલ મનાય છે. વિષયસ્તુની દ્રષ્ટિએ મધ્યંદિન શતપથ અને કાણ્વશતપથ બ્રાહ્મણની રચનાની શરૂઆતમાં ભેદ છે. માધ્યંદિન શતપથના પ્રથમ કાંડના વિષય દર્શપૂર્ણમાસેષ્ટિ છે. એ કાણ્વ શતપથમાં બીજા કાંડમાં આવે છે. બીજા કંદનો વિષય આધાન, અગ્નિષ્ટોમ વગેરે છે. એ કાણ્વ શતપથના પ્રથમ કાંડમાં આવે છે. આમ વિષયવસ્તુની દ્રષ્ટિએ બંનેમાં ઘણું સામ્ય છે, પરંતુ તેના ક્રમમાં ફેરફાર જોવા મળે છે.

**3. તૈત્તિરીય બ્રાહ્મણ**

કૃષ્ણ યજુર્વેદનું એક માત્ર તૈત્તિરીય બ્રાહ્મણ છે. આ બ્રાહ્મણના ત્રણ અષ્ટક છે. પ્રથમ અષ્ટકને પરક્ષુદ્ર, બીજાને અગ્નિહોત્ર અને ત્રીજા અષ્ટક્ને જુદા જુદા ભાગોને જુદા જુદા નામે ઓળખાય છે. તૈત્તિરીય બ્રાહ્મણમાં 28 પ્રપાઠક છે. તેના પ્રથમ અષ્ટક્માં 78, બીજામાં 96 અને ત્રીજામાં 179 અનુવાકો છે. આ બ્રાહ્મણમાં મુખ્યત્વે યમ અને નચિકેતાની કથા છે, જે કઠોપનિષદમાં વિસ્તારથી જોવા મળે છે. આ બ્રાહ્મણ ખાસ વિશેષતા એ છે કે તેમાં મંત્ર અને તેનો વિનિયોગ બંને દર્શાવ્યા છે. ઉપનિષદમાં સુંદર વિચારો અહીં બીજ રૂપે પ્રાપ્ત થાય છે. તૈત્તિરીય બ્રાહ્મણ ઉપર ભટ્ટ ભાસ્કરનું ભાષ્ય મળી આવે છે. આ ઉપરાંત ભવસ્વામી અને રામાગ્નિચિત નામના ભાષ્યકારોનાં નામ મળે છે. આંધ્ર નર્મદાની દક્ષિણ દિશા અને અગ્નિ ખૂણો તથા ગોદાવરીના કાંઠાનો સમુદ્ર સુધીનો પ્રદેશ એ તૈત્તિરીયોની પ્રચારભૂમિ છે. બર્નલે એક પ્રસિદ્ધ દક્ષિણાત્ય કહેવત દર્શાવી છે જેનો અર્થ થાય છે કે "દક્ષિણની પળેલી બિલાડી પણ તૈત્તિરીય શાખા જાણે છે."

**2.2.3.3 સામવેદનાં બ્રાહ્મણો:**

સામવેદના બ્રાહ્મણો કેટલાં એ અંગે મતભેદ છે. સાયણાચાર્ય સામવેદનાં આઠ બ્રાહ્મણો ગણાવે છે, જે અન્ય વેદ કરતા ઘણા વધારે છે. આ આઠ બ્રાહ્મણો નીચે પ્રમાણે છે: (1) તાંડ્ય બ્રાહ્મણ (પ્રૌઢ અથવા પંચવિંશ) (2) ષડ્વિંશ (3) સામવિધિ-સામવિધાન (4) આર્ષેય (5) દેવતાધ્યાય (6) ઉપનિષદ-જૈમિનિયોપનિષદ (7) સંહિતોપનિષદ બ્રાહ્મણ (8) વંશબ્રાહ્મણ.

આ ઉપરાંત શ્રી ભગવદત્તે મંત્ર બ્રાહ્મણ, જૈમિની બ્રાહ્મણ અને જૈમિનીય આર્ષેય બ્રાહ્મણ ગણાવ્યાં છે.

**1.તાંડ્ય બ્રાહ્મણ**

સામવેદની તાંડ્ય નામની પ્રાચીન શાખાનું આ તાંડ્ય બ્રાહ્મણ છે. આ તાંડ્ય બ્રાહ્મણ 25 આધ્યાયોનું હોવાથી પંચવિશ બ્રાહ્મણ નામે પણ ઓળખાય છે. આ બ્રાહ્મણગ્રંથ વિશાળકાય હોવાથી મહાબ્રાહ્મણ નામે અને વિષયની પ્રૌઢતાને કારણે પ્રૌઢ બ્રાહ્મણ નામે પણ ઓળખાય છે. તાંડ્ય બ્રાહ્મણના ૨૫ પ્રપાઠક અને 347 ખંડ છે. અહીં સામવેદના ઉદગાતાની ક્રિયાઓનું વર્ણન થાય છે. સામવેદનો બ્રાહ્મણગ્રંથ હોવાના કારણે તેમાં સામ અને સોમયાગનું વિશેષ વર્ણન જોવા મળે છે. અહીં વટરોના વસ્ત્રો, આચાર, પ્રવાસ, હથિયાર, વગેરેનું વિગતપૂર્ણ વર્ણન છે.

**2.ષડ્વિંશ બ્રાહ્મણ**

ષડ્વિંશ બ્રાહ્મણ એ સ્વતંત્ર ગ્રંથ ગણાતો હોવા છતાં તેની સ્વતંત્ર નહિવત્ છે. તે પંચવિશ બ્રાહ્મણનું પરિશિષ્ટ હોય તેમ તેના નામ ઉપરથી સૂચવાય છે. તે પ્રમાણે આ પંચવિશ બ્રાહ્મણનો છવીસમો વિભાગ છે. એના છેલ્લા પાંચ પ્રકરણોને અદભુત બ્રાહ્મણ એવું નામ આપવામાં આવ્યું છે. બહારના અદભૂત બનાવોની અથવા ખરાબ શકુનોની ખરાબ અસર દૂર થાય એ આ બ્રાહ્મણનો ઉદ્દેશ છે. આ બ્રાહ્મણમાં પહેલી જ વાર ચાર યુગોમાં નામ આવે છે.

**3.મંત્ર બ્રાહ્મણ અથવા છાંદોગ્ય બ્રાહ્મણ**

સામવેદનું આ મંત્ર બ્રાહ્મણ બે પ્રપાઠકનું બનેલું છે. તેના દરેક પ્રપાઠકમાં આઠ આઠ ખંડ છે. બીજા બ્રાહ્મણો કરતાં આ મંત્ર બ્રાહ્મણનો વિષય જુદો છે. પરંતુ જન્મ તથા વિવાહ પ્રસંગની વિધિઓનું આલેખન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત દેવતાઓની પ્રાર્થનાઓ વિષે ચર્ચા કરવામાં આવી છે. આ બ્રાહ્મણના અંતિમ આઠ પ્રપાઠક છાંદોગ્ય ઉપનિષદ નામે પ્રસિદ્ધ છે.

**4.દેવત બ્રાહ્મણ અથવા દેવતાધ્યાય બ્રાહ્મણ:**

દેવત બ્રાહ્મણ અથવા દેવતાધ્યાયના નામે આ બ્રાહ્મણ ઓળખાય છે. સામવેદનું આ નાનું બ્રાહ્મણ છે. તેમાં કેવળ ત્રણ ખંડ છે. પહેલા ખંડમાં 26, બીજામાં 11 અને ત્રીજામાં 25 એમ કુલ 62 કંડિકાઓ આ ગ્રંથમાં છે. આ ગ્રંથના પ્રથમ ખંડમાં દેવતાઓનું વર્ણન, બીજામાં છંદોના દેવતા વર્ણેનું વર્ણન અને ત્રીજા ખંડોમાં ચાંદોના નામોની વ્યુત્પત્તિ આપી છે.

**5.સામવિધાન બ્રાહ્મણ:**

સામવેદનું આ અત્યંત નાનું બ્રાહ્મણ છે. આ સામવિધાન બ્રાહ્મણમાં ત્રણ પ્રપાઠક છે. તેના પહેલા અને બીજા પ્રપાઠકમાં આઠ આઠ અને ત્રીજા પ્રપાઠકમાં નવ ખંડ છે. શત્રુનો નાશ કરવો હોય, ધન મેળવવું હોય, કોઈને ભગાડવા હોય તો હોમાદિપૂર્વક સામવેદના મંત્રોનો કેવી રીતે પ્રયોગ કરવો એનું વિધાન આ બ્રાહ્મણમાં છે.

**6.સંહિતોપનિષદ બ્રાહ્મણ:**

સંહિતોપનિષદ બ્રાહ્મણ પ્રમાણમાં નાનું છે. તેમાં ફક્ત એક પ્રપાઠક અને પાંચ ખંડ છે. સંહિતોપનિષદ નામ પ્રમાણે આ બ્રાહ્મણની સામવેદની સંહિતાના ઉપનિષદ એટલે ગૂઢાર્થને કે રહસ્યને સ્પષ્ટ કરે છે. અહીં સામગાનના પ્રકારો અને તેનું વૈજ્ઞાનિક નિરૂપણ છે.

**7. વંશ બ્રાહ્મણ:**

સામવેદનું વંશ બ્રાહ્મણ અત્યંત નાનું છે, જેમાં ત્રણ ખંડ છે. તેના નામ પ્રમાણે તેમાં વંશનું વર્ણન આવે છે. અહીં સામવેદના આચાર્યોની વંશવળી આપવામાં આવી છે.

**8. જૈમિનીય બ્રાહ્મણ:**

સામવેદની જૈમિની શાખાનું આ બૃહતકાય બ્રાહ્મણ છે. તેના મુખ્ય ત્રણ ભાગ છે. પહેલા ભાગમાં ૩૬૦, બીજામાં ૪૩૭ અને ત્રીજામાં ૩૮૫ ખંડ છે. આ બ્રાહ્મણનું બીજું નામ પણ 'તલવકર બ્રાહ્મણ છે. આમાં અગ્નિહોત્ર વગેરેનું વર્ણન છે. તેમાં સુંદર ઉપમાઓ પણ છે. આ બ્રાહ્મણનું સંકલન વેદવ્યાસના શિષ્ય અને સામવેદના સુપ્રસિદ્ધ આચાર્ય જૈમિની તથા તેમના શિષ્ય તલવકારે કર્યું છે.

### 2.2.3.4 અથર્વવેદનાં બ્રાહ્મણો

અથર્વવેદનું એક જ બ્રાહ્મણ મળી આવે છે, જે **गोपथ ब्राह्मण**ના નામે ઓળખાય છે.

**ગોપથ બ્રાહ્મણ**

અથર્વવેદનું આ એક જ બ્રાહ્મણ પ્રાપ્ત થાય છે. ગોપથ બ્રાહ્મણના રચયિતા ગોપથ ઋષિ મનાય છે, જે અથર્વવેદીય ઋષિઓમાંના એક છે. આ બ્રાહ્મણમાં અથર્વવેદનો મહિમા સવિશેષપણ વર્ણવવામાં આવ્યો છે. ગોપથ બ્રાહ્મણના બે ભાગ છે: પૂર્વ ગોપથ અને ઉત્તર ગોપથ. પૂર્વ ગોપથમાં પાંચ પ્રપાઠક છે, જેમાં ૧૩૫ કંડિકાઓ છે. ઉત્તર ગોપથમાં છ પ્રપાઠક છે. જેમાં ૧૨૩ કંડિકાઓ છે. સમયની દષ્ટિએ આ બ્રાહ્મણ ખૂબ જ પાછળથી રચના હોય તેમ લાગે છે. તેમાં શતપથ, ઐતરેય અને કૌષીતકિ બ્રાહ્મણના કેટલાક અંશો ઉદ્ધૃત થયેલા છે. ગોપથ બ્રાહ્મણમાં સહુ પ્રથમવાર ૐ ની માત્રાઓ અને બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશનું એક સાથે વર્ણન જોવા મળે છે. આ બ્રાહ્મણમાં ગાયત્રીનું અનેક પ્રકારે વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. ભાષાકીય દષ્ટિએ આ બ્રાહ્મણ રસપ્રદ છે. અહીં શબ્દોની વ્યુત્પત્તિ જુદી જુદી રીતે આપેલી જોવા મળે છે. આમ ગોપથ બ્રાહ્મણ એ અથર્વવેદનું એકમાત્ર બ્રાહ્મણ હોવાથી અને વિષયની દષ્ટિએ નાવીન્યપૂર્ણ હોવાથી અભ્યાસીઓ માટે આકર્ષક છે.

### 2.2.4 'આરણ્યક' શબ્દનો અર્થ અને આરણ્યકોનું મહત્ત્વ

વૈદિક સાહિત્યમાં બ્રાહ્મણગ્રંથો પછી સામાન્ય રીતે તેના એક ભાગ તરીકે "આરણ્યક" આવે છે. તે બ્રાહ્મણગ્રંથો સાથે અત્યંત નિકટનો સંબંધ ધરાવતું વિશિષ્ટ પ્રકારનું સાહિત્ય છે. "આરણ્યક" શબ્દની વ્યુત્પત્તિ મુજબ તેનો અર્થ થાય - "જે ગ્રંથનો પાઠ અરણ્યમાં થતો એ આરણ્યક કહેવાયા." આમ, માનવ વિનાના વનમાં એકાંતમાં રહી ઋષિઓએ બ્રહ્મચર્યનું પાલન કરી યજ્ઞ વગેરે વિદ્યાના રહસ્યની ગંભીર ચર્ચાવિચારણા કરવામાં આવી તેનો સંગ્રહ આરણ્યક સાહિત્યમાં થયો છે. આમ તો આ આરણ્યક બ્રાહ્મણગ્રંથોનાં અંતિમ પ્રકરણો જેવું કહી શકાય. આરણ્યક સાહિત્યની પ્રસિદ્ધિ પ્રાચીનકાળથી જોવા મળે છે. મહાભારતમાં

કહેવાયું છે કે-  જેમ દહીમાંથી માખણ, મલયપર્વતમાંથી ચંદનઅને ઔષધિમાંથી અમૃત તેમ વેદોમાંથી આરણ્યક ઉત્પન્ન થાય છે. આ અર્થમાં આરણ્યક એ વેદોના મૂલ્યવાન સાર જેમ ગણાય.

### 2.2.5 આરણ્યકોનો વિષય અને ઉપલબ્ધ ગ્રંથોનો પરિચય

વિષયની દષ્ટિએ આરણ્યક ઉપનિષદનાં પુરોગામી કહી શકાય કારણકે તેનાં કેટલાય વિચારોનાં બીજને ઉપનિષદમાં અંકુરિત થતાં જોઈ શકાય છે. વળી. જેમ કેટલાક આરણ્યક બ્રાહ્મણગ્રંથોના ભાગ રૂપ છે તેમ કેટલાય ઉપનિષદો આરણ્યકના ભાગ રૂપે છે. ઐતરેય ઉપનિષદ અને ઐતરેય આરણ્યક અને તૈત્તિરીય ઉપનિષદ એ તૈત્તિરીય આરણ્યકની અંદર આવે છે.

આરણ્યક ગ્રંથોમાં વનમાં રહેનાર, આશ્રમમાં રહેનાર વાનપ્રસ્થીઓ તથા મુનિઓ માટે યજ્ઞનું વિધાન જીવનચર્યા, બ્રહ્મ વગેરેનું વિવેચન કરવામાં આવ્યું છે. અહી બ્રહ્મ અને આત્માના તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

હાલમાં આપણને માત્ર સાત આરણ્યકો ઉપલબ્ધ થાય છે:

| | |
|---|---|
| ઋગ્વેદ | १. ऐतरेय आरण्यक |
| | २. शांखायान आरण्यक |
| સામવેદ | ३.तलवकार आरण्यक |
| કૃષ્ણ યજુર્વેદ | ४.तैत्तिरीय आरण्यक |
| | ५.मैत्रायणीय आरण्यक |
| શુક્લ યજુર્વેદ | ६.बृहदारण्यक(काण्व शाखा) |
| | ७.बृहदारण्यक(माध्यंदिन शाखा) |

#### 2.2.5.1 ઋગ્વેદનાં આરણ્યકો:

१. ऐतरेय आरण्यक:

ઋગ્વેદના બે આરણ્યકો ઉપલબ્ધ થાય છે: (१) ऐतरेय (२) शांखायन ઐતરેય આરણ્યકમાં પાંચ આરણ્યક અને અઢાર અધ્યાય છે. આ આરણ્યક નિરુક્તથી પણ પહેલું હોઈ ઈ.સ.પૂર્વે 1000 જેટલું પ્રાચીન હશે એમ મનાય છે. જે મહિદાસ ઐતરેય બ્રાહ્મણનું સંકલન કર્યું છે તે મહિદાસ ઐતરેયે આ ઐતરેય અરણ્યકના પ્રથમ ત્રણ આરણ્યકનું સંકલન કર્યું છે, ચતુર્થ અરણ્યકનું આશ્વલાયને અને પંચમનું શૌનકે સંકલન કર્યું છે એમ મનાય છે.

२. शांखायान आरण्यक

ઋગ્વેદનું અન્ય ઉપલબ્ધ આરણ્યક છે શાંખાયન આરણ્યક. કેટલાક આને કૌષીતકિ આરણ્યક પણ કહે છે. શાંખાયન અરણ્યકમાં 15 અધ્યાય અને 137 ખંડ છે. તે વિષયની દષ્ટિએ ઐતરેય આરણ્યક સાથે સવિશેષ સામ્ય ધરાવે છે. તેના ત્રીજાથી છઠ્ઠા અધ્યાયને કૌષીતકિ ઉપનિષદ કહેવા આવે છે.

#### 2.2.5.2 યજુર્વેદનાં આરણ્યકો

१.तैत्तिरीय आरण्यक

કૃષ્ણ યજુર્વેદનું તૈત્તિરીય આરણ્યક ઉપલબ્ધ થાય છે. તેના 10 પ્રપાઠક છે. દરેકના નામ તેના તેના આરંભના પ્રથમ શબ્દને આધારે આપવામાં આવે છે. આ અરણ્યકમાં કેટલીક નોંધપાત્ર બાબતો છે. જળના સ્વરૂપનું વૈજ્ઞાનિક વિવરણ ધ્યાન ખેંચે છે. જળના ચાર સ્વરૂપો છે. વાદળ, વીજળી, ગર્જન અને વર્ષા. વળી એક સ્થળે વર્ષાનું, કૂવાનું, તળાવનું, નદીનું, ઘડાનું અને ખાબોચિયાનું એમ પાણીના છ પ્રકારો વર્ણવ્યા છે. આમાં અનેક મંત્રોની વ્યાખ્યા હોવાથી આ એક ઉપયોગી ગ્રંથ છે.

**२. बृहदारण्यक(काण्व शाखा)**

બૃહદારણ્યક નામ મુજબ એક મોટું આરણ્યક છે. તેમાં છ અધ્યાય છે અને પ્રત્યેક જુદા જુદા બ્રાહ્મણોમા વિભક્ત છે. બધુ મળીને તેમાં 47 બ્રાહ્મણો છે. અહીં યજ્ઞનું રહસ્યકથન અલ્પ પ્રમાણમા છે પણ આત્મતત્ત્વનું વિવેચન વિસ્તારથી છે. અહીં યાજ્ઞવલ્ક્ય અને જનક પ્રધાન પાત્ર છે. સંન્યાસની વાત અહીં સુંદર રીતે નિરુપાઈ છે. આમાં ગાર્ગી અને મૈત્રેયી જેવી વિદુષીઓનાં ચરિત્રો પણ નિરૂપાયાં છે.

**बृहदारण्यक(माध्यंदिन शाखा)**

શતપથ બ્રાહ્મણની માધ્યંદિન શાખામાં જે બૃહદારણ્યક મળે છે તેમાં 6 અધ્યાય અને 44 બ્રાહ્મણ ઉપલબ્ધ થાય છે. કાણ્વના બૃહદારણ્યકથી આ બૃહદારણ્યકનો થોડો ઘણો પાઠમાં અને ક્યાક વિભાગોમાં ફેર છે. અન્યથા ઘણું ખરું બંને શાખાના બૃહદારણ્યકો એકબીજા સાથે ઓછુંવધતું સામ્ય ધરાવે  છે. આ આરણ્યકનું સંકલન પણ માધ્યંદિન શતપથ બ્રાહ્મણની સાથે જ થયું હશે એમ અનુમાન કરી શકાય છે.

**३.मैत्रायणीय आरण्यक**

કૃષ્ણ યજુર્વેદની મૈત્રાયણી શાખાનું મૈત્રાયણી આરણ્યક છે, જે મૈત્રાયણી ઉપનિષદ પણ કહેવાય છે. આમાં આરણ્યક અને ઉપનિષદ એમ બંને ભાગ મળેલા છે. મૈત્રાયણી આરણ્યકમાં સાત પ્રપાઠક છે. અહીં, પરમાત્માને અગ્નિ અને પ્રાણ કહ્યા છે. અશ્વપતિ, હરિશ્ચંદ્ર, અંબરીષ, શર્યાતિ, યયાતિ, યુવાનશ્વ વગેરે રાજાઓનો ઉલ્લેખ પણ તેમાં છે.

### 2.2.5.3 સામવેદનાં આરણ્યક

**१.तलवकार आरण्यक**

સામવેદના અનેક બ્રાહ્મણગ્રંથો ઉપલબ્ધ થાય છે. પરંતુ તેનું એક જ સ્વતંત્ર આરણ્યક ઉપલબ્ધ થાય છે. તલવકાર આરણ્યક સામવેદનું આરણ્યક ગણાવાય છે, પણ તેનું બીજું નામ છે: જૈમિનીય ઉપનિષદ બ્રાહ્મણ. તેના ચાર અધ્યાય છે. અને તે જુદા જુદા ખંડોમાં વિભક્ત છે.

અથર્વવેદનું કોઈપણ આરણ્યક પ્રાપ્ત થતું નથી.

## 2.6 સમાપન :

આમ વૈદિક સાહિત્યમાં આરણ્યકોનું મહત્ત્વ પ્રસ્થાપિત થયેલું છે. આરણ્યકો એ વેદોના મૂલ્યવાન સાર રૂપ સાહિત્ય છે. આમ આરણ્યક ગ્રંથોમાં રહેલ અધ્યાત્મિક સ્વરૂપનું વિવેચન સરળ રૂપમાં થયેલું છે. એમ કહી શકાય કે આરણ્યકો બ્રાહ્મણગ્રંથોના કર્મકાંડો અને ઉપનિષદોની બ્રહ્મવિદ્યાની મધ્ય કડીરૂપ છે.

## 2.7 તમારી પ્રગતિ ચકાસો :

**પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોનાં સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

1.ચારેય વેદોનો સવિસ્તર પરિચય આપો.

2.સામવેદના બ્રાહ્મણોનો પરિચય આપો.

3.દરેક વેદના આરણ્યકોનો વર્ણ્યવિષય વર્ણવો.

**પ્રશ્ન -2 નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો.**

1.ચાર વેદના નામ જણાવો.

2.ઋગ્વેદના ઉપનિષદોના નામ આપો.

3.આરણ્યક એટલે શું? શા માટે આ નામ રાખવામાં આવ્યું?

4.બૃહદારણ્યકનું વિષયવસ્તુ તમારા શબ્દોમાં જણાવો.

**પ્રશ્ન -3 ખાલી જગ્યા પૂરો.**

1.અથર્વવેદનું એક જ બ્રાહ્મણ મળી આવે છે, જે ...............ના નામે ઓળખાય છે.
2.કૌષીતકિ બ્રાહ્મણ એ ઋગ્વેદની .................. સંહિતાનું બ્રાહ્મણ છે.
3.કેનોપનિષદ............ભાગોમાં વહેંચાયેલું છે.
4.પ્રશ્નોપનિષદમાં .................... પ્રશ્નો પૂછાયેલા છે.

**એકમ 3**

# ઉપનિષદો

## રૂપરેખા

**3.0 ઉદ્દેશ**
**3.1 પ્રસ્તાવના**
**3.2 ઉપનિષદો**
**3.2.1 'ઉપનિષદ' શબ્દનો અર્થ**
**3.2.2 ઉપનિષદોની સંખ્યા**
**3.2.2.1 ઉપનિષદોના શાંતિમંત્રો**
**3.2.3 ઉપનિષદોનો રચનાકાળ**
**3.2.4 ઉપનિષદ-પરિચય**
**3.2.4.1 ઐતરેય ઉપનિષદ**
**3.2.4.2 કૌષીતકિ ઉપનિષદ**
**3.2.4.3 બૃહદારણ્યક ઉપનિષદ**
**3.2.4.4 ઈશાવાસ્યોપનિષદ**
**3.2.4.5 તૈત્તિરીય ઉપનિષદ**
**3.2.4.6 મૈત્રાયણી ઉપનિષદ**
**3.2.4.7 કઠોપનિષદ**
**3.2.4.8 શ્વેતાશ્વતર ઉપનિષદ**
**3.2.4.9 છાંદોગ્ય ઉપનિષદ**
**3.2.4.10 કેનોપનિષદ**
**3.2.4.11 પ્રશ્નોપનિષદ**
**3.2.4.12 મુંડકોપનિષદ**
**3.2.4.13 માંડૂક્યોપનિષદ**
**3.2.5 ઉપસંહાર**
**3.3 તમારી પ્રગતિ ચકાસો**

## 3.0 ઉદ્દેશ :

પ્રસ્તુત એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ

- ઉપનિષદસાહિત્ય વિશે જ્ઞાન પ્રાપ્ત કરશે.
- ઉપનિષદોની સંખ્યા અને રચનાકાળની વિશેષતા સમજશે.
- પ્રાચીન ઉપનિષદો અને ભારતીય તત્ત્વજ્ઞાનની મહત્તા સમજશે.

## 3.1 પ્રસ્તાવના:

વૈદિક સંસ્કૃત સાહિત્યમાં ઉપનિષદોનું સ્થાન અનન્ય છે. વેદોનો એ જ્ઞાનકાણ્ડ છે. ઉપનિષદો એ ભારતીય તત્ત્વજ્ઞાનનો અદ્‌ભુત વારસો છે અને વૈશ્વિક તત્ત્વજ્ઞાનમાં એ પોતાની આગવી છાપ ઊભી કરે છે. છે. પોલ ડોયસન તેની સરખામણી 'હિમાલય' સાથે કરે છે.

## 3.2 ઉપનિષદ:

વૈદિક સાહિત્યમાં ઉપનિષદોનું સ્થાન ખૂબ મહત્ત્વનુ છે. વૈદિક સૂક્તોમાં જે દાર્શનિક વિચારધારનું બીજ જોવા મળે છે અને તેનું વિકસિત સ્વરૂપ ઉપનિષદોમાં જોવા મળે છે.ઉપનિષદ વૈદિક સાહિત્યનો અંતિમ ભાગ હોવાથી વેદાંત નામે પણ ઓળખાય છે. આ ઉપનિષદોને ભારતીય દર્શનોનો આધાર માનવો જોઈએ. દર્શનગ્રંથોમાં આધ્યાત્મ સંબંધી જે વિચારણા કરવામાં આવી છે તેના મૂળ અહીં છે.

ઉપનિષદોમાં જ્ઞાનનો નૂતન પ્રવાહ જોવા મળે છે. યજ્ઞોમાં હિંસા થવા લાગી ત્યારે ધર્મના વિચારને ફરી તપાસવામાં જરૂર ઊભી થઈ. એ વખતે ઉપનિષદોએ યજ્ઞ દ્વારા મળતાં ઈહલોક અને પરલોકના ભૌતિક સુખોને ત્યાજ્ય ગણાવ્યા, એટલુ જ નહીં, પણ બ્રહ્મ સાથે એકરૂપ થવાનો ઉદ્દેશ ગણાવ્યો. ઉપનિષદોમાં બ્રહ્મને પ્રાપ્ત કરાવનાર આધ્યાત્મ જ્ઞાનને મહત્ત્વ આપ્યું છે.

### 3.2.1 'ઉપનિષદ' શબ્દનો અર્થ

ઉપનિષદો વૈદિક સાહિત્યના ભાગરૂપે આવે છે. આ સાહિત્ય અપૌરુષેય છે. ગુરુપરંપરાથી આ જ્ઞાનનું શ્રવણ કરવામાં આવ્યું હોવાથી તે શ્રુતિ સાહિત્ય કહેવાય છે. વેદ અને બ્રાહ્મણગ્રંથોના તેમા પ્રતિપાદિત થયેલા વિષયો પ્રમાણે ત્રણ વર્ગ પડે છે: કર્મ, ઉપાસના અને જ્ઞાન. તેથી આ સાહિત્ય ત્રણ કાંડમાં વહેંચાય છે- કર્મકાંડ, ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડ. જે ઉપનિષદો છે તે જ્ઞાનકાંડમાં આવે છે.

પ્રાચીન ટીકાકારો 'ઉપનિષદ' શબ્દનો અર્થ જુદી જુદી રીતે કરે છે. શંકરાચાર્યે ઉપનિષદ શબ્દનાં **विशरण –गति- अवसादन** એમ ત્રણ અર્થો આપ્યા છે.

**विशरण** એટલે નાશ. જે વિદ્યાની પ્રાપ્તિથી અવિદ્યા અને સંસારબીજનો નાશ થાય તે ઉપનિષદ.

**गति** એટલે જે વિદ્યા મુમુક્ષુને પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવે તે ઉપનિષદ.

**अवसादन** એટલે જે વિદ્યા ગર્ભવાસ,જન્મ,વૃધ્ધાવસ્થા જેવાં પુન: પુન: પ્રવૃત્ત થનાર ઉપદ્રવોનું અવસાદન-સંપૂર્ણ નાશ કરે –પરમતત્વની પ્રાપ્તિ કરાવે તે ઉપનિષદ.

આ અર્થો મુજબ ઉપનિષદ એટલે એ બ્રહ્મજ્ઞાન જેનાથી અવિદ્યાનું વિશરણ થાય અથવા નાશ થાય અને બ્રહ્મને પ્રાપ્ત કરી શકાય છે. ટી.એમ.પી. મહાદેવન તેમના ગ્રંથ 'History of Philosophy, Estern and Western'માં આ અર્થઘટન વિશે લખે છે –'..a meaning which may be etymologically incorrect but nevertheless, correctly defines the scope and air of the Upanishads.'

**ઉપનિષદ** શબ્દ '**उप**+**नि**+**सद्**'માંથી નિષ્પન્ન થયેલો છે. **उप** એટલે પાસે, **नि** એટલે નિષ્ઠાપૂર્વક અને **सद्** એટલે બેસવું, 'ઉપનિષદ' એટલે જે નિષ્ઠાપૂર્વક જ્ઞાનની (ગુરુ) નજીક બેસે છે તેને ઉપનિષદ છે. આ જ્ઞાનથી મનુષ્ય પોતાને શાશ્વત રૂપે બ્રહ્મમાં સ્થિર કરી દે છે. આથી, એને ઉપનિષદ કહે છે.

### 3.2.2 ઉપનિષદોની સંખ્યા

ઉપનિષદોની સંખ્યાની બાબતમાં મતભેદ જોવા મળે છે. મુક્તિકોપનિષદના એક શ્લોકથી ફલિત થાય છે કે ઉપનિષદોની સંખ્યા વધારે હશે, પણ મુખ્ય આ 108 ઉપનિષદો મહત્ત્વનાં ગણાવવામાં આવે છે, આ 108 ઉપનિષદમાં ઋગ્વેદનાં 10, શુક્લ યજુર્વેદનાં 19, કૃષ્ણ યજુર્વેદનાં 32, સામવેદનાં 16 અને અથર્વવેદનાં 3 ઉપનિષદ છે. આ 108 ઉપનિષદોમાં પણ 13 ઉપનિષદોને વધુ મહત્ત્વનાં માનવામાં આવ્યાં છે. જેમાં ઐતરેય ઉપનિષદ, કૌષીતકિ ઉપનિષદ, બૃહદારણ્યક ઉપનિષદ, ઈશાવાસ્ય ઉપનિષદ, તૈતિરીય ઉપનિષદ, મૈત્રાયણી ઉપનિષદ, કઠ ઉપનિષદ, શ્વેતાશ્વતર ઉપનિષદ, છાંદોગ્ય ઉપનિષદ, કેન ઉપનિષદ, પ્રશ્ન ઉપનિષદ, મુંડક ઉપનિષદ અને માંડૂક્યઉપનિષદ. દસ ઉપનિષદો પર શંકરાચાર્યનું ભાષ્ય મળતું હોવાથી કેટલાક વિદ્વાનો એ દસ ઉપનિષદોને વધુ મહત્ત્વનાં ગણે છે. મુક્તિકોપનિષદના મતે આ દસ ઉપનિષદો આ પ્રમાણે છે.

ईशकेनकठप्रश्नमुंडमांडूक्यतित्तिरिः।
ऐतरेयं च छान्दोग्यं बृहदारण्यकं दशः।।

પરંતુ આ જ દસ ઉપનિષદોને મુખ્ય માનવા એ બરાબર નથી, કેમકે શંકરાચાર્ય આ સિવાય કૌષીતકિ અને શ્વેતાશ્વતર ઉપનિષદનો પણ ઉલ્લેખ કરે છે. મૈત્રાયણી ઉપનિષદ પણ ખૂબ પ્રાચીન ગણાય છે.

### 3.2.2.1 ઉપનિષદોના શાંતિમંત્રો

પ્રત્યેક ઉપનિષદનાં આરંભે અને અંતે શાંતિની ભાવનાને વ્યક્ત કરતો મંત્ર બોલવાની પરંપરા છે . આવા મંત્રને શાન્તિમંત્ર કે શાંતિપાઠ કહે છે. શાન્તિપાઠ પાછળનો મુખ્ય હેતુ વક્તા અને શ્રોતાનાં ચિત્તને શાંત કરવાનો છે. મોટાભાગે ધાર્મિક પ્રસંગોમાં આરંભ કે અંતમાં તેનું પઠન કરવામાં આવે છે. કાર્યની નિર્વિઘ્ને સમાપ્તિ માટે શાંતિમંત્રોનું પઠન થતું હોય છે. આ મંત્રોની સમાપ્તિ સદૈવ "શાન્તિ" શબ્દનાં ત્રિવિધ ઉચ્ચ્ચારણથી થાય છે. કારણ કે આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એમ ત્રિવિધ ક્ષેત્રોની બાધાઓ દૂર કરવાનો આશય હોય છે. ચાર વેદોમાં પ્રારંભે જે શાન્તિમંત્રો છે, તેને જ તે વેદનાં બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો અને ઉપનિષદો અનુસરે છે. તો આપણે ક્રમે તેનો પરિચય મેળવીએ.

**1. ઋગ્વેદનો શાંતિમંત્ર :**

ॐ वाङ् मे मनसि प्रतिष्ठिता
मनो मे वाचि प्रतिष्ठितमावीरावीर्म एधि।
वेदस्य म आणिस्थः श्रुतं मे मा प्रहासीरनेनाधीतेनाहोरात्रन्

संदधाम्यृतम् वदिष्यामि सत्यं वदिष्यामि तन्मामवतु
तद्वक्तारमवत्ववतु मामवतु वक्तारमवतु वक्तारम्॥
ॐ शान्तिः शान्तिः शान्तिः॥

અર્થાત્...
મારી વાણીમાં મન સ્થિત થઈ જાય અને મારું મન વાણીમાં સ્થિત થઈ જાય. હે પ્રકાશ સ્વરૂપ પરમેશ્વર! આપ મારા માટે પ્રકટ થઈ જાઓ. મારું મન અને વાણી બંને વેદ વિષયક જ્ઞાનને લાવનાર બનો. મારું સાંભળેલું જ્ઞાન મને ન છોડે. આ અધ્યયન દ્વારા હું દિવસ અને રાત એક કરી દઉં. હું શ્રેષ્ઠ શબ્દોને જ બોલીશ. સત્ય જ બોલીશ. તે પરમાત્મા મારી રક્ષા કરે. ત્રિવિધ તાપની શાંતિ થાઓ.

ઐતરેય, કૌષીતકિ, નાદબિન્દુ, આત્મબોધ, નિર્વાણ, મુદ્ગલ, અક્ષમાલિકા, ત્રિપુરા, સૌભાગ્યલક્ષ્મી અને બહવૃચ આ દશ ઋગ્વેદના ઉપનિષદો છે, તેમાં આ શાંતિમંત્ર પ્રયોજાયો છે.

**2.શુક્લ યજુર્વેદનો શાંતિમંત્ર :**

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते॥
ॐ शान्तिः शान्तिः शान्तिः॥

અર્થાત્..
તે સચ્ચિદાનંદઘન પરમાત્મા સર્વ પ્રકારે પૂર્ણ છે.આ જગત પણ પૂર્ણ જ છે કેમકે એ પૂર્ણ (પરબ્રહ્મ)માંથી જ આ પૂર્ણ (જગત) ઉત્પન્ન થયું છે.એ પૂર્ણમાંથી આ પૂર્ણ કાઢી નાખવામાં આવે તો પણ પૂર્ણ જ બાકી રહે છે.ત્રિવિધ તાપની શાંતિ થાઓ.

શુક્લયજુર્વેદના ઓગણીસ ઉપનિષદોમાં આ શાંતિમંત્ર પ્રયોજાયો છે. ઈશાવાસ્ય, બૃહદારણ્યક, જાબાલ, હંસ, પરમહંસ, સુબાલ, મન્ત્રિકા, નિરાલંબ, ત્રિશિખિ બ્રાહ્મણ, મંડલ બ્રાહ્મણ, અદ્વયતારક, પૈંગલ, ભિક્ષુક, તુરીયાતીત, અધ્યાત્મ, તારસાર, યાજ્ઞવલ્કય, શાટ્યાયનીય અને મુક્તિકા.

**3. કૃષ્ણ યજુર્વેદનો શાંતિમંત્ર :**

ॐ शं नो मित्रः शं वरुणः। शं नो भवत्वर्यमा।शं न इन्द्रो बृहस्पतिः।शं नो विष्णुरुरुक्रमः। नमो ब्रह्मणे। नमस्ते वायो। त्वमेव प्रत्यक्षं ब्रह्मासि। त्वमेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि। ऋतं वदिष्यामि। सत्यं वदिष्यामि। तन्मामवतु। तद्वक्तारमवतु। अवतु माम्। अवतु वक्तारम्॥
ॐ शान्तिः शान्तिः शान्तिः॥

**અર્થાત્..**
દેવતા "મિત્ર" અમારા માટે કલ્યાણકારી થાય. વરુણ કલ્યાણકારી થાય. "અર્યમા" અમારું કલ્યાણ કરે. અમારા માટે ઈન્દ્ર અને બૃહસ્પતિ કલ્યાણપ્રદ બને. વિશાળ પગલાંઓવાળા (ઉરુક્રમ)વિષ્ણુ અમારા પ્રતિ  કલ્યાણપ્રદ બને .બ્રહ્મને નમસ્કાર.વાયુદેવ તમને નમસ્કાર. તમે

જ પ્રત્યક્ષ બ્રહ્મ છો. આથી, તમને જ પ્રત્યક્ષ રીતે બ્રહ્મ કહીશ. ઋત બોલીશ. સત્ય બોલીશ. તે બ્રહ્મ મારી રક્ષા કરે. તે વક્તા આચાર્યની રક્ષા કરે. રક્ષા કરે મારી. રક્ષા કરે વક્તા આચાર્યની. ત્રિવિધ તાપની શાંતિ થાઓ.

કૃષ્ણ યજુર્વેદનાં 32 ઉપનિષદો નીચે પ્રમાણે છે, તેમાં આ શાંતિમંત્ર પ્રયોજાયો છે. કઠવલ્લી, તૈત્તિરીય, બ્રહ્મ, કૈવલ્ય, શ્વેતાશ્વતર, ગર્ભ, નારાયણ, અમૃતબિંદુ, અમૃતનાદ, કાલાગ્નિરુદ્ર, ક્ષુરિકા, સર્વસાર, શુકરહસ્ય, તેજબિંદુ, ધ્યાનબિંદુ, બ્રહ્મવિદ્યા, યોગતત્ત્વ, દક્ષિણામૂર્તિ, સ્કન્દ, શારીરક, યોગશિખા, એકાક્ષર, અક્ષિ, અવધૂત, કઠરુદ્ર, હૃદય, યોગ કુણ્ડલિની, પંચબ્રહ્મ, પ્રાણાગ્નિહોત્ર, વરાહ, કલિસંતરણ અને સરસ્વતીરહસ્ય.

**4.સામવેદનો શાંતિમંત્ર**

ॐ आप्यायन्तु ममांगानि वाक्प्राणश्चक्षु:
श्रोत्रमथो बलमिन्द्रियाणि च सर्वाणि।
सर्वम् ब्रह्मौपनिषदम् माऽहं ब्रह्म
निराकुर्यां मा मा ब्रह्म
निराकरोदनिराकरनणमस्त्वनिराकरणम् मेऽस्तु।
तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते
मयि सन्तु ते मयि सन्तु।
ॐ शान्ति: शान्ति: शान्ति:॥

અર્થાત્...

મારાં અંગો પુષ્ટ થાઓ તથા મારી વાણી, પ્રાણ, ચક્ષુ, બળ તથા ઈન્દ્રિઓ પુષ્ટ થાઓ. આ બધા ઉપનિષદ(વેદ) બ્રહ્મ છે. હું બ્રહ્મનું નિરાકરણ ન કરું. બ્રહ્મ મારું નિરાકરણ ન કરે. (અર્થાત હું બ્રહ્મથી વિમુખ ન થાઉં અને બ્રહ્મ મારો પરિત્યાગ ન કરે. આ રીતે અમારું પરસ્પર અનિરાકરણ થાઓ. ઉપનિષદોમાં જે ધર્મ છે, તે આત્મજ્ઞાનમાં લાગેલા મારામાં થાઓ, મારામાં થાઓ. ત્રિવિધ તાપની શાંતિ થાઓ.

કેન, છાન્દોગ્ય, આરુણિ, મૈત્રાયણી, મૈત્રેયી, વન્દસૂચિકા, યોગચૂડામણિ, વાસુદેવ, મહા, સન્યાસ, અવ્યક્ત, કુંડિકા, સાવિત્રી, રુદ્રાક્ષ, જાબાલ, શ્રી જાબાલદર્શન અને જાબાલિ ઉપનિષદ સામવેદના ઉપનિષદ હોઈ આ મંત્ર પ્રારંભે પ્રયોજાયો છે.

**5. અથર્વવેદનો શાંતિમંત્ર :**

ॐ भद्रं कर्णेभि: श्रुणुयाम देवा:।
भद्रं पश्येमाक्षभिर्यजत्रा:।
स्थिरैरंगैस्तुष्टुवागं सस्तनूभि:।
व्यशेम देवहितम् यदायु:।
स्वस्ति न इन्द्रो वृद्धश्रवा:।

स्वस्ति नः पूषा विश्ववेदाः।
स्वस्ति नस्ताक्ष्यों अरिष्टनेमिः।
स्वस्तिर्नो बृहस्पतिर्दधातु।
ॐ शान्तिः शान्तिः शान्तिः॥

હે દેવગણ, કાનોથી અમે કલ્યાણકારી વચનો સાંભળીએ. અમારા નેત્રોથી શુભ નિહાળીએ તથા પોતાના સ્થિર અંગો અને શરીરથી સ્તુતિ કરવાવાળા અમે લોકો દેવતાઓ માટે હિતકર આયુનો ભોગ કરીએ. ત્રિવિધ તાપની શાંતિ થાઓ.

અથર્વવેદના એકત્રીસ ઉપનિષદોમાં આ શાંતિમંત્ર પ્રારંભે જોવા મળે છે. પ્રશ્ન, મુંડક, માણ્ડૂક્ય, અથર્વશિર, અથર્વશિખા, બૃહજજાબાલ, નૃસિમ્હતાપનીય, નારદ- પરિવ્રાજક, સીતા, શરભ, મહાનારાયણ, રામરહસ્ય, રામતાપનીય, શાંડિલ્ય, પરમહંસ પરિવ્રાજક, અન્નપૂર્ણા, સૂર્ય, આત્મા, પાશુપત, પરબ્રહ્મ, ત્રિપુરાતાપનીય, દેવી, ભાવના, ગણપતિ, મહાવાક્ય, ગોપાલતાપનીય, કૃષ્ણ, હયગ્રીવ, દત્તાત્રેય, ભસ્મજાબાલ અને ગરુડ.

### 3.2.3 ઉપનિષદોનો રચનાકાળ

ઉપનિષદોનો રચનાકાળ નક્કી કરવાનું કામ અત્યંત કઠિન અને વિવાદાસ્પદ બને છે. ઉપનિષદોની રચના ક્યારે થઈ તે બાબતનો તેની ભાષા, વિચારો અને બીજા ઉલ્લેખોને આધારે અનુમાન કરવામાં આવે છે. ઉપનિષદો બ્રાહ્મણ અને આરણ્યક સાહિત્ય પછી રચાયા હોવા જોઈએ. કારણ, તેની ભાષા વૈદિક સંસ્કૃત કરતાં પ્રશિષ્ટ સંસ્કૃત સાથે વધુ મળતી આવે છે. આનું પાછળનું સ્વરૂપ આપણને મહાભારત તથા રામાયણમાં જોવામાં આવે છે. જેનાથી એ સ્પષ્ટ થાય છે કે ઉપનિષદોની રચના મહાભારત અને રામાયણની પૂર્વે થયેલી હોવી જોઈએ. આ ઉપનિષદોની રચનાનો નિશ્ચિત સમય ભગવાન બુદ્ધની પૂર્વે ઈ.પૂ. ૬૦૦ મનાય છે.

હિંસાનું તત્ત્વ પ્રબળ બનતાં ઉપનિષદોની રચના થઈ હોઈ શકે. અથવા તો યજ્ઞીય કર્મકાંડો વધુ જટિલ સ્વરૂપ લેતાં તેનાં સ્થૂળ સ્વરૂપની સમજાવટ બાદ ધાર્મિક અને આધ્યાત્મિક ઉપાદેયતા દર્શાવવા આત્મચિંતન સ્વરૂપે ઉપનિષદોની રચના થઈ હોવાનું માની શકાય. ગૌતમ બુદ્ધે પણ આ રીતે યજ્ઞોનો વિરોધ કર્યો હતો. આથી, ઉપનિષદો ગૌતમ બુદ્ધની પૂર્વે કે આસપાસના સમયમાં જ રચાયાં હોઈ શકે. પાશ્ચાત્ય વિદ્વાનો પણ આ જ સમયને માને છે, પણ મેકડોનલના મતે લગભગ ઈ.પૂ.600 માં ઉપનિષદોની રચનાની શરૂઆત થઈ હશે.

લોકમાન્ય તિલકે પણ ઉપનિષદોના સમય બાબતે વિચારણા કરી છે. તેમણે જ્યોતિષ અને ગણિતનાં આધારે ઉપનિષદોનો સમય નક્કી કરવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં મૈત્ર્યુપનિષદના સમયમાં ઉદગયનની સ્થિતિની જ્યોતિષશાસ્ત્રના આધારે ગણના કરીને તેમણે આ ઉપનિષદનો સમય ઈ.પૂ.1880-1680ની વચ્ચેનો નિર્ધારિત કર્યો. આ બધી માહિતી પરથી એટલો નિષ્કર્ષ નીકળી શકે કે બધા ઉપનિષદો એક જ સમયમાં, એક જ વ્યક્તિ દ્વારા રચાયેલા નહીં હોય,પરંતુ જુદા જુદા ઋષિઓએ પોતાના જીવન દરમ્યાન જે અનુભવ કર્યા હશે તે અનુભવ તથા વિચારોનો આ સંગ્રહ હશે. આમાંના કેટલાક ઋષિઓ વૈદિક સમયના છે. તેમનો અનુભવ અને વિચારો જે ઉપનિષદોમાં જોવા મળે છે તે વેદકાલીન છે, પરંતુ એની

ભાષા અને શૈલી પરવર્તી સમયની છે. કાળક્રમની રીતે જોઈએ તો ઉપનિષદો વૈદિકકાળના અંત અને બ્રાહ્મણયુગની સાથેના સમયની કૃતિઓ છે, કેમકે આ ઉપનિષદો અને આરણ્યકો બ્રાહ્મણગ્રંથો જ છે. આથી, તેને બ્રાહ્મણકાલીન માનવામાં કોઈ મુશ્કેલી નથી.

આમ એટલું તારણ કાઢી શકાય કે, પ્રાચીન ઉપનિષદો જેનો સંબંધ પ્રત્યક્ષ રીતે વેદો સાથે છે અને જે બ્રાહ્મણોનો ભાગ છે, તેનો રચનાકાળ બૌદ્ધધર્મના આવિર્ભાવ પૂર્વેનો અને પાણિનિથી પણ પહેલાંનો હોવો જોઈએ.

### 3.2.4 ઉપનિષદ-પરિચય

પ્રાચીન ભારતીય સાહિત્યમાં મુખ્ય ઉપનિષદોની ગણનામાં નીચેના 13 ઉપનિષદોને વધુ મહત્ત્વનાં માનવામાં આવ્યાં છે.

1. ઐતરેય ઉપનિષદ
2. કૌષીતકિ ઉપનિષદ,
3. બૃહદારણ્યક ઉપનિષદ
4. ઈશાવાસ્યોપનિષદ
5. તૈતિરીય ઉપનિષદ
6. મૈત્રાયણી ઉપનિષદ
7. કઠોપનિષદ
8. શ્વેતાશ્વતર ઉપનિષદ
9. છાંદોગ્ય ઉપનિષદ
10. કેનોપનિષદ
11. પ્રશ્નોપનિષદ
12. મુંડકોપનિષદ અને
13. માંડૂક્યોપનિષદ

#### 3.2.4.1 ઐતરેય ઉપનિષદ

ઐતરેય ઉપનિષદ ઋગ્વેદનું ઉપનિષદ છે. ઐતરેય આરણ્યકના બીજા ભાગના 4 થી 6 અધ્યાયો 'ઐતરેય ઉપનિષદ' નામે ઓળખાય છે.આ ઉપનિષદ માં ત્રણ અધ્યાય છ: પહેલા અધ્યાયમાં બે ખંડ અને બીજા તથા ત્રીજા અધ્યાયમાં એક-એક ખંડ છે.

પહેલા અધ્યાયમાં સૃષ્ટિનું વિવેચન કરવામાં આવ્યું છે. એમાં દર્શાવવામાં આવ્યું છે કે સૃષ્ટિની ઉત્પત્તિ પહેલા કેવળ આત્મા જ હતો. એણે સૃષ્ટિની રચના કરવાનો સંકલ્પ કર્યો હતો. આમ, આ વિશ્વના રચયિતા આત્મા-બ્રહ્મ ગણાય છે. આ અધ્યાયનો આધાર ઋગ્વેદનું પુરુષસૂક્ત છે. આ આત્માનું વ્યક્ત સ્વરૂપ જ પુરુષ છે. આ આત્મા પુરુષના ઈન્દ્રિય, મન અને હૃદય આ ત્રણ સ્થાને રહે છે. જે ક્રમશ: જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણ અવસ્થાઓની સમાન છે.બીજા અધ્યાયમાં જન્મ, જીવન અને મરણ એ ત્રણ અવસ્થાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.ત્રીજા અધ્યાયમાં આત્માના સ્વરૂપનું વિવેચન છે. એમાં પ્રજ્ઞાનનો મહિમા  છે. એટલું જ નહીં, પણ આત્માના પ્રજ્ઞાનનું સ્વરૂપ બતાવીને આ જ્ઞાન મુક્તિદાયક છે એવું બતાવ્યુ છે. આ પ્રજ્ઞાન એટલે બ્રહ્મ. જેના દ્વારા આ સૃષ્ટિની રચના થઈ છે.

### 3.2.4.2 કૌષીતકિ ઉપનિષદ

ઋગ્વેદથી સંબંધિત આ કૌષીતકિ ઉપનિષદ કૌષીતકિ આરણ્યકનો એક ભાગ છે, કૌષીતકિ આરણ્યકના ત્રીજાથી છઠ્ઠા અધ્યાયને કૌષીતકિ ઉપનિષદ કહેવામાં આવે છે. આને કૌષીતકિ બ્રાહ્મણોપનિષદ પણ કહે છે.

આ ઉપનિષદમાં કુલ ચાર અધ્યાય છે. પહેલા અધ્યાયમાં મૃત્યુ પછી જીવાત્મા ક્યાં જાય છે તેના પ્રયાણના દેવયાન તથા પિતૃયાનના માર્ગોનું વર્ણન છે. અહીં ચિત્ર નામના ક્ષત્રિય રાજાએ ઉદ્દાલક આરુણીને પરલોકની શિક્ષા આપી છે. ચિત્રરાજા આરુણીને યજ્ઞમાં પુરોહિત બનાવે છે, આરુણી પોતાના પુત્ર શ્વેતકેતુને મોકલે છે. રાજા ચિત્ર તેને પ્રશ્ન પૂછે છે કે લોકમાં એવો કોઈ ગુપ્ત માર્ગ છે જ્યાં મને રાખી શકાય? બીજા લોકમાં એવા કોઈ બે માર્ગ છે જેમાથી એક માર્ગ ઉપર મને લઈ જઇ શકાય? આનો ઉત્તર શ્વેતકેતુ ન આપી શક્યો. તેના પિતા પણ આ વાતથી અજ્ઞાત હતા. બંને ચિત્રરાજા પાસે ઉત્તર માગવા આવે છે ત્યારે તેને કહ્યું કે કેટલાક લોકો સારાં કર્મોને કારણે બ્રહ્મલોકમાં જાય છે અને બ્રહ્મમય બને છે. કેટલાક લોકો સ્વર્ગ અને નરકમાં જાય છે અને કેટલાક લોકો મૃત્યુ પછી મૃત્યુલોકમાં જન્મ લે છે.

બીજા અધ્યાયમાં આત્માના પ્રતીક પ્રાણના સ્વરૂપનું વિવેચન છે. પ્રાણ જ બ્રહ્મ છે અને એ પ્રાણરૂપી બ્રહ્મનું દૂત છે, નેત્ર રક્ષક છે, કાન દ્વારપાળ છે અને વાણી દાસી છે. ત્રીજા અધ્યાયમાં ઈન્દ્ર પ્રતર્દનને પ્રાણ અને પ્રજ્ઞાનો ઉપદેશ આપે છે. આ પ્રસંગે પ્રાણતત્ત્વનું વિસ્તારથી વિવેચન કર્યું છે. ચોથા અધ્યાયમાં કાશીરાજ અજાતશત્રુ બાલાકિને પરબ્રહ્મનો ઉપદેશ આપે છે.

### 3.2.4.3 બૃહદારણ્યક ઉપનિષદ

શુક્લ યજુર્વેદનું આ ઉપનિષદ છે. શતપથ બ્રાહ્મણના છેલ્લા છ અધ્યાયો બૃહદારણ્યક ઉપનિષદ નામે ઓળખાય છે. આમાં આરણ્યક અને ઉપનિષદ બન્નેનું મિશ્રણ છે. આથી તેનું નામ 'બૃહદારણ્યકોપનિષદ' પડ્યું. કદમાં આ વિશાળ અને સૌથી પ્રાચીન ઉપનિષદ છે. ઉપનિષદના ત્રણ ભાગ છે. આ પ્રત્યેક ભાગમાં બે-બે અધ્યાય છે. આ રીતે આ ઉપનિષદના છ અધ્યાય છે. એના પ્રથમ ભાગને મધુકાંડ, બીજા ભાગને યાજ્ઞવલ્ક્ય કાંડ અને ત્રીજા ભાગને ખિલ કાંડ કહે છે. દરેક અધ્યાય બ્રાહ્મણોમાં વિભાજિત છે. પહેલા અધ્યાયમાં છ બ્રાહ્મણ, બીજામાં છ બ્રાહ્મણ, ત્રીજામાં નવ બ્રાહ્મણ, ચોથા અધ્યાયમાં છ બ્રાહ્મણ, પાંચમામાં પંદર બ્રાહ્મણ અને છઠ્ઠામાં પાંચ બ્રાહ્મણ છે.

પ્રથમ અધ્યાયનાં શાંતિમંત્રમાં એટલે કે પ્રથમ મંત્રમાં જ આખા ઉપનિષદનો જાણે કે સાર આપી દીધો છે,

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमूदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवाशिष्यते ॥
ॐशांतिः शांतिः शांतिः।

"ॐ તે (પરમતત્વ) પૂર્ણ છે ને આ (જગત)પણ પૂર્ણ છે,કેમકે પૂર્ણમાંથી પૂર્ણ ઉત્પન્ન થાય છે તથા પૂર્ણનું પૂર્ણત્વ લઈ લેતાં , પૂર્ણ જ બાકી રહે છે." પહેલા કાંડના પહેલા અધ્યાયમાં અશ્વમેધ યજ્ઞની રહસ્યાત્મકતાની વ્યાખ્યા, પ્રાણને આત્માનું પ્રતીક માનીને બ્રહ્મ દ્વારા

જગતની ઉત્પત્તિ, પ્રાણની શ્રેષ્ઠતા ઉપર રોચક આખ્યાન તથા બ્રહ્મની સર્વવ્યાપકતાનું વર્ણન છે, જે દરેકના શરીરમાં જીવાત્મા તરીકે જોવા મળે છે. બીજા અધ્યાયમાં ગાર્ગ્ય બાલાકિએ કાશીરાજ અજાતશત્રુને કહ્યું કે હું બ્રહ્મની વ્યાખ્યા કરીશ. સૂર્ય, ચંદ્ર, વિદ્યુત, વાયુ, અગ્નિ, જળ અને આત્મામાં સમાયેલા પુરુષને બ્રહ્મ બતાવ્યું, પરંતુ અજાતશત્રુએ કહ્યું કે બ્રહ્મમાં આ બધુ સમયેલું છે છતાં બ્રહ્મનું સ્વરૂપ જાણી શકાતું નથી. જેવી રીતે અગ્નિમાંથી ચિનગારીઓ નીકળે છે તેવી રીતે બ્રહ્મમાંથી પ્રાણ અને પ્રાણી ઉદ્ભવે છે. તે બ્રહ્મ જ સર્વ સત્તાધીશ અને પરમ સત્ય સ્વરૂપ છે. બીજો સંવાદ યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયીનો છે. વાનપ્રસ્થ સ્વીકારતા યાજ્ઞવલ્ક્યને મૈત્રેયીએ ધનની ઈચ્છા રાખ્યા વગર અમરત્વ પ્રાપ્તિ કેવી રીતે થાય? એવો પ્રશ્ન પૂછ્યો. યાજ્ઞવલ્ક્યે જુદા-જુદા ઉદાહરણો દ્વારા બ્રહ્મની સર્વમયતાનો ઉપદેશ આપ્યો. એમાં મધુવિદ્યાનો પણ ઉપદેશ છે.

બીજા કાંડના પહેલા અધ્યાયમાં જનક રાજાની સભામાં યાજ્ઞવલ્ક્યે બધા બ્રહ્મવાદીઓને પરાજિત કર્યા તેનું વર્ણન છે. તેમાં ચાર આધ્યાત્મવાદ છે. પહેલામાં સમસ્ત બ્રહ્મવાદીઓને યાજ્ઞવલ્ક્યે હરાવ્યા તેનું વર્ણન છે. આ સંવાદમાં યાજ્ઞવલ્ક્યે ઋષિઓ દ્વારા પ્રસ્તુત 'પ્રાણ જ બ્રહ્મ છે' એ પ્રકારના છ સિદ્ધાંતોનું ખંડન કર્યું છે. આ ઉપરાંત બ્રહ્મને અગોચર, અવિનાશી અને સર્વેશ્વર ગણાવ્યું છે. ત્રીજો સંવાદ પણ જનક અને યાજ્ઞવલ્ક્યનો સંવાદ છે. એમાં જીવાત્માની જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, જન્મ, મરણ અને મોક્ષ: આ છ અવસ્થાઓનું વર્ણન છે. ચોથો સંવાદ યાજ્ઞવલ્ક્ય અને ગાર્ગીનો છે. બીજા કાંડના બીજા અધ્યાયમાં યાજ્ઞવલ્ક્ય અને જનકનો સંવાદ છે, જેમાં જનકરાજા યાજ્ઞવલ્ક્ય ઋષિ પાસેથી તત્ત્વજ્ઞાનનું જ્ઞાન લે છે. આ અધ્યાયમાં યાજ્ઞવલ્ક્ય અને એની પત્ની કાત્યાયની તથા મૈત્રેયીનો સંવાદ પણ આવે છે, જેમાં યાજ્ઞવલ્ક્ય મૈત્રેયીને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપે છે.

ત્રીજા કાંડના પાંચમા અધ્યાયમાં પંદર ખંડ છે, જે એક બીજાથી તદ્દન અલગ છે. આ ખંડોને જોતાં એમ લાગે છે કે તે ખંડો જુદા જુદા સમયે રચાયા હશે. એમાં બ્રહ્મપ્રજાપતિ, ગાયત્રી, પ્રાણ, પરલોક વિષે વિચાર કરવામાં આવ્યો છે. બીજા અધ્યાયમાં શ્વતકેતુ અને પ્રવાહનો દાર્શનિક સંવાદ, પ્રાણની શ્રેષ્ઠતા, પંચાગ્નિ વિદ્યાનું મહત્ત્વ, મંત્રવિદ્યા અને તેની પરંપરા, સંતાનોત્પત્તિ વિદ્યા, પુનર્જન્મ સિદ્ધાંત વગેરેની વિવિધ વિષયોની છણાવટ કરી છે. પરંતુ આ ભાગની વિશેષતા એ છે કે એમાં જે વિચારો દર્શાવવામાં આવ્યા છે તે યાજ્ઞવલ્ક્યના વિચારોથી સર્વથા જુદા છે. આ ઉપરથી એમ લાગે છે કે આ ભાગ કોઈ બીજા સંપ્રદાય સાથે જોડાયેલા હશે, અને તેને પાછળથી આ ઉપનિષદમાં જોડવામાં આવ્યું હશે.આ ઉપનિષદના મુખ્ય ઋષિ યાજ્ઞવલ્ક્ય છે. યાજ્ઞવલ્ક્ય એ યુગના સૌથી મોટા તત્ત્વજ્ઞાની વિદ્વાન હતા. આ આખા ઉપનિષદમાં જ યાજ્ઞવલ્ક્ય ઋષિના જ વિચારો પ્રવાહિત છે.

### 3.2.4.4 ઈશાવાસ્યોપનિષદ

શુક્લ યજુર્વેદની વાજસનેયી અથવા માધ્યન્દિન શાખાનો ચાલીસમો અધ્યાય ઈશોપનિષદ તરીકે ઓળખાય છે.આ ઉપનિષદનો પ્રારંભ 'ईशावास्यम्'શબ્દોથી થયો છે,આથી એને ઈશોપનિષદ કે ઈશાવાસ્યોપનિષદ કહેવાય છે. યજુર્વેદના પહેલા ૩૯ અધ્યાયોમાં યજ્ઞીય કર્મકાંડનો ઉપદેશ આપ્યો છે. જ્યારે ચાલીસમા અધ્યાયમાં બ્રહ્મનું નિરૂપણ કર્યું છે. આ ઉપનિષદમાં માત્ર અઢાર જ મંત્રો છે છતાં પણ તેમાં પરમજ્ઞાન સમાયેલુ છે.

ईशावास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत् ।

तेन त्यक्तेन भुंजीथा मा गृधः कस्यस्विद्धनम्॥

“આ સંસારમાં જે સઘળું છે,તે સર્વ ઈશ્વર દ્વારા વ્યાપ્ત છે,તેમાં ઈશ્વરનો નિવાસ છે,આથી સાંસારિક પદાર્થોનો ત્યાગપૂર્વક ઉપભોગ કર. કોઈના પણ ધનની લાલસા રાખવી નહિ” ,એવી ઉદાત્ત વિચારભાવના અને વિશ્વકુટુંબની લાગણી સાથે સૌપ્રથમ આ મંત્ર અપાયેલો છે. આ ઉપનિષદ અદ્વૈતનું પ્રતિપાદન કરીને નિષ્કામ કર્મનો ઉપદેશ આપે છે-

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समा :।

एवं त्वयिनान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे॥

“શાસ્ત્રનિયતકર્મ કરતાં કરતાં જ આ સંસારમાં સો વર્ષ પર્યંત જીવન જીવવાની ઈચ્છા રાખવાની વાત કરેલી છે.ફળની આશા છોડીને પરમેશ્વરની પ્રીતિ અર્થે કરેલા કર્મોમાં મનુષ્ય લેપાતો નથી." આ ઉપનિષદમાં બ્રહ્મના સ્વરૂપ સાથે વિદ્યા, અવિદ્યા, સંભૂતિ, મરણ, મોક્ષ વગેરે તત્ત્વોને સમજાવ્યા છે. ઉપનિષદ ના આજ તત્ત્વો ભગવદગીતામાં વિસ્તારથી જોવા મળે છે.

### 3.2.4.5 તૈત્તિરીય ઉપનિષદ

કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખાનું આ તૈત્તિરીય ઉપનિષદ છે. આ તૈત્તિરીય અરણ્યકના ૭ થી ૯ પ્રપાઠકોને તૈત્તિરીયોપનિષદ કહે છે. આ ત્રણ પ્રપાઠકો ત્રણ વલ્લીઓના નામે પ્રસિદ્ધ છે. શિક્ષાવલ્લી, બ્રહ્માનન્દવલ્લી અને ભૃગુવલ્લી. શિક્ષાવલ્લીમાં ૧૨, બ્રહ્માનન્દવલ્લીમાં ૯ અને ભૃગુવલ્લીમાં 10 અનુવાક છે.

શિક્ષાવલ્લીમાં વર્ણ, સ્વર, માત્રા, બળ વગેરેના વિવેચન સાથે ‘વૈદિક’ મંત્રોના ઉચ્ચારણના નિયમો આપ્યા છે. આ ઉપરાંત, તેમાં ઐહિક તથા પારલૌકિક સુખ આપનાર શિક્ષાનું વર્ણન છે. આ ઉપરાંત ૐકાર, भूः भूवः स्वः વગેરે શબ્દોના રૂપ સમજાવ્યાં છે. અહીં ઉપાસના કેવી રીતે કરવાની એમ દર્શાવ્યું છે તથા ગુરુશિષ્યના શિષ્ટાચારને વર્ણવ્યા છે. આ જ અધ્યાયમાં આચાર્ય દ્વારા સ્નાતકને આપવામાં આવતા ઉપદેશનું વર્ણન છે. બ્રહ્માનન્દવલ્લીમાં બ્રહ્મવિદ્યાનો ઉપદેશ છે. આ ઉપરાંત, બ્રહ્મના અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય રૂપોનું વર્ણન કરવામાં આવ્યું છે.

ભૃગુવલ્લીમાં ભૃગુ અને વરુણનો સંવાદ છે. વરુણ પોતાના પુત્ર ભૃગુને બ્રહ્મનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે જેમાંથી આ બધા પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, જેનાથી પ્રાણી ટકે છે અને અંતે જેમાં પ્રવેશ કરે છે તે બ્રહ્મ છે. અહીં બ્રહ્મપ્રાપ્તિના સાધન તરીકે તપનું વર્ણન છે. ‘પંચકોષો’નું વર્ણન વરુણ તથા ભૃગુના સંવાદ સ્વરૂપે થયેલું છે. એમાં અતિથિ સેવાનું પણ વર્ણન દર્શાવ્યું છે.

### 3.2.4.6 મૈત્રાયણી ઉપનિષદ

આ ઉપનિષદ કૃષ્ણ યજુર્વેદની મૈત્રાયણી શાખાનું છે. આ ઉપનિષદને મૈત્રી ઉપનિષદ પણ કહેવામા આવે છે.આ ઉપનિષદ ગદ્યમાં છે તથા સાત પ્રપાઠકોમાં વહેચાયેલું છે. ક્યાંક ક્યાંક તેમાં પદ્ય પણ જોવા મળે છે. આ ઉપનિષદમાં બીજા ઉપનિષદોના અનેક ઉદ્ધરણો આપવામાં આવ્યાં છે.

આ મૈત્રાયણી ઉપનિષદનું વિશેષ મહત્ત્વ સાંખ્ય તથા યોગદર્શનના સિદ્ધાંતની દૃષ્ટિએ છે. આ ઉપનિષદમાં દર્શનોના સિદ્ધાંતોનું મૂળ જોવા મળે છે. સાંખ્ય દર્શનનાં તત્ત્વો, યોગના છ અંગો અને હઠયોગ સમજવા માટે આ ઉપનિષદનું અધ્યયન અનિવાર્ય છે. આ ઉપનિષદ પાછળના સામાની રચના હોય તેમ લાગે છે. પ્રાચીન ઉપનિષદોની જેમ આ ગદ્યમાં છે. છતાં તેમાં વૈદિક ભાષાનું કોઈ લક્ષણ જોવા મળતું નથી. ભાષાશૈલીની દૃષ્ટિએ તે મહાકાવ્યના સમયની રચના હોય તેમ લાગે છે.

### 3.2.4.7 કઠોપનિષદ

કઠોપનિષદનો સંબંધ કૃષ્ણ યજુર્વેદની કઠ શાખા સાથે છે. આ ઉપનિષદ તેના અદ્વૈત વિષયક ગંભીર જ્ઞાન માટે પ્રસિદ્ધ છે – એમાં કુલ બે અધ્યાય છે. પ્રત્યેક અધ્યાય ત્રણ ત્રણ વલ્લીઓમાં વહેંચાયેલાં છે.

આ ઉપનિષદમાં ઉદ્દાલક ઋષિ પોતાના પુત્ર નચિકેતાને યમને સમર્પિત કરે છે. યમ નચિકેતાને ત્રણ વરદાન માંગવાનુ કહે છે. નચિકેતા ગંભીર તાત્ત્વિક ઉપદેશોને ત્રણ વરદાન તરીકે માંગે છે. આ ત્રણ વરદાનમાં તે અગ્નિ વિદ્યા, અમૃતત્ત્વની પ્રાપ્તિ અને મૃત્યુ પછી થનારી ગતિનું જ્ઞાન માગે છે. નચિકેતાની આ ઈચ્છા યમ બ્રહ્મવિદ્યાના ઉપદેશ દ્વારા પૂરી કરે છે.આ માટે તેઓ આત્મા અને શરીરનો સંબંધ દર્શાવવા સુંદર ઉદાહરણ આપી કહે છે,

**आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु।**

**बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च॥**

આ જીવાત્માને તું રથી, રથનો સ્વામી સમજ. શરીરને તેનો રથ ,બુદ્ધિને સારથિ (રથ ચલાવવાવાળો) અને મનને લગામ સમજ(જેનાથી ઈન્દ્રિયો પર નિયંત્રણ મેળવી શકાય).વળી,

**मनसैवेदमाप्तव्यं नेह नानास्ति किंचन।**

**मृत्योः स मृत्युं गच्छति य इह नानेव पश्यति।।**

મનથી જ આ પ્રાપ્ત કરવા યોગ્ય છે,આ જગતમાં અનેક જેવું કઈ પણ નથી.જે કઈ છે તે એક જ છે.આ બધું અનેક રૂપવાળું જોનાર વારંવાર મરે છે એટલે કે તેની મિથ્યા આરોપિત સંસારથી મુક્તિ થતી નથી,એવો ઉપદેશ યમે આપ્યો હતો. એના મત પ્રમાણે બ્રહ્મ જ બધા પ્રાણીઓના આત્મામાં નિવાસ કરે છે. એના દર્શનથી જ શાંતિ મળે છે. આમ, કઠોપનિષદનો ઉપદેશ સુંદર, ગંભીર અને માર્મિક છે. એમાં બ્રહ્મ, જીવ અને સૃષ્ટિને બહુ જ સરળતાથી સમજાવ્યા છે.

### 3.2.4.8 શ્વેતાશ્વતર ઉપનિષદ

શ્વેતાશ્વતર ઉપનિષદનો સંબંધ યજુર્વેદની એક અપ્રાપ્ત સંહિતા શ્વેતાશ્વતર સંહિતા સાથે છે. આ ઉપનિષદમાં શિવને પરમાત્મતત્ત્વના રૂપમાં વર્ણવ્યા છે. આથી, કેટલાક ટીકાકારો શૈવધર્મનો પ્રારંભ આ ઉપનિષદથી થયો એમ માને છે. આ ઉપનિષદ સાંખ્ય અને યોગના પ્રારંભિક સિદ્ધાંતોને પ્રગટ કરે છે. તેમજ પરમાત્માના સાક્ષાત્કારના ઉપાયો પણ બતાવે છે. શ્વેતાશ્વરતર ઉપનિષદના સમયમાં સાંખ્ય, યોગ તથા વેદાંતદર્શન અલગ અલગ સ્વરૂપે નહીં હોય તેમ લાગે છે. કારણ આ ઉપનિષદમાં ત્રણેય દર્શનના સિદ્ધાંતોનું મિશ્રણ છે.

આ ઉપનિષદના મત પ્રમાણે સાંખ્યદર્શનમાં ઈશ્વરની માન્યતા હતી. ઈશ્વર, જીવ તથા પ્રકૃતિ – આ ત્રણ તત્ત્વો સ્વીકાર્યા છે, જેમાં ઈશ્વર બધાથી સર્વોપરી છે. એમાં (**अजामेकां लोहितशुक्लकृष्णां**) મંત્ર પ્રમાણે પ્રકૃતિને ત્રિગુણાત્મક કહી છે.

શ્વેતાશ્વતર ઉપનિષદમાં છ અધ્યાય છે. પહેલા અધ્યાયમાં ઈશ્વર, જીવ અને પ્રકૃતિના સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે. ક્ષર, અક્ષર, પ્રધાન વગેરે શબ્દો અહીંથી દર્શન ગ્રંથમાં તથા ભગવદગીતામાં લેવાયા છે. બીજા અધ્યાયમાં યોગનું વિશદ વર્ણન તથા મનની શુદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવી છે. ત્રીજા અને ચોથા અધ્યાયમાં બ્રહ્મની વ્યાપકતા અને મહત્તા દર્શાવી છે. એમાં સાંખ્યના સિદ્ધાંતોનું મૂળ રૂપ છે. પાંચમા અધ્યાયમાં જુદી જુદી સ્તુતિઓ છે. છઠ્ઠા અધ્યાયમાં બ્રહ્મના સ્વરૂપની ચર્ચા અને તેની સર્વવ્યાપકતા બતાવીને સ્તુતિ કરવામાં આવી છે. આ અધ્યાયમાં ગુરુને દેવતુલ્ય માનીને એની ભક્તિ કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

### 3.2.4.9 છાંદોગ્ય ઉપનિષદ

છાંદોગ્ય ઉપનિષદ સામવેદનું છે. મોટા ભાગના ટીકાકારો આ ઉપનિષદ ને ખૂબ જ પ્રાચીન માને છે. સામવેદની કૌથુમી શાખાના તાંડ્ય બ્રાહ્મણમાં ચાલીસ અધ્યાય છે. એના અંતિમ આઠ અધ્યાયને છાંદોગ્ય ઉપનિષદ કહેવામાં આવે છે. ગંભીરતા તથા આધ્યાત્મની આ દષ્ટિએ આ ઉપનિષદનું મહત્ત્વ ખૂબ છે.

છાંદોગ્ય ઉપનિષદ આઠ અધ્યાયોમાં વહેચાયેલું છે. આ આઠ અધ્યાયોમાં 147 ખંડ છે. આ ઉપનિષદના પહેલા બે અધ્યાયોમાં ૐકાર, ઉદગીથ તથા સામની વિસ્તારથી વ્યાખ્યા કરવામાં આવી છે. તેમજ ઉપાસનાની પદ્ધતિને સમજાવી છે. ત્રીજા અધ્યાયમાં દેવમધુના રૂપમાં સૂર્યની ઉપાસના તથા ગાયત્રીનો ઉપદેશ છે. આ અધ્યાયમાં ઘોર અંગિરસે દેવકીપુત્ર કૃષ્ણને અધ્યાત્મનો ઉપદેશ આપ્યો છે. ચોથા અધ્યાયમાં રાજા જનશ્રુતિ ગાડીવાન રૈક્વ અને સત્યકામ જાબાલની કથાઓ છે. અહીં સત્યકામ જાબાલે ઉપકોશલને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો છે. પાંચમા અધ્યાયમાં પ્રાણની ઉપાસના છે. અહીં, પ્રવહણ જૈવલિ અને કેક્ય અશ્વપતિના દાર્શનિક સિદ્ધાંતો તથા સૃષ્ટિની ઉત્પત્તિના તથ્યો વિશે કહેવામાં આવ્યું છે. છઠ્ઠા અધ્યાયમાં ઉદ્દાલક આરુણિ પોતાના પુત્ર શ્વેતકેતુને અધ્યાત્મનો ઉપદેશ આપે છે. આ ઉપદેશ ખૂબ સુંદર અને તર્કબદ્ધ છે. અહીં જ '**तत्त्वमसि**' મહાવાક્ય કહેવાયું છે. સાતમા અધ્યાયમાં મહર્ષિ સનત્કુમાર અને નારદનું વૃત્તાંત છે. આઠમા અધ્યાયમાં આત્મ, બ્રહ્મ, પ્રજાપતિ વગેરે વિષયો પર ગંભીરતાથી વિચાર કર્યો છે. ઈન્દ્ર અને વિરોચનની પ્રસિદ્ધ કથા પણ આ જ ઉપનિષદમાં છે. એમાં આત્મા, પરમાત્મા અને પ્રકૃતિનું સુંદર જ્ઞાન આપવામાં આવ્યું છે. શરીરની અનિત્યતા તથા અમૃતતત્ત્વનું પણ સુંદર વિવેચન છે. ઉપનિષદોમાં છાંદોગ્ય ઉપનિષદનું ખૂબ મહત્ત્વ છે.

### 3.2.4.10 કેનોપનિષદ

કેનોપનિષદ સામવેદની જૈમિનીય શાખાનું ઉપનિષદ છે. સામવેદના તલવકાર બ્રાહ્મણનો નવમો અધ્યાય 'કેન ઉપનિષદ' કહેવાય છે. આ ઉપનિષદને 'તલવકાર ઉપનિષદ' અથવા 'બ્રાહ્મણ ઉપનિષદ' પણ કહેવામાં આવે છે.

**केनेषितम्** પદથી તેનો પ્રારંભ થતો હોવાથી આ ઉપનિષદનું નામ કેનોપનિષદ થયું. આ ઉપનિષદ નાનું હોવા છતાં દાર્શનિક દ્રષ્ટિએ તેનું મહત્ત્વ ઘણું છે. આ ઉપનિષદના બે

ભાગ છે. પહેલો ભાગ પદ્યમય છે જે વેદાંત સમયની રચના હોય તેમ લાગે છે. બીજો ભાગ ગદ્યમય અને પ્રાચીન છે. દરેક ભાગમાં બે ખંડ છે. આમ આ ઉપનિષદ ચાર ખંડોમાં વહેચાયેલું છે. અહી ઉમા હૈમવતીનું રોચક આખ્યાન આવે છે. અગ્નિ, ઈન્દ્ર, આદિ દેવો આગળ મહાન 'દિવ્ય તેજસ્વી બ્રહ્મ' પ્રગટ થઈને અંતર્ધ્યાન થઈ જાય છે. દેવો આ તેજને ઓળખી શકતા નથી ત્યારે ઉમા હૈમવતી પ્રગટ થઈને બતાવે છે કે આ જ બ્રહ્મ છે. તેને જ કારણે તમારો મહિમા છે. આ પ્રસંગ દ્વારા એ દર્શવાયું છે કે વેદમાં વર્ણવેલા બધા જ દેવો એ અંતિમ તત્ત્વ નથી, પણ ઈંદ્રાદિ દેવો તો એ બ્રહ્મની જ શક્તિ છે.

### 3.2.4.11 પ્રશ્નોપનિષદ

પ્રશ્નોપનિષદ અથર્વવેદની પિપ્પલાદ શાખાનું ઉપનિષદ છે. આ શાખાનું બ્રાહ્મણ તથા આરણ્યક પ્રાપ્ત થતું નથી, પરંતુ ઉપનિષદ મળી આવે છે. અહીં છ ઋષિઓ મહર્ષિ પિપ્પલાદ પાસે જઈને આધ્યાત્મ વિષે પ્રશ્નો પૂછે છે. તેમના પ્રશ્નોના ઉત્તર આ ઉપનિષદમાં આપવામાં આવ્યા છે. પ્રશ્નોત્તરશૈલીમાં હોવાને કારણે આ ઉપનિષદનું નામ પ્રશ્નોપનિષદ રાખવામા આવ્યું છે. આ ઉપનિષદ છ પ્રશ્નોમાં વહેચાયેલું છે. દરેક પ્રશ્નમાં કુલ મળીને ૬૭ મંત્ર છે. આ છ પ્રશ્નોના ઉત્તર મહર્ષિ પિપ્પલાદે આપ્યા છે અને તે તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે. તેમણે આધ્યાત્મ વિષયક બધી જ સમસ્યાઓનું સુંદર સમાધાન કર્યું છે. તેમના ઉત્તરોનો સાર એ જ છે કે જગતની પ્રતિષ્ઠાનો મૂળ આધાર અક્ષર બ્રહ્મ જ છે.

### 3.2.4.12 મુંડકોપનિષદ

મુંડકોપનિષદ અથર્વવેદની શૌનક શાખાનું ઉપનિષદ છે. આ ઉપનિષદ ત્રણ મુંડકોમાં વહેચાયેલું છે. દરેક મુંડકમાં બે બે ખંડ છે. આમ આ ઉપનિષદ માં કુલ છ ખંડો છે. આ ઉપનિષદમાં બ્રહ્મા પોતાના પુત્ર અથર્વાને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપે છે તેનું વર્ણન છે. આ ઉપરાંત, તેમાં સૃષ્ટિ-ઉત્પત્તિ, અગ્નિહોત્ર બ્રહ્મનું સ્વરૂપ, બ્રહ્મની પ્રાપ્તિના ઉપાય વગેરે સમજાવ્યાં છે. અહીં યજ્ઞ તથા કર્મકાંડોની હીનતા તથા દોષો બતાવીને બ્રહ્મજ્ઞાનની શ્રેષ્ઠતા દર્શાવી છે. દર્શનગ્રંથોના અનેક સિદ્ધાંતોનું મૂળ 'મુંડક ઉપનિષદ'માં છે. દ્વેતવાદનો મૂળ આધાર (द्वा सुपर्णा सयुजा सखाया) આ ઉપનિષદમાં છે એથી અનેક દાર્શનિકો દ્વૈતવાદ સિદ્ધ કરે છે, આ ઉપનિષદમાં 'વેદાંત' શબ્દનો પ્રયોગ પણ કરવામાં આવ્યો છે. મુંડક ઉપનિષદમાં "પરબ્રહ્મનું જ્ઞાન થતાં હૃદયની ગ્રંથિ ખૂલી જાય છે, બધા જ સંશયો દૂર થઈ જાય છે અને બધા જ કર્મ ક્ષીણ થઈ જાય છે." કહીને બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિનું ફળ પણ બતાવ્યું છે.

### 3.2.4.13 માંડૂક્યોપનિષદ

માંડૂક્યોપનિષદનો સંબંધ અથર્વવેદ સાથે છે, પરંતુ અથર્વવેદની કઈ શાખા સાથે છે એ કહેવું મુશ્કેલ છે. આ ઉપનિષદ એક લઘુકાય ઉપનિષદ છે. એમાં કુલ 12 વાક્યો છે. તે ગદ્યમાં છે. નાનું હોવા છતાં સિદ્ધાંતની દ્રષ્ટિએ આ ઉપનિષદ મહત્ત્વનુ છે. અહીં ૐકારનું રહસ્ય તથા બ્રહ્મનું સ્વરૂપ વર્ણવાયાં છે. આ ઉપનિષદ પ્રમાણે ૐકારમાં ત્રણ માત્રાઓ છે. તથા ચોથી માત્રા 'અ' છે. એમાં બ્રહ્મની ચેતનાની ચાર અવસ્થાઓ જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય બતાવી છે. એને ધારણ કરનાર બ્રહ્મની પણ ચાર અવસ્થાઓ છે. તે નિત્ય, શુદ્ધ જ્ઞાનસ્વરૂપ સર્વાત્મા અને સર્વસાક્ષી છે. અદ્વૈતવાદી વેદાંતમાં આ ઉપનિષદનું ઘણું મહત્ત્વ છે.

### 3.2.5 ઉપસંહાર

આમ, વિવિધ ઉપનિષદના અધ્યયન બાદ એમ કહી શકાય કે ઉપનિષદમાં મુખ્યત્વે બ્રહ્મવિદ્યા અને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપવામાં આવ્યો છે. જેમાં ઈશ્વર, જીવ, પ્રકૃતિ, સૃષ્ટિની ઉત્પત્તિ, જન્મ, મૃત્યુ, મોક્ષ વગેરે વિષયોની છણાવટ કરી છે. આ સાથે સૃષ્ટિની ઉત્પત્તિ ઈશ્વર દ્વારા થઈ છે. એવી સૃષ્ટિની ઉત્પત્તિની વિશે ઉપનિષદમાં વિસ્તારથી ચર્ચા છે. માણસ પોતાના કર્મ પ્રમાણે ફળ ભોગવે છે, પરંતુ માણસ પરબ્રહ્મને જાણી લે છે ત્યારે આ કર્મનું ફળ નષ્ટ થઈ જાય છે. ઉપનિષદમાં નીતિવિષયક ઉપદેશ પણ અપાયા છે, જેમ કે સાચું બોલો, ધર્મનું આચરણ કરો, સ્વાધ્યાયમાં પ્રમાદ ન કરો. માતાને દેવ માનો, પિતાને દેવ માનો, અતિથિને દેવ માનો. કોઈના ધનની લાલચ ન કરો વગેરે સૂક્તિઓ આજે પણ લોકોની જિહ્વા પર આદર્શ તરીકે સાંભળવા મળે છે.

## 3.3 તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોના સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

1. બૃહદારણ્યક ઉપનિષદની મુખ્ય કથાઓ કઈ છે, તેની ચર્ચા કરો.

2. ઋગ્વેદના ઉપનિષદની સમજૂતી આપો.

3. સામવેદના ઉપનિષદોનો પરિચય તમારા શબ્દોમાં આપો.

**પ્રશ્ન -2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. 'ઉપનિષદ' શબ્દનો અર્થ સમજાવો.

2. કૃષ્ણયજુર્વેદની ઉપલબ્ધ શાખાઓનાં નામ જણાવો.

---

3. સામગાનના પાંચ ભાગ કયા કયા છે?

---

---

---

**પ્રશ્ન -3 ખાલી જગ્યા પૂરો.**

1. છાંદોગ્ય ઉપનિષદ ............અધ્યાયોમાં વહેચાયેલું છે.
2. કઠોપનિષદનો સંબંધ .........................ની કઠ શાખા સાથે છે.
3. સામવેદની પૂર્વે ....................શાખાઓ હતી.

# એકમ 4 વેદાંગ

રૂપરેખા

**4.0 ઉદ્દેશ**
**4.1 પ્રસ્તાવના**
**4.2 વેદાંગ**
**4.2.1 શિક્ષા**
**4.2.2 કલ્પ**
**4.2.3 વ્યાકરણ**
**4.2.4 નિરુક્ત**
**4.2.5 છંદ**
**4.2.6 જ્યોતિષ**
**4.2.7 ઉપસંહાર**
**4.3 તમારી પ્રગતિ ચકાસો**

## 4.0 ઉદ્દેશ :

પ્રસ્તુત એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ

- વેદના અંગો વિશે જાણશે.
- વેદોના અધ્યયનમાં વેદાંગનું સ્થાન સમજશે.
- ભારતીય વ્યાકરણ, છંદ, રેખાગણિત ઈત્યાદિનું મહત્ત્વ સમજશે.

## 4.1 પ્રસ્તાવના :

વેદોના સ્વરૂપની રક્ષા કરવા માટે તથા તેના અર્થોને સમજવા માટે ભારતીય ઋષિઓએ વેદાંગ સાહિત્યની રચના કરી છે. વેદપુરુષના સંપૂર્ણજ્ઞાનાર્થે તેના અંગોનું જ્ઞાન હોવું અનિવાર્ય છે. જેમ કોઈ અંગહીન વ્યક્તિને સંપૂર્ણ ન કહેવાય તેવી જ રીતે વેદના સુપ્રસિદ્ધ છ અંગોનાં અધ્યયન વિના વેદનું સંપૂર્ણ જ્ઞાન થયું ન કહેવાય. 'શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ: આ છ વેદાંગો છે. જેમાં છંદ એ વેદરૂપી પુરુષના પગ છે, કલ્પ એ હાથ છે, જ્યોતિષ એ નેત્ર છે, નિરુક્ત કાન છે, શિક્ષા નાક છે અને વ્યાકરણ મુખ છે. આથી, અંગો સહિત જે વ્યક્તિ વેદોનું અધ્યયન કરે છે તે બ્રહ્મલોકમાં આનંદ કરે છે, એવી 'પાણિનીય શિક્ષા'માં વેદાંગોની કલ્પના કરવામાં આવી છે. આ વેદાંગ વિશે વિસ્તૃત માહિતી મેળવીએ.

**'વેદાંગ' શબ્દનો અર્થ:**

જેનાથી વેદોના અર્થોનું જ્ઞાન થાય છે તે 'વેદાંગ' છે. (**वेदा: अङ्ग्यन्ते ज्ञायन्ते अमीभि: इति वेदांगानि**) એટલે કે વેદોને જેના દ્વારા જાણી શકાય તે અંગ એવી વેદાંગની વ્યાખ્યા છે. શિક્ષા વગેરે દ્વારા મંત્રોના કઠિન અર્થ પ્રયોગ વગેરે જાણી શકાય તેથી તેને વેદાંગ કહેવાય છે. વેદાંગ એ વેદોના ભાગ નથી, પરંતુ વેદોના સ્વરૂપના રક્ષક તથા તેના અર્થોને સમજાવનાર છે. વેદોના અધ્યયન માટે વેદાંગનો પરિચય અને તેનું અધ્યયન જરૂરી છે. વેદાંગોનો સામાન્ય પરિચય આ પ્રમાણે છે.

## 4.2 વેદાંગ

વેદાંગો છ છે. શિક્ષા, કલ્પ, વ્યાકરણ,નિરુક્ત, છંદઅને જ્યોતિષ. વેદાંગોમાં ચોક્કસ પ્રકારના વિષયની ચર્ચા કરવામાં આવી છે. જે આ પ્રમાણે છે.

### 4.2.1 શિક્ષા

શિક્ષા એટલે શિક્ષણ. શિક્ષામાં વેદમંત્રોના વર્ણ, સ્વર વગેરેના ઉચ્ચારણની પ્રક્રિયા અને વિશેષતાઓ દર્શાવવામાં આવી છે. આથી જ તેને વેદનું નાક કહેવાય છે. વેદોનો અભ્યાસ ગુરુમુખેથી સાંભળીને થાય છે. ગુરુ જે રીતે મંત્રોનું ઉચ્ચારણ કરે તે રીતે જ શિષ્યોએ મંત્રનું ઉચ્ચારણ કરવું જોઈએ. મંત્રના અશુદ્ધ ઉચ્ચારણથી અર્થ અશુદ્ધ થઈને બદલાઈ જાય છે. આથી ક્યા વર્ણ અને સ્વરનું ઉચ્ચારણ કેવી રીતે કરવું જોઈએ એ વેદોના અભ્યાસનો મુખ્ય વિષય હતો. શિક્ષાના છ અંગો વર્ણ, સ્વર, માત્ર, બલ,સામ અને સંતાન છે.

**શિક્ષા ગ્રંથો**

દરેક વેદ માટે અલગ અલગ શિક્ષાગ્રંથો રચાયા છે, પરંતુ ઘણા પ્રાચીન શિક્ષાગ્રંથો હાલ ઉપલબ્ધ નથી. ઉપલબ્ધ પ્રાચીન શિક્ષાગ્રંથોમાં યજુર્વેદ માટે યાજ્ઞવલ્ક્ય શિક્ષા, સામવેદ માટે નારદીય શિક્ષા તથા અથર્વવેદ માટે માંડૂકી શિક્ષા પ્રાપ્ત થાય છે. પાણિનીય શિક્ષા બધા જ વેદના અધ્યયનમાં સહાયક છે. યાજ્ઞવલ્ક્ય શિક્ષામાં 222 શ્લોક છે, જેનો સંબંધ શુક્લ યજુર્વેદની વાજસનેયી સંહિતા સાથે છે. નારદીય શિક્ષાનો સંબંધ સામવેદ સાથે છે. માંડૂકી શિક્ષાનો સંબંધ અથર્વવેદ સાથે છે. અથર્વવેદના સ્વરો અને વર્ણો જાણવા માટે તે બહુ ઉપયોગી છે. એમાં 179 શ્લોક છે. પાણિનીય શિક્ષા બધા જ શિક્ષાગ્રંથોમાં ઉપયોગી તથા પ્રસિદ્ધ છે. એમાં 60 શ્લોક છે, જેમાં ઉચ્ચારણની રીતો સમજાવી છે. આ સિવાય પણ કેટલાક શિક્ષાગ્રંથો મળે છે, પરંતુ તે અર્વાચીન છે.

### 4.2.2 કલ્પ

વેદાંગોમાં શિક્ષા પછીનું સ્થાન કલ્પનું છે. કલ્પસૂત્રોમાં વૈદિક કર્મકાંડો, યજ્ઞોની વિધિ, નિયમો, વગેરેનું ક્રમસર વિવેચન છે. આ સિવાય તેમાં આર્યોની દૈનિક જીવનની પરંપરાનો પણ નિર્દેશ છે. સામાન્ય રીતે આ કલ્પસૂત્રોને ત્રણ ભાગોમાં વહેંચવામાં આવ્યા છે , 1.

શ્રૌતસૂત્ર ૨. ગૃહ્યસૂત્ર ૩. ધર્મસૂત્ર. શુલ્બ સૂત્ર નામનો એક ચોથો પ્રકાર પણ છે, જેને વિદ્વાનો કલ્પસૂત્રોમાં ગણી લે છે.

**(૧) શ્રૌતસૂત્ર**

શ્રૌતસૂત્રોમાં શ્રુતિ પ્રતિપાદિત યજ્ઞો અને કર્મકાંડોનું કર્મબદ્ધ વર્ણન છે. જેમાં સાત હવિર્યજ્ઞ અને સાત સોમયજ્ઞ મળીને ચૌદ પ્રકારના યજ્ઞોનું વર્ણન છે. અગ્ન્યાધાન, અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, આગ્રહાયણ, ચાતુર્માસ્ય, નિરૂઢ, પશુમેધ અને સૌત્રામણિ એ સાત હવિર્યજ્ઞ છે.જ્યારે અગ્નિષ્ટોમ, અત્યગ્નિષ્ટોમ, ઉક્થ, ષોડશી, વાજપેય, અગ્નિરાત્ર અને આપ્તોર્યામ આ સાત સોમયજ્ઞ છે. હવિર્યજ્ઞોમાં દૂધ, ઘી, દહીં, ધાન્ય અને પુરોડાશ જેવા પદાર્થોની આહૂતિ આપવામાં આવે છે જ્યારે સોમયજ્ઞોમાં સોમરસનું મહત્વ વધારે હોય છે.આ સિવાય અનેક નૈમિત્તિક યજ્ઞો જેવા કે રાજસૂય, અશ્વમેધ,પુરુષમેધ વગેરેનું પણ વર્ણન આ ગ્રંથોમાં જોઈ શકાય છે.

શ્રૌતસૂત્રોની સંખ્યા 13 છેઆશ્વલાયન ., શાંખાયન, નખક, લાટ્યાયન, દ્રાહાયણ, કાત્યાયન, બૌધાયન, આપસ્તંબ, હિરણ્યકેશી, વૈખાનસ, ભારદ્વાજ, માનવ અને વૈતાન આ ચારેય . વેદનાં મળીને છે,જેની ક્રમપૂર્વકચર્ચા નીચે મુજબ છે.

**ઋગ્વેદનાં શ્રૌતગ્રંથ**

ઋગ્વેદનાં બે શ્રૌતસૂત્રો ઉપલબ્ધ છે.આશ્વલાયન અને શાંખાયન. આશ્વલાયન શ્રૌતસૂત્ર એ ઐતરેય બ્રાહ્મણનું છે, જેમાં બાર અધ્યાય છે અને યજ્ઞસંબંધી ચર્ચા જોઈ શકાય છે . શાંખાયન શ્રૌતસૂત્ર શાંખાયન બ્રાહ્મણનું છે,જેમાં અઢાર અધ્યાય છે. આશ્વલાયન શ્રૌતસૂત્ર કરતાં શાંખાયન શ્રૌતસૂત્ર ખૂબ પ્રાચીન મનાય છે. દર્શપૂર્ણમાસ, વાજપેય, રાજસૂય, અશ્વમેધ, પુરુષમેધ, સર્વમેધ,વગેરેનું વિસ્તૃત વિવેચન શાંખાયન શ્રૌતસૂત્રમાં જોવા મળે છે.
યજૂર્વેદનાં શ્રૌતસૂત્રો મળી આવે છે "કાત્યાયન શ્રૌતસૂત્ર" શુક્લ યજૂર્વેદનું એક જ શ્રૌતસૂત્ર કૃષ્ણ યજૂર્વેદનાં બોધાયન .જે માધ્યંદિનશાખા સાથે સંબંધિત છે, આપસ્તમ્બ, હિરણ્યકેશી, વૈખાનસ, ભારદ્વાજ અને માનવ એમ છ શ્રૌતસૂત્ર મળી આવે છે,જેમાં પહેલા પાંચ શ્રૌતસૂત્ર તૈતિરીય શાખાનાં અને માનવ શ્રૌતસૂત્ર મૈત્રાયણી શાખાનું છે.

**સામવેદનાં શ્રૌતસૂત્રો**

સામવેદનાં ત્રણ શ્રૌતસૂત્રો મળી આવે છે- મષક, લાટ્યાયન અને દ્રાહાયણ. મષક શ્રૌતસૂત્રનાં રચયિતા મષક ઋષિ છે આને આર્ષેય કલ્પ પણ કહેવામાં આવે છે. વેદની કૌથુમી શાખા સંબંધિત લાટ્યાયન શ્રૌતસૂત્ર છે અને રાણાયનીય શાખાનું દ્રાહાયણ શ્રૌતસૂત્ર છે. બંનેમાં વર્ણવેલ કર્મકાંડ મોટે ભાગે આર્ષેય કલ્પ જેવાં છે .

**અથર્વવેદનાં શ્રૌતસૂત્રો**

અથર્વવેદનું ફક્ત એક જ શ્રૌતસૂત્ર "વૈતાન શ્રૌતસૂત્ર" મળી આવે છે જે ખૂબ અર્વાચીન હોયતેમ મનાય છે.વૈતાન શબ્દનો અર્થ –ત્રણ અગ્નિ સંબંધીગ્રંથ-એવો થાય છે.આ શ્રૌતસૂત્રમાં ગોપથબ્રાહ્મણ અને કાત્યાયન શ્રૌતસૂત્રનુંઅનુસરણ થયેલું જોવા મળે છે.

**(2) ગૃહ્યસૂત્ર**

દૈનિક જીવનના કર્તવ્યો તથા ધાર્મિક વિધિઓનું નિયમન કરવા માટે ગૃહ્યસૂત્રની રચના કરવામાં આવી. ગૃહ્યસૂત્રનો મુખ્ય વિષય સોળ સંસ્કાર, સાત પાકયજ્ઞ અને પાંચ મહાયજ્ઞ છે.

ગૃહ્યસૂત્રોમાં અલગ અલગ સંસ્કારોનું વર્ણન છે,જેની સાથે વૈદિક મંત્રોનો પણ વિનિયોગ છે.આ સોળ સંસ્કાર આ મુજબ છે - ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૂડાકર્મ, કર્ણવેધ, ઉપનયન, વિદ્યારંભ, સમાવર્તન, વિવાહ, વાનપ્રસ્થ, સંન્યાસ અને અંત્યેષ્ટિ.

ગૃહ્યસૂત્રોમાં સાત પાકયજ્ઞો વર્ણવ્યા છે.પિતૃયજ્ઞ, પાર્વણ યજ્ઞ, અષ્ટક યજ્ઞ, શ્રાવણી યજ્ઞ, આશ્વયુજી યજ્ઞ, આગ્રહાયણીયજ્ઞ અને ચૈત્રીયયજ્ઞ. ગૃહસ્થો માટે પાંચ મહાયજ્ઞ પણ બતાવ્યાં છે - બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ અને અતિથિયજ્ઞ.

ઋગ્વેદનાં- આશ્વલાયન, શાંખાયન, શાંબવ્ય.

શુક્લ-યજુર્વેદનું -પારસ્કર અને

કૃષ્ણ યજુર્વેદનાં- બૌધાયન, આપસ્તંબ, હિરણ્યકેશી, વૈખાનસ,ભારદ્વાજ, માનવ, કાઠક .

સામવેદનાં- ગોભિલ, ખાદિર, જૈમિનીય અને

અથર્વવેદનું - કૌશિક એમ કુલ પંદર ગૃહ્યસૂત્રો મળી આવે છે.

**(3) ધર્મસૂત્ર**

ધર્મસૂત્ર એ હિન્દુઓના ધર્મશાસ્ત્ર સંબંધી સર્વપ્રથમ ગ્રંથ છે, જેમાં સમાજના સંચાલન માટેના બધા જ પાસાઓ પર વિચાર કરવામાં આવ્યો છે. આ ધર્મસૂત્રોના આધારે સ્મૃતિગ્રંથોમાં રાજકીય અને સામાજિક નિયમોની રચના કરવામાં આવી હતી. ધર્મનું સ્વરૂપ, વર્ણવ્યવસ્થાના નિયમો, આશ્રમરચનાના સિદ્ધાંતો વગેરેની ચર્ચા અહીં કરવામાં આવી છે. વિવાહનાં નિયમ, અનુલોમ અને પ્રતિલોમ, પાપ અને તેનું પ્રાયશ્ચિત, સગોત્ર અને સપિંડ પરિવાર,રાજ્યપ્રશાસનના નિયમ, કર અંગેના કાયદા વગેરે વિષયો અંગે ધર્મસૂત્રોમાં ચર્ચા કરવામાં આવી છે . ધર્મસૂત્રમાં ધર્મના મૂળ તરીકે વેદોને માનવામાં આવ્યા છે. એ મુજબ બધા નિયમોનું અંતિમ પ્રમાણ વેદ છે.

હાલમાં ઘણા ઓછા ધર્મસૂત્ર ગ્રંથ પ્રાપ્ત થાય છે. વશિષ્ઠ ધર્મસૂત્ર, આપસ્તંબ ધર્મસૂત્ર, બોધાયન ધર્મસૂત્ર, હિરણ્યકેશી ધર્મસૂત્ર, ગૌતમ ધર્મસૂત્ર અને વિષ્ણુ ધર્મસૂત્ર વગેરે હાલ પ્રાપ્ત છે, કેટલાક વેદના તો કોઈપણ ધર્મસૂત્ર ગ્રંથ મળતાં નથી.

**૧ વશિષ્ઠ ધર્મસૂત્ર:**

સંબંધ ઋગ્વેદ સાથે છે એમ મનાય છે.વશિષ્ઠ ધર્મસૂત્રમાં ત્રીસ અધ્યાય છેઅહીં -સદાચરણને બહુ મહત્વ અપાયું છે

"आचार: परमो धर्म: सर्वेषामिति निश्चय:।

हिनाचारा पहीतात्मा प्रेत्य चेह नश्यति॥"

બધા માટે સદાચાર પરમ ધર્મ છે",ખરાબ આચરણયુક્ત વ્યક્તિ આ લોક તથા પરલોકમાં નાશ પામે છે".

**2.આપસ્તંબ ધર્મસૂત્ર**

આ ધર્મસૂત્રનો સંબંધ કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખા સાથે છે. આપસ્તંબ કલ્પસૂત્રનાં 28 અને 29 એમ બે અધ્યાય આપસ્તંબ ધર્મસૂત્ર કહેવાય છે. આપસ્તંબ ધર્મસૂત્રમાં બ્રહ્મચારી અને ગૃહસ્થીના ધર્મો અને તેની ફરજો વર્ણવી છે. વ્રત, ઉપવાસ, પ્રાયશ્ચિત વગેરેનું પણ અહીં વર્ણન થયેલું છે.

**3.બોધાયન ધર્મસૂત્ર**

બોધાયન ધર્મસૂત્રએ બોધાયન કામસૂત્રનો એક ભાગ છે. આ બોધાયન ધર્મસૂત્રમાં ચાર પ્રશ્ન ખંડ છે. બોધાયન ધર્મસૂત્ર આપસ્તંબ ધર્મસૂત્ર કરતાં પણ વધુ પ્રાચીન છે. તેના ઘણા સૂત્રો આપસ્તંબ ધર્મસૂત્ર અને વશિષ્ઠ ધર્મસૂત્રને મળતાં આવે છે. આ ધર્મસૂત્રનો સંબંધ કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખા સાથે છે.

**4. હિરણ્યકેશી ધર્મસૂત્ર**

હિરણ્યકેશી ધર્મસૂત્ર એ હિરણ્યકેશી કલ્પસૂત્રનો એક ભાગ છે. આ કલ્પસૂત્રનાં 26,27 કાંડ છે .આ ધર્મસૂત્રનો સંબંધ કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખા સાથે છે.આની ભાષા પાણિનિ સાથે વધારે અનુકૂળ છે.

**5.ગૌતમ ધર્મસૂત્ર**

આ સૌથી પ્રાચીન ધર્મસૂત્ર મનાય છે.સામવેદ સાથે તેનો સંબંધ મનાય છે.આ ધર્મસૂત્રમાં ત્રણ પ્રશ્ન છે જે 28 અધ્યાયોમાં વહેંચાયેલા છે.રાજનીતિના નિયમો માટે આ ધર્મસુત્રો ઘણા મહત્વનાં છે.

**6.વિષ્ણુ ધર્મસૂત્ર**

આ ધર્મસૂત્રમાં સો અધ્યાય છે.અહીં સામાજિક અને રાજનીતિક સિવાય અધ્યાત્મ અંગે પણ સુંદર ચર્ચા થયેલી છે.અનેક સ્મૃતિઓ અને શ્રીમદ ભગવદ ગીતામાં જે ભાવ રહેલો છે તેના બીજ અહીં જોવા મળે છે.

ઉપલબ્ધ ધર્મસૂત્રોમાં માનવ ધર્મસૂત્રના અનેક ઉદ્ધરણો મળે છે. એનો અર્થ એ થયો કે મનુ પહેલા ધર્મસૂત્ર નામનો કોઈ ગ્રંથ પ્રચલિત હશે.

**(4) શુલ્બસૂત્ર**

ઉપરોક્ત ત્રણેય સિવાય જે સૂત્ર સાહિત્ય પ્રાપ્ત થાય છે તેને શુલ્બસૂત્ર કહેવાય છે. યજ્ઞીય પ્રક્રિયાઓમાં શુલ્બસૂત્રોનું મહત્ત્વ છે. શુલ્બનો અર્થ છે માપવું. શુલ્બસૂત્ર એટલે

માપવાના કાર્ય સાથે સંબંધ રાખનાર સૂત્ર. યજ્ઞશાલા, યજ્ઞવેદી અને યજ્ઞકુંડના નિર્માણ માટે આ માપ ખૂબ જરૂરી છે. શુલ્બસૂત્રોમાં રેખાગણિત એટલે કે ભૂમિતિનું જ્ઞાન ખૂબ વિકસિત છે. ભારતીય રેખાગણિતનો આ જ પ્રાચીન ગ્રંથ છે.

શુલ્બસૂત્રનો સંબંધ યજ્ઞીય કર્મકાંડો સાથે છે અને કર્મકાંડ એ યજુર્વેદનો વિષય છે,માટે યજુર્વેદના જ શુલ્બ ગ્રંથો ઉપલબ્ધ થાય છે. આ શુલ્બસૂત્ર  છે- કાત્યાયન, બૌધાયન, આપસ્તંબ, માનવ, મૈત્રાયણીય  વારાહ અને વાધૂલ. કૃષ્ણ યજુર્વેદના છ શુલ્બસૂત્ર છે. આપસ્તંબ, બૌધાયન, માનવ, મૈત્રાયણીય, વારાહ અને વાધૂલ જ્યારે કાત્યાયન એ શુક્લ યજુર્વેદનું શૂલ્વસૂત્ર છે.

**4.2.3 વ્યાકરણ**

વ્યાકરણને વેદપુરુષનું મુખ માનવામાં આવ્યું છે- "**मुखं व्याकरणं स्मृतम्**".જેના દ્વારા શબ્દોની વ્યાખ્યા અપાય તે વ્યાકરણ-  "**व्याक्रियन्ते शब्दाः अनेन इति व्याकरणम्**" પ્રકૃતિ (મૂળ શબ્દ) અને પ્રત્યયના જ્ઞાનથી શબ્દના પૂરા અર્થનું જ્ઞાન સંભવે છે. આ માટે વ્યાકરણ જાણવું જોઈએ.વિદ્વાનોનું મંતવ્ય છે કે રક્ષા, ઊહ, આગમ, લઘુ અને અસંદેહ માટે વ્યાકરણનું જ્ઞાન આવશ્યક છે . વેદના અર્થની રક્ષા એ વ્યાકરણનો મુખ્ય હેતુ છે. વેદના મંત્રોમાં આવતાં પદોને યજ્ઞ વગેરે ક્રિયામાં આવશ્યકતા અનુસાર ભિન્ન ભિન્ન વિભક્તિ કે લિંગમાં પરિવર્તિત કરવામાં આવે તેને ઊહ કહે છે જે વ્યાકરણના જ્ઞાન વડે જ શક્ય છે. આગમ એટલે વેદમાં જ વ્યાકરણનો મહિમા વર્ણવાયેલ છે. લઘુ – ટૂંકમાં કે સહેલાઈથી જાણવા માટે વ્યાકરણ ભણવું અનિવાર્ય છે. અસંદેહ એટલે કોઈ પદના અર્થમાં સંદેહ પેદા થાય તો વ્યાકરણ દ્વારા તેને દૂર કરી શકાય છે. આમ રક્ષા, ઉહ, આગમ, લઘુ અને અસંદેહ માટે વ્યાકરણનું જ્ઞાન આવશ્યક છે. વળી વેદમાં શબ્દ તો શું કેવળ સ્વરના ઉચ્ચારણમાં પણ સહેજ ભ્રષ્ટતા આવે તો તે વાગ્વજ્ર બનીને યજમાનનો પણ નાશ કરે છે. વૈદિક વ્યાકરણની રચના પાણિનિથી ઘણી વહેલા થઈ છે. જેમાં વ્યાકરણના મુખ્ય અંગોની ચર્ચા છે. વૈદિક વ્યાકરણ ક્રમબદ્ધ સ્વરૂપે પ્રાતિશાખ્યોમાં છે. પ્રાતિશાખ્ય એટલે તે તે શાખા માટેના શિક્ષા, છંદ અને વ્યાકરણના વિશિષ્ટ નિયમોને સમજાવનાર ગ્રંથો. અહીં વિષય વસ્તુ છ વિભાગોમાં છે. વર્ણસમામ્નાય, પદવિભાગ, સંધિવિચ્છેદ, સ્વરવિચાર, પાઠવિચાર અને ઉચ્ચારણ. એમ કહેવાય છે કે વેદની દરેક શાખાનો એક પ્રાતિશાખ્ય ગ્રંથ હતો. પરંતુ હાલ પાંચ જ પ્રાતિશાખ્ય ગ્રંથો મળે છે. ઋક્ પ્રાતિશાખ્ય, શુક્લ યજુર્વેદ પ્રાતિશાખ્ય, તૈત્તિરીય પ્રાતિશાખ્ય, સામ પ્રાતિશાખ્ય અને અથર્વ પ્રાતિશાખ્ય. આ પ્રાતિશાખ્ય ગ્રંથો પછી પણ વેદોનો ગૂઢ અર્થ સમજવા માટે કાંઈક ખૂટતું હોય તેમ લાગ્યું. શબ્દોની વ્યુત્પત્તિ, શબ્દોની રચના, નિર્વચન વગેરેની સમજની આવશ્યકતા માટે નિરુક્તની રચના કરવામાં આવી.

**4.2.4 નિરુક્ત**

પાણિનિના અષ્ટાધ્યાયી વ્યાકરણ વેદાંગમાં લોક અને વેદની સંસ્કૃત ભાષાનું વ્યાકરણ રજૂ કરવામાં આવ્યું છે, પરંતુ વેદ કાળના જે અતિપરોક્ષવૃત્તિવાળા કે રૂઢ શબ્દો હતા આથી પ્રાચીન સમયથી જ વેદના કેટલાક શબ્દોના અર્થ જાણવા મુશ્કેલ બન્યા હતા. આથી, પ્રાચીન

વિદ્વાનોએ જ વેદના અમુક અઘરા શબ્દોને એકત્રિત કરીને 'નિઘંટુ' નામના વૈદિક શબ્દકોશની રચના કરી હતી. આ નિઘંટુમાં સંગૃહિત કરવામાં આવેલ શબ્દો ઉપર ઈ.સ. પૂર્વે ૬૦૦માં 'યાસ્ક' નામના નિરુક્તકારે નિરુક્ત વેદાંગની રચના કરી છે. જેમાં યાસ્કે વેદના કુલ ૧૨૯૮ શબ્દોનું નિર્વચન કર્યું છે. યાસ્કની પૂર્વે પણ અનેક નિરુક્તો લખાયાં હશે, એવું યાસ્કના વર્તમાન નિરુક્ત ઉપરથી જણાય છે. પરંતુ તે બધાં આજે ઉપલબ્ધ થતાં નથી.

નિરુક્તમાં વૈદિક શબ્દોનું નિર્વચન કરતી વખતે 1. વર્ણાગમ, 2. વર્ણવિપર્યય, 3. વર્ણમાં વિકાર, 4. વર્ણનો નાશ અને ૫.અર્થના અતિશયને કારણે અમુક ધાતુનો યોગ – આ પાંચ પ્રકારના વિધિઓનો આશ્રય લેવામાં આવે છે. યાસ્કની આ પ્રવૃત્તિ ઉપર બ્રાહ્મણગ્રંથોની ગાઢ અસર પડેલી જણાય છે. જેને કારણે એના ઘણા નિર્વચનો લૌકિક પ્રકારના અને શાસ્ત્રીય કરતાં કાલ્પનિક વધુ લાગે છે. છતાં યાસ્કની દ્રષ્ટિ વૈજ્ઞાનિક છે, ધ્વનિ પરિવર્તનના એણે તારવેલા નિયમો પણ ઉત્તમ છે, જે આજે પણ ભાષાવિજ્ઞાનની દ્રષ્ટિએ સ્વીકાર્ય નિવડે તેવા છે.

#### 4.2.5 છંદ

**छन्दः पादौ तु वेदस्य** – છંદ એ વેદપુરુષનાં બે ચરણો છે.વેદમંત્રોના છંદને ઓળખ્યા વિના વેદમંત્રોનાનું શુદ્ધ ઉચ્ચારણ જાણવું શક્ય નથી. વેદોની રચના પ્રાય: છંદોમાં છે, કેમકે ઋગ્વેદ અને સામવેદ આખો છંદોબદ્ધ છે. વેદના અધ્યયન માટે તો સ્પષ્ટ વિધાન છે કે ઋષિ, છંદ, દેવતા, યાગ, સ્વર, વગેરેને જાણ્યા વિના મંત્રોના પ્રયોગ કરનાર પાપી બને છે. તેને મંત્રકંટક કહેવાય છે. આથી તો પ્રત્યેક સૂક્તના આરંભમાં સાયણ વગેરે આચાર્યો ઋષિ, દેવતા અને છંદની નોંધ કરે છે. વૈદિક છંદ લૌકિક છંદની તુલનામાં અત્યંત સરળ છે.કેમકે તેમાં ગણ કે માત્રાની વ્યવસ્થા નથી ફક્ત અક્ષરોનાં આધારે જ ગણવામાં આવે છે. વૈદિક સાહિત્યમાં ગાયત્રી, ઉષ્ણિક, અનુષ્ટુભ, બૃહતી, પંક્તિ, ત્રિષ્ટુપ અને જગતી એ સાત છંદોનું વિશેષ મહત્ત્વ છે.આ છંદોના બંધારણની વ્યવસ્થિત ચર્ચા પિંગલાચાર્યના 'છંદસૂત્ર' નામના ગ્રંથમાં પ્રાપ્ત થાય છે, જેનો ભારતની અનેક ભાષાઓમાં અનુવાદ થયો છે.

#### 4.2.6 જ્યોતિષ

યજ્ઞો સમય પર આધારિત હોય છે. આવી કાલ-સમયતા બોધ કરાવતું જ્યોતિષશાસ્ત્ર એ વેદનું અગત્યનું અંગ છે, મહત્ત્વનુ વેદાંગ છે. જેવું મહત્ત્વ માનવીના દેહમાં આંખનું છે, તેવું અગત્યનું સ્થાન વેદાંગમાં જ્યોતિષનું છે. જો તિથિ, પક્ષ, માસ, ઋતુ, નક્ષત્ર વગેરેના યોગ્ય નિર્ણય કર્યા વિના યજ્ઞ થાય તો તે નિષ્ફળ જાય, એના પરથી જ જ્યોતિષની મહત્તા સમજી શકાય છે. આ જ્યોતિષ વેદાંગના ગ્રંથ તરીકે 'વેદાંગ જ્યોતિષ' નામનો ગ્રંથ જ પ્રચલિત છે. મેક્સમૂલરના મતે ઈ.સ.પૂર્વે ૩૦૦માં અને પ્રોફેસર વેબરના મતે ઈ.સ.પૂર્વે ૫૦૦માં આની રચના થઈ હશે. આ ગ્રંથ પ્રમાણમાં નાનો છે. તેના બે ભાગ છે- ૧. ઋગ્વેદીય (અથવા)આર્ચ જ્યોતિષ અને ૨.યાજુષ જ્યોતિષ. હમણાં એક 'અથર્વવેદ જ્યોતિષ' નામનો ગ્રંથ પણ મળી આવ્યો છે.આર્ચ જ્યોતિષમાં ૩૬, યાજુષ જ્યોતિષમાં ૪૩ અને અથર્વવેદ જ્યોતિષમાં ૧૬૨ શ્લોક છે.

### 4.2.7 ઉપસંહાર

વેદાંગોના ઉપરોક્ત સ્વલ્પ પરિચય દ્વારા આપણે વેદાંત સાહિત્યથી મહદંશે પરિચિત થયા, પરંતુ વૈદિક સાહિત્યના સંરક્ષણ અર્થે એક વિશિષ્ટ પ્રકારનું સાહિત્ય પણ અસ્તિત્વમાં આવ્યું જેમાં સંહિતાના મંત્રોના દ્રષ્ટાઋષિ, દેવતા અને છંદની યાદી પૂરી પાડવામાં આવેલી છે. આ સાહિત્યને અનુક્રમણિ એવું નામ આપી શકાય. ઋગ્વેદની આવી દસ અનુક્રમણિઓ હતી. આમ, વેદાંત સાહિત્યને વૈદિક સાહિત્યમાં મહત્ત્વનુ સ્થાન મળેલ છે, એ નિર્વિવાદ છે.

## 4.3 તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોનાં સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

1. વેદાંગ સાહિત્યની ચર્ચા તમારા શબ્દોમાં કરો.

2. કલ્પસૂત્રોનો પરિચય આપો.

3. નિરુક્ત, જ્યોતિષ અને છંદ વિશે માહિતી આપો.

**પ્રશ્ન -2 નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો.**

1. વેદ પુરુષની આંખ કોને કહેવામા આવી છે?

2. કલ્પ સાહિત્ય કેટલા ભાગમાં વહેંચાયેલું છે?

3. ઋગ્વેદના શ્રૌત સૂત્રોની સંખ્યા જણાવો.

---

---

---

**પ્રશ્ન -3 ખાલી જગ્યા પૂરો.**

1. નારદીય શિક્ષાનો સંબંધ ..............વેદ સાથે છે.
2. શ્રૌતસૂત્રોમાં ....................નું વર્ણન છે.
3. જેનાથી વેદોનું જ્ઞાન થાય છે તેને ...............કહે છે.

*****

**ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)**

**વૈદિક સાહિત્ય અને ઉપનિષદ**

**SKTMJ-204**


વિભાગ-2 ઋગ્વેદ - અથર્વવેદના નિયત મંત્રો

એકમ : 1 1 - 11

**अग्निसूक्तम् (ऋग्वेद: १.१)**

એકમ : 2 12 - 29

**इन्द्रसूक्तम् (ऋग्वेद: २.१२)**

એકમ : 3 30 - 45

**विश्वामित्र-नदीसूक्तम् (ऋग्वेद: ३.३३)**

એકમ : 4 46 - 66

**अथर्ववेदसूक्तानि (नियतानि)**

એકમ : 5 67 - 86

**पृथ्वीसूक्तम् - अथर्ववेद: १२.१ (१ त: २१ मन्त्रा:)**

એકમ 1

# अग्निसूक्तम् ( ऋग्वेदः १.१ )

: રૂપરેખા :

૧.૦ ઉદ્દેશ

૧.૧ પ્રસ્તાવના

૧.૨ अग्निसूक्तम् (ऋग्वेदः १.१)

૧.૩ તમારી પ્રગતિ ચકાસો:

## 1.0 ઉદ્દેશ્ય :

૧) વિદ્યાર્થીઓ વૈદિક સંસ્કૃતિથી માહિતગાર થાય.

૨) વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિની પ્રાચીન સાહિત્યિક સમૃદ્ધિથી વાકેફ થાય.

૩) વિદ્યાર્થીઓ ઋગ્વેદના સાહિત્યને સમજે.

૪) વિદ્યાર્થીઓ ઋગ્વેદના સૂક્તો અને દેવતાઓ વિશે માહિતી મેળવે.

## 1.1 પ્રસ્તાવના

અગ્નિસૂક્ત ઋગ્વેદના પ્રથમ મંડલનું પ્રથમ સૂકત છે. ઋગ્વેદની મંડલ વ્યવસ્થામાં દરેક મંડલની શરૂઆત અગ્નિસૂક્તોથી થાય છે. સમગ્ર ઋગ્વેદમાં અગ્નિની ૨૦૦ જેટલા સૂક્તોમાં સ્તુતિ કરવામાં આવી છે. તે ઋગ્વેદીય દેવતાઓમાં ઈન્દ્ર બાદ સૌથી વધુ સ્તવાયેલ દેવ છે. અગ્નિ ત્રિસ્થાનીય દેવ ગણાયેલ છે. જેમાં પૃથ્વી પર – વૈશ્વાનર, અંતરિક્ષમાં – વિદ્યુત અને દ્યુલોકમાં – સૂર્યરૂપે તેનું સ્તવન કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત સૂક્તમાં અગ્નિને દેવતાઓના પુરોહિત, હોતા, કવિક્રતુ, આહુતિ પહોંચાડનાર દૂત, સંદેશવાહક જેવા સ્વરૂપે જોવામાં આવેલ છે. આ સૂક્તના દ્રષ્ટા મધુચ્છન્દા ઋષિ છે. જે વિશ્વામિત્રના વંશજ છે. આ સૂકતમાં અગ્નિની સ્તુતિ કરવામાં આવેલ હોઈ અગ્નિ દેવતા છે. તથા સમગ્ર સૂક્તની ઋચાઓ ગાયત્રી છન્દમાં છે.

## 1.2 अग्निसूक्तम् ( ऋग्वेदः १.१ )

(मधुच्छन्दा ऋषिः, अग्निर्देवता, गायत्री छन्दः)

**मन्त्रः** – **अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् ।**
**होतारं रत्नधातमम् ॥ १ ॥**

**पदपाठः** – अग्निम् । ईळे । पुरःऽहितम् । यज्ञस्य । देवम् । ऋत्विजम् । होतारम् । रत्नधातमम् ।

**अन्वयः** – (अहम्) पुरोहितं, यज्ञस्य देवम्, ऋत्विजं, होतारं, रत्नधातमम्, अग्निम् ईळे।

**अर्थः** – હું યજ્ઞમાં સર્વપ્રથમ સ્થાપિત થનારા, યજ્ઞને પ્રકાશિત કરનારા, ઋતુઓ અનુસાર યજ્ઞ સંપન્ન કરનાર, (દેવતાઓનું) આવાહન કરનાર, ધનને ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ અગ્નિદેવની સ્તુતિ કરું છું.

**विशेष :**

અગ્નિ શબ્દની વ્યુત્પત્તિ સાયણાચાર્ય ગત્યર્થક ધાતુ अग् ને ઉણાદિ नि પ્રત્યયથી સિદ્ધ કરે છે. , ईळे – સ્તુતિ કરું છું. સ્તુતિ કરવી એવા અર્થવાળા ईड् ધાતુના પ્રથમપુરુષ (અન્યપુરુષ) એકવચનનું રૂપ છે. અહીં 'ड्' ના સ્થાનમાં 'ळ्' કાર એ ઋગ્વેદના સમ્પ્રદાય વિશેષને લીધે જોવા મળે છે એમ સાયણાચાર્યનું કહેવું છે. કહે છે કે –

**अज्मध्यस्थडकारस्य ळकारं बह्वृचा जगुः ।**
**अज्मध्यस्थढकारस्य ळ्हकारं वै यथाक्रमम् ॥**

ઋગ્વેદના આ મંત્ર સિવાય અન્ય વૈદિક સંસ્કૃતમાં અને ત્યારબાદના લૌકિક સંસ્કૃતમાં પણ 'ळ्' કાર પ્રાયઃ જોવા મળતો નથી. અનુકાલીન પરંપરામાં પ્રાકૃતમાં જ તે ઉચ્ચાર અનુસ્યૂત થયો હોવાનું જોવા મળે છે.

पुरोहितम् – જેવી રીતે યજ્ઞના પુરોહિત રાજાને અભીષ્ટ ફલની પ્રાપ્તિ કરાવે છે તેમ અગ્નિ પણ યજમાનને ઈચ્છિત ફલની પ્રાપ્તિ કરાવનાર હોવાથી પુરોહિત છે. અથવા જેને આગળના ભાગમાં સ્થાપિત કરવામાં આવે છે તે એટલે પુરોહિત.

देवम् – દિવ્ય ગુણોથી યુક્ત. પ્રકાશિત થનાર/કરનાર.

*ऋत्विजम् — अग्निर्वै देवानां होता (ऐ.ब्रा.-३.१४), અર્થાત્ — યજ્ઞના ચાર પ્રકારાના ઋત્વિજોમાં અગ્નિ એ દેવતાઓના હોતા નામના ઋત્વિજ્ છે. યજ્ઞમાં ઋગ્વેદનું અધ્યયન કરનાર ઋત્વિજને હોતા તરીકેની જવાબદારી આપવામાં આવે છે. ઋત્વિજ સમિધાઓને અગ્નિ સુધી પહોંચાડે છે જ્યારે અગ્નિ તેના સુધી આહુતિરૂપે પહોંચેલી સમિધાને જે — તે દેવ સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે.*

*रत्नधातमम् — રત્નોને ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ. રત્ન અહીં દ્રવ્યોના અર્થમાં લેવામાં આવે છે. આથી જે વિવિધ દ્રવ્યોને ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ છે.*

---

*मन्त्रः –* ***अग्निः पूर्वेभिर्ऋषिभिरीड्यो नूतनैरुत ।***
***स देवाँ एह वक्षति ॥ २ ॥***

---

**पदपाठः –** *अग्निः । पूर्वेभिः । ऋषिऽभिः । ईड्यः । नूतनैः । उत । सः । देवान् । आ । इह । वक्षति ।*

***अन्वयः –*** *अग्निः पूर्वेभिः ऋषिभिः उत नूतनैः ईड्यः । सः देवान् इह आ वक्षति ।*

***अर्थः –*** *અગ્નિ પ્રાચીન તેમજ અર્વાચીન ઋષિઓ દ્વારા સ્તુતિ કરવાને યોગ્ય છે. તે દેવતાઓને અહીં આ યજ્ઞમાં બોલાવી લાવે.*

***विशेष :***

*पूर्वेभिः પૂર્વમાં થઈ ગયેલા પુરાતન ઋષિઓ વડે, અહીં पूर्वेभिः એ તૃતીયા બહુવચનનું વૈદિક રૂપ છે. વસ્તુતઃ અકારાન્ત પુંલ્લિંગ શબ્દોના તૃતીયા બહુવચનમાં एभिः ને બદલે ऐः વાળું રૂપ જોવા મળે છે પરંતુ વેદમાં વિકલ્પે બંને રૂપો જોવા મળે છે.*

*वक्षति – वह् — लेट्लकार प्रथम(अन्य)पुरुष एकवचनम् । પહોંચાડવું. એ અર્થવાળા આ ધાતુનો અર્થ સાયણાચાર્ય वहतु એવો આજ્ઞાર્થવાળો કરે છે. लेट्लकार ના રૂપો માત્ર વેદમાં જ જોવા મળે છે. જે વૈદિક સંકેતાર્થ તરીકે ઓળખાય છે.*

*અગ્નિ પુરાતન ઋષિઓ અને નવીન ગૃહસ્થો એમ સૌ માનવો વડે ઉપાસનીય છે. તે સૌ માટે દિવ્ય તત્ત્વોને બોલાવી આપનાર છે. અહીં અગ્નિનું સાર્વકાલિક અને સર્વજનસુલભ રૂપ જોવા મળે છે.*

मन्त्रः – ***अग्निना रयिमश्नवत्, पोषमेव दिवे दिवे ।***
***यशसं वीरवत्तमम् ॥ ३ ॥***

***पदपाठः*** – *अग्निना । रयिम् । अश्नवत् । पोषम् । एव । दिवेऽदिवे । यशसम् । वीरवत्ऽतमम् ।*

***अन्वयः*** – *(नरः) अग्निना एव पोषं, यशसं, वीरवत्तमं रयिं दिवे दिवे अश्नवत् ।*

***अर्थः*** – *અગ્નિ થકી માનવી દરરોજ વૃદ્ધિશીલ, કીર્તિ આપનાર અને અત્યંત વીર પુત્રોરૂપી ધન પ્રાપ્ત કરે.*

***विशेष :***

*रयिम् – ધન, દ્રવ્ય., अश्नवत् - अश् भोजने – स्वादिगण - उभयपद, लेट् – लकारः, प्रथम(अन्य)पुरुष एकवचनम् । તે ભોગવી શકે., पोषम् – સમૃદ્ધિને, પુષ્ટિને, वीरवत्तमम् – પુત્ર, સેવક વગેરે વીર પુરુષોથી યુક્ત. જો ધન હોય તો પુરુષો પણ પ્રાપ્ત થઈ શકે.*

मन्त्रः – ***अग्ने यं यज्ञमध्वरं विश्वतः परिभूरसि ।***
***स इद् देवेषु गच्छति ॥ ४ ॥***

***पदपाठः*** – *अग्ने । यम् । यज्ञम् । अध्वरम् । विश्वतः । परिऽभूः । असि । सः । इत् । देवेषु । गच्छति ।*

***अन्वयः*** – *हे अग्ने, यम् अध्वरं यज्ञं विश्वतः परिभूः असि, सः इत् देवेषु गच्छति ।*

***अर्थः*** – *હે અગ્નિ, જે હિંસારહિત યજ્ઞને આપ ચારેબાજુથી વીંટળાઈને રહો છો તે યજ્ઞ દેવતાઓ સુધી અવશ્ય પહોંચે છે. (અર્થાત્ – દેવતાઓને સંતૃપ્ત કરનાર થાય છે.)*

***विशेष :***

*अध्वरम् - હિંસા રહિત યજ્ઞ. ધ્વૃ- હિંસાર્થક ધાતુ પરથી બનેલા ધ્વર શબ્દને નિષેધાર્થક નઞ્સમાસ થઈને અધ્વર શબ્દ બનેલો છે. અર્થાત્ જેમાં હિંસા કરવામાં આવતી નથી તેવો યજ્ઞ. સાયણાચાર્ય શતપથ બ્રાહ્મણમાં જણાવે છે કે – અધ્વર શબ્દ સોમયાગના અર્થમાં રૂઢ થયેલો છે. પ્રો. એચ.ડી. વેલણકર યજ્ઞનો અર્થ યજ્ઞ-હવિ એમ કરે છે.*

*देवेषु गच्छति – અહીં દ્વિતીયાના અર્થમાં સપ્તમીનો પ્રયોગ થયેલો હોય તેમ જણાય છે. देवान् गच्छति – દેવતાઓ પાસે જાય છે.*

*परिभूः – परि + भू – વ્યાપી વળવું. તેને કર્તા અર્થમાં પ્રત્યય લાગતાં વ્યાપી વળનાર એવું રૂપ પ્રાપ્ત થાય છે. અગ્નિ સર્વત્ર વ્યાપક હોવાથી તેને બંધબેસતું વિશેષણ ઋષિ દ્વારા આપવામાં આવ્યું છે.*

---

*मन्त्रः –* ***अग्निर्होता कविक्रतुः सत्यश्चित्रश्रवस्तमः ।***
***देवो देवेभिरागमत् ॥ ५ ॥***

---

**पदपाठः –** *अग्निः । होता । कविऽक्रतुः । सत्यः । चित्रश्रवःऽतमः । देवः । देवेभिः । आ । गमत् ।*

***अन्वयः –*** *अग्निः होता कविक्रतुः सत्यः चित्रश्रवस्तमः । (सः) देवः देवेभिः (अस्मिन् यज्ञे) आ गमत् ।*

***अर्थः –*** *દેવતાઓનું આવાહન કરનાર, સર્વક્રાન્ત પ્રજ્ઞાવાળા, સત્ય સ્વરૂપ, અતિશય કીર્તિયુક્ત અને દીપ્તિમાન્ એવા પ્રકાશક અગ્નિ અન્ય દેવતાઓની સાથે અહીં યજ્ઞમાં પધારે.*

***विशेष :***

*होता – हु –दान-अदनयोः – દાન અને ભોજન એવા અર્થવાળા આ ધાતુને કર્તા અર્થમાં પ્રત્યય લાગીને હોતા શબ્દ બને છે. આથી તેનો અર્થ દાન કરનાર અથવા ભોજન કરનાર. અગ્નિના સંદર્ભમાં અહીં હોતા એટલે હોમવામાં આવતું હવિષ્ આરોગી જનાર હોવાથી હોતા. અને જે દેવતાને ઉદ્દેશીને હોમવામાં આવતું હોય તેને પહોંચાડવાનું કાર્ય કરનાર હોવાથી દાતા તરીકે પણ અર્થ સુપેરે બંધ બેસે છે. સ્કન્દસ્વામી હોતાનો અર્થ જે તે દેવતાને બોલાવવાનું કાર્ય કરનાર એવો કરે છે. જ્યારે સાયણાચાર્ય યજ્ઞને સફળ બનાવનાર. એવો કરે છે.*

*कविक्रतुः – क्रान्तद्रष्टा कविर्भवति । क्रतुशब्दः प्रज्ञानवाचकः । આમ અહીં શાશ્વત મૂલ્યોનું દર્શન કરાવનારા અને અત્યંત મેધાવી એવા અગ્નિનું વિશેષણ છે.*

*चित्रश्रवस्तमः – अतिशयेन विविधकीर्तियुतः – सायणः । अतिशयेन आश्चर्यश्रवणः – वे.मा. । અતિશય પ્રસિદ્ધ. વિશેષ પ્રકારે સ્તુતિ કરાયેલાઓમાં શ્રેષ્ઠ એવો પણ અર્થ જોવા મળે છે.*

मन्त्रः – **यदङ्ग दाशुषे त्वमग्ने भद्रं करिष्यसि ।**
**तवेतत्सत्यमङ्गिरः ॥ ६ ॥**

**पदपाठः** – यत् । अङ्ग । दाशुषे । त्वम् । अग्ने । भद्रम् । करिष्यसि । तव । इत् । तत् । सत्यम् । अङ्गिरः ।

**अन्वयः** – हे अग्ने, दाशुषे यद् अङ्ग भद्रं करिष्यसि, हे अङ्गिरः तत् तव इत् सत्यम् ।

**अर्थः** – હે અગ્નિ ! તમે હવિષ્નું દાન કરનારા યજમાનને ઉદ્દેશીને જે પણ કલ્યાણ કરનાર પદાર્થો આપશો, તે સર્વ પદાર્થો આપના જ છે. હે અંગિરઃ ! આ વાત નિશ્ચય પૂર્વક સત્ય છે.

**विशेष :**

अङ्गिराः – વિશ્વેદેવો અને પ્રજાપતિના યજ્ઞમાં આવેલી શરીરિણી વાગ્‌ને જોઈ પ્રજાપતિ અને વરુણનું રેતસ્ સ્ખલિત થયું તેને વાયુઓ અગ્નિમાં પધરાવતાં અગ્નિમાંથી અંગિરા જન્મ્યા હતા. એવી પુરાકથા છે. અગ્નિ પણ અંગિરા તરીકે જણાવાયેલ છે. અગ્નિ, બૃહસ્પતિ અને ઉષસ્‌ને અર્ધદૈવી અંગિરસો સાથે ગાઢ સંબંધ છે. તેથી તેમને માટે પણ ઋગ્વેદમાં અનેક સ્થાનો પર અંગિરસ્ શબ્દ પ્રયોજાયેલ છે. ઈન્દ્રે અંગિરાઓની સહાયથી સોમ મેળવ્યો હોવાથી ઈન્દ્ર અને સોમ માટે પણ અંગિરસ્ શબ્દ પ્રયોગ થતો જોવા મળે છે.

दाशुषे – दाश् – दाने દાન કરવું એવા અર્થવાળા ધાતુને क्वसु પ્રત્યય લાગીને પરોક્ષ ભૂતકૃદન્ત दाश्वस् શબ્દનું ચતુર્થી એકવચનનું રૂપ બનેલ છે. જેનો અર્થ 'ભૂતકાળમાં જેણે હવિષ્ આપેલ છે તેવા યજમાનને' એવો થાય.

मन्त्रः – **उप त्वाग्ने दिवेदिवे दोषावस्तर्धिया वयम् ।**
**नमो भरन्त एमसि ॥ ७ ॥**

**पदपाठः** – उप । त्वा । अग्ने । दिवेऽदिवे । दोषाऽवस्तः । धिया । वयम् । नमः । भरन्तम् । आ । इमसि ।

**अन्वयः** – हे दोषावस्तर् अग्ने ! वयं धिया नमः भरन्तः दिवेदिवे उप त्वा आ इमसि ।

**अर्थः** – હે અન્ધકારને દૂર કરનારા અગ્નિ ! દરરોજ અમે અમારી બુદ્ધિ પ્રમાણે સ્તુતિરૂપ નમસ્કાર કરતાં કરતાં આપની શરણમાં આવીએ છીએ.

***विशेष :***

*दोषावस्तः – रात्रावहनि च – दोषा – એટલે રાત્રિ. અને वस्तर् એટલે દિવસ — સ્કન્દસ્વામી. दोषा એટલે રાત્રિ અને वस् – એટલે આચ્છાદન કરનાર. એ બે ઉપરથી લક્ષણાથી स्वेन ज्योतिषा तमसाम् आच्छादयिता – રાત્રે પોતાના તેજથી અંધકારને આચ્છાદિત કરનાર. એમ અર્થ કરવામાં આવે છે. વેલણકર 'હે રાત્રિને પ્રકાશિત કરનાર' એવો અર્થ કરે છે.*

*धिया – વિચાર, સ્તુતિ, પ્રાર્થના, પ્રજ્ઞા धी શબ્દનું તૃ. એ.વ.*

*एमसि – आ + इमसि – आ + इ–गतौ નું વ.કા. ઉ.પુ.(પ્ર.પુ.) બ.વ.*

---

*मन्त्रः* – **राजन्तमध्वराणां गोपामृतस्य दीदिविम् ।**
**वर्धमानं स्वे दमे ॥ ८ ॥**

---

***पदपाठः*** – *राजन्तम् । अध्वराणाम् । गोपाम् । ऋतस्य । दीदिविम् । वर्धमानम् । स्वे । दमे ।*

***अन्वयः*** – *राजन्तम्, अध्वराणाम् ऋतस्य गोपाम्, दीदिविं स्वे दमे वर्धमानम् उप त्वा आ इमसि ।*

***अर्थः*** – *હિંસારહિત યજ્ઞો થકી દેદીપ્યમાન, શાશ્વત સત્યના સંરક્ષક, અત્યંત પ્રકાશમાન તથા પોતાના ઘેર યજ્ઞશાળામાં નિત્ય વૃદ્ધિ પામનાર અગ્નિની પાસે અમે સૌ દરરોજ જઈએ છીએ.*

***विशेष :***

*राजन्तम् — 'પ્રકાશવું, ઝળહળવું' એ અર્થવાળા ધાતુનું વર્તમાન કૃદન્ત પું. દ્વિ. એ.વ. — દેદીપ્યમાન. યજ્ઞોને અજવાળનાર. અથવા યજ્ઞો પર શાસન કરનાર.*

*ऋतस्य – શાશ્વત સત્ય. વેદમાં ઋત અને સત્ય એ બંને સાથે પણ પ્રયોજાયેલા જોવા મળે છે. આથી ઋત એ એવું સત્ય છે જે ત્રિકાલાબાધિત ગણાતું હોય. જ્યારે સત્ય એ વ્યાવહારિક, તાત્કાલિક, સમયલક્ષી હોઈ તેનો કાલગત અર્થ કરવામાં આવે છે. ઋતને ક્યારેય અવગણી શકાતું નથી. વેદાન્તમાં પરમ તત્ત્વને ઋત-સ્વરૂપ ગણવામાં આવેલ છે.*

*दीदिविम् – પ્રકાશવું ચમકવું એ અર્થવાળા ધાતુનું પૌનઃપુન્યાર્થક રૂપ. વારંવાર કે સતત ચમકનાર. પ્રકાશશીલ.*

| | |
|---|---|
| मन्त्रः – | **स नः पितेव सूनवेऽग्ने सूपायनो भव ।<br>सचस्वा नः स्वस्तये ॥ ९ ॥** |

**पदपाठः –** सः । नः । पिताऽइव । सूनवे । अग्ने । सुऽउपायनः । भव । सचस्व । नः । स्वस्तये ।

***अन्वयः –*** *हे अग्ने ! सः त्वं सूनवे पिता इव नः सुऽउपायनः भव । अग्ने ! नः स्वस्तये सचस्व ।*

***अर्थः –*** *હે અગ્નિદેવ ! જેમ પિતા પુત્રને માટે સુપ્રાપ્ય અને કલ્યાણકારી હોય છે. તેમ તમે પણ અમારા માટે સુપ્રાપ્ય બનો. અમારા કલ્યાણ માટે અમારી સાથે રહો.*

***विशेष :***

*सूपायन – सु + उप + अयन – જેની પાસે જવું સરળ છે, સારું છે તેવો. પુત્ર પિતા પાસે સહેલાઈથી જઈ શકે છે. અને પોતાના કલ્યાણ માટે સ્તુતિ કરે છે. તેમ અગ્નિ પણ યજન કરનાર માટે સરળતાથી સમીપ જઈ શકાય તેવો અને કલ્યાણકારી બને તેવી ઋષિ પ્રાર્થના કરે છે.*

*सचस्वा नः स्वस्तये – વસ્તુતઃ અહીં सचस्व રૂપ છે. પણ વેદમાં છન્દોબંધારણને અનુરૂપ ક્યારેક હ્રસ્વ સ્વરને દીર્ઘ બનાવવો પડે છે ત્યારે તેને ગુરુ બનાવતાં છાન્દસ્ દીર્ઘ કર્યો કહેવાય. આમ કરવાથી અહીં પણ सचस्वा બન્યું. सच्(१. आ.प.) જેનો અર્થ સાથે રહેવું, ગાઢ સંબંધ ધરાવવો, સેવા કરવી, ચોંટવુ. જેવો થાય છે. – આજ્ઞાર્થ મધ્યમ પુરુષ એ.વ.*

## 1.3 *તમારી પ્રગતિ ચકાસોઃ*

### 1.3.1 *નીચેના શબ્દો વિશે વિવરણાત્મક નોંધ લખો*

***१ – ईळे, २ – अध्वरम्, ३ – होता, ४ – अङ्गिराः, ५ – दोषावस्तः***

***ઉત્તરો***

*१) ईळे –*

२) अध्वरम् –

३) होता –

४) अङ्गिराः –

५ ) दोषावस्तः –

## 1.3.2 યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેની ખાલી જગ્યા પૂરો

१) पुरोहितं વિશેષણ ———— માટે પ્રયોજાયું છે (ઈન્દ્ર, અગ્નિ, વરુણ)
२) ઋગ્વેદમાં અગ્નિપરક સૂક્તની સંખ્યા ————— છે. (૧૧૫, ૨૫૦, ૨૦૦)
३) अध्वर એટલે ————— પ્રકારનો યજ્ઞ (દૈવી, હિંસક, અહિંસક)
४) અગ્નિ ———— ને યજ્ઞમાં બોલાવી લાવે છે. (રાક્ષસો, દેવતા, પ્રાણીઓ)
५) નવીન ગૃહસ્થો ————— ની ઉપાસના કરે છે. (યમ, અગ્નિ નચિકેતા)

(જવાબ -
)

### 1.3.3 નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો

૧) અગ્નિની કેવા કેવા ઋષિઓ સ્તુતિ કરે છે ?

૨) ઋષિ ધન તરીકે કોને ગણાવે છે ?

૩) **कविक्रतुः** માં **कवि** એટલે કોણ ?

૪) અંગિરા કોનું સંતાન છે ?

૫) **ऋत** એટલે કેવું સત્ય ?

### 1.3.4 નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો

૧) અગ્નિનું સ્વરૂપ

૨) અગ્નિ માટે પ્રયોજાયેલ વિશેષણો

૩) અગ્નિસૂક્તનું રસદર્શન કરાવો અથવા ઋગ્વેદ ૧.૧ના આધારે અગ્નિનો મહિમા વર્ણવો.

• • •

# એકમ 2

## इन्द्रसूक्तम् ( ऋग्वेद – २.१२ )

: રૂપરેખા :

2 .0 ઉદ્દેશ્ય
2.1 પ્રસ્તાવના
2.2 इन्द्रसूक्तम् (ऋग्वेद – २.१२)
2.3 તમારી પ્રગતિ ચકાસો

### 2.0 ઉદ્દેશ્ય :

૧) વિદ્યાર્થીઓ વૈદિક સંસ્કૃતિથી માહિતગાર થાય.

૨) વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિની પ્રાચીન સાહિત્યિક સમૃદ્ધિથી વાકેફ થાય.

૩) વિદ્યાર્થીઓ ઋગ્વેદના સાહિત્યને સમજે.

૪) વિદ્યાર્થીઓ ઋગ્વેદના સૂક્તો અને દેવતાઓ વિશે માહિતી મેળવે.

## 2.1 प्रस्तावना

ઋગ્વેદમાં સર્વાધિક સૂક્તોમાં સ્તુતિ કરાયેલ સૌથી બળવાન, પરાક્રમી, પ્રભાવી દેવ તરીકે ઈન્દ્રની સ્તુતિ કરવામાં આવેલી છે. इदि- ऐश्वर्ये – ઐશ્વર્યવાચક ધાતુ પરથી નિષ્પન્ન થયેલ ઈન્દ્ર શબ્દનો અર્થ શાસન કરવું, પ્રભાવી હોવું તેવો થાય છે. ઈન્દ્ર અંતરિક્ષલોકના દેવ તરીકે પૂજાય છે. તેને વર્ષાના દેવ, દેવોના રાજા, આતતાયીઓથી રક્ષણ કરનાર, શત્રુઓના નગરોનો ધ્વંસ કરનાર, સો અશ્વમેધ યજ્ઞ કરનાર, જેવા અભિધાનોથી સંબોધાયેલ છે. ઋગ્વેદમાં ઈન્દ્ર સર્વસત્તાધીશ, પ્રકૃતિ ઉપર આવેલી આપત્તિઓને દૂર કરનાર, તેનું આયુધ વજ્ર - વિજળીરૂપે નિરૂપવામાં આવેલ છે. ઋગ્વેદમાં ૨૫૦ જેટલા સૂક્તોમાં ઈન્દ્રની સ્તુતિ, પરાક્રમ વર્ણન કરવામાં આવેલ છે.

પ્રસ્તુત ઈન્દ્રસૂક્ત ઋગ્વેદના દ્વિતીય મંડલનું બારમું સૂક્ત છે. આ સૂક્તના દ્રષ્ટા ગૃત્સમદ ઋષિ છે. દેવતા ઈન્દ્ર તેમજ ત્રિષ્ટુપ્ છન્દ છે. અહીં स जनास इन्द्रः - આવી ધ્રુવપંક્તિ દ્વારા જાણે લોકોને ઈન્દ્રના પરાક્રમ વિશે જાણકારી આપવામાં આવી રહી છે. ઈન્દ્ર સોમરસનું પાન કરનાર છે, વ્રજ વડે શત્રુઓનો વધ કરનાર છે. તેના દરેક પરાક્રમમાં અવરોધાયેલા પાણીઓને મુક્ત કરાવનાર, પ્રકાશરૂપી

આહ્લાદ આપનાર, પૃથ્વી, અંતરિક્ષ અને દ્યુલોકને સ્થિરતા આપનાર, પર્વતોને ધારણ કરનાર વગેરે બાબતો ઈન્દ્ર સ્તવન સાથે સંકળાયેલ છે.

## 2.2 इन्द्रसूक्तम् ( ऋग्वेद – २.१२ )

**( गृत्समदः ऋषिः, इन्द्रो देवता, त्रिष्टुप् छन्दः )**

*मन्त्रः –* **यो जात एव प्रथमो मनस्वान्देवो देवान्क्रतुना पर्यभूषत् ।**
**यस्य शुष्माद्रोदसी अभ्यसेतां नृम्णस्य मह्ना स जनास इन्द्रः ॥ १ ॥**

**पदपाठः –** *यः । जातः । एव । प्रथमः । मनस्वान् । देवः । देवान् । क्रतुना । परिऽअ-भूषत् । यस्य । शुष्मात् । रोदसी इति । अभ्यसेताम् । नृम्णस्य । मह्ना । सः । जनासः । इन्द्रः ॥ १ ॥*

**अन्वयः –** *यः प्रथमः मनस्वान् देवः जातः एव क्रतुना देवान् पर्यभूषत्, यस्य शुष्मात् रोदसी अभ्यसेताम्, हे जनाः ! नृम्णस्य मह्ना सः इन्द्रः अस्ति ।*

**अर्थः –** *જે પ્રધાન, બુદ્ધિમાન દેવ છે, જેમણે ઉત્પન્ન થતાની સાથે જ પોતાના પરાક્રમથી દેવતાઓને અલંકૃત કર્યા, જેમના સામર્થ્ય સામે આકાશ અને પૃથ્વી બંને કંપે છે, હે માનવીઓ ! પોતાની મહત્તા થકી બળવાન તે જ ઈન્દ્ર છે.*

**विशेष :**

*इन्द्रः – १) इरां दृणातीति वा २) इरां ददातीति वा ३) इरां दधातीति ४) इरां दारयत इति वा ५) इन्दवे द्रवतीति वा ६) इन्दौ रमत इति वा ७) इन्दतेर्वा ऐश्वर्यकर्मणः ८) इन्दञ्छत्रूणां दारयिता वा ९) द्रावयिता वा १०) आदरयिता च यज्वनाम् ।*

*मनस्वान् – मनस्विनाम् अग्रगण्यः – મનસ્વિઓમાં અગ્રણી, જેનું મન તેના આદેશને અનુસરે છે તેવો.*

*देवः – द्योतमानः – ચમકતો, પ્રકાશશીલ*

*पर्यभूषत् – भूष – अलंकारे, पर्यभवत्, अत्यक्रामत् – અન્યને પરાજિત કરનાર, અતિક્રમીને રહેલ અને સ્વયંમાં પરિપૂર્ણ. યાસ્ક દ્વારા આ શબ્દના ચાર અર્થો આપવામાં આવ્યા છે – ૧) હરાવવું. ૨) ચારેય બાજુથી ગ્રહણ કરવું ૩) ચારેય બાજુથી રક્ષણ કરવું ૪) અતિક્રમણ કરવું – ઓળંગવું કે ચડિયાતા હોવું.*

*शुष्मात् – शरीरात् – શરીરમાંથી*

*रोदसी — द्यावापृथिव्यौ — દ્યુલોક અને પૃથ્વી માટે પ્રયોજાતો એક શબ્દ.*

*अभ्यसेताम् - अबिभीताम् , अवेपेताम् - भ्यस् - ભય પામવું કે કંપવું એ અર્થવાળા ધાતુનું હ્યસ્તન ભૂ.કા. પ્ર.(અન્ય) પુ. દ્વિ.વ.*

*नृम्णस्य - सेनालक्षणस्य बलस्य - સેનારૂપી બળના મહિમા થકી જે મહત્તાયુક્ત છે તેના*

*क्रतुना - कर्मणा - વૃત્રવધ વગેરે પરાક્રમરૂપી પોતાના કર્મો વડે.*

---

*मन्त्रः -* **यः पृथिवीं व्यथमानामदृंहद्यः पर्वतान्प्रकुपिताँ अरम्णात् ।**
**यो अन्तरिक्षं विममे वरीयो यो द्यामस्तभ्नात्स जनास इन्द्रः ॥ २ ॥**

---

**पदपाठः -** *यः । पृथिवीम् । व्यथमानाम् । अदृंहत् । यः । पर्वतान् । प्रऽकुपितान् । अरम्णात् । यः । अन्तरिक्षम् । विऽममे । वरीयः । यः । द्याम् । अस्तभ्नात् । सः । जनासः । इन्द्रः ॥ २ ॥*

***अन्वयः -*** *हे जनाः, यः इन्द्रः व्यथमानां पृथिवीम् अदृंहत्, यः प्रकुपितान् पर्वतान् अरम्णात्, यः वरीयः अन्तरिक्षं विममे, यः द्यां अस्तभ्नात् सः इन्द्रः ।*

***अर्थः -*** *હે માનવો ! જેણે ધ્રુજતી, ચલાયમાન પૃથ્વીને (શર્કરા વગેરે દ્વારા) કઠોર બનાવી, જેણે ઊડતા પર્વતોને પોતાના સ્થાને સ્થિર કર્યા, જેણે વિશાળ અંતરિક્ષને વિસ્તાર્યું અને વળી જેણે દ્યુલોકને રોક્યો તે ઈન્દ્ર છે.*

***विशेष :***

*व्यथमानाम् —કંપતી. व्यथ् ધાતુનું વર્તમાન કૃદન્તનું પૃથ્વીનું વિશેષણ હોવાથી સ્ત્રીલિંગ દ્વિતીયા એ.વ.નું રૂપ.*

*अदृंहत् — (પૃથ્વીને)દૃઢ કરી. दृंह् — દૃઢ બનાવવું એ અર્થવાળા ધાતુનું હ્યસ્તન ભૂ.કા. પ્ર.પુ.એ.વ.નું રૂપ.*

*अरम्णात् — સ્થિર કર્યા. અહીં પર્વતોને સ્થિર કરવા વિશેનો ઉલ્લેખ છે. કહેવાય છે કે પહેલાં પર્વતોને પાંખો હતી. અને તેમના ઊડવાને લીધે પૃથ્વીનું સંતુલન ખોરવાઈ જતું હતું આથી ઈન્દ્રે પોતાના વજ્રથી પર્વતોની પાંખો કાપી નાખી. આથી તે એક સ્થાને સ્થિર થયા અને ભૂધર કહેવાયા.*

*अस्तभ्नात् — (દ્યુલોકને) સ્તમ્ભિત = સ્થિર કર્યો.*

मन्त्रः – **यो हत्वाहिमरिणात्सप्त सिन्धून्यो गा उदाजदपधा वलस्य ।**
**यो अश्मनोरन्तरग्निं जजान संवृक्समत्सु स जनास इन्द्रः ॥ ३ ॥**

**पदपाठः –** यः । हत्वा । अहिम् । अरिणात् । सप्त । सिन्धून् । यः । गाः ।
उत्ऽआजत् । अपऽधा । वलस्य । यः । अश्मनोः । अन्तः । अग्निम् ।
जजान । सम्ऽवृक् । समत्ऽसु । सः । जनासः । इन्द्रः ॥ ३ ॥

***अन्वयः –*** यः अहिं हत्वा सप्त सिन्धून् अरिणात्, यः वलस्य अपधा गाः उदाजत्,
यः अश्मनोः अन्तः अग्निं जजान, समत्सु संवृक् सः जनासः इन्द्रः ।

***अर्थः –*** હે માનવો ! જેણે અહિ – સર્પને મારીને સાત સિન્ધુઓને વહેતી કરી, જેણે વલનામના અસુર દ્વારા રોકવામાં આવેલી ગાયોને મુક્ત કરાવી, જેણે બે વાદળોની વચ્ચે વિદ્યુતરૂપી અગ્નિને ઉત્પન્ન કર્યો, અને વળી જે સંગ્રામમાં શત્રુઓનું આયુષ્ય હણનાર છે તે ઈન્દ્ર છે.

***विशेष :***

*अरिणात्* – મુક્ત કરી. रीङ्– स्रवणे – મુક્ત કરવું, વહેતું કરવું. હ્યસ્તન ભૂ.કા. પ્ર.પુ. એ.વ. અહીં અહિ – સર્પને મારીને નદીના જલને મુક્ત કર્યા એ ઘટનાનો પ્રકૃતિની વરસવાની વૈજ્ઞાનિક પ્રક્રિયાને રૂપક તરીકે વર્ણવાયા હોવાનો બહુશઃ સંભવ છે.

*सप्तसिन्धून्* – સાયણાચાર્ય સપ્તસિન્ધુનો અર્થ વહેતા પાણી કે ગંગાદિ સાત મુખ્ય નદીઓ એવો કરે છે. જ્યારે અવેસ્તામાં આ જ શબ્દને 'हप्तहिन्दू' તરીકે સંબોધાયો છે. જેના પરથી ભારત હિન્દુસ્તાન નામથી ઓળખાય છે.

*वलस्य* – એ નામનો રાક્ષસ જેના અધિકારમાંથી ઈન્દ્રે ગાયોને મુક્ત કરાવી.

*अपधा* – अप + धा – ધારણ કરવું. એ અર્થવાળા ધાતુને अप ઉપસર્ગ લાગતાં છોડાવવું / બંધનમાંથી મુકત કરાવવું. એવો અર્થ થાય.

*अश्मनोः* – अश् – વ્યાપી વળવું. એ ધાતુ પરથી નિષ્પન્ન આ શબ્દનો અર્થ વ્યાપી વળનાર મેઘ એવો કરવામાં આવ્યો છે. સાયણાચાર્ય ભાષ્યમાં વ્યુત્પત્તિ દર્શાવતાં કહે છે કે - अश्नुते – व्याप्नोति अन्तरिक्षमिति –अश्मा – मेघः અર્થાત્ જે અંતરિક્ષને વ્યાપીને રહેતો હોવાથી મેઘ अश्मन् ગણાય.

मन्त्रः – **येनेमा विश्वा च्यवना कृतानि यो दासं वर्णमधरं गुहाकः ।**
**श्वघ्नीव यो जिगीवा लक्षमाददर्यः पुष्टानि स जनास इन्द्रः ॥ ४ ॥**

**पदपाठः** – येन । इमा । विश्वा । च्यवना । कृतानि । यः । दासम् । वर्णम् । अधरम् । गुहा । अकरित्यकः । श्वघ्नीऽइव । यः । जिगीवान् । लक्षम् । आदत् । अर्यः । पुष्टानि । सः । जनासः । इन्द्रः ॥ ४ ॥

**अन्वयः** – येन इमा विश्वा च्यवना कृतानि यः दासं वर्णं अधरं गुहा अकः लक्षं जिगीवान् यः पुष्टानि श्वघ्नीव आदत् । जनासः सः इन्द्रः ।

**अर्थः** – હે માનવો ! જેના વડે આ સર્વ નશ્વર પદાર્થોને સ્થિર કરવામાં આવ્યા છે, જેણે દસ્યુ વર્ણને ગુપ્તસ્થાનમાં રહેવા સ્થાન આપ્યું, ધારેલું લક્ષ્ય વીંધનાર વ્યાધ-શિકારીની માફક જેણે શત્રુઓના દ્રવ્યોને આંચકી લીધા, તે ઈન્દ્ર છે.

**विशेष :**

इमा विश्वा – અહીં इमानि विश्वानि – એવું નપુંસકલિંગનું પ્રથમા/દ્વિતીયા બહુવચનનું પદ છે જેના બહુવચનના પ્રત્યયનો વિકલ્પથી (માત્ર વેદમાં) લોપ થતાં इमा विश्वा એવું રૂપ બને છે.

अधरम् – निकृष्टमसुरम् – અસુર સમાન નિકૃષ્ટ લોકોને. (નીચેના લોકમાં રહેતા કર્યા)

अकः – अकार्षीत् – વેદમાં कः એવું कृ ધાતુ માંથી નિષ્પન્ન થતું ક્રિયાપદ પ્રયોજાય છે. જે સામાન્ય ભૂતકાળનો અર્થ સૂચવે છે. જ્યારે આ પ્રકારનું રૂપ પ્રયોજવામાં આવે ત્યારે તેને પદપાઠમાં ઈતિકરણ અને ચર્ચા દ્વારા દર્શાવવામાં આવે છે. જેમ કે અહીં ઉપર પદપાઠમાં । अकरित्यकः (अकः इति अकः)। એમ દર્શાવવામાં આવ્યું છે.

जिगीवान् – જીતી ગયેલો. जि – जये જીતવું એ અર્થવાળા ધાતુનું ક્વસુ પ્રત્યયાન્તરૂપ જેનું जितवान् એવું રૂપ પણ બને.

अर्यः – શત્રુના अरेः – षठ्येकवचने छान्दसः यणादेशः – શત્રુ માટે પ્રયોજવામાં આવતા अरि – શબ્દનું ષષ્ઠી એકવચનનું રૂપ. જેવી રીતે જીતેલો જુગારી પોતાના પ્રતિસ્પર્ધીનું બધું ધન આંચકી લે તેવી રીતે ઈન્દ્રે પણ દસ્યુઓના બધાં જ ઐશ્વર્યો આંચકી લીધા.

*श्वघ्नी – શિકારી. श्वभिर्मृगान् हन्तीति श्वघ्नी व्याधः – જંગલમાં મૃગયા માટે નીકળેલો શિકારી – વ્યાધ પોતાની સાથે શ્વાનોને રાખે અને તેની મદદથી હરણા જેવા શિકારને અભીષ્ટ દિશામાં દોરી જઈને ઘેરી લઈને શિકાર કરતો હોવાથી તેને શ્વઘ્ની કહે છે.*

---

*मन्त्रः –* **यं स्मा पृच्छन्ति कुह सेति घोरमुतेमाहुर्नैषो अस्तीत्येनम् ।**
**सो अर्यः पुष्टीर्विजइवा मिनाति श्रदस्मै धत्त स जनास इन्द्रः ॥ ५ ॥**

---

**पदपाठः –** *यम् । स्म । पृच्छन्ति । कुह । सः । इति । घोरम् । उत । ईम् । आहुः । न । एषः । अस्ति । इति । एनम् । सः । अर्यः । पुष्टीः । विजःऽइव । आ । मिनाति । श्रत् । अस्मै । धत्त । सः । जनासः । इन्द्रः ।*

**अन्वयः –** *यं घोरं पृच्छन्ति स्म कुह सेति एनम् आहुः एषः न अस्तीति । ईं सः विजइव अर्यः पुष्टीः आ मिनाति श्रदस्मै धत्त । हे जनासः ! सः इन्द्रः ॥ ५ ॥*

**अर्थः –** *જે ઘોર મનુષ્યને માટે લોકો પૂછે છે કે તે ઈન્દ્ર ક્યાં છે ? તથા તેના વિશે જ આવો કોઈ નથી એવું પણ કેટલાક કહે છે તે ઈન્દ્ર ઉદ્વેગ ઉત્પન્ન કરનારની માફક શત્રુઓ સંબંધી પોષક દ્રવ્યોને બધી બાજુથી હણી નાખે છે – દ્રવ્યોનો નાશ કરી દે છે. આવા ઈન્દ્ર પરત્વે શ્રદ્ધા રાખો. હે માનવો ! તે ઈન્દ્ર છે.*

**विशेष :**

*घोरम् – ભયંકર. शत्रूणां घातकम् – શત્રુઓનો નાશ કરનાર.*

*कुह – લૌકિક સંસ્કૃતમાં 'ક્યાં' એવું પૂછવા માટે कुत्र કે क्व એવા અવ્યયો પ્રયોજાય છે. વેદમાં कुह પણ પ્રયોજવામાં આવે છે.*

*पुष्टीः – પોષણને. સાયણાચાર્ય પુષ્ટીઃ શબ્દનો પોષણ આપનાર દ્રવ્યો અને પ્રાણીઓ એવો અર્થ કરે છે. पोषकाणि गवाश्वादीनि धनानि – અર્થાત્ પોષણ આપનાર ગાય, અશ્વ વગેરે દ્રવ્યો.*

*आ मिनाति – બધી બાજુથી નષ્ટ કરે છે. आसमन्तात् हिनस्ति –मीङ् – हिंसायाम् – आङ् ઉપસર્ગ સહિત હિંસાર્થક ધાતુનો અર્થ બધી બાજુથી હિંસા કરવી. નાશ કરવો. તેવો થાય છે.*

*श्रत् — श्रद्धा - શ્રદ્ધા રાખો.*

| | |
|---|---|
| मन्त्रः - | **योरध्रस्य चोदिता यः कृशस्य यो ब्रह्मणो नाधमानस्य कीरेः ।** |
| | **युक्तग्राव्णो योऽविता सुशिप्रः सुतसोमस्य स जनास इन्द्रः ॥ ६ ॥** |

**पदपाठः -** यः । रध्रस्य । चोदिता । यः । कृशस्य । यः । ब्रह्मणः । नाधमानस्य । कीरेः । युक्तऽग्राव्णः । यः । अविता । सुऽशिप्रः । सुतऽसोमस्य । सः । जनासः । इन्द्रः ॥ ६ ॥

**अन्वयः -** हे जनासः ! यो रध्रस्य चोदिता, यः कृशस्य यः नाधमानस्य कीरेः ब्रह्मणः (चोदिता) । यः सुशिप्रः युक्तग्राव्णः सुतसोमस्य अविता सः इन्द्रः ।

**अर्थः -** હે માનવો ! જે સમૃદ્ધને પ્રેરણા આપનાર છે, વળી, નિર્ધનને તથા સ્તુતિ કરનારા બ્રાહ્મણને પણ દ્રવ્ય પ્રેરનાર છે. જે સુંદર મસ્તકવાળો બનીને પથ્થર વડે સોમનું સવન કરનાર યજમાનનું રક્ષણ કરનાર છે તે ઈન્દ્ર છે.

***विशेष :***

*रध्रस्य - સમૃદ્ધનો रध - हिंसासंराद्धयोः - એ અર્થવાળા ધાતુ પરથી નિષ્પન્ન થયેલો શબ્દ જેનો અર્થ સાયણાચાર્ય समृद्धस्य એવો દર્શાવે છે.*

*नाधमानस्य - યાચના કરનારનો नाध् - याच्ञोपतापैश्वर्याशीःषु — એ અર્થવાળા ધાતુથી બનેલો શબ્દ જે માગનાર અથવા અભ્યર્થી એવો અર્થ સૂચવે છે.*

*कीरेः - સ્તુતિ કરનારને. સાયણાચાર્ય करोतेः, कीर्तयतेः - स्तोतुः ભક્ત એવો અર્થ કરે છે.*

*चोदिता - પ્રેરણા આપનાર. प्रेरयिता - આ શબ્દનો આગળના ત્રણેય શબ્દ સાથે યોગ કરીને અર્થ કરવાનો છે. આથી ઈન્દ્ર સમૃદ્ધ, નિર્ધન અને સ્તુતિ કરનાર સર્વને પ્રેરણા આપનાર છે. એવો અર્થ થશે.*

***ब्रह्मन् —** ब्रह्मणः/ब्राह्मणस्य - અહીં — શબ્દ આદ્યુદાત્ત અને અન્તોદાત્ત એમ બે રીતે ઉદાત્ત બની શકે. જ્યારે આદ્યુદાત્ત હોય ત્યારે તેનો અર્થ 'અન્ન' એવો થાય છે. જ્યારે અન્તોદાત્ત હોય ત્યારે તેનો અર્થ 'બ્રાહ્મણ' એવો થાય છે. આથી અહીં બ્રાહ્મણ કે બ્રહ્મનો એવો અર્થ થશે. સાયણાચાર્ય જણાવે છે કે - ब्रह्मशब्दस्य*

त्वन्नपरत्वे ह्याद्युदात्तता स्यात् यथा 'ब्रह्म वन्वानो अजरं सुवीरम्' (ऋ.सं. ३.८.२) इति । अयं त्वन्तोदात्तः पठ्यत इति नान्नपरः ॥

*युक्तग्राव्णः* – આ શબ્દ બહુવ્રીહિ સમાસથી બનેલો હોવાથી તેનો વિગ્રહ આ પ્રમાણે થશે. (सोमसवनाय) युक्तः ग्रावा येन सः – बहुव्रीहिः આનો અર્થ જે (સોમરસ નિચોવવા માટેના) પથ્થર સાથે જોડાયેલો છે તે. એવો થશે.

*सुतसोमस्य* – આ શબ્દ બહુવ્રીહિ સમાસથી બનેલો છે. આથી તેનો વિગ્રહ આ પ્રમાણે થશે. सुतः सोमः येन – बहुव्रीहिः આનો અર્થ – જેણે સોમનું અભિષવણ – નિચોવવાનું કાર્ય કરેલું છે તે. એવો થશે.

---

मन्त्रः – **यस्याश्वासः प्रदिशि यस्य गावो यस्य ग्रामा यस्य विश्वे रथासः ।**
**यः सूर्यं य उषसं जजान यो अपां नेता स जनास इन्द्रः ॥ ७ ॥**

---

**पदपाठः** – यस्य । अश्वासः । प्रऽदिशि । यस्य । गावः । यस्य । ग्रामाः । यस्य । विश्वे । रथासः । यः । सूर्यम् । यः । उषसम् । जजान । यः । अपाम् । नेता । सः । जनासः । इन्द्रः ॥ ७ ॥

**अन्वयः** – हे जनासः ! यस्य प्रदिशि अश्वासः, यस्य गावः, यस्य ग्रामा । यस्य विश्वे रथासः, यः सूर्यं जजान । यः उषसम् । यः अपां नेता । सः इन्द्रः ।

**अर्थः** – હે માનવો ! (અન્તર્યામી તરીકે રહેલા એવા) જેના અનુશાસનમાં અશ્વો રહેલા છે, ગાયો રહેલી છે, ગામડાઓ જેની આજ્ઞામાં રહેલાં છે. જેની આજ્ઞામાં બધા જ રથો રહેલા છે. જેણે (વૃત્રને હણીને) સૂર્યને જન્માવ્યો છે. ઉષાનો ઉદય કર્યો છે. જે સ્વયં પાણીને પ્રેરનાર/ વરસાવનાર છે. તે ઈન્દ્ર છે.

**विशेष :**

*अश्वासः* – अश्वाः આ अश्व શબ્દનું પ્રથમા બહુવચનનું વૈકલ્પિક વૈદિકરૂપ છે.

*प्रदिशि* – આદેશમાં/ અનુશાસનમાં. આ શબ્દનું અનુસંધાન પ્રત્યેક પદાર્થ સાથે કરવાનું છે. આથી ઈન્દ્રની આજ્ઞામાં બધા જ અશ્વો, ગાયો, ગ્રામ-સમુદાયો વગેરે રહેલા છે. તેવો અર્થ થશે.

*अपां नेता* – પાણીઓને લાવનાર. ઈન્દ્ર વર્ષાના દેવ હોવાથી તે વૃત્રનો વધ કરી તેના દ્વારા બાંધવામાં/રોકવામાં આવેલા પાણીને છોડાવીને લાવે છે.

| | |
|---|---|
| मन्त्रः – | **यं क्रन्दसी संयती विह्वयेते परेऽवर उभया अमित्राः ।<br>स मानं चिद्रथमातस्थिवांसा नाना हवेते स जनास इन्द्रः ॥ ८ ॥** |

**पदपाठः –** यम् । क्रन्दसी इति । सं यती इति सम्ऽयती । विह्वयेते इति विऽह्वयेते । परे । अवरे । उभयाः । अमित्राः । स मानम् । चित् । रथम् । आतस्थिऽवांसा । नाना । हवेते इति । सः । जनासः । इन्द्रः ॥ ८ ॥

**अन्वयः –** हे जनासः ! यं क्रन्दसी संयती विह्वयेते । परे अवरे उभयाः अमित्राः समानं रथम् आतस्थिवांसा नाना हवेते । सः इन्द्रः ।

**अर्थः –** હે માનવો ! જેને મોટેથી અવાજ કરતી માનવીય અને દૈવી એમ બંને સેનાઓ પરસ્પર યુદ્ધ કરતી હોવા છતાં પોતાની રક્ષા કાજે પૃથક્ પૃથક્ આવાહન કરે છે. શ્રેષ્ઠ, અધમ અને મિશ્ર એમ બધા જ શત્રુઓ તેને બોલાવે છે. સમાન રથમાં આરોહણ કરનારા પણ અલગ અલગ રીતે ઈન્દ્રને બોલાવે છે. તે ઈન્દ્ર છે.

**विशेष :**

*क्रन्दसी* — रोदसी शब्दं कुर्वाणे माानुषी दैवी च द्वे सेने — ગર્જનાઓ કરતી માનવીય અને દૈવી ગુણોથી યુક્ત બે સેનાઓ.

*संयती* — परस्परं संगच्छन्त्यौ પરસ્પર, એકબીજાની સાથે ચાલતી.

*विह्वयेते* — वि + ह्वेञ् — શબ્દ કરવો. પોતાની રક્ષા માટે વિવિધ રીતે આહ્વાન કરે છે.

*आतस्थिवांसा* – आ + स्था आस्थितौ (સમાન રથમાં ) સારી રીતે બેઠેલા બે.

*हवेते* – आह्वयेते — ह्वेञ् — આહ્વાન કરવું. બે વ્યક્તિઓ આહ્વાન કરે છે.

| | |
|---|---|
| मन्त्रः – | **यस्मान्न ऋते विजयन्ते जनासो यं युध्यमाना अवसे हवन्ते ।<br>यो विश्वस्य प्रतिमानं बभूव यो अच्युतच्युत्स जनास इन्द्रः ॥ ९ ॥** |

**पदपाठः –** यस्मात् । न । ऋते । विऽजयन्ते । जनासः । यम् । युध्यमानाः । अवसे । हवन्ते । यः । विश्वस्य । प्रतिऽमानम् । बभूव । यः । अच्युतऽच्युत् । सः । जनासः । इन्द्रः ॥ ९ ॥

***अन्वयः –*** हे जनासः ! यस्मात् ऋते जनासः न विजयन्ते । युध्यमानाः अवसे यं हवन्ते, यः विश्वस्य प्रतिमानं बभूव । यः अच्युतच्युत् सः इन्द्रः ।

***अर्थः –*** હે મનુષ્યો ! જેના વગર માનવો વિજય પ્રાપ્ત કરી શકતા નથી આથી જ યુદ્ધ કરનારાઓ પોતાની રક્ષા માટે તેને બોલાવે છે. જે વિશ્વનો ઉચ્ચ આદર્શસમાન બન્યો છે. અને વળી, જે સ્થિર રહેનારને પણ અસ્થિર કરવા સમર્થ છે તે ઈન્દ્ર છે.

***विशेष :***

*ऋते – વિના*

*विजयन्ते – વિજય પામે છે. वि+ जि – જીતવું એ અર્થવાળો આ ધાતુ મૂલતઃ પરસ્મૈપદ છે પરંતુ विपराभ्यां जेः – એ સૂત્રના દ્વારા वि ઉપસર્ગના સંયોગમાં આ ધાતુ આત્મનેપદ થાય છે.*

*युध्यमानाः – युध् – संप्रहारे – એ ધાતુનું વર્તમાન કૃદન્ત પુંલ્લિંગ પ્રથમા બહુવચનનું રૂપ.*

*अवसे – રક્ષાના માટે. अव् – रक्षणे – ધાતુના હેત્વર્થ કૃદન્તનો असे પ્રત્યય લાગીને બનેલું રૂપ.*

*हवन्ते – આહ્વાન કરે છે. બોલાવે છે.*

*प्रतिमानं – પ્રતિનિધિ. આદર્શરૂપ.*

*अच्युतच्युत् – अच्युतानां क्षयरहितानां पर्वतादीनां च्यावयिता – ક્ષીણ ન થનારા,સ્થિર રહેનારા, ચ્યુત ન થનારા પર્વત વગેરે પદાર્થો કે વ્યક્તિઓને પણ સ્થાન છોડાવનાર.*

---

*मन्त्रः –* ***यः शश्वतो मह्येनो दधानानमन्यमानाञ्छर्वा जघान ।***
***यः शर्धते नानुददाति शृध्यां यो दस्योर्हन्ता स जनास इन्द्रः ॥ १० ॥***

---

***पदपाठः –*** यः । शश्वतः । महि । एनः । दधानान् । अमन्यमानान् । शर्वा । जघान । यः । शर्धते । न । अनुऽददाति । शृध्याम् । यः । दस्योः । हन्ता । सः । जनासः । इन्द्रः ॥ १० ॥

***अन्वयः –*** हे जनासः ! यः महि एनः दधानान् अमन्यमानान् शश्वतः शर्वा जघान । यः शर्धते शृध्यां नानुददाति । यः दस्योः हन्ता सः इन्द्रः ।

**अर्थः** – હે માનવો ! જેણે મોટું પાપ ધારણ કરનારા અને ઈન્દ્રનું સમ્માન ન કરનારા અનેક શત્રુઓને વજ્રથી હણ્યા. વળી, જે ઉન્માદી પોતાને ન ઓળખનારને પ્રોત્સાહન આપતો નથી. જે લુંટારાઓને હણનાર છે તે ઈન્દ્ર છે.

**विशेष :**

एनः – पापम् – પાપ.

शर्वा – शृणाति शत्रून् अनेन इति शरुर्वज्रः – શત્રુઓને જેના વડે હણવામાં આવે છે તે શરુ – વજ્ર.

जघान – हन् – हिंसागत्योः – હણ્યો.

शृध्याम् – ક્ષમાને. शृध् – उत्साह कर्मणि – એ ધાતુ પરથી બનેલો શબ્દ. અહીં ઈન્દ્ર પોતાના શત્રુને ક્ષમા કરતો નથી તેવો અર્થ દર્શાવાયો છે.

अनुददाति – अनु + दा આપવું અર્થવાળા ધાતુને ઉપસર્ગ લાગતાં અનુમતિ આપવી. કે નમતું જોખવું એવો અર્થ પ્રગટ થાય છે.

दस्योः – શત્રુને. દસ્યુ એટલે એવો આતતાયી કે જે નિર્દોષ લોકોને પીડનાર હોય. અન્યનું દ્રવ્ય આંચકી લેનારને દસ્યુ કહેવામાં આવે છે. ઈન્દ્ર તેનો શાતયિતા – દમન કરનાર છે.

मन्त्रः – **यः शम्बरं पर्वतेषु क्षियन्तं चत्वारिंश्यां शरद्यन्वविन्दत् ।**
**ओजायमानं यो अहिं जघान दानुं शयानं स जनास इन्द्रः ॥ ११ ॥**

**पदपाठः** – यः । शम्बरम् । पर्वतेषु । क्षियन्तम् । चत्वारिंश्याम् । शरदि । अनुऽअविन्दत् । ओजायमानम् । यः । अहिम् । जघान । दानुम् । शयानम् । सः । जनासः । इन्द्रः ॥ ११ ॥

**अन्वयः** – हे जनासः ! यः पर्वतेषु क्षियन्तं शम्बरं चत्वारिंश्यां शरदि अन्वविन्दत् । यः ओजायमानम् अहिं दानं शयानं जघान । सः इन्द्रः ।

**अर्थः** – હે માનવો ! જેણે પર્વતોમાં છુપાઈને રહેલા શમ્બરાસુરને ચાલીસમી શરદઋતુમાં (ચાલીસમા વર્ષે ) શોધી કાઢી હણ્યો હતો. જેણે ઓજસ્વી તથા ઊંઘી રહેલા અહિ – સર્પ સમાન દાનવને હણેલો તે ઈન્દ્ર છે.

***विशेष :***

*क्षियन्तम् – નિવાસ કરી રહેલાને क्षि - निवासे – નિવાસ કરવો. એ અર્થવાળા ધાતુનું વર્તમાન કૃદન્તનું દ્વિતીયા એ.વ.નું રૂપ.*

*चत्वारिंश्याम् – ચાલીસમી(શરદઋતુ)માં. સંસ્કૃતમાં વીસ પછીની સંખ્યાઓ નિત્ય સ્ત્રીલિંગ ગણાય છે. વળી અહીં ચાલીસનો વાચક શબ્દ શરદ્ઋતુનું વિશેષણ હોવાથી પણ સ્ત્રીલિંગમાં પ્રયોજાયેલ છે.*

*ઈન્દ્રે સતત ચાલીસ વર્ષ સુધી શમ્બર નામના અસુરને પર્વતોમાં શોધીને હણ્યો હતો તે ઘટનાનું વર્ણન અહીં ઈન્દ્રના પરાક્રમ તરીકે વર્ણવાયું છે.*

*ओजायमानम् – ઓજસ્વી આચરણ કરી રહેલાને.*

*अहिम् – आहन्तारम् – બધી બાજુથી ગતિરોધ ઊભો કરનારને.*

---

*मन्त्रः –* ***यः सप्तरश्मिर्वृषभस्तुविष्मानवासृजत्सर्तवे सप्त सिन्धून् ।***
***यो रौहिणमस्फुरद्वज्रबाहुर्द्यामारोहन्तं स जनास इन्द्रः ॥ १२ ॥***

---

**पदपाठः –** *यः । सप्तऽरश्मिः । वृषभः । तुविष्मान् । अवऽअसृजत् । सर्तवे । सप्त । सिन्धून् । यः । रौहिणम् । अस्फुरत् । वज्रऽबाहुः । द्याम् । आऽरोहन्तम् । सः । जनासः । इन्द्रः ॥ १२ ॥*

***अन्वयः –*** *हे जनासः ! यः सप्तरश्मिः वृषभः तुविष्मान् सप्त सिन्धून् सर्तवे अवासृजत् । यः वज्रबाहुः द्यां आरोहन्तं रौहिणम् अस्फुरत् सः इन्द्रः ।*

***अर्थः –*** *હે માનવો ! જે સાત કિરણોવાળા, વર્ષાના સ્વભાવવાળા બળવાન્ વૃષભે સાત સમુદ્રોના પાણીને વહેવા માટે છૂટા કર્યા (અથવા સાત નદીઓના પાણીને મુક્ત કર્યા). જે વજ્રબાહુએ દ્યુલોક પર ચડાઈ કરનારા રૌહિણ નામના અસુરને હણ્યો તે ઈન્દ્ર છે.*

***विशेष :***

*सप्तरश्मिः – सप्त रश्मयः यस्य सः – बहुव्रीहिः – સાત કિરણો છે જેના તેવો. અહીં રશ્મિનો અર્થ કિરણ કરતાં સૂર્ય અર્થ પ્રાપ્ત થાય છે. અને રશ્મિ શબ્દનો લગામ એવો અર્થ કરતાં નિયંત્રણ રાખનાર ઈન્દ્ર અર્થ થાય છે.*

*तुविष्मान् – વૃદ્ધિવાળો, બળવાળો.*

*वृषभः* – શબ્દાર્થ તરીકે વૃષભ એટલે આખલો થાય પરંતુ વૈદિક સાહિત્યમાં શ્રેષ્ઠતા, ઉત્તમતા દર્શાવવા માટે, કામનાઓને વરસાવનાર એવા અર્થમાં વૃષભ શબ્દ પ્રયોજાય છે.

*सर्तवे* — સરકવા માટે. सृ — ધાતુનું तवे પ્રત્યય લાગીને બનતું વૈદિક હેત્વર્થ કૃદન્તનું રૂપ.

*रौहिणम्* — રક્તવર્ણના અસુરને. સાયણાચાર્ય આ નામનો અસુર એવો અર્થ કરે છે. જ્યારે જર્મન વિદ્વાન્ હિલેબ્રાન્ડ્ટ તેને રોહિણી નક્ષત્ર સાથે જોડવા પ્રયત્ન કરે છે.

---

*मन्त्रः* – **द्यावा चिदस्मै पृथिवी नमेते शुष्माच्चिदस्य पर्वता भयन्ते ।**
**यः सोमपा निचितो वज्रबाहुो वज्रहस्तः स जनास इन्द्रः ॥ १३ ॥**

---

**पदपाठः** – द्यावा । चित् । अस्मै । पृथिवी इति । नमेते इति । शुष्मात् । चित् । अस्य । पर्वताः । भयन्ते । यः । सोमऽपाः । निऽचितः । वज्रऽबाहुः । यः । वज्रऽहस्तः । सः । जनासः । इन्द्रः ॥ १३ ॥

**अन्वयः** – हे जनासः ! अस्मै द्यावा पृथिवी नमेते । चित् अस्य शुष्मात् पर्वता भयन्ते । यः सोमपाः निचितः वज्रबाहुः यः वज्रहस्तः सः इन्द्रः ।

**अर्थः** – હે માનવો ! આ ઈન્દ્રને દ્યુલોક અને પૃથ્વી નમસ્કાર કરે છે. આના બળથી પર્વતો ભય પામે છે. જે સોમપાન કરનાર સર્વથી બળશાલી, વજ્રસમાન બાહુવાળો, અને જે હાથમાં વજ્ર ધારણ કરનાર છે તે ઈન્દ્ર છે.

**विशेष :**

*नमेते* — નમસ્કાર કરે છે. અહીં દ્યુલોક અને પૃથ્વીલોક ઈન્દ્રને નમસ્કાર કરતા હોવાથી દ્વિવચનનો પ્રયોગ છે.

*शुष्मात्* — બળથી. ઈન્દ્રના બળથી પર્વતો પણ ભય પામે છે.

*निचितः* – नि + चित् દઢશરીરવાળો.

*वज्रबाहुः* – वज्रं बाहौ यस्य सः – बहुव्रीहिः – અહીં શબ્દ આદ્યુદાત્ત હોવાથી વજ્ર છે બાહુમાં જેના તે એવો બહુવ્રીહિ સમાસવાળો અર્થ કરવાનો છે.

*वज्रहस्तः* – वज्रं हस्ते यस्य सः –बहुव्रीहिः – અહીં પણ ઉપરની માફક જ આદ્યુદાત્ત હોવાથી વજ્ર છે હાથમાં જેના તેવો બહુવ્રીહિ સમાસવાળો અર્થ કરવાનો

છે. અહીં ઈન્દ્રના હાથની કઠોરતા દર્શાવવાનો પણ કેટલાક વિદ્વાનોએ પ્રયત્ન કર્યો છે.

---

मन्त्रः – **यः सुन्वन्तमवति यः पचन्तं यः शंसन्तं यः शशमानमूती ।**
**यस्य ब्रह्म वर्धनं यस्य सोमो यस्येदं राधः स जनास इन्द्रः ॥ १४ ॥**

---

**पदपाठः** – यः । सुन्वन्तम् । अवति । यः । पचन्तम् । यः । शंसन्तम् । यः । शशमानम् । ऊती । यस्य । ब्रह्म । वर्धनम् । यस्य । सोमः । यस्य । इदम् । राधः । सः । जनासः । इन्द्रः ॥ १४ ॥

***अन्वयः*** – हे जनासः ! यः सुन्वन्तम् अवति । यः पचन्तं यः ऊती शंसन्तं यः शशमानम् । ब्रह्म यस्य वर्धनं, यस्य सोमः, यस्य इदं राधः सः इन्द्रः ।

***अर्थः*** – હે માનવો ! જે સામે ચાલીને સોમનું સવન કરનારનું રક્ષણ કરે છે. જે સોમને પકાવનારનું રક્ષણ કરે છે, જે પ્રશંસા કરનાર અને સ્તોત્ર ગાનારનું રક્ષણ કરે છે. સ્તોત્રગાન જેનું વર્ધન કરનાર બને છે. સોમ જેને માટે બલવર્ધક બને છે. આ અમારું પુરોડાશાદિ હવિષ્યાન્ન જેના માટે પુષ્ટિવર્ધન કરનારું બને છે. તે ઈન્દ્ર છે.

***विशेष :***

ऊती – ऊतये – સ્વરક્ષણ માટે. અહીં ચતુર્થીનો અંતર્ભાવ થયેલો છે. સાયણાચાર્ય ચતુર્થીપરક અર્થ કરે છે. જ્યારે વેંકટમાધવ તૃતીયાપરક अभिगमनेन – સામે ચાલીને એવો અર્થ કરે છે. જે અહીં વધુ ઉપયુક્ત જણાય છે.

राधः – अन्नम् – પુરોડાશ વગેરે લક્ષણોથી યુક્ત અન્ન.

ब्रह्म – परिवृढं स्तोत्रम् – બ્રહ્મનો અર્થ અહીં શબ્દ/મન્ત્ર એવો કરવામાં આવ્યો છે.

આ મન્ત્રમાં કેટલાક વર્તમાન કૃદન્ત દ્વિતીયા એ.વ.ના રૂપો ધ્યાનાસ્પદ છે.

सुन्वन्तम् – सु – अभिषवे નિચોવી રહેલાને, पचन्तम् – पच् – पाके રાંધી રહેલાને, शंसन्तम् – शशमानम् शंस् – स्तुतौ સ્તુતિ કરી રહેલાને

---

मन्त्रः – **यः सुन्वते पचते दुध्र आ चिद्वाजं दर्दर्षि स किलासि सत्यः ।**
**वयं त इन्द्र विश्वहं प्रियासः सुवीरासो विदथमा वदेम ॥ १५ ॥**

---

**पदपाठः** - य: । सुन्वते । पचते । दुध्रः । आ । चित् । वाजम् । दर्दर्षि । सः । किल । असि । सत्यः । वयम् । ते । इन्द्र । विश्वह । प्रियासः । सुऽवीरासः । विदथम् । आ । वदेम ॥ १५ ॥

**अन्वयः** - हे इन्द्र ! यः दुध्रः सुन्वते पचते वाजाम् आ दर्दर्षि । सः सत्यः असि । किल ते प्रियासः सुवीरासः वयं विश्वह विदथम् आ वदेम ।

**अर्थः** - હે ઈન્દ્ર ! જે ધારણ કરવો દુષ્કર એવો તું સોમનું અભિષવણ કરનાર યજમાનને પુષ્કળ પ્રમાણમાં અન્ન અને બળ આપે છે. તે તું ખરેખર અસ્તિત્વ ધરાવનાર છો. અને વળી, તારા પ્રિય એવા અમે ઔરસ પુત્રોની સાથે દરરોજ સ્તોત્રનું ગાન કરીએ.

**विशेष :**

दुध्रः - दुर्धरः - ખાળવો દુષ્કર, જેનો સામનો કરવો મુશ્કેલ હોય તેવો

सुन्वते – सोमाभिषवं कुर्वते – સોમરસનું અભિષવણ કરનારને

वाजम् – अन्नं नाम - અન્ન

दर्दर्षि - दृ – पौनःपुन्येन आद्रियसे – આ રૂપ પૌનઃપુન્યાર્થક પ્રયોગનું છે. આથી તેનો અર્થ વારંવાર પુરસ્કાર આપે છે. સાયણાચાર્ય અહીં વારંવાર પ્રાપ્ત કરાવે છે એવો અર્થ કરે છે.

विश्वह – सर्वेष्वहःसु – દરરોજ, સર્વદા

विदथम् – स्तोत्रम् – પ્રિય વચનો, સ્તુતિ

## 2.3 તમારી પ્રગતિ ચકાસોઃ

### 2.3.1 નીચેના શબ્દો વિશે વિવરણાત્મક નોંધ લખો

१ - सप्तसिन्धून्, २ – अकः , ३ – चत्वारिंश्याम्, ४ - सप्तरश्मिः , ५ - ऊती

ઉત્તરો -

सप्तसिन्धून् –

*अक: –*

*चत्वारिंश्याम् –*

*सप्तरश्मि: –*

*ऊती –*

## 2.3.2 યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેની ખાલી જગ્યા પૂરો

૧) ઋગ્વેદમાં ઇન્દ્રને ઉદ્દેશીને ———— સૂક્તો પ્રયોજાયાં છે. (૨૫૦, ૨૦૦, ૧૦૦)

૨) આમાંથી ———— વિશેષણ ઈન્દ્ર માટે પ્રયોજાયું છે. (પુરંદરઃ, પ્રજાપતિઃ, જાતવેદાઃ)

૩) ઈન્દ્રએ ———— પર્વતોને સ્થિર કર્યા છે. (ધ્રુજતા, ડૂબતા, ઊડતા)

૪) સોમ-સવન કરનારનું રક્ષણ ———— કરે છે. (અગ્નિ, વરુણ, ઈન્દ્ર)

૫) શ્વઘ્ની એટલે ————. (શિકારી, માછીમાર, પારધી)

**(જવાબ –**

**)**

### 2.3.3 નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો

૧) ઈન્દ્ર શત્રુઓનું દ્રવ્ય કઈ રીતે લઈ લે છે ?

૨) વૃત્રહા કોણ છે ?

૩) સમૃદ્ધને કોણ પ્રેરણા આપે છે ?

૪) ઈન્દ્રની આજ્ઞામાં કોણ – કોણ રહેલું છે ?

૫) અહિ, વૃત્ર વગેરેનો વધ કરી ઈન્દ્ર કોને મુક્ત કરાવે છે ?

### 2.3.4 નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો

૧) ઈન્દ્રનું સ્વરૂપ

૨) ઈન્દ્ર એક પરાક્રમી દેવ અને રાજા તરીકે

૩) ઈન્દ્રસૂક્તનું રસદર્શન કરાવો અથવા ઋગ્વેદ ૨.૧૨ના આધારે ઈન્દ્રનો મહિમા વર્ણવો.

ooo

એકમ 3

# विश्वामित्र - नदीसूक्तम् ( ऋग्वेद – ३.३३ )

## : રૂપરેખા :

**3.0** ઉદ્દેશ્ય
**3.1** પ્રસ્તાવના
**3.2** विश्वामित्र - नदीसूक्तम् (ऋग्वेद – ३.३३)
**3.3** તમારી પ્રગતિ ચકાસો

## 3.0 ઉદ્દેશ્ય :

૧) વિદ્યાર્થીઓ વૈદિક સંસ્કૃતિથી માહિતગાર થાય.

૨) વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિની પ્રાચીન સાહિત્યિક સમૃદ્ધિથી વાકેફ થાય.

૩) વિદ્યાર્થીઓ ઋગ્વેદના સાહિત્યને સમજે.

૪) વિદ્યાર્થીઓ ઋગ્વેદના સંવાદસૂક્તો અને તેની ઐતિહાસિકતા વિશે માહિતી મેળવે.

## 3.1 પ્રસ્તાવના

ઋગ્વેદ વિશ્વનો પ્રાચીન દસ્તાવેજ ગણાય છે. આથી જ તેમાંથી વિશ્વના ઈતિહાસ સાથે જોડાયેલા સંદર્ભો શોધવાના પ્રયત્નો થયેલ છે. જેના પરિણામે દાશરાજ્ઞસૂક્ત, જેવી યુદ્ધકથા તેમજ વિવિધ સંવાદસૂક્તોના માધ્યમથી ઈતિહાસ, કાવ્યતત્ત્વ, કથાતત્ત્વ જેવી બાબતો શોધવામાં સફળતા પ્રાપ્ત થયેલ છે.

ઋગ્વેદમાં કેટલાક સ્થાનો પર સંવાદસૂક્તો આવેલા છે. જેમ કે પુરુરવા-ઉર્વશી સંવાદ સૂક્ત, યમ-યમી સંવાદ સૂક્ત, વિશ્વામિત્ર-નદી સંવાદસૂક્ત વગેરે. અહીં ઋગ્વેદના સૌથી જૂના મંડલોમાંના એક અને વિશ્વામિત્ર ઋષિનું દર્શન ગણાય છે તેવા ત્રીજા મંડલમાં આવતા વિશ્વામિત્ર-નદી સંવાદસૂક્ત વિદ્યાર્થીઓના અધ્યયન અર્થે પ્રસ્તુત છે.

અહીં વિપાટ્/વિપાશા (બિયાસ) - શુતુદ્રી (સતલજ) નદીઓ તેમજ વિશ્વામિત્રનો સંવાદ રજૂ કરવામાં આવેલ છે. જેમાં વિશ્વામિત્ર પોતાના યજમાન રાજા પૈજવન સુદાસને નદીઓને ઓળંગી સામે પાર જવા માર્ગ કરવા માટે નદીઓને

વિનંતી + સ્તુતિ કરે છે. જેના પરિણામે નદીઓ ઋષિના વચનનું સમ્માન કરી માર્ગ આપે છે. જેથી સુદાસ વિશ્વવિજયથી અને તેના પુરોહિત વિશ્વામિત્ર દક્ષિણામાં મળેલું ધન લઈને ગાડાં, માલસામાન સહિત નદી ઓળંગી જાય છે અને નદીઓ પૂર્વવત્ થાય છે.

## 3.2 विश्वामित्र - नदीसूक्तम् ( ऋग्वेद – ३.३३ )

***( ४-६-८-१० नद्यौ - ऋषी, १-३,५,७,९,११,१२ विश्वामित्रः ऋषिः, इन्द्रो देवता, १-१२ त्रिष्टुप् छन्दः, १३-अनुष्टुप् छन्दः )***

*मन्त्रः* – **प्र पर्वतानामुशती उपस्थादश्वेइव विषिते हासमाने ।
गावेव शुभ्रे मातरा रिहाणे विपाट्छुतुद्री पयसा जवेते ॥ १ ॥**

**पदपाठः** – प्र । पर्वतानाम् । उशती इति । उपऽस्थात् । अश्वे इवेत्यश्वेऽइव । विसिते इति विऽसिते । हासमाने इति । गावाऽइव । शुभ्रे इति । मातरा । रिहाणे इति । विऽपाट् । शुतुद्री । पयसा । जवेते इति ॥ १ ॥

**अन्वयः** – पर्वतानां उपस्थाद् उशती यथा विषिते हासमाने अश्वेइव गावेव शुभ्रे मातरा रिहाणे । पयसा विपाट् शुतुद्री प्रजवेते ।

**अर्थः** – પર્વતોના ખોળામાંથી નીકળીને સમુદ્રને પામવા પરસ્પરની સ્પર્ધા કરતી, દોડતી બે ઘોડીઓની માફક, (પોતાના વત્સને) ચાટતી બે શ્વેતવર્ણની ગાયોની માફક, વિપાટ્ (હાલની વ્યાસ/બિયાસ) અને શુતુદ્રી (હાલની સતલજ) નામની બે નદીઓ ધસમસતા વેગથી વહી રહી છે.

***विशेष :***

*उषती* – समुद्रगमनं कामयमाने । (સમુદ્ર તરફ જવાની ) ઈચ્છાવાળી. ઈચ્છવું, ઝંખવું એવા અર્થવાળા वश् – ધાતુનું વર્તમાન કૃદન્તનું રૂપ.

*हासमाने* – अन्योन्यजवेन स्पर्धमाने यद्वा हृष्यन्त्यौ । हास् – સ્પર્ધા કરવી. એ અર્થવાળા ધાતુંનું વર્તમાન કૃદન્ત, સ્ત્રી. પ્ર. દ્વિ.વચન., અહીં બે નદીઓ હોવાથી દ્વિવચન પ્રયોજાયું છે.

*रिहाणे* – लिह् - आस्वादने, अन्तर्णीतसनर्थो लिहिः । लकारस्य रेफश्छान्दसः । ચાટવું, ચાખવું એવા અર્થવાળા लिह् ધાતુને ઈચ્છાર્થક सन् પ્રત્યય કલ્પી, લ નું ર માં પરિવર્તન કરી ધાતુનો અર્થ કરવા વિશે સાયણાચાર્ય સૂચવે છે. આથી અહીં रिहाणे

નો અર્થ (જાણે પોતાના વાછરડાને જીભ થકી) ચાટવા (વ્હાલ કરવા) ઈચ્છતી (ઉતાવળી બનેલી બે ગાયોની માફક) એવો થશે.

*विपाट्* – *कूलविपाटनात्, विपाशनाद्वा विमोचनाद्वा विपाट् ।* નદીમાં પૂર આવતાં કિનારાને તોડી નાખતી હોવાથી, તટવર્તી પ્રદેશોને વેરવિખેર કરી નાંખતી હોવાથી વિપાટ્ એવું નામ પડ્યું. જે આજે બિયાસ એવા નામથી પ્રસિદ્ધ છે. આ નદી પંજાબ/સિંધ પ્રાન્તમાં વહે છે.

*शुतुद्री* – *शु – क्षिप्रं तु – तुन्नेव द्रवति गच्छति इति शुतुद्री ।* ખુબ જ ઝડપથી તાણી જવાની હોય તેવી રીતે ગતિ કરતી હોવાથી આ નદીનું નામ શુતુદ્રી પડ્યું. હાલમાં આ નદી સતલજના નામથી પ્રસિદ્ધ છે. તે પણ પંજાબ/સિંધ પ્રાન્તમાં વહે છે.

*जवेते* – *जुङ्—गतौ, समुद्रं प्रति शीघ्रं गच्छतः ।* વિપાશા અને શુતુદ્રી નદીઓ સમુદ્રને મળવા માટે અત્યંત શીઘ્રતાથી ગતિ કરતી હોવાથી તેનું ઉતાવળાપણું દર્શાવાયું છે.

અહીં મન્ત્રમાં અશ્વાઓ (ઘોડીઓ) અને ગાયોની ઉપમાઓ દ્વારા બંને નદીઓ અત્યંત વેગપૂર્વક બંને કાંઠે વહી રહી હોવાથી અને બંનેનું ઊંડાણ પણ ખૂબ હોવાથી આ પરિસ્થિતિમાં તેને પાર કરવી અત્યંત દુષ્કર હોવાનું દર્શાવાયું છે.

*मन्त्रः* – **इन्द्रेषिते प्रसवं भिक्षमाणे अच्छा समुद्रं रथ्येव याथः ।**
**समाराणे ऊर्मिभिः पिन्वमाने अन्या वामन्यामप्येति शुभ्रे ॥ २ ॥**

**पदपाठः** – इन्द्रेषिते इतीन्द्रऽइषिते । प्रऽसवम् । भिक्षमाणे इति । अच्छ । समुद्रम् । रथ्याऽइव । याथः । समाराणे इति सम्ऽआराणे । ऊर्मिऽभिः । पिन्वमाने इति । अन्या । वाम् । अन्याम् । अपि । एति । शुभ्रे इति ॥ २ ॥

**अन्वयः** – हे नद्यौ ! इन्द्रेषिते प्रसवं भिक्षमाणे समुद्रम् अच्छ याथः । समाराणे ऊर्मिभिः पिन्वमाने शुभ्रे (समुद्रं गच्छथः) वाम् अन्या अपराम् अप्येति ।

**अर्थः** – (વિશ્વામિત્ર નદીઓને ઉદ્દેશીને કહે છે) હે નદીઓ ! તમે બંને ઈન્દ્રની અનુજ્ઞા માગીને જેવી રીતે રથીઓ પોતાના ગન્તવ્ય તરફ યાત્રા કરે તેમ સમુદ્ર તરફ જાઓ છો. લહેરો વડે એક – બીજીને પુષ્ટ કરતી એવી તમે બંને સમુદ્ર તરફ જાઓ છો. હે શોભાયમાન નદીઓ ! તમારામાંની એક નદી બીજી નદીને મળીને પરસ્પરનુ ઐક્ય સાધે છે.

***विशेष :***

*प्रसवम् — સાયણ- રજા, પરવાનગી, વેલણકર - પ્રેરણા પામેલ કે ઉત્તેજિત પ્રવાહ सू — प्रसवे, अभिषवे — જન્માવવું કે નિચોવવું અર્થવાળા ધાતુ પરથી બનેલો શબ્દ.*

*भिक्षमाणे — માંગવું. भिक्ष् – याचने ધાતુનું વર્તમાન કૃદન્તનું સપ્તમી એ.વ.નું રૂપ.*

*रथ्या – रथी શબ્દનું પ્રથમા દ્વિવચન. रथ्यौ નું વૈદિક રૂપ આકારાન્ત પણ થાય છે. બે રથીઓ.*

*समाराणे — सम् + ऋ – જવું એ અર્થવાળા ધાતુનું પરોક્ષ ભૂતકૃદન્તનું સ્રીલિંગી દ્વિ.એ.વ.*

*पिन्वमाने — સીંચી રહેલી, છાંટી રહેલી, ઊભરાતી, પરિપુષ્ટ બનતી.*

---

*मन्त्रः –* **अच्छा सिन्धुं मातृतामामयासं विपाशमुर्वी सुभगामगन्म ।**
**वत्समिव मातरा संरिहाणे समानं योनिमनु सञ्चरन्ती ॥ ३ ॥**

---

**पदपाठः –** *अच्छ । सिन्धुम् । मातृऽतमाम् । अयासम् । विऽपाशम् । उर्वीम् । सुऽभगाम् । अगन्म । वत्सम्ऽइव । मातरा । संरिहाणे इति सम्ऽरिहाणे । समानम् । योनिम् । अनु । संचरन्ती इति सम्ऽचरन्ती ॥ ३ ॥*

***अन्वयः –*** *हे नद्यौ ! मातृतमां सिन्धुम् अच्छ अयासम् । उर्वी सुभगां विपाशम् अगन्म । मातरा वत्समिव संरिहाणे समानं योनिम् अनुसञ्चरन्ती (युवाम् अयासम् ) ।*

***अर्थः –*** *(વિશ્વામિત્ર કહે છે) હે નદીઓ ! શ્રેષ્ઠ માતા શુતુદ્રી નદી પાસે હું આવી પહોંચ્યો છું. વિસ્તીર્ણ પટવાળી સારા ચિહ્નોવાળી વિપાશ નદી પાસે અમે આવી પહોંચ્યા છીએ. પોતાના વાછરડાને વહાલ કરતી બે માતાઓ સમાન આ બે નદીઓ સમાન ગન્તવ્ય તરફ અનુસરી રહી છો.*

***विशेष :***

*अयासम् – या પ્રાપ્ત કરવું. એ ધાતુના ભૂતકાળ ઉત્તમ પુરુષ એ.વ. આવી પહોંચ્યો છું., પ્રાપ્ત થયો છું.*

*योनिम् — નિવાસસ્થાન, ઉત્પત્તિસ્થાન. અહીં લક્ષણાથી નદીના વહેણનું પાત્ર એવો અર્થ પરાંજપે દ્વારા દર્શાવાયો છે. ડો. એચ.ડી. વેલણકર નદીના સંદર્ભમાં*

'આશ્રયસ્થાન' કે 'નદીનું વહેવાનું પાત્ર (બે કાંઠા વચ્ચેનો વહેણનો માર્ગ)' અર્થ કરે છે. સાયણ અને વેંકટમાધવ — સમુદ્ર એવો અર્થ કરે છે. જ્યારે નિરુક્ત योनि इति गृहनाम એમ જણાવે છે.

सञ्चरन्ती — सम् + चर् — ફરવું. એ ધાતુનું વર્તમાન કૃદન્તનું સ્ત્રીલિંગ પ્રથમા દ્વિ.વ. સાયણ ભાષ્યમાં વ્યાખ્યા કરતાં જણાવે છે — सम्यक् चरन्त्यौ

मन्त्रः – **एना वयं पयसा पिन्वमाना अनु योनिं देवकृतं चरन्तीः ।**
**न वर्तवे प्रसवः सर्गतक्तः किंयुर्विप्रो नद्यो जोहवीति ॥ ४ ॥**

**पदपाठः –** एना । वयम् । पयसा । पिन्वमानाः । अनु । योनिम् । देवऽकृतम् । चरन्तीः । न । वर्तवे । प्रऽसवः । सर्गऽतक्तः । किम्ऽयुः । विप्रः । नद्यः । जोहवीति ॥ ४ ॥

**अन्वयः –** एना पयसा पिन्वमानाः देवकृतं योनिम् अनु चरन्तीः वयम् (आस्महे) । सर्गतक्तः प्रसवः न वर्तवे । किंयुः विप्रो नद्यो जोहवीति ।

**अर्थः –** (નદીઓ કહે છે) આ જલથી પરિપુષ્ટ બનેલી અમે દેવતાઓ દ્વારા નિર્મિત અમારા પ્રાપ્તવ્ય તરફ જઈએ છીએ. અમારો પ્રવાહ વેગવાળો હોવાને લીધે રોકી શકાય તેમ નથી. શા પ્રયોજનથી વિપ્ર અમને વારંવાર બોલાવી રહ્યો છે ?

**विशेष :**

वयम् – अस्मद् प्रथमा ब.व. અહીં નદીઓ પોતાના માટે બોલતી હોવાથી દ્વિવચન અપેક્ષિત હોવા છતાં બહુવચન પોતાના પ્રત્યેના આદરને વ્યક્ત કરવા માટે પ્રયોજાયું છે.

सर्गतक्तः – વેગથી ધસમસતો. सर्ग — सृज् — विसर्गे — છોડવું, છૂટું મૂકવું, ઉપરથી બનેલું નામ सर्ग અને तक् — ધસી જવું, આક્રમણ કરવું. क्त પ્રત્યય લાગીને કર્મણિ ભૂતકૃદન્તનું રૂપ. આ બંનેનું સામાસિકરૂપ બને છે.

किंयुः – किम् સર્વનામને ઈચ્છાર્થક यु પ્રત્યય લાગીને આ રૂપ બને છે.

जोहवति – ह्वे — સ્પર્ધા કરવી, પડકાર આપવો, બોલાવવું, આહ્વાન કરવું વગેરે અર્થોવાળા ધાતુનું પૌનઃપુન્યાર્થક પ્રયોગનું પરસ્મૈપદ વર્તમાનકાળ પ્રથમ(અન્ય)પુરુષ એ.વ.

मन्त्रः – **रमध्वं मे वचसे सोम्याय ऋतावरीरुप मुहूर्तमेवैः ।**
**प्र सिन्धुमच्छा बृहती मनीषावस्युरह्वे कुशिकस्य सूनुः ॥ ५ ॥**

**पदपाठः** – रमध्वम् । मे । वचसे । सोम्याय । ऋतऽवरीः । उप । मुहूर्तम् । एवैः । प्र । सिन्धुम् । अच्छ । बृहती । मनीषा । अवस्युः । अह्वे । कुशिकस्य । सूनुः ॥ ५ ॥

**अन्वयः** – ऋतावरीः मे सोम्याय वचसे एवैः मुहूर्तम् उपरमध्वम् । कुशिकस्य सूनुः बृहती मनीषा अवस्युः सिन्धुं अच्छ प्राह्वे ।

**अर्थः** – (વિશ્વામિત્ર કહે છે) હે ઋતનું પાલન કરનારી નદીઓ ! મારા સોમયુક્ત વચનો માટે થઈને તમે મુહૂર્તભર/થોડીવાર પૂરતું ઊભી રહી જાઓ. બહુ મોટી આશા અને મદદની ઈચ્છા ધરાવતો કુશિકનો પુત્ર હું આપને સારા વચનો વડે બોલાવું છું.

**विशेष :**

सोम्याय वचसे उपरमध्वम् — સોમ સાથે સમ્બદ્ધ અથવા સોમ સમાન રસસભર એવા વચન થકી પ્રસન્ન થાઓ. અહીં આ વાક્ય વિશ્વામિત્ર બે નદીઓને ઉદ્દેશીને બોલતા હોવાથી દ્વિવચનનું ક્રિયાપદ અપેક્ષિત હોવા છતાં નદીઓ પ્રત્યે સમ્માન દર્શાવવા બહુવચન પ્રયોજાયું છે.

ऋतवरीः – આ શબ્દ વેદમાં સર્વત્ર ऋतावरी એમ છાન્દસ દીર્ઘવાળો જ જોવા મળે છે.

एवैः – एव – ગમનમાર્ગ. શબ્દના તૃ.બ.વ.નું રૂપ. સાયણાચાર્ય અહીં પંચમીના અર્થમાં તૃતીયા પ્રયોજાયેલ માને છે. આથી ગમનમાર્ગમાંથી એવો અર્થ થશે.

अह्वे — ह्वे — આહ્વાન કરવું., બોલાવવું, ઉદ્‌બોધન કરવું.નું અદ્યતન ભૂતકાળ ઉત્તમ(પ્રથમ)પુરુષ એ.વ.

बृहती मनीषा – તૃતીયા અથવા પ્રથમા વિભક્તિ લઈ શકાય. ઉત્કૃષ્ટ સ્તુતિ કે સ્તુતિ થકી.

मन्त्रः – **इन्द्रो अस्माँ अरदद्वज्रबाहुरपाहन्वृत्रं परिधिं नदीनाम् ।**
**देवोऽनयत्सविता सुपाणिस्तस्य वयं प्रसवे याम उर्वीः ॥ ६ ॥**

**पदपाठः** – इन्द्रः । अस्मान् । अरदत् । वज्रऽबाहुः । अप । अहन् । वृत्रम् । परिऽधिम् । नदीनाम् । देवः । अनयत् । सविता । सुऽपाणिः । तस्य । वयम् । प्रऽसवे । यामः । उर्वीः ॥ ६ ॥

**अन्वयः** – (हे विश्वामित्र !) वज्रबाहुः इन्द्रो अस्मान् अरदत् । नदीनां परिधिं वृत्रम् अपाहन् । देवः सविता सुपाणिः अनयत् । तस्य प्रसवे उर्वीः वयं यामः ।

**अर्थः** – (નદીઓ બોલે છે) હાથમાં વજ્રધારણ કરનાર ઈન્દ્રએ અમારો માર્ગ બનાવી આપ્યો છે. નદીઓને રોકી રાખનાર વૃત્રને હણી નાખ્યો છે, સારા હાથવાળા દેવ સવિતા અમને માર્ગદર્શન કરે છે. તેની આજ્ઞા પ્રમાણે વિસ્તરતી એવી અમે જઈ રહી છીએ.

**विशेष :**

अरदत् — रद् — તોડવું, ચાવી જવું, ખોદવું. એ અર્થવાળા ધાતુના હ્યસ્તન ભૂતકાળ પ્રથમ (અન્ય) પુરુષ એ.વ.

अप अहन् — अप + हन् મારવું, હણવું, તોડવું, જવું નું હ્યસ્તન ભૂ.કા. પ્રથમ(અન્ય) પુરુષ એ.વ. દૂર કર્યા અથવા દૂર લઈ જઈને માર્યો.

परिधिम् — परि + धा આવરી લેવું, ઘેરી વળવું, અહીં આવરી લેવાયેલ, ઘેરાયેલ.

सुपाणिः – કુશળ હાથવાળો.

---

मन्त्रः – **प्रवाच्यं शश्वधा वीर्य१न्तदिन्द्रस्य कर्म यदहिं विवृश्चत् ।**
**वि वज्रेण परिषदो जघानायन्नापोऽयनमिच्छमानाः ॥ ७ ॥**

---

**पदपाठः** – प्रऽवाच्यम् । शश्वधा । वीर्यम् । तत् । इन्द्रस्य । कर्म । यत् । अहिम् । विऽवृश्चत् । वि । वज्रेण । परिऽसदः । जघान । आयन् । आपः । अयनम् । इच्छमानाः ॥ ७ ॥

**अन्वयः** – यत् अहिं विवृश्चत् तत् कर्म इन्द्रस्य वीर्यं शश्वधा प्रवाच्यम् । परिषदः वज्रेण विजघान । अयनम् इच्छमानाः आपः आयन् ।

**अर्थः** – (વિશ્વામિત્ર કહે છે) ઈન્દ્રનું અહિને વિદીર્ણ કરી નાખવા રૂપી પરાક્રમ સર્વદા પ્રશંસનીય છે. વજ્ર વડે તટોનું ભંજન કર્યું અને માર્ગ — મુખ શોધતી નદીઓના પાણી વહી નીકળ્યા.

**विशेष :**

*प्र वाच्यम्* – प्र + वच् – કહેવું, બોલવું, નિરૂપણ કરવું. એ અર્થવાળા ધાતુનું વિધ્યર્થ કૃદન્ત. ઉપસર્ગને લીધે સારી રીતે બોલવા યોગ્ય, નિરૂપવા યોગ્ય એવો અર્થ ગ્રહણ થાય.

*शश्वधा* – (અવ્યય) શશ્વત્ – એટલે હંમેશા એવા શબ્દને પ્રકાર એવા અર્થવાળો ધા પ્રત્યય લગાડવાથી આ શબ્દ બને. જેનો અર્થ હંમેશા, સદાય, બધી રીતે એવો કરી શકાય. આ શબ્દ સમગ્ર ઋગ્વેદમાં માત્ર અહીં જ પ્રયોજાયો છે.

*विवृश्चत्* – वि + व्रश्च – છેદવું, કાપવું, એ અર્થવાળા ધાતુનું હ્યસ્તન ભૂતકાળ પ્રથમ(અન્ય)પુરુષ એ.વ. – છેદ્યું, કાપ્યું, તોડ્યું.

*परिषदः* – परि + सद् – ગતિ કરવી. એ ધાતુ પરથી બનેલ નામ. આ શબ્દનો વેંકટમાધવ અને સાયણ – ચારેબાજુ બેઠેલા એવો અર્થ કરે છે. જ્યારે ગ્રાસમાન - ઘેરી વળનારા, વેલણકર – આડે આવનારા એવો અર્થ કરે છે.

*अयनम्* – સ્થાન. બહાર નીકળવાનો માર્ગ.

---

मन्त्रः – **एतद्वचो जरितर्मापि मृष्ठा आ यत्ते घोषानुत्तरा युगानि ।**
**उक्थेषु कारो प्रति नो जुषस्व मा नो नि कः पुरुषत्रा नमस्ते ॥ ८ ॥**

---

**पदपाठः** – एतत् । वचः । जरितः । मा । अपि । मृष्ठाः । आ । यत् । ते । घोषान् । उत्ऽतरा । युगानि । उक्थेषु । कारी इति । प्रति । नः । जुषस्व । मा । नः । नि । करिति कः । पुरुषऽत्रा । नमः । ते ॥ ८ ॥

**अन्वयः** – हे जरितः (हे विश्वामित्र !) ! ते एतत् यत् वचः आघोषान् मा अपि मृष्ठाः । उत्तरा युगानि उक्थेषु कारी नः प्रतिजुषस्व । नः पुरुषत्रा मा नि कः । ते नमः ।

**अर्थः** – (નદીઓ કહે છે) હે સ્તોતા ! આ વાણીને વિસરી જઈશ નહીં. જેથી કરીને ભવિષ્યમાં યુગો તે વાણીનો ઘોષ કરે. હે કવિ ! સ્તોત્રકાવ્યોમાં તું અમારો સ્વીકાર કર. લોકોમાં અમને તિરસ્કારપાત્ર ન બનવા દઈશ. તને નમસ્કાર હજો.

**विशेष :**

*जरितः* – जॄ –स्तुतौ એ પરથી બનેલ કર્તૃવાચક નામપદનું સંબોધન. હે સ્તુતિ કરનાર.

*मा अपि मृष्ठाः – मा + अपि + मृष् — विस्मरणे – ભૂલી જવું. ધાતુનું અદ્યતન ભૂતકાળ મધ્યમ પુરુષ એ.વ.નું રૂપ. અહીં मा — અવ્યયનો યોગ હોવાને લીધે ભૂતકાળના ક્રિયાપદમાં આગળ લાગતો अट् आगम નો अ દૂર કરવામાં આવેલો છે.*

*आ घोषान् — आ + घुष् — शब्दे – અવાજ કરવો, ઘોષણા કરવી, જાહેરાત કરવી. નું વૈદિક સંકેતાર્થ (लेट् लकार)નું પ્રથમ(અન્ય)પુરુષ બ.વ.નું રૂપ.*

*उक्थेषु — સ્તોત્રોમાં.*

*मा नि कः – मा + नि + कृ — અપમાનિત કરવું. મૂલતઃ कृ – કરવું. ધાતુનું અદ્યતન ભૂતકાળનું રૂપ છે. પરંતુ नि ઉપસર્ગના યોગમાં ધાતુનો અર્થ બદલાતાં તથા मा — અવ્યયનો યોગ હોવાને લીધે ભૂતકાળના ક્રિયાપદમાં આગળ લાગતો अट् आगम નો अ દૂર કરવામાં આવેલો છે.*

*पुरुषत्रा – લોકોની મધ્યમાં. અહી આવેલો त्र પ્રત્યય — ની વચ્ચે, -ની મધ્યમાં, એવા અર્થમાં લગાડવામાં આવે છે.*

---

*मन्त्रः –* **ओ षु स्वसारः कारवे शृणोत ययौ वो दूरादनसा रथेन ।**
**नि षू नमध्वं भवता सुपारा अधोअक्षाः सिन्धवः स्त्रोत्याभिः ॥ ९ ॥**

---

**पदपाठः –** *ओ इति । सु । स्वसारः । कारवे । शृणोत । ययौ । वः । दूरात् । अनसा । रथेन । नि । सु । नमध्वम् । भवत । सुऽपाराः । अधःऽअक्षाः । सिन्धवः । स्त्रोत्याभिः ॥ ९ ॥*

**अन्वयः –** *हे स्वसारः ! कारवे सु ओ शृणोत । अनसा रथेन दूरात् वः ययौ । सु नि नमध्वम् । सुपाराः भवत । स्त्रोत्याभिः अधोअक्षाः सिन्धवः (भवत) ।*

**अर्थः –** *(વિશ્વામિત્ર કહે છે) હે બહેનો ! આ સ્તોત્ર રચનારના વચનને સાંભળો. એ તમારી પાસે દૂરથી ગાડા અને રથ વડે આવ્યો છે. કૃપા કરીને તમે ખૂબ જ નીચા નમો. હે નદીઓ ! તમે સહેલાઈથી પાર કરી શકાય તે માટે નીચા પ્રવાહવાળી બનો. (જેથી રથ-ગાડા વગેરે લઈ જઈ શકાય ત્યારબાદ ફરીને પૂર્વવત્ પાણીવાળી બની જજો.)*

***विशेष :***

*सुपाराः – સહેલાઈથી પાર કરી શકાય તેવી.*

*अधो अक्षाः – ધરીની નીચે રહે તેવા.*

*अनसा* – ઋગ્વેદમાં અન્ય સ્થાનોમાં *अनस्* રથના અર્થમાં પ્રયોજાયેલ છે. જ્યારે અહીં ગાડાના અર્થમાં પ્રયોજાયેલ છે.

मन्त्रः – **आ ते कारो शृणवामा वचांसि ययाथ दूरादनसा रथेन ।**
**नि ते नंसै पीप्यानेव योषा मर्यायेव कन्या शश्वचै ते ॥ १० ॥**

**पदपाठः** – आ । ते । कारो इति । शृणवाम । वचांसि । ययाथ । दूरात् । अनसा । रथेन । नि । ते । नंसै । पीप्यानाऽइव । योषा । मर्यायऽइव । कन्या । शश्वचै । त इति ते ॥ १० ॥

**अन्वयः** – कारो (हे विश्वामित्र !) ते वचांसि आ शृणवाम । दूरात् अनसा रथेन ययाथ । ते नि नंसै पीप्यानैव योषा । कन्या मर्यायेव शश्वचै (तद्वत्) ते ।

**अर्थः** – (નદીઓ કહે છે) હે સ્તોતા ! અમે તારાં વચનો સાંભળીએ છીએ. તું બહુ દૂરથી ગાડાં – રથ લઈને આવ્યો છે. (એક નદી કહે છે-) તારે માટે બાળકને સ્તનપાન કરાવતી માતાની માફક હું નમું છું. (બીજી નદી કહે છે-) મનુષ્ય પ્રત્યે જેમ કન્યા તેમ હું તારે માટે થઈને નમું છું.

**विशेष :**

*शृणवामा* – *शृणवाम* – *श्रु* – સાંભળવું એ ધાતુનું આજ્ઞાર્થ ઉત્તમ(પ્રથમ)પુરુષ બહુવચનનું રૂપ છે. અમે બધા સાંભળીએ. અહીં છાન્દસ દીર્ઘ થયેલ છે.

*नंसै* – *नम्* – નમવું એ ધાતુનું વૈદિક સંકેતાર્થ (लेट् लकार) ઉત્તમ (પ્રથમ) પુરુષ એ.વ. – હું નમું છું.

*पीप्याना* – *प्यै* – *वृद्धौ* – વૃદ્ધિ પામવું. એ ધાતુનું પરોક્ષ ભૂતકૃદન્ત સ્ત્રીલિંગનું રૂપ. (સંતાન પ્રત્યેના વાત્સલ્યને લીધે દૂધથી) વૃદ્ધિ પામેલા (સ્તનોવાળી)

*मर्यः* – નિઘંટુમાં આ શબ્દનો અર્થ મનુષ્ય આપવામાં આવેલ છે. मनुष्यनाम – જ્યારે વેંકટમાધવ અને પરાંજપે 'વર' એવો અર્થ કરે છે. વેલણકર – પ્રિયતમ અર્થ કરે છે.

*शश्वचै* – *श्वञ्च्* – જવું, નમવું. એ ધાતુનું વૈદિક સંકેતાર્થક રૂપ છે. અહીં આજ્ઞાર્થ/અનુજ્ઞાપરક અર્થ જોવા મળે છે. હું નમું.

मन्त्रः – **यदङ्ग त्वा भरताः सन्तरेयुर्गव्यन्ग्राम इषित इन्द्रजूतः ।**
**अर्षादह प्रसवः सर्गतक्त आ वो वृणे सुमतिं यज्ञियानाम् ॥ ११ ॥**

**पदपाठः** – यत् । अङ्ग । त्वा । भरताः । सम्ऽतरेयुः । गव्यन् । ग्रामः । इषितः । इन्द्रऽजूतः । अर्षात् । अह । प्रऽसवः । सर्गऽतक्तः । आ । वः । वृणे । सुऽमतिम् । यज्ञियानाम् ॥ ११ ॥

**अन्वयः** – अङ्ग ! (हे नद्यः !) यत् भरताः त्वा सन्तरेयुः । गव्यन् इषितः इन्द्रजूतो ग्रामो अर्षात् सर्गतक्तः प्रसवः अह यज्ञियानां वो सुमतिं आ वृणे ।

**अर्थः** – (વિશ્વામિત્ર કહે છે) જેમ ઈન્દ્ર દ્વારા ઉત્તેજાયેલા અને પ્રેરવામાં આવેલો ગાયોનો સમૂહ જેમ તેમ જ્યારે આ ભરતકુળના લોકોનો સમૂહ તને પાર કરી જાય પછી ભલે તારો વેગવંતો જલપ્રવાહ પૂર્વવત્ ગતિમાન બને. સમ્માનનીય એવી તમારા બંને પાસે હું આવી આકાંક્ષા રાખું છું.

**विशेष :**

*अङ्ग* – સમ્બોધનાર્થક અવ્યય.

*गव्यन्* – गो નામ પરથી તે પ્રમાણે આચરવું એ અર્થમાં પ્રત્યય લાગીને गव्यति – એવું નામધાતુનું રૂપ બને છે. જેનું વર્તમાન કૃદન્ત પુંલ્લિંગ પ્રથમા એ.વ.નું રૂપ. ગાયોને પોતાની કરવા ઈચ્છતો. ગાયો જેવું આચરણ કરતો.

*अह* – અવ્યય. – પહેલાંની માફક. પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં આ અવ્યય આશ્ચર્ય, દુઃખ, ખેદ વ્યક્ત કરવા માટે પ્રયોજવામાં આવે છે.

*अर्षात्* – ऋ - જવું, પ્રાપ્ત કરવું. એ ધાતુનું વૈદિક સંકેતાર્થ (लेट् लकार) પ્રથમ (અન્ય) પુરુષ એ.વ.મેકડોનલ અને પરાંજપે આને ऋष् ધાતુ પરથી બનેલ માને છે.

*आवृणे* – आ + वृ પસંદ કરવું, માંગણી કરવી, વરણ કરવું. એ ધાતુનું વર્તમાનકાળ ઉત્તમ(પ્રથમ)પુરુષ એ.વ. – હું પસંદ કરું છું.

---

मन्त्रः – **अतारिषुर्भरता गव्यवः समभक्त विप्रः सुमतिं नदीनाम् ।**
**प्र पिन्वध्वमिषयन्तीः सुराधा आ वक्षणाः पृणध्वं यात शीभम् ॥ १२ ॥**

---

**पदपाठः** – अतारिषुः । भरताः । गव्यवः । सम् । अभक्त । विप्रः । सुऽमतिम् । नदीनाम् । प्र । पिन्वध्वम् । इषयन्तीः । सुऽराधाः । आ । वक्षणाः । पृणध्वम् । यात । शीभम् ॥ १२ ॥

**अन्वयः –** गव्यवो भरताः अतारिषुः विप्रो नदीनां सुमतिं समभक्त । इषयन्तीः सुराधाः वक्षणाः प्रपिन्वध्वम् । आ पृणध्वं शीभं यात ।

**अर्थः –** (વિશ્વામિત્ર કહે છે) હે નદીઓ ! ગાયોની અભિલાષા કરનાર ભરતકુળના વીરો તમને પાર કરી ગયા. વિપ્રને નદીઓની સુમતિનો લાભ મળ્યો. હે ચૈતન્ય વહાવનારી નદીઓ ! તમે બંને વૃદ્ધિ પામો, સુંદર ધનધાન્યથી યુક્ત તમારા પાત્રને છલકાવી દો. વેગપૂર્વક જાઓ.

**विशेष :**

*अतारिषुः* – तॄ – તરવું, પાર કરવું. એ ધાતુનું અદ્યતન ભૂતકાળ પ્રથમ(અન્ય)પુરુષ બ.વ.નું રૂપ. તર્યા, પાર ઉતર્યા.

*गव्यवः* – गो નામ પરથી તે પ્રમાણે આચરવું એ અર્થમાં પ્રત્યય લાગીને गव्य् (गव्यति) – એવું નામધાતુનું રૂપ બને છે. તેના પરથી तच्छील - તેવા સ્વભાવવાળો એ અર્થમાં उ પ્રત્યય લાગીને गव्यु એવું વૈદિકરૂપ બને છે. તેનું પુંલ્લિંગ પ્રથમા બ.વ. ગાયોની જેમ આચરણ કરવાના સ્વભાવવાળો.

*इषयन्तीः* – इष् — ગતિ કરવી, જવું. એ ધાતુનું પ્રેરક વર્તમાન કૃદન્ત સ્ત્રીલિંગ દ્વિ. બ.વ.નું રૂપ. ગતિશીલ બનાવતી, પ્રેરણા આપતી.

*सुराधाः* – राधस् — પુરસ્કાર, ભેટ, આશીર્વાદ, શુભેચ્છાઓ.

*वक्षणाः* – નદીનું પાત્ર. સાયણાચાર્ય તેને કૃત્રિમસરિતાઓ અથવા કુલ્યાઓ તરીકે નિરૂપે છે.

---

मन्त्रः – **उद्व ऊर्मिः शम्या हन्त्वापो योक्त्राणि मुञ्चत ।**
**मादुष्कृतौ व्येनसाघ्न्यौ शूनमारताम् ॥ १३ ॥**

---

**पदपाठः –** उत् । वः । ऊर्मिः । शम्याः । हन्तु । आपः । योक्त्राणि । मुञ्चत । मा । अदुःऽकृतौ । विऽएनसा । अघ्न्यौ । शूनम् । आ । अरताम् ॥ १३ ॥

**अन्वयः –** (हे नद्यः!) वः ऊर्मिः शम्याः उद् हन्तु । हे आपः योक्त्राणि मुञ्चत । व्येनसा अदुष्कृतौ अघ्न्यौ शूनं मा आरताम् ।

**अर्थः –** તમારું મોજું ધૂંસરીને ઉપર તરફ મોકલે, હે પાણીઓ ! ધૂંસરે જોતરવાના દોરડાને છોડો. બે નિર્દોષ, નિષ્પાપ બળદો શૂન્યતાને ન પામે.

**विशेष :**

शम्या – ધૂસરી.

अदुष्कृतौ – નિષ્પાપ, દોષ રહિત, દુષ્ટ કાર્ય ન કરનારના વિષયમાં.

व्येनसा – वि + एनसा – નિષ્પાપ, પાપરહિત થયેલ.

शूनम् – સાયણ અને વેંકટમાધવ આ શબ્દનો અર્થ નિઘંટુના આધારે સુખવાચક હોવાને લીધે સમૃદ્ધિ કે વૃદ્ધિ એવો કરે છે. જ્યારે અન્ય વિદ્વાનો બાલિશપણું, નાશ, ક્ષય થવો. એવો અર્થ કરે છે.

आ + अरताम् – आ + ऋ – ગતિ કરવી. એ ધાતુનું આજ્ઞાર્થ પ્રથમ(અન્ય) પુરુષ દ્વિ.વ. – ( તે બે) ગતિ કરો, જાઓ, પ્રાપ્ત કરો.

## 3.3 તમારી પ્રગતિ ચકાસો :

### 3.3.1 નીચેના શબ્દો વિશે વિવરણાત્મક નોંધ લખો

१ – रिहाणे, २ – योनिम् , ३ – शश्वधा , ४ – गव्यन्, ५ – विपाट्, ६ – शुतुद्री

ઉત્તરો –

रिहाणे –

योनिम् –

शश्वधा –

*गव्यन् –*

*विपाट् –*

*शुतुद्री –*

## 3.3.2 યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેની ખાલી જગ્યા પૂરો

૧) વિશ્વામિત્ર-નદી સંવાદસૂક્તના દેવતા ———— છે (અગ્નિ, સોમ, ઈન્દ્ર)

૨) વિશ્વામિત્ર ————— નદીઓની સ્તુતિ કરે છે (વિપાટ્-શુતુદ્રી, ગંગા-જમના, બ્રહ્મપુત્રા-ગંડકી)

૩) નદીઓનું પ્રાપ્તવ્ય સ્થાન ——— છે. (હિમાલય, સાગર, સિંધુ)

૪) વિશ્વામિત્ર ———— માટે નદીઓને વિનંતી કરે છે. (યજમાન, પોતાના, દેવતાઓ)

૫) નદીઓનો માર્ગ ———— એ બનાવી આપ્યો છે. (ઈન્દ્ર, વરુણ, પહાડો)

**(જવાબ –**

)

### 3.3.3 નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો

૧) વહેતી નદીઓના પ્રવાહને ઋષિ કોની સાથે સરખાવે છે?

૨) સ્તોત્રમાં પોતાનો સ્વીકાર કરવાનું નદીઓ કોને કહે છે ?

૩) વિશ્વામિત્ર નદીઓને શી વિનંતી કરે છે ?

૪) વિશ્વામિત્રના યજમાન કઈ વસ્તુઓ સાથે આવ્યા છે ?

૫) વૃદ્ધિ પામનારી નદીઓ શેનાથી છલકાઈ જાય તેવું ઋષિ ઈચ્છે છે ?

### 3.3.4 નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો

૧) વિશ્વામિત્ર-નદી સંવાદસૂક્તમાં વિશ્વામિત્રે નદીઓની કરેલી પ્રશંસા

२) નદીઓએ વિશ્વામિત્રને આપેલા પ્રત્યુત્તરો અને વરદાન

૩) ઋગ્વેદ સૂક્ત ૩.૩૩ના આધારે સંવાદસૂક્તોમાં વ્યક્ત થતું ઈતિહાસ તત્ત્વ

ooo

એકમ 4

# अथर्ववेदसूक्तानि ( नियतानि )

: રૂપરેખા :

4.0 ઉદ્દેશ્ય

4.1 પ્રસ્તાવના - અથર્વવેદ પરિચય

4.2 मेधाजननसूक्तम् (अथर्ववेद – ૧.૧)

4.2.1 પ્રસ્તાવના

4.2.2 मेधाजननसूक्तम् (अथर्ववेद – ૧.૧)

4.3 सत्यानृतसमीक्षको वरुण: (अथर्ववेद – ૪.૧૬)

4.3.1 પ્રસ્તાવના

4.3.2 सत्यानृतसमीक्षको वरुण: (अथर्ववेद – ૪.૧૬)

4.4 राष्ट्रसभा (अथर्ववेद – ૭.૧૨)

4.4.1 પ્રસ્તાવના

4.4.2 राष्ट्रसभा (अथर्ववेद – ૭.૧૨)

4.5 તમારી પ્રગતિ ચકાસો

## 4.0 ઉદ્દેશ્ય :

૧) વિદ્યાર્થીઓ વૈદિક સંસ્કૃતિથી માહિતગાર થાય.

૨) વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિની પ્રાચીન સાહિત્યિક સમૃદ્ધિથી વાકેફ થાય.

૩) વિદ્યાર્થીઓ અથર્વવેદના સાહિત્ય વિશે માહિતી પ્રાપ્ત કરે.

૪) વિદ્યાર્થીઓ અથર્વવેદકાલીન સામાજિક – સાંસ્કૃતિક વારસા વિશે માહિતી મેળવે.

## 4.1 प्रस्तावना

ભારતીય સંસ્કૃતિના ચાર આધારસ્તંભરૂપ ચાર વેદોમાંનો ચતુર્થવેદ એટલે અથર્વવેદ. આ વેદ વેદત્રયી કરતાં અર્વાચીન ગણાય છે. આ વેદના દ્રષ્ટા ઋષિઓ ભૃગુ, અથર્વન અને અંગિરા હોવાથી તે અથર્વાંગિરોવેદ, અથર્વવેદ, ભૃગુ-અંગિરોવેદ જેવા નામોથી ઓળખાય છે. વળી બ્રહ્મપ્રાપ્તિને લગતાં મન્ત્રો અહીં આવેલ હોવાથી આ વેદ બ્રહ્મવેદના નામથી પણ પ્રસિદ્ધ છે.

ગોપથબ્રાહ્મણમાં વર્ણિત કથા અનુસાર પુરાકાળમાં બ્રહ્માજીએ સર્જન હેતુ કઠોર તપ કર્યું. તપના પરિણામે તેમનો દેહ તેજસ્વી થયો તેમાંથી બે જલધારાઓ ઉદ્ભવી જેમાં એક જલધારામાંથી અથર્વન અને બીજી જલધારામાંથી અંગિરાની ઉત્પત્તિ થઈ. આમ અથર્વાંગિરસની ઉત્પત્તિ થઈ.

અથર્વ શબ્દમાં થર્વ્ ધાતુ છે. જેનો અર્થ કુટિલતા અને હિંસા એવો થાય છે. અથર્વ એટલે અકુટિલતા, ઋજુતા અને અહિંસાવૃત્તિથી મનને સ્થિર કરનાર. અંગિરા શબ્દ હાનિકારક અને વિનાશાત્મક કાર્યો માટે પ્રયોજાય છે.

અથર્વવેદમાં ૨૦ કાણ્ડ, ૩૪ પ્રપાઠક, ૧૧૧ અનુવાક, ૭૩૧ સૂક્ત અને ૫૮૪૯ મન્ત્ર છે જેમાંથી લગભગ ૧૨૦૦ જેટલી ઋચાઓ ઋગ્વેદમૂલક છે. આ વેદનો આશરે છઠ્ઠો ભાગ ગદ્યાત્મક છે. મહર્ષિ પતંજલિએ મહાભાષ્યમાં જણાવ્યા અનુસાર અથર્વવેદની ૯ જેટલી શાખાઓ અસ્તિત્વમાં હતી જેમાંથી વર્તમાનમાં માત્ર પૈપ્પલાદ અને શૌનક એમ બે શાખાઓ જ ઉપલબ્ધ છે.

અથર્વવેદના જ્ઞાતાને યજ્ઞમાં 'બ્રહ્મા' તરીકે પદ આપવામાં આવે છે.

આ વેદમાં અનામય, આયુષ્ય આપનાર અને શત્રુનાશને લગતાં મન્ત્રો છે. કહેવાય છે કે માનવીય સંસ્કૃતિ જ્યારે પૂર્ણપણે વિકસિત થઈ ત્યારે આ વેદનો આવિર્ભાવ થયો છે આથી જ તેમાં ઈહલોકના સુખ-દુ:ખાદિ દ્વન્દ્વોના ઉપશમનની સાધના, અનુષ્ઠાનોના વિધાન જોવા મળે છે. અહીં મારણ, મોહન, વશીકરણ, ઉચ્ચાટન વગેરેની સાથે તાવ, જળોદર, કમળો, કોઢ, ખાંસી, નિર્વીર્યતા, અસ્થિભંગ વગેરેમાંથી બચવા માટેના મન્ત્રો ઉપલબ્ધ છે. વળી, વિષનિરોધ, મનોરોગ, સર્પાદિ દંશનિવારણ ઈત્યાદિ માટે ઉપયોગી સાહિત્ય અહીં પ્રાપ્ત થાય છે. ઔષધશાસ્ત્ર માટે આ વેદ અત્યંત ઉપયોગી છે.

અથર્વવેદના છેલ્લા ભાગમાં સત્યનં ઝંખના અને વિશ્વશાંતિ, વૈશ્વિક સમસ્યાના ઉકેલ વિષયક મન્ત્રો આપવામાં આવેલા છે. અહીં અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવત એમ ત્રણ વિભાગોમાં મન્ત્રનું વિભાજન કરી શકાય છે. આ સિવાય વૈદકશાસ્ત્ર, સ્ત્રીકર્મ, પ્રાયશ્ચિત્ત, રાજકર્મ, શ્રાદ્ધકર્મ આદિ અનેક વિષયો આ વેદમાં સુપેરે આવરી લેવામાં આવ્યા છે.

વિદ્યાર્થી મિત્રો પ્રસ્તુત એકમમાં આપના અભ્યાસ હેતુ અથર્વવેદના જુદા – જુદા વિષયોને આવરી લેતા ત્રણ સૂક્તો અહીં મૂકવામાં આવ્યા છે. જેમાં ૧) मेधाजननसूक्तम् (अथर्ववेद – १.१), २) सत्यानृतसमीक्षको वरुण: (अथर्ववेद – ४.१६) અને ૩) राष्ट्रसभा (अथर्ववेद – ७.१२) નો સમાવેશ થાય છે. જે તે સૂકતના

આરંભે તેના વિશે માહિતી આપવામાં આવેલ છે. આશા છે કે આ સૂક્તોના અભ્યાસ થકી આપના જ્ઞાન અને ભારતીય સંસ્કૃતિના ગૌરવમાં વધારો થશે.

## 4.2 मेधाजननसूक्तम् ( अथर्ववेद – १.१ )

### 4.2.1 પ્રસ્તાવના

પ્રસ્તુત મેધાજનન સૂક્ત અથર્વવેદના પ્રથમ કાણ્ડના પ્રથમ અનુવાકનું પહેલું સૂક્ત છે. વેદના આરંભે વિદ્યાર્થી અને ગુરુ વચ્ચે જે વિદ્યા-વ્યાસંગ થાય તે શિષ્યના મનમાં સ્થિર થાય, તે જ્ઞાન થકી સમાજનું ઉત્થાન થાય એ હેતુથી વાણીના અધિષ્ઠાતા પરબ્રહ્મની આરાધના – સ્તુતિ કરવામાં આવી છે. જે ત્રિલોક, ત્રિકાળ, ત્રિગુણ જેવા સર્વવિધ ત્રિકને વ્યાપી રહેલ છે તેવા બ્રહ્મને ઉદ્દેશીને વાણી અને વિજ્ઞાનનું બળ માંગવામાં આવ્યું છે. વાચસ્પતિ – વાણીના અધિપતિની સાથે વસોષ્પતિ – સર્વવિધ દ્રવ્યના અધિપતિ પણ જ્ઞાનનો પ્રયોગ કરતાં અને ક્રીડામાત્રથી અધીતનું ઉપયોજન શીખવે તેવી અપેક્ષા સેવાઈ છે. સાથે સાથે વિદ્યાર્થીને આ જ્ઞાન હૃદયમાં સ્થિર થાય તેવી અભ્યર્થના કરાઈ છે. આ સૂક્તનો અભ્યાસ કરવાથી વિદ્યાર્થીઓને બુદ્ધિની વૃદ્ધિ થાય તેવી અભિલાષા સેવવામાં આવી છે.

### 4.2.2 मेधाजननसूक्तम् ( अथर्ववेद – १.१ )

(अथर्वा ऋषिः, वाचस्पतिर्देवता, अनुष्टुप् छन्दः)

मन्त्रः – **ये त्रिषप्ताः परियन्ति विश्वा रूपाणि बिभ्रतः ।**
**वाचस्पतिर्बला तेषां तन्वो अद्य दधातु मे ॥ १ ॥**

**पदपाठः** – ये । त्रिऽसप्ताः । परिऽयन्ति । विश्वा । रूपाणि । बिभ्रतः । वाचः । पतिः । बला । तेषाम् । तन्वः । अद्य । दधातु । मे ॥ १ ॥

**अन्वयः** – विश्वा रूपाणि बिभ्रतः, ये त्रि-सप्ताः परियन्ति, तेषां तन्वः बला वाचस्पतिः अद्य मे दधातु ।

**अर्थः** – બધા જ રૂપોને ધારણ કરીને જે ત્રણગણા સાત પદાર્થ (એકવીસ અથવા ત્રણ કે સાત સંખ્યાવાળા) તેમના શરીરનું બળ વાણીના સ્વામી મને પ્રાપ્ત કરાવે.

**विशेष :**

અહીં મન્ત્રમાં પ્રયુક્ત त्रिसप्ताः – આ શબ્દના ત્રણ રીતે અર્થઘટન થઈ શકે .

૧) ત્રણ સાથે સમ્બદ્ધ - ત્રણ કાળ (ભૂત,ભવિષ્ય,વર્તમાન), ત્રણ લોક (દ્યુલોક, અંતરિક્ષ, પૃથ્વી), ત્રણ ગુણ (સત્ત્વ, રજસ્ અને તમસ્), ઈશ્વર, જીવ અને પ્રકૃતિ

૨) ત્રણ અને સાત = દશ – દશ દિશાઓ (ચાર દિશા, ચાર ખૂણાઓ ઉપર અને નીચે), દશ ઈન્દ્રિયો (પાંચ જ્ઞાનેન્દ્રિયો - શ્રોત્ર, ત્વચા, ચક્ષુ:, રસના, ઘ્રાણ; અને પાંચ કર્મેન્દ્રિયો – વાક્, પાણિ, ચરણ, પાયૂ, ઉપસ્થ)

૩) ત્રણને ત્રણથી ગુણાકાર કરતાં આવતી સંખ્યા એકવીસ – પંચ મહાભૂત + પાંચ પ્રાણ + પાંચ જ્ઞાનેન્દ્રિયો + પાંચ કર્મેન્દ્રિયો + એક અન્તઃકરણ = એકવીસ

પંડિત સાતવલેકરજી त्रिसप्ताः આ શબ્દનો અર્થ કરતાં જણાવે છે કે – "જગતના મૂળમાં રહેલા સાત પદાર્થો – પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, તન્માત્રા અને અહંકાર. એ જ સમસ્ત જગતમાં જોવા મળતા વિવિધ સ્વરૂપો ધારણ કરે છે આ સાત પદાર્થો ત્રણ અવસ્થામાંથી પસાર થતાં જગતના રૂપ અને આકાર ધારણ કરે છે ૧) સત્ત્વ અર્થાત્ સમ અવસ્થા ૨) રજસ્ અર્થાત્ ગતિરૂપ અવસ્થા અને ૩) તમ અર્થાત્ ગતિહીન અવસ્થા. આ ત્રણ અવસ્થાઓમાં પૂર્વોક્ત સાત પદાર્થો પસાર થતા હોવાથી એકવીસ પદાર્થ બને છે. જે સમગ્ર સૃષ્ટિનું રૂપ ધારણ કરે છે."

वाचस्पतिः - સાયણાચાર્ય – બ્રહ્મ શ્રુતિઓના અધિષ્ઠાતા, વાણીના સ્વામી હોવાથી બ્રહ્મ કે પરમાત્મા એવો અર્થ કરે છે, નિરુક્તકાર યાસ્કાચાર્ય – વાણીની રક્ષા કરનાર કે કરાવનાર તરીકે મૂલવે છે, જ્યારે સાતવલેકરજી – વાણીનો ઉપદેશ આપનાર ગુરુને વાણીના સ્વામી તરીકે દર્શાવે છે.

---

मन्त्रः - **पुनरेहि वाचस्पते देवेन मनसा सह ।**
**वसोष्पते नि रमय मय्येवास्तु मयि श्रुतम् ॥ २ ॥**

---

**पदपाठः -** पुनः । आ । इहि । वाचः । पते । देवेन । मनसा । सह । वसोः । पते । नि । रमय । मयि । एव । अस्तु । मयि । श्रुतम् ॥ २ ॥

**अन्वयः -** हे वाचस्पते ! देवेन मनसा सह पुनः एहि । हे वसोष्पते ! निरमय । मयि श्रुतं मयि एव अस्तु ।

**अर्थः -** હે વાણીના સ્વામી ! દિવ્ય મનની સાથે ફરીને આવો. હે વસુઓના સ્વામી ! મને આનંદ આપો. મારું અધ્યયન કરેલું મારામાં સ્થિર રહે.

**विशेष :**

*અહીં ઋષિ વાણીના સ્વામીને પ્રાર્થના કરતાં મનની એકાગ્રતા અને નિરવધિ આનંદની યાચના કરે છે. વિદ્યાની ઉત્કૃષ્ટ સાધના થકી પ્રાપ્ત થયેલું જ્ઞાન પોતાના હૃદયમાં સચવાયેલું રહે તેવી કામના સેવે છે.*

---

मन्त्रः – **इहैवाभि वितनूभे आर्त्नी इव ज्यया ।**
**वाचस्पतिर्नि यच्छतु मय्येवास्तु मयि श्रुतम् ॥ ३ ॥**

---

**पदपाठः –** *इह । एव । अभि । वि । तनु । उभे इति । आर्त्नी इवेत्यार्त्नी इव । ज्यया । वाचः । पतिः । नि । यच्छतु । मयि । एव । अस्तु । मयि । श्रुतम् ॥ ३ ॥*

**अन्वयः –** *ज्यया उभे आर्त्नी इव, इह एव उभौ अभि वि तनु । वाचस्पतिः नि यच्छतु । मयि श्रुतं मयि एव अस्तु ।*

**अर्थः –** *પણછ (ધનુષ્યની દોરી) થકી ધનુષ્યના બંને છેડા જેવી રીતે ખેંચાય તેમ તમે સજ્જ થાઓ. વાણીના સ્વામી નિયમિત કરે. મારું અધ્યયન કરેલું મારામાં સ્થિર રહો.*

**विशेष :**

*પૂર્વના મન્ત્રમાં શરૂ થયેલી અભ્યર્થના અહીં આગળ વધે છે. આ મન્ત્રમાં મનની સજ્જતા, જાગૃતિ, લક્ષ્યપ્રાપ્તિ માટે તત્પરતા અને અધીતની ચિત્તમાં સ્થિરતા યાચવામાં આવી છે. આ માટે ધનુષ અને તેની પણછનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. જેવી રીતે પણછને લીધે ધનુષના બંને છેડા પરસ્પરને ખેંચાય અને આ અવસ્થામાં રહેલું ધનુષ્ય લક્ષ્યભેદવાનું સાધન બને છે તેવી રીતે ગુરુ દ્વારા આપવામાં આવેલું જ્ઞાન શિષ્ય અપ્રમત્ત બનીને ગ્રહણ કરે અજ્ઞાનને ભેદીને જ્ઞાનરૂપ લક્ષ્ય પ્રાપ્ત કરે. અને પ્રાપ્ત કરેલું જ્ઞાન હૃદયરૂપી દહરાકાશમાં જાળવી રાખે.*

---

मन्त्रः – **उपहूतो वाचस्पतिरुपास्मान् वाचस्पतिर्ह्वयताम् ।**
**सं श्रुतेन गमेमहि मा श्रुतेन विराधिषि ॥ ४ ॥**

---

**पदपाठः –** *उपऽहूतः । वाचः । पतिः । उप । अस्मान् । वाचः । पतिः । ह्वयताम् । सम् । श्रुतेन । गमेमहि । मा । श्रुतेन । वि । राधिषि ॥ ४ ॥*

**अन्वयः –** *वाचस्पतिः उपहूतः । वाचस्पतिः अस्मान् उपह्वयताम् । श्रुतेन संगमेमहि । श्रुतेन मा वि राधिषि ।*

**अर्थः** - વાણીના સ્વામીને બોલાવવામાં આવ્યા. તે વાણીના સ્વામી અમને બોલાવે. જ્ઞાન થકી અમે સાથે વિકાસ કરીએ. અમે સૌ જ્ઞાનનો ક્યારેય વિરોધ ન કરીએ.

**विशेष :**

અહીં ગુરુ અને શિષ્ય વચ્ચે સંવાદ, જ્ઞાનની આપ-લે તથા જ્ઞાનપ્રાપ્તિ થયા બાદ પારસ્પરિક વિદ્વેષની સ્થિત ન ઉદ્‌ભવે અને સૌહાર્દ જળવાયેલું રહે તેવી કામના કરવામાં આવી છે.અન્ય શબ્દોમાં વિદ્યા થકી વિનય, વિનયથી પાત્રતા, પાત્રતા થકી વિકાસ અને વિકાસથી સુખ, સમૃદ્ધિ અને આનંદાનુભૂતિ. આમ આ મન્ત્રમાં વિદ્યા કે જ્ઞાન થકી ક્રમિક યાત્રા સૂચવાઈ છે.

## 4.3 सत्यानृतसमीक्षको वरुणः ( अथर्ववेद – ४.१६ )

### 4.3.1 પ્રસ્તાવના

ઋગ્વેદથી આરંભીને પુરાણ અને મહાભારત સુધી વરુણનો પ્રભાવ - પ્રતાપ અક્ષુણ્ણ રહેવા પામ્યો છે. વરુણને નીતિ, ન્યાય, નિયમ, વ્રતાચરણના દેવ તરીકે જોવા-નિરૂપવામાં આવે છે. વરુણની ઓળખ સત્યના સદાચરણના રક્ષક દેવ તરીકેની છે. વરુણના સહસ્ર પાશ અને તેટલા જ અનુચરો છે. જે બ્રહ્માંડમાં સતત વિચરણ કરતા રહે છે. કહેવાય છે કે - જે કોઈ પ્રકૃતિના નિયમોનું ઉલ્લંઘન કરે તેને દંડ આપવા માટે, તેનો યોગ્ય ન્યાય કરવા માટે પાશથી બાંધીને વરુણ સમક્ષ ઉપસ્થિત કરવામાં આવે છે ત્યારબાદ રાજા વરુણ તેનો ઉચિત ન્યાય કરે છે.

પ્રસ્તુત સૂક્તના દેવતા સત્ય અને અનૃત-અસત્યની સમીક્ષા કરનારા વરુણદેવ છે. આ સૂક્તમાં વરુણનું સર્વવ્યાપકત્વ, સર્વસ્વામિત્વ, સર્વસમર્થપણું દર્શાવવામાં આવ્યું છે. તે રાજા જેવા ભવ્ય, પ્રભાવી અને પ્રતાપી છે. તેમના અનુશાસનથી કોઈ પણ બાકાત રહી શકતું નથી. તે માનવમાત્રના સર્વકર્મના સાક્ષી, પરીક્ષક, સમીક્ષક અને ન્યાયકર્તા છે. આથી જ ઋષિ કહે છે કે જ્યાં વ્યક્તિ એમ ધારતો હોય કે તેના સિવાય કોઈ તેને જોનાર નથી ત્યાં પણ વરુણની ઉપસ્થિતિ હોય જ છે. આવા સર્વકાર્યના સાક્ષી અને સત્યના રક્ષક, અસત્યનું આચરણ કરનાર, લોકવિરુદ્ધ આચરણ કરનારને દંડ આપનાર વરુણને ઉદ્દેશીને આ સૂક્તમાં સ્તુતિ કરવામાં આવી છે. પ્રસ્તુત સૂક્તનું અધ્યયન કરનાર સત્યના માર્ગે ચાલીને વરુણની પ્રીતિ પ્રાપ્ત કરે છે.

## 4.3.2 सत्यानृतसमीक्षको वरुण: ( अथर्ववेद – ४.१६ )

**( ब्रह्मा ऋषि:, वरुणो देवता, अनुष्टुप् छन्द: )**

मन्त्र: – **बृहन्नेषामधिष्ठाता अन्तिकादिव पश्यति ।**
**य स्तायन्मन्यते चरन्त्सर्वं देवा इदं विदु: ॥ १ ॥**

**पदपाठ:** – बृहन् । एषाम् । अधिऽस्थाता । अन्तिकात्ऽइव । पश्यति । य: । स्तायत् । मन्यते । चरन् । सर्वम् । देवा: । इदम् । विदु: ॥ १ ॥

**अन्वय:** – बृहन् एषाम् अधिष्ठाता अन्तिकादिव पश्यति । यो तायत् चरत् मन्यते । इदं सर्वं देवा विदु: ।

**अर्थ:** – અત્યંત બળશાળી વરુણ આ દુરાત્માઓનું નિયંત્રણ કરનાર હોવાથી તેઓએ કરેલું અન્યાયપૂર્ણ કૃત્ય સમીપથી જાણે છે. જે વરુણ ચરાચર સર્વવિધ જગત્‌ને જાણે છે. તે સર્વ વૃત્તાન્ત દેવતાઓ જાણે છે.

**विशेष :**

આ મન્ત્રમાં વરુણનું સર્વવ્યાપીપણું, સર્વસાક્ષીપણું, સર્વજ્ઞપણું અને સર્વસમર્થપણું દર્શાવવામાં આવ્યું છે. જગતમાં પ્રવર્તમાન પ્રકૃતિના નિયમોનું પાલન કરાવવાનું દાયિત્વ વરુણદેવનું ગણાય છે. જો કોઈ પ્રકૃતિના નિયમ કે લોકકલ્યાણના નિયમથી વિપરીત કૃત્ય કરે તો તેને યથોચિત દંડ વરુણદેવ આપે છે. આમ વૈદિકકાળમાં ન્યાય અને નિયમન કરવાનું કાર્ય વરુણદેવનું ગણાય છે.

मन्त्र: – **यस्तिष्ठति चरति यश्च वञ्चति यो निलायं चरति य: प्रतङ्कम् ।**
**द्वौ संनिषद्य यन्मन्त्रयेते राजा तद् वेद वरुणस्तृतीय: ॥ २ ॥**

**पदपाठ:** – य: । तिष्ठति । चरति । य: । च । वञ्चति । य: । निऽलायम् । चरति । य: । प्रऽतङ्कम् । द्वौ । सम्ऽनिषद्य । यत् । मन्त्रयेते इति । राजा । तत् । वेद । वरुण: । तृतीय: ॥ २ ॥

**अन्वय:** – य: तिष्ठति यश्चरति यश्च वञ्चति य: निलायं चरति । य: प्रतङ्कम् । द्वौ संनिषद्य यत् मन्त्रयेते तृतीय: राजा वरुण: तत् वेद ।

**अर्थ:** – જે શત્રુ સમ્મુખ રહે છે, જે જાય છે, જે છેતરે છે, જે છૂપાઈને ફરે છે, જે શત્રુ અત્યંત દુ:ખપૂર્ણ જીવન યાપન કરે છે. તે સૌ શત્રુઓને વરુણ સમીપથી ઓળખે છે. બે પુરુષો એકાંતમાં બેસીને જે ગુપ્ત વાત કરે છે. તે ગુપ્ત વાતને પણ ત્રીજો - રાજા વરુણ જાણે છે.

*विशेष :*

*वञ्चति* – છેતરે છે, કોઈને ઠગે છે.

*निलायं चरति* – ઘરમાં છુપાઈને કોઈ કાર્ય કરે છે,

*प्रतङ्कम् चरति* – બીજાના જીવનને પીડામય બનાવે છે. જાહેરમાં શત્રુવત્ વ્યવહાર કરે છે.

*संनिषद्य* — એકાન્તમાં સારી રીતે બેસીને.

આગળના મન્ત્રની વાતનું અનુસંધાન આ મન્ત્રમાં આગળ વધે છે. અહીં શત્રુનો અર્થ લોકનું કે પ્રકૃતિનું અકલ્યાણ કરનાર. વરુણનું સર્વજ્ઞત્વ ત્યાં સુધી વિસ્તરે છે કે જ્યારે કોઈ ગુપ્ત વાત થતી હોય અને તેઓ એમ માનતા હોય કે અન્ય કોઈ ઉપસ્થિત નથી ત્યારે પણ ત્યાં વરુણની ઉપસ્થિતિ હોય છે.

---

मन्त्रः – **उतेयं भूमिर्वरुणस्य राज्ञ उतासौ द्यौर्बृहती दूरेअन्ता ।**
**उतो समुद्रौ वरुणस्य कुक्षी उतास्मिन्नल्प उदके निलीनः ॥ ३ ॥**

---

**पदपाठः** – उत । इयम् । भूमिः । वरुणस्य । राज्ञः । उत । असौ । द्यौः । बृहती । दूरेऽअन्ता । उतो इति । समुद्रौ । वरुणस्य । कुक्षी इति । उत । अस्मिन् । अल्पे । उदके । निऽलीनः ॥ ३ ॥

**अन्वयः** – उत इयं भूमिः राज्ञः वरुणस्य, उत असौ बृहती दूरेअन्ता द्यौः । उतो समुद्रौ वरुणस्य कुक्षी अस्मिन् अल्पे उदके निलीनः ।

**अर्थः** – વળી, આ ભૂમિ પણ રાજા વરુણના અધિકારમાં છે. અને વળી આ અત્યંત દૂર જેનો છેડો જોવા મળે છે તે દ્યુલોક પણ વરુણના વશવર્તી છે. પૂર્વ અને પશ્ચિમમાં વિદ્યમાન બે સમુદ્રો રાજા વરુણના બે પડખાં છે. આમ સમગ્ર જગતને વ્યાપીને રહેલ હોવા છતાં આ અત્યંત થોડા એવા જલમાં પણ તે છુપાયેલ છે.

***विशेष :***

મન્ત્રમાં વરુણનું પૃથ્વી અને દ્યુલોકના નિયામક હોવાનું જણાવાયું છે આથી આ બંનેની વચ્ચે રહેલ અન્તરિક્ષને પણ વરુણના વશવર્તી જ સમજવાનું સ્વતઃ સિદ્ધ થાય છે. સમુદ્ર જેવડું વ્યાપક અધિષ્ઠાન હોવા છતાં અત્યંત નાનકડા પાત્રમાં પણ તેનો સમાવેશ સંભવ હોવાથી 'अणोरणीयान् महतो महीयान्' એટલે કે નાનામાં નાનું અને વિશાળતમ જેવું વરુણનું સર્વવ્યાપક વ્યક્તિત્વ દર્શાવાયું છે.

मन्त्रः – उत यो द्यामतिसर्पात्परस्तान्न स मुच्यातै वरुणस्य राज्ञः ।
दिव स्पशः प्र चरन्तीदमस्य सहस्राक्षा अति पश्यन्ति भूमिम् ॥ ४ ॥

**पदपाठः –** उत । यः । द्याम् । अतिऽसर्पात् । परस्तात् । न । सः । मुच्यातै । वरुणस्य । राज्ञः । दिवः । स्पशः । प्र । चरन्ति । इदम् । अस्य । सहस्रऽअक्षाः । अति । पश्यन्ति । भूमिम् ॥ ४ ॥

**अन्वयः –** उत यः परस्तात् द्याम् अतिसर्पात् सः वरुणस्य राज्ञः न मुच्यातै । दिवः स्पशः इदं प्र चरन्ति सहस्राक्षाः भूमिम् अति पश्यन्ति ।

**अर्थः –** જે અકૃત્ય કરનાર દ્યુલોકનું અતિક્રમણ કરીને કુમાર્ગે ચાલે છે. તે શત્રુને રાજા વરુણના પાશમાંથી મુક્ત થવા મળતું નથી. કારણકે વરુણના દ્યુલોકમાં રહેનારા ગુપ્તચરો પૃથ્વીલોક પર પણ વિચરણ કરે છે અને ભૂમિને સારી રીતે જુએ છે.

**विशेष :**

આ મન્ત્રમાં વરુણનું વ્યક્તિત્વ સામર્થ્યવાન સત્તાધીશ તરીકેનું નિરૂપવામાં આવ્યું છે. અપરાધીનું ત્રિલોકમાં કે ત્યાંથી પણ દૂર જવું તેને વરુણના પાશ કે પકડથી બચાવી શકે તેમ નથી કારણ કે વરુણના હજારો અનુચરો, ગુપ્તચરો સર્વત્ર વ્યાપ્ત છે. તથા સૂક્ષ્મતમ પદાર્થોને જોવા સમર્થ દૃષ્ટિવાળા તે ગુપ્તચરો ઝીણામાં ઝીણી વિગતની બાતમી રાખે છે. તેઓનો વરુણ સાથનો સાતત્યપૂર્ણ સંપર્ક છે. આથી અપરાધી માટે કોઈપણ સ્થિતિમાં વરુણના પાશથી બચવું શક્ય નથી.

मन्त्रः – सर्वं तद् राजा वरुणो वि चष्टे यदन्तरा रोदसी यत् परस्तात् ।
संख्याता अस्य निमिषो जनानामक्षानिव श्वघ्नी नि मिनोति तानि ॥ ५ ॥

**पदपाठः –** सर्वम् । तत् । राजा । वरुणः । वि । चष्टे । यत् । अन्तरा । रोदसी इति । यत् । परस्तात् । सम्ऽख्याताः । अस्य । निऽमिषः । जनानाम् । अक्षान्ऽइव । श्वऽघ्नी । नि । मिनोति । तानि ॥ ४ ॥

**अन्वयः –** रोदसी अन्तरा यत् परस्तात् तत् सर्वं वरुणो राजा विचष्टे । अस्य संख्याताः तानि अक्षानिव श्वघ्नी नि मिनोति ।

**अर्थः –** દ્યુલોક અને પૃથ્વીલોકની વચ્ચે જે પ્રાણી જગત્ છે તેને રાજા વરુણ વિશેષરૂપે જુએ છે. આથી નાનામાં નાની ચેષ્ટાને, સારા-નરસાં સર્વવિધ કાર્યોને તે પિછાણે છે. જેવી રીતે જુગારી પાસાંને માપે છે તે રીતે વરુણ પણ બધાં કાર્યોને સુપેરે માપે છે.

***विशेष :***

*આ મન્ત્રોમાં વરુણને સ્પષ્ટપણે રાજા તરીકે નિરૂપવામાં આવેલ છે.આથી કેટલાક વિવેચકો વરુણના આ વ્યક્તિત્વ દર્શનને આધારે તેને ઈન્દ્ર કરતાં પણ પુરાતન અને ઋગ્વેદકાળમાં વર્ણવાયેલ ઈન્દ્રથી પહેલાં વરુણનું રાજા જેવું જ વર્ચસ્વ હશે તેમ માને છે.અવેસ્તામાં પણ 'અહુરવરુણ' અને 'અહુરમઝ્દ'ની સ્તુતિ જોવા મળે છે. જે જલના દેવતાને ઉદ્દેશીને પ્રયોજાયેલી છે.*

*સાયણાચાર્ય આ મન્ત્રમાં પ્રયુક્ત રૂપકને આ રીતે સમજાવે છે. — 'वरुणः तानि पापिनां शिक्षाकर्माणि तत्तत्पापानुसारेण नि मिनोति निक्षिपति । तत्र दृष्टान्तः - श्वघ्नी — स्वम् आत्मानं स्वकीयं धनं च हन्तीति कितवः श्वघ्नी । तथा च यास्कः - श्वघ्नी कितवो भवति स्वं हन्ति इति । यथा कितवः अक्षान् आत्मनो जयार्थं निक्षिपति तद्वत् इत्यर्थः' એટલે કે દ્યૂતક્રીડા કરનાર. જેવી રીતે જુગારી દ્યૂતમાં પોતાના ધનને અને જાતને પાસાંના માધ્યમથી જીતવા પ્રયાસ કરે છે તેવી રીતે વરુણ પણ પાપીની બધી જ ગતિવિધિઓને પાસાંની માફક માપે છે.*

*પરંતુ સાતવલેકરજી તથા અન્ય વિદ્વાનો અહીં અક્ષનો અર્થ પાસાં ન કરતાં આંખ એવો કરે છે. તથા મન્ત્રાર્થને ભિન્ન રીતે સમજાવે છે — "જે કાંઈ પણ આ ભૂલોક અને દ્યુલોકની મધ્યમાં આવેલું છે તે સર્વનું નિરીક્ષણ પ્રભુ સ્વયં કરે છે. ત્યાં સુધી કે મનુષ્યોના પલકારાંની પણ તે ગણતરી રાખે છે. અર્થાત્ તેનાથી કશું જ અજાણ્યું નથી."*

---

*मन्त्रः -* ***ये ते पाशा वरुण सप्त सप्त त्रेधा तिष्ठन्ति विषिता रुशन्तः ।***
***छिनन्तु सर्वे अनृतं वदन्तं यः सत्यवाद्यति तं सृजन्तु ॥ ६ ॥***

---

***पदपाठः -*** *ये । ते । पाशाः । वरुण । सप्त । सप्त । त्रेधा । तिष्ठन्ति । विऽसिताः । रुशन्तः । छिनन्तु । सर्वे । अनृतम् । वदन्तम् । यः । सत्यऽवादी । अति । तम् । सृजन्तु ।*

***अन्वयः -*** *हे वरुण ! ते पाशाः सप्त सप्त त्रेधा विसिताः । रुषन्तः तिष्ठन्ति । अनृतं वदन्तं छिनन्तु । यः सत्यवादी तम् अति सृजन्तु ।*

***अर्थः -*** *હે વરુણ ! તારા સાત-સાત સંખ્યાવાળા ત્રણ પ્રકારે બંધાયેલા જે પાશ પાપીઓને પકડવા માટે જાળની જેમ બંધાયેલા છે તે પાશ ખૂબ જ પીડા આપનારા છે. તે પાશ અસત્ય બોલનારાને છિન્ન-ભિન્ન કરી નાંખે અને સત્ય બોલનારાઓને તરત જ સ્વતંત્ર કરે.*

**विशेष :**

*सप्त सप्त — શરીર, મન, બુદ્ધિ, ચિત્ત, જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય અને પ્રાણ. त्रेधा – ઉત્તમ, મધ્યમ અને અધમ એમ ત્રણ પ્રકારથી.*

*અથવા શરીરમાં વિદ્યમાન સપ્ત ધાતુઓમાં વ્યાપી વળનાર કફ, વાત અને પિત્તથી ઉત્પન્ન થતા રોગરૂપ પાશ.*

*विषिताः - વિશેષરૂપે બંધાયેલા. જેનાથી મુક્ત થવું સરળ નથી.*

*રુશાન્તઃ - જે પાશ ખુબ જ પીડા આપનારા છે.*

*આ મન્ત્રમાં વરુણના પાશનું દારુણરૂપ દર્શાવવામાં આવ્યું છે. વરુણ પોતાના પાશથી ક્રૂર, પાપકર્મ, અસત્યભાષણ  કરનારા લોકોને બાંધનાર અને છેદનાર જ્યારે સત્યવાદીઓનું રક્ષણ કરનાર દર્શાવાયા છે.*

---

*मन्त्रः –* ***शतेन पाशैरभिधेहि वरुणैनं मा ते मोच्यनृतवाङ्नृचक्षः ।***
***आस्तां जाल्म उदरं श्रंसयित्वा कोश इवाबन्धः परिकृत्यमानः ॥ ७ ॥***

---

**पदपाठः –** *शतेन । पाशैः । अभि । धेहि । वरुण । एनम् । मा । ते । मोचि । अनृतऽवाक् । नृऽचक्षः । आस्ताम् । जाल्मः । उदरम् । श्रंशयित्वा । कोशःऽइव । अबन्धः । परिऽकृत्यमानः ॥ ७ ॥*

**अन्वयः –** *हे वरुण ! एनं शतेन पाशैः अभिधेहि । हे नृचक्षः ! अनृतवाक् मा मोचि । जाल्मः उदरं श्रंसयित्वा अबन्धः कोशः इव परिकृत्यमानः आस्ताम् ।*

**अर्थः –** *હે વરુણ ! તારા સો પાશ વડે અસત્ય બોલનારાને બાંધી દો. માનવોના સત્ય અને અસત્યને વિવેકપૂર્વક જોનારા હે વરુણ ! અસત્ય બોલનારને છોડશો નહીં. જે ક્રૂરકર્મ કરનાર હોય તે જલોદર રોગ થકી પોતાના ઉદરને બંધન વિનાની ફૂલની કળીની માફક ચારે બાજુથી છિન્ન થતાં થતાં બંધાયેલ રહે.*

**विशेष :**

*આગળના મન્ત્રથી શરૂ થયેલું વરુણના પાશનો પ્રભાવ આ મન્ત્રમાં પણ આગળ વધે છે. અહીં વરુણના પાશની સંખ્યા સો દર્શાવવામાં આવી છે. સંસ્કૃત સાહિત્યમાં શત, સહસ્ર જેવા શબ્દો અસંખ્યના વાચક બનતા હોવાથી અહીં સો સંખ્યાથી વરુણના અસંખ્ય પાશો એવો અર્થ લેવાનો રહે. આવા સેંકડો પાશ વડે*

પાપી, અસત્યભાષણ કરનાર અને સ્વાર્થ માટે અન્યનું અહિત કરનાર મનુષ્યને વરુણ બાંધે છે તથા અંતમાં તેનો નાશ કરે છે.

અહીં મન્ત્રમાં उदरं श्रंसयित्वा નું વ્યાખ્યાન કરતાં સાયણાચાર્ય શુનઃશેપ આખ્યાનનો સંદર્ભ લઈ વરુણ તેના પાશથી પાપીને બાંધ્યા બાદ જલોદર રોગથી દંડ આપે છે તેનો ઉલ્લેખ કરે છે. આ ઉદર સંબંધી રોગ છે. જેમાં રોગીના ઉદરમાં જલ ભરાઈ જાય છે અને હાથ-પગ ક્ષીણ થતાં જાય છે.

---

*मन्त्रः* – ***यः समाम्यो३ वरुणो यो व्याम्यो३***
***यः सन्देश्यो३ वरुणो यो विदेश्यः ।***
***यो दैवो वरुणो यश्च मानुषः ॥ ८ ॥***

---

**पदपाठः** – *यः । सम्ऽआम्यः । वरुणः । यः । विऽआम्यः । यः । सम्ऽदेश्यः । वरुणः । यः । विऽदेश्यः । यः । दैवः । वरुणः । यः । च । मानुषः ।*

***अन्वयः*** – *यः समाम्यः वरुणः, यः व्याम्यः, यः सन्देश्यः, यः विदेश्यः वरुणः । यः दैवः वरुणः च यः मानुषः ।*

***अर्थः*** – *જે સમાનરૂપે બધા અંગોને રોગી બનાવનાર છે તેવો વરુણનો પાશ છે, જે માનવીને વિવિધરૂપે પીડા આપનાર છે તેવો વરુણનો પાશ છે, જે સમાન સ્થાનમાં રહેનાર છે તે વરુણનો પાશ છે, જે વિવિધ દેશોમાં રહેનારો છે તે વરુણનો પાશ છે. અને વળી, જે દિવ્ય પદાર્થો દ્વારા થનાર અને માનુષ પદાર્થો દ્વારા થનાર વરુણનો પાશ છે.*

***विशेष :***

*वरुणः = वारुणः* - સાયણાચાર્ય *वरुणः* પદને *लुप्ततद्धितोऽयं निर्देशः* એમ જણાવી અહીં *वरुणः* પદથી *वरुणेन सम्बद्धः* અથવા *वरुणस्य अयं पाशः* – વરુણનો પાશ એવો અર્થ લેવાનો છે તેમ જણાવે છે. આ મન્ત્રમાં વરુણના પાશની વિવિધતાઓ અને પ્રકારો દર્શાવવામાં આવ્યા છે. જેમ કે -

*समाम्यः – समानतया आमयति व्याधितो भवति पुरुषो अनेनेति समाम्यः* - દરેક પ્રત્યે સમાનભાવ રાખનારો. અર્થાત્ પક્ષપાત રહિત.

*व्याम्यः – विगमनेन विविधं वा आमयति पुरुषो अनेनेति व्याम्यः* – વિવિધ રીતે અથવા વિશેષ રીતે ગતિ કરીને જેના દ્વારા મનુષ્યને રોગી બનાવવામાં આવે તેવો પાશ.

*सन्देश्यः – समानदेशे भवः सन्देश्यः – સમાન સ્થાનમાં ઉત્પન્ન થનારો વરુણનો પાશ.*

*विदेश्यः – विदेशे भवः विदेश्यः – દૂરના સ્થાનમાં ઉત્પન્ન થનારો વરુણનો પાશ.*

*दैवः – देवेषु भवः दैवः – દેવતાઓને અસર કરનારો વરુણનો પાશ.*

*मानुषः – मनुष्येषु प्रयुक्तः मानुषः – મનુષ્યોના વિષયમાં પ્રયોજવામાં આવતો વરુણનો પાશ.*

*જો કે પંડિત સાતવલેકર અને દયાનંદ સરસ્વતી વરુણનો પાશ એવો અર્થ ન કરતાં વરુણનો જ પ્રભાવ દર્શવતાં મન્ત્રનું અર્થઘટન કરે છે. જેમાં વરુણનું સર્વવ્યાપકત્વ અને પરમેશ્વરરૂપ દર્શાવાયું છે.*

---

*मन्त्रः –* ***तैस्त्वा सर्वैरभि ष्यामि पाशैरसावामुष्यायणामुष्याः पुत्र ।***
***तानु ते सर्वाननुसन्दिशामि ॥ ९ ॥***

---

***पदपाठः –*** *तैः । त्वा । सर्वैः । अभि । स्यामि । पाशैः । असौ । अमुष्यायण । अमुष्याः । पुत्र । तान् । ऊँ इति । ते । सर्वान् । अनुऽसंदिशामि ॥ ९ ॥*

***अन्वयः –*** *असौ अमुष्यायण अमुष्याः पुत्र त्वा तैः सर्वैः पाशैः अभिष्यामि । उ तान् सर्वान् ते अनु सन्दिशामि ।*

***अर्थः –*** *(પૂર્વ મન્ત્રમાં નિર્દિષ્ટ બધા જ) પાશ થકી આ અમુક ગોત્રમાં ઉત્પન્ન થયેલ, અમુક માતાનું સંતાન તજે તે બધા જ વરુણના પાશો થકી બાંધું છું. નિશ્ચયપૂર્વક તે બધા જ પાશો તને લક્ષ્ય બનાવીને મોકલું છું.*

***विशेष :***

*અહીં મન્ત્રમાં પિતા પુત્રને સદાચરણનો ઉપદેશ આપતાં સૂચવે છે કે જો તે સદાચરણના માર્ગ પર નહીં ચાલે તો વરુણ તેને પોતાના પાશથી બાંધી દંડ આપશે. સાથે વરુણને ઉદ્દેશીને પ્રાર્થના કરવામાં આવી છે કે તેના ગોત્રમાં ઉત્પન્ન થયેલા પુત્રોને વરુણ તેના પાશ થકી બંધન ન આપે અને મુક્ત રાખે.*

## 4.4 राष्ट्रसभा ( अथर्ववेद – ७.१२ )

### 4.4.1 પ્રસ્તાવના

પ્રસ્તુત સભાસૂક્ત કે રાષ્ટ્રસભાસૂક્ત ભારતીય સંસ્કૃતિમાં તત્કાલીન રાજનીતિના ઉન્નત મનઃસ્થિતિ વિશે જણાવે છે. આ સૂક્તમાં પરિપક્વ બનેલ સમાજ, રાજવ્યવસ્થા તેમજ રાષ્ટ્રના અનિવાર્ય અંગરૂપ સૈન્ય વિષયક વ્યવસ્થાનું સંચાલન કરનારી સભાનું નિરૂપણ થયું છે. રાજા જે સમગ્ર રાષ્ટ્રનો અધિષ્ઠાતા ગણાય તેનો સભા પ્રત્યેનો આદરભાવ તથા અપેક્ષાઓ અહીં નિરૂપાયા છે. રાષ્ટ્રનું હિતચિંતન કરનારા અગ્રણીઓની ગણયોજનાના બે સ્વરૂપ સમિતિ અને સભા ગણાય છે. અહીં આ બંનેની વ્યાખ્યા કરવામાં આવી છે. તથા તે બંને ગણમાન્ય સદસ્યોના જૂથ એકમત બનીને રાજાને માર્ગદર્શન આપી રાષ્ટ્રના ઉત્કર્ષ પ્રત્યે અભિમુખ બનાવે. રાષ્ટ્રના હિત માટે એક મતવાળા બનીને સંગચ્છધ્વમ્ સંવદધ્વમ્ ની ભાવનાને અપનાવે તેવી રાજા તરફથી અભિલાષા સેવવામાં આવી છે. આ સાથે નિર્ણયશક્તિ માટે મનની સ્વસ્થતા અને એકનિષ્ઠતાનું મહત્ત્વ પણ આ નાનકડા સૂક્તમાં જણાવવામાં આવ્યું છે.

સમિતિ અને સભાનું રાષ્ટ્રના રક્ષણમાં અને ઉત્થાનમાં અનેરું મહત્ત્વ રહેલું છે. સમિતિ રાષ્ટ્ર પર આવી પડેલી આપત્તિ સમયે તેનો સામનો કરવા માટે તથા તેના નિવારણ માટેની આપાતકાલીન નિર્ણાયક સત્તા ધરાવનારા સદસ્યોનું ગણવ્યવસ્થાપન છે. જ્યારે સુરક્ષિત બનેલા રાષ્ટ્રના વિકાસનું ચિંતન કરવા, રાજ્ય વ્યવસ્થાઓ, યોજનાઓ સુચારુ રીતે પ્રજા સુધી પહોંચે, પ્રજા નિર્વિઘ્ને, નિરુપદ્રવ બનીને જીવનયાપન કરે, રાજાનો યશ થાય વગેરે બાબતો વિષયક ચિંતન કરનારા સદસ્યોની ગણવ્યવસ્થા એટલે સભા. સભા અને સમિતિ દ્વારા ચિંતનના અંતે કરાયેલા ઠરાવ પ્રજા માટે ધર્મ બની રહે છે. આથી આ બંને વ્યવસ્થાઓ એકમત અને એકમનથી રાજાનું માર્ગદર્શન કરી રાષ્ટ્રના સર્વતોમુખી વિકાસમાં યોગદાન આપે તે માટે રાજા દ્વારા વિનંતી કરવામાં આવી છે.

### 4.4.2 राष्ट्रसभा ( अथर्ववेद – ७.१२ )

( शौनको ऋषिः, सरस्वती देवता, त्रिष्टुप् छन्दः )

मन्त्रः – **सभा च मा समितिश्चावतां प्रजापतेर्दुहितरौ संविदाने ।**
**येना संगच्छा उप मा स शिक्षाच्चारु वदानि पितरः संगतेषु ॥ १ ॥**

**पदपाठः –** सभा । च । मा । सम्ऽइतिः । च । अवताम् । प्रजाऽपतेः । दुहितरौ । संविदाने इति सम्ऽविदाने । येन । सम्ऽगच्छै । उप । मा । सः । शिक्षात् । चारु । वदानि । पितरः । सम्ऽगतेषु ॥ १ ॥

**अन्वयः –** प्रजापतेः दुहितरौ सभा च समितिः च मा अवताम् । संविदाने येन संगच्छै सः मा उप शिक्षात् । हे पितरः ! संगतेषु चारु वदानि ।

**अर्थः –** પ્રજાપતિની બે પુત્રીઓ સભા અને સમિતિ મારું રક્ષણ કરો. તે બંને એક મતવાળી બનેલી (સભા અને સમિતિ) હું જેની સાથે વાતચીત કરું તે વિદ્વાન મને સારી રીતે શિક્ષણ આપનાર બને. હે પિતૃઓ ! સભાઓમાં હું સારી વાતો બોલું. (સભ્યતાપૂર્વક વ્યવહાર કરું.)

***विशेष :***

*પ્રજાપતિ – જગત્‌ના સર્જક અને પાલક. અહીં સભા અને સમિતિને તેની પુત્રીઓ તરીકે અભિવ્યક્ત કરવામાં આવી છે.*

*सभा – विदुषां समाजः सभा इत्युच्यते – વિદ્વાનોનો સમુદાય એટલે સભા.*

*समितिः – संयन्ति संगच्छन्ते युद्धाय अत्रेति समितिः संग्रामः । सांग्रामीणजनसभेत्यर्थः – યુદ્ધ માટે સજ્જ થયેલો જનસમુદાય એટલે સમિતિ. જો કે નિરુક્તકાર યાસ્કાચાર્યના નિર્વચનને અનુસરીને સમિતિ શબ્દનો અર્થ યજ્ઞ પણ કરવામાં આવે છે.*

*આ મન્ત્રમાં રાજા વક્તા તરીકે સભા અને સમિતિ સમક્ષ એકમત બની પોતાનું માર્ગદર્શન અને સહાયતા કરવાનું સૂચવે છે. પિતૃઓ – રાષ્ટ્રના રક્ષણ – સંવર્ધનના કાર્યમાં નિષ્ઠાપૂર્વક જોડાયેલા પુરુષો. રાજાના માર્ગદર્શકોમાં સભા અને સમિતિ સિવાય સમાજના અનુભવી, પરંપરાના જાણકાર લોકો પણ રહેતા અને વિકટ પરિસ્થિતિઓમાં રાજા તેમની પણ સલાહ લેતા. અહીં પણ રાજા તેમને ઉદ્દેશીને ઉચિત માર્ગદર્શન માટે વિનંતી કરે છે.*

---

मन्त्रः – **विद्म ते सभे नाम नरिष्टा नाम वा असि ।**
**ये ते के च सभासदस्ते मे सन्तु सवाचसः ॥ २ ॥**

---

**पदपाठः –** विद्म । ते । सभे । नाम । नरिष्टा । नाम । वै । असि । ये । ते । के । च । सभाऽसदः । ते । मे । सन्तु । सऽवाचसः ॥ २ ॥

**अन्वय: –** हे सभे ! ते नाम विद्म । वा नरिष्टा नाम असि । ये के च सभासद: ते मे सवाचस: सन्तु ।

**अर्थ: –** હે સભા ! તારું નામ અમે સૌ જાણીએ છીએ. તું નિશ્ચિતપણે નરિષ્ટા – ક્યારેય ભંગ ન થનારી એવા નામવાળી છો. જે કોઈ સભાસદ છે તે મારા માટે સમ્મતિપૂર્વક બોલનાર બને.

***विशेष :***

અહીં રાજા સભાની મહત્તા અને અપરિહાર્યતા વ્યક્ત કરે છે. સભાનું નામ નરિષ્ટા છે. તેનો અર્થ જણાવતાં સાયણાચાર્ય કહે છે કે बहव: संभूय यद्येकं वाक्यं वदेयुस्तद्धि न परैरतिलंघ्यम् अत: अनतिलंघ्यवाक्यत्वात् नरिष्टा इति नाम सभाया युज्यते । આમ સભાનો મત ઉલ્લંઘન ન કરી શકાય તેવો – અનુલ્લંઘનીય હોય છે. આથી રાજા અપેક્ષા વ્યક્ત કરે છે કે સભા એકમત થઈને તેને નિર્દેશ કરે. તથા જે મતાંતર વ્યક્ત કરે તે પણ રાજાન વિષયમાં અનુકૂળ વાક્ય એટલે કે શ્રેયસ્કર મત વ્યક્ત કરનાર હોય. અહીં રાજાનું સર્વસત્તાધીશ હોવા છતાં પ્રજાના સેવક હોવાનું ફલિત થાય છે. રાજાએ મહત્ત્વપૂર્ણ કાર્યો, પ્રસંગોમાં પ્રજાનો મત લઈને જ નિર્ણય કરવો પડતો અને સભાના મતને અનુસરવો પણ પડતો તે અહીં વિદિત થાય છે.

---

मन्त्र: – **एषामहं समासीनानां वर्चो विज्ञानमा ददे ।**
**अस्या: सर्वस्या: संसदो मामिन्द्र भगिनं कृणु ॥ ३ ॥**

---

**पदपाठ: –** एषाम् । अहम् । सम्ऽ आसीनानाम् । वर्च: । विऽज्ञानम् । आ । ददे ।
अस्या: । सर्वस्या: । सम्ऽसद: । माम् । इन्द्र । भगिनम् । कृणु ॥ ३ ॥

**अन्वय: –** अहं समासीनानाम् एषां वर्च: विज्ञानम् आददे । हे इन्द्र ! माम् अस्या: सर्वस्या: संसद: भगिनं कृणु ।

**अर्थ: –** (રાજા સભાપતિને ઉદ્દેશીને કહે છે) હું આ સભામાં એકઠા થયલા સદસ્યોનું તેજ અને વિજ્ઞાનને ગ્રહણ કરું છું. હે ઈન્દ્ર ! મને આ સમગ્ર સંસદના જ્ઞાનવાળો બનાવો.

***विशेष :***

પ્રસ્તુત મન્ત્રમાં રાજા સભાને ઉદ્દેશીને જણાવે છે કે હું સભામાં ઉપસ્થિત સભ્યોનું वर्च:-તેજ અને विज्ञानम् -વિજ્ઞાન ગ્રહણ કરું છું. વિજ્ઞાન એટલે – વેદ-શાસ્ત્રાર્થ, શિલ્પ અને શાસ્ત્રનું જ્ઞાન અહીં અભિપ્રેત છે. આ સાથે સભાના અધિપતિ દેવતા ઈન્દ્ર હોવાથી તેને પણ સભા એકમત, એકવાક્યતા, હિતવચન કહેનારી તથા સાનુકૂળ બને તેવી અભ્યર્થના વ્યક્ત કરે છે.

| | |
|---|---|
| मन्त्रः – | **यद्वो मनः परागतं यद्बद्धमिह वेह वा ।** <br> **तद्व आ वर्तयामसि मयि वो रमतां मनः ॥ ४ ॥** |

**पदपाठः** – यत् । वः । मनः । पराऽआगतम् । यद् । बद्धम् । इह । वा । इह । वा । तत् । वः । आ । वर्तयामसि । मयि । वः । रमताम् । मनः ॥ ४ ॥

**अन्वयः** – यत् वः मनः परागतं वा यत् इह इह वा बद्धं वः तत् आवर्तयामसि । वः मनः मयि रमताम् ।

**अर्थः** – જે તમારા સૌનું મન છે તે ક્યાંક દૂર ગયેલું છે અથવા જે અહીં વિવિધ વિષયોમાં બંધાયેલું છે તે તમારા મનને હું પાછું વાળું છું. હે સભ્યો ! તમારું મન મારામાં સ્થિર થાઓ. (મારા વિષયમાં વિચાર કરનાર બનો.)

**विशेष :**

આ મન્ત્રમાં રાજા સભાસદોને સભામાં ચર્ચાઈ રહેલા રાજકાર્યના, લોકહિતના, પ્રજાપાલનના વિષયમાં દત્તચિત્ત રહી અન્ય વિષયોમાંથી તેમનું મન પાછું વાળવા માટે વિનંતી કરે છે. જેથી સ્થિરચિત્તવાળા સભ્યો, સાંસદો રાજાને યોગ્ય માર્ગદર્શન આપવા સમર્થ બને. અહીં રાજા પ્રજાના હિતચિંતક તરીકે પ્રસ્તુત થતો હોવાથી રાજા દ્વારા ઉપસ્થાપિત વિષય અંગે તથા રાજાના મતને અભિમત બનીને સભા પ્રવર્તન કરે તેવો આશય વ્યક્ત કરાયો છે.

## 4.5 તમારી પ્રગતિ ચકાસો :

### 4.5.1 નીચેના શબ્દો વિશે વિવરણાત્મક નોંધ લખો

**१ –त्रिसप्ताः, २ – वाचस्पतिः, ३ –** सप्त सप्त, **४ – विषिताः, ५ – सभा, ६- समितिः**

જવાબ -

**१ –त्रिसप्ताः** –

**२ – वाचस्पतिः** –

**३ –** सप्त सप्त –

**४ – विषिताः** –

**५ – सभा** –

**६ – समितिः** –

### 4.5.2 યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેની ખાલી જગ્યા પૂરો

૧) મેધાજનનસૂક્તના ઋષિ ———— છે. (મેધાતિથિ, અથર્વા, આંગિરસ)

૨) मा श्रुतेन विराधिषि આ મન્ત્રનો અર્થ ———— મન્ત્ર સાથે બંધ બેસે છે. (मा भ्राता भ्रातरं द्विक्षत्, मा विद्विषावहै, मा नो रुद्र भामिनो वीरान् हिंसीः)

૩) વરુણ ના કુક્ષિસ્થાન ———— છે. (નદીઓ, તળાવો, સમુદ્રો)

૪) કુમાર્ગે ચાલનારને વરુણ ———— થી દંડ આપે છે. (પાશથી, અંકુશથી, વજ્રથી)

૫) નરિષ્ટા એટલે ———— . (સમિતિ, સેના, સભા)

**(જવાબ –**

)

### 4.5.3 નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો

૧) મેધાજનનસૂક્તમાં ઋષિ કોની સ્તુતિ કરે છે ?

૨) ઋષિ યજમાનને કઈ રીતે સજ્જ થવાનું જણાવે છે ?

૩) વરુણના પાશ કેવા છે ?

૪) દુરાત્માઓ અને વ્રતનું નિયંત્રણ કરનારા દેવ ક્યા છે ?

૫) પ્રજાપતિની પુત્રીઓના નામ શું છે ?

## 4.5.4 નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો

૧) અથર્વવેદનો પરિચય

૨) મેધાજનન સૂક્તમાં નિર્દિષ્ટ વાણીનો મહિમા

૩) અથર્વવેદ – ૪.૧૬માં નિર્દિષ્ટ વરુણનો પ્રભાવ

૪) રાષ્ટ્રસભા સૂક્તમાં સભા અને સમિતિ

ooo

# એકમ 5 पृथ्वीसूक्तम् ( अथर्ववेद – १२.१ ) ( १ तः २१मन्त्राः )

## : રૂપરેખા :

5.0 ઉદ્દેશ્ય
5.1 પ્રસ્તાવના
5.2 अग्निसूक्तम् (ऋग्वेदः १.१)
5.3 તમારી પ્રગતિ ચકાસો

### 5.0 ઉદ્દેશ્ય :

૧) વિદ્યાર્થીઓ વૈદિક સંસ્કૃતિથી માહિતગાર થાય.

૨) વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિની પ્રાચીન સાહિત્યિક સમૃદ્ધિથી વાકેફ થાય.

૩) વિદ્યાર્થીઓ અથર્વવેદના સાહિત્ય વિશે માહિતી પ્રાપ્ત કરે.

૪) વિદ્યાર્થીઓ અથર્વવેદકાલીન સામાજિક – સાંસ્કૃતિક વારસા વિશે માહિતી મેળવે.

## 5.1 प्रस्तावना

પ્રસ્તુત સૂક્તમાં પૃથ્વીનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. નિરુક્તકાર યાસ્કના જણાવ્યા મુજબ પ્રથનાત્ પૃથિવી એ નિરુક્તિને અનુસરતાં જે ફેલાયેલી છે તે પૃથ્વી કહેવાય. પૃથ્વી સમગ્ર સર્જનનો આધાર બની રહે છે. આ સૂક્તમાં પૃથ્વીના વિવિધ રૂપો, ક્ષમતાઓ, પૃથ્વી પરની વિશેષતાઓ નિરૂપવામાં આવેલ છે. પૃથ્વી સૂક્તનું અધ્યયન કરતાં અથર્વવેદકાલીન સમાજનું પણ આકલન કરી શકાય છે. અથર્વવેદના સમયમાં કૃષિનો વિકાસ થઈ ગયેલો છે, માનવીય સમાજનું નિર્માણ કૌટુંબિક સંબંધોનો વિકાસ થઈ ગયેલો જોઈ શકાય છે. માનવીય ભાવોની વ્યાખ્યા થઈ ચુકી છે. આથી અથર્વવેદકાલીન સમાજ પોતાની પરાકાષ્ઠાએ વિકસેલો જણાય છે.

સંપૂર્ણ પૃથ્વીસૂક્તમાં ૬૩ મન્ત્રો આવેલા છે પરંતુ અહીં વિદ્યાર્થીઓના અભ્યાસ હેતુ પ્રથમ એકવીસ મન્ત્રોનું નિર્ધારણ કરવામાં આવ્યું છે. જેમાં પૃથ્વીના વસુધાની, વિશ્વંભરા, હિરણ્યવક્ષા, વિશ્વદાની, ઈન્દ્રઋષભા જેવા વિશેષણો પ્રયોજવામાં આવ્યા છે. તો વળી, માતા તરીકે નિરૂપાયેલી પૃથ્વી પ્રત્યે ઋષિ પુત્રભાવે પ્રસ્તુત થાય છે. પૃથ્વી પર વિદ્યમાન પર્વતો, નદીઓ, કૃષિઓ, ખીણો, વિવિધ પ્રકારના પ્રાણીઓ, સત્ત્વો વગેરે વિશે પણ મન્ત્રોમાં વર્ણન ઉપલબ્ધ થાય છે જેનાથી

પ્રકૃતિ, સંસ્કૃતિ અને માનવીય મૂલ્યો સુધીનો વિકાસ સ્વતઃ કલ્પી શકાય તેમ છે. પ્રસ્તુત સૂક્તના મન્ત્રોમાં ઋષિ દ્વારા પ્રાયઃ પોતાને તેમજ સ્વજનોને પૃથ્વી તેના પદાર્થોના ઉપભોક્તા બનાવે, પૃથ્વી તેના સત્ત્વોથી યુક્ત બનાવે તેમજ વર્ચસ, દ્રવિણ, ધાન્ય, પેય પ્રદાન કરે તે માટે પ્રાર્થના કરવામાં આવી છે. આ પૃથ્વીનું રક્ષણ દેવતાઓ કરી રહ્યા છે એમ જ્યારે ઋષિ જણાવે છે ત્યારે પૃથ્વીની આઠ દિશાઓમાં વર્ણવાયેલા અષ્ટ વસુઓના રૂપકથી પ્રકૃતિના આઠ તત્ત્વો (ઈન્દ્ર – વર્ષા, અગ્નિ – તેજસતત્ત્વ/અગ્નિતત્ત્વ, યમ - ચંબકીય તત્ત્વ, નિર્ઋતિ - અનિષ્ટતત્ત્વો, પશ્ચિમ - જલતત્ત્વ/સમુદ્રો, વાયુ – વાયુતત્ત્વ, સોમ - પ્રકૃતિના સંરક્ષક પર્વતો/ચુંબકીય તત્ત્વ, ઈશાન - પ્રકૃતિનું શાસન કરનાર.) થકી પૃથ્વીની સુરક્ષા થઈ રહી છે તે પણ સૂચવાય છે.

પૃથ્વી પોતાના ફલક પર અન્ન, ઔષધિઓ, સત્ત્વો, પ્રાણીઓ, પક્ષિઓ, માનવો ઈત્યાદિની ઉત્પત્તિ અને પાલન – પોષણ કરે છે. આ સાથે પૃથ્વીના વિવિધ વર્ણો જેવા કે – બભ્રુ, કૃષ્ણ, રોહિત વગેરેનો પણ અહીં ઉલ્લેખ જોવા મળે છે. અહીં યજ્ઞ થાય છે, કૃષિ થાય છે, માનવો ઊર્ધ્વગતિ કરે છે, અહીં દ્વેષ પણ છે, યુદ્ધ પણ છે, પ્રાણીઓનું વિભિન્ન પ્રકારનું મુક્ત વિચરણ પણ છે. આ પૃથ્વી ધર્મથી ધારણ કરવામાં આવેલી છે. તે કલ્યાણકારિણી છે. આહવનીય, ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ, હવ્યવાહ્, વાડવ, દાવાગ્નિ જેવા અગ્નિઓનું અધિષ્ઠાન છે. આ પૃથ્વી અગ્નિરૂપી વસ્ત્ર ધારણ કરનારી પણ છે.

આમ અહીં ૧ થી ૨૧ મન્ત્રોમાં પૃથ્વીના વિવિધ પ્રકાર, પ્રભાવ, વિશેષતાઓ વિશે જાણવા મળે છે. આ સૂક્તના અભ્યાસ થકી વિદ્યાર્થીઓ પૃથ્વી વિષયક વેદકાલીન વિભાવનાને સારી રીતે સમજી શકશે તેવી આશા છે.

## 5.2 पृथ्वीसूक्तम् ( अथर्ववेद – १२.१ )

**( अथर्वा - ऋषिः, भूमिर्देवता, १, ३, १७, २० – त्रिष्टुप्, २ - भूरिक्, ४-६,१० - त्र्यवसाना षट्पदा जगति, ७ – प्रस्तारपंक्तिः, ८, ११ - त्र्यवसाना षट्पदा विराडष्टी, ९ – परानुष्टुप्, १२- त्र्यवसाना शक्वरी, १३, १५ – पञ्चपदा शक्वरी, १४ - महाबृहती, १६, २१ - एकावसाना सामत्रिष्टुप्, १८ – त्र्यवसाना षट्पदा त्रिष्टुबनुष्टुपगर्भातिशक्वरी, १९ – पुरोबृहती छन्दांसि )**

મન્ત્રઃ – **सत्यं बृहदृतमुग्रं दीक्षा तपो ब्रह्म यज्ञः पृथिवीं धारयन्ति ।**
**सा नो भूतस्य भव्यस्य पत्न्युरुं लोकं पृथिवी नः कृणोतु ॥ १ ॥**

**पदपाठः** – सत्यम् । बृहद् । ऋतम् । उग्रम् । दीक्षा । तपः । ब्रह्म । यज्ञः । पृथिवीम् । धारयन्ति । सा । नः । भूतस्य । भव्यस्य । पत्नी । उरुम् । लोकम् । पृथिवी । नः । कृणोतु ॥ १ ॥

**अन्वयः** – बृहत् सत्यं, उग्रं ऋतं, दीक्षा, तपः, ब्रह्म, यज्ञः, पृथिवीं धारयन्ति । सा नः भूतस्य भव्यस्य पत्नी पृथिवी नः उरुं लोकं कृणोतु ।

**अर्थः** – વિશાળ સત્ય, ઉગ્ર ઋત, દીક્ષા, તપ, બ્રહ્મ અને યજ્ઞ પૃથ્વીને ધારણ કરી રાખે છે. તે થયેલા અને વિદ્યમાન એવા અમારી સ્વામિની અમારા માટે આ લોકને વિસ્તારે.

**विशेष :**

સૂક્તના પ્રારંભે ઋષિએ પૃથ્વીને ધારણ કરનારા તત્ત્વોનો ઉલ્લેખ કરી સમાજના વિકાસમાં મહત્ત્વના ઉપયોગી ગુણો- પરિમાણોનો નિર્દેશ કર્યો છે. તેમાં સત્ય અને ઋત માટે એક – એક વિશેષણ પણ લગાડવામાં આવ્યું છે જે તેના અલગ અસ્તિત્વનો બોધ કરાવે છે. જેમ કે – બૃહત્ સત્ય, ઉગ્ર ઋત.

યદ્યપિ સત્ય અને ઋત બંને પર્યાયવાચી શબ્દો તરીકે કોશગ્રન્થોમાં ઉલ્લિખિત છે. પરંતુ સત્ય – વૈયક્તિક, સમકાલિક કે સમષ્ટિનિષ્ઠ હોઈ શકે. ઋત – વેદમાં શાશ્વત સત્ય, ત્રિકાલાબાધિત અસ્તિત્વનો સ્વીકાર દર્શાવવા માટે પ્રયોજાયેલ છે.

દીક્ષા –વિદ્યાધ્યયન શરૂ કરતાં પૂર્વે તેમાં અનિવાર્ય અનુશાસનનું પાલન કરવાની પ્રતિજ્ઞા એટલે દીક્ષા.

યજ્ઞ - દેવપૂજા, સંગતિકરણ અને દાન એવા ત્રણ અર્થ ધરાવતો આ શબ્દ સમાજને એકરૂપ કરવામાં એક સંસ્થા સમાન છે. અહીં પ્રકૃતિના તત્ત્વોનું સન્માન, સૌની સાથે મળીને પ્રગતિ તથા પ્રાપ્ત થયેલા દ્રવ્યોને વહેંચીને ભોગવવું આ ત્રણેય ભાવનાઓ યજ્ઞ શબ્દના અર્થમાં સન્નિહિત છે.

અહીં મન્ત્રમાં પૃથ્વી માટે પ્રયોજાયેલ પત્ની શબ્દ વધૂના અર્થમાં ન લેતાં સ્વામિની એટલે કે શાસન, નિયમન કરનારી એવા અર્થમાં લેવાનો છે.

मन्त्रः – **असंबाधं मध्यतो मानवानां यस्या उद्वतः प्रवतः समं बहु ।**
**नानावीर्या ओषधीर्या बिभर्ति पृथिवी नः प्रथतां राध्यतां नः ॥ २ ॥**

**पदपाठः** – असम्ऽबाधम् । मध्यतः । मानवानाम् । यस्याः । उत्ऽवतः । प्रऽवतः । समम् । बहु । नानाऽवीर्या । ओषधीः । या । बिभर्ति । पृथिवी । नः । प्रथताम् । राध्यताम् । नः ॥ २ ॥

**अन्वयः -** मानवानां मध्यतः असंबाधं यस्याः उद्वतः प्रवतः बहु समम्। या पृथिवी नानावीर्या ओषधीः बिभर्ति। (सा पृथिवी) नः प्रथतां नः राध्यताम्।

**अर्थः -** માનવોની વચ્ચે સંકીર્ણતાનો અભાવ હજો. જે પૃથ્વીના ઊંચા, નીચા અને સમતળ એવા ઘણા પ્રદેશો છે. જે પૃથ્વી અનેક સત્ત્વોથી યુક્ત ઓષધિઓને ધારણ કરનારી છે. તે અમારા માટે વિસ્તીર્ણ બને અને અમને કાર્યસિદ્ધિ આપે.

**विशेष :**

પૃથ્વીમાં રહેલો વ્યાપકતા, વિસ્તીર્ણતાનો ગુણ માનવોમાં પણ વિકસે તેવો ઋષિનો ભાવ છે. જેમ પૃથ્વીમાં અનેક પ્રકારના ચડાવ – ઉતાર જોવા મળે છે તેમ લોકજીવનમાં પણ ચડતી-પડતી આવતી રહે છે. પૃથ્વીમાં જેમ અનેક સત્ત્વો – ઔષધિઓ રહેલ છે તેમ માનવજીવનમાં પણ અનેક પ્રકારના ગુણો વિદ્યમાન છે. પૃથ્વી પાસેથી આ દરેક પ્રકારની વિશેષતાઓની સાથે વિસ્તરવાની સૌ સાથે મળીને રહેવાની વૃત્તિ કેળવાય તેવી ભાવના ઋષિ વ્યક્ત કરે છે.

---

मन्त्रः - **यस्यां समुद्र उत सिन्धुरापो यस्यामन्नं कृष्टयः संबभूवुः ।**
**यस्यामिदं जिन्वति प्राणदेजत्सा नो भूमिः पूर्वपेये दधातु ॥ ३ ॥**

---

**पदपाठः -** यस्याम् । समुद्रः । उत । सिन्धुः । आपः । यस्याम् । अन्नम् । कृष्टयः । सम्ऽबभूवुः । यस्याम् । इदम् । जिन्वति । प्राणत् । एजत् । सा । नः । भूमिः । पूर्वऽपेये । दधातु ॥ ३ ॥

**अन्वयः -** यस्यां समुद्रः उत सिन्धुः आपः। यस्यां अन्नं कृष्टयः संबभूवुः। यस्याम् इदं प्राणत् एजत् जिन्वति। सा भूमिः नः पूर्वपेये दधातु।

**अर्थः -** જે પૃથ્વી પર સમુદ્ર, સિન્ધુ અને જલ છે. જેના પર અન્ન અને કૃષિઓ સંભવે છે. જેના પર આ પ્રાણવાન્ અને હલન-ચલન કરનારા ફરી રહ્યા છે. તે ભૂમિ અમને પ્રથમ પાન કરનારાઓમાં ધારણ કરે.

**विशेष :**

અહીં મન્ત્રમાં પૃથ્વીને/પર પ્રાપ્ત થતા ત્રણ પ્રકારના પાણી વિશે જણાવાયું છે. ૧) સમુદ્ર – જે સમગ્ર પૃથ્વીને વ્યાપીને રહેલ છે. ૨) સિન્ધુ – જેનો જલપ્રવાહ સતત વહેતો રહે છે તેવી નદીરૂપે તથા ૩) અપ્ – તળાવ, ઝરણા, કૂવા, વર્ષા વગેરે દ્વારા પ્રાપ્ત થતું જલ.

*જે પૃથ્વી પર અન્ન અને તે માટે માનવે વિકસિત કરેલી કૃષિ પદ્ધતિ જે માનવીય ઉદરપૂર્તિ માટે સાધનરૂપ બની અન્ન પ્રાપ્તિ કરાવે છે.*

*પૃથ્વી પર સૌથી અગત્યનું પરિબળ પ્રાણવાયુ અને તેના થકી હલન-ચલન કરનારા પ્રાણીઓ વિદ્યમાન છે.*

*આ મન્ત્રમાં પૃથ્વી પર અનિવાર્ય એવા ત્રણેય તત્ત્વો – જલ, અન્ન અને પ્રાણના વિદ્યમાન હોવાનો નિર્દેશ જોવા મળે છે.*

---

*मन्त्रः –* ***यस्याश्चतस्त्रः प्रदिशः पृथिव्या यस्यामन्नं कृष्टयः संबभूवुः ।***
***या बिभर्ति बहुधा प्राणदेजत्सा नो भूमिर्गोष्वप्यन्ने दधातु ॥ ४ ॥***

---

**पदपाठः –** *यस्याः । चतस्त्रः । प्रऽदिशः । पृथिव्याः । यस्याम् । अन्नम् । कृष्टयः । सम्ऽबभूवुः । या । बिभर्ति । बहुधा । प्राणत् । एजत् । सा । नः । भूमिः । गोषु । अपि । अन्ने । दधातु ॥ ४ ॥*

***अन्वयः –*** *यस्याः पृथिव्याः चतस्त्रः प्रदिशः । यस्याम् अन्नं कृष्टयः संबभूवुः । या प्राणत् एजत् बहुधा बिभर्ति । सा भूमिः नः गोषु अन्ने अपि दधातु ।*

***अर्थः –*** *જે પૃથ્વીની ચાર દિશાઓ છે, જેના પર અન્ન અને કૃષિકર્મ સંભવે છે. જે પૃથ્વી પ્રાણવાન અને સંચરણશીલ સત્ત્વોને અનેક રીતે ધારણ કરે છે. તે ભૂમિ અમને ગાયો અને અન્ન વચ્ચે ધારણ કરે.*

***विशेष :***

*આ મન્ત્ર બહુશઃ પૂર્વના મન્ત્રનો અર્થ પુનરાવર્તિત કરે છે. ઋષિએ વધુમાં અહીં પૃથ્વીને ચાર દિશાઓથી યુક્ત કહી છે. દિશાઓની સંકલ્પના માનવને પોતાના કર્તવ્યરૂપી દિશાનો બોધ આપનાર છે. આ પ્રકારે નિશ્ચિત ધ્યેય પ્રત્યે નિષ્ઠા રાખીને કાર્ય કરનાર પ્રગતિ કરે છે. તેને દ્રવ્ય અને અન્ન સહજતયા પ્રાપ્ત થાય છે.*

---

*मन्त्रः –* ***यस्यां पूर्वे पूर्वजना विचक्रिरे यस्यां देवा असुरानभ्यवर्तयन् ।***
***गवामश्वानां वयसश्च विष्ठा भगं वर्चः पृथिवी नो दधातु ॥ ५ ॥***

---

**पदपाठः –** *यस्याम् । पूर्वे । पूर्वऽजनाः । विऽचक्रिरे । यस्याम् । देवाः । असुरान् । अभ्यवर्तयन् । गवाम् । अश्वानाम् । वयसः । च । विऽस्था । भगम् । वर्चः । पृथिवी । नः । दधातु ॥ ५ ॥*

***अन्वयः –*** *यस्यां पूर्वे पूर्वजनाः विचक्रिरे । यस्यां देवाः असुरान् अभ्यवर्तयन् । गवाम् अश्वानां वयसः च विष्ठा । (सा) पृथिवी नः भगं वर्चः दधातु ।*

**अर्थः** – જેના પર પહેલાના સમયમાં પૂર્વજોએ વિશેષ કાર્યો કર્યાં છે. જેના પર દેવતાઓએ અસુરોને હરાવ્યા હતા. જે ગાયો, અશ્વો અને પક્ષિઓનું નિવાસસ્થાન છે તે ભૂમિ અમને બળ અને ઊર્જા ધારણ કરાવે.

**विशेष :**

આ મન્ત્રમાં ઐતિહાસિક સંસ્મરણો દ્વારા ભવ્ય વારસાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ એ પૃથ્વી છે જેના પર દેવાસુર સંગ્રામ થયો અને તેમાં દૈવી તત્ત્વોનો આસુરી તત્ત્વો પર વિજય થયેલો. 'સત્યમેવ જયતે' એ વાતનું પૃથ્વી પર શાશ્વત સત્યના રૂપમાં પ્રતિષ્ઠાપન થયેલું જણાય છે. આ સત્ય થકી જ ભૂમિ તેના પર નિવાસ કરનારા સત્ત્વોને બળ અને ઊર્જા આપવા સમર્થ બને છે.

मन्त्रः – **विश्वंभरा वसुधानी प्रतिष्ठा हिरण्यवक्षा जगतो निवेशनी ।**
**वैश्वानरं बिभ्रतीभूमिरग्निमिन्द्रऋषभा द्रविणे नो दधातु ॥ ६ ॥**

**पदपाठः** – विश्वम्ऽभरा । वसुऽधानी । प्रतिऽस्था । हिरण्यऽवक्षा । जगतः । निऽवेशनी । वैश्वाऽनरम् । बिभ्रती । भूमिः । अग्निम् । इन्द्ऽऋषभा । द्रविणे । नः । दधातु ॥ ६ ॥

**अन्वयः** – विश्वंभरा वसुधानी प्रतिष्ठा हिरण्यवक्षाः जगतो निवेशनी । भूमिः वैश्वानरम् अग्निं बिभ्रती इन्द्रऋषभा नः द्रविणे दधातु ।

**अर्थः** – વિશ્વનું ભરણપોષણ કરનારી, અનેક દ્રવ્યોને ધારણ કરનારી, સુવર્ણરૂપી વક્ષઃસ્થલ ધરાવનારી, જગતનો પોતાનામાં સમાવેશ કરનારી એવી ભૂમિ કે જે વૈશ્વાનરરૂપી પાર્થિવ અગ્નિને ધારણ કરે છે તેવી ઈન્દ્રરૂપી શ્રેષ્ઠ સ્વામીવાળી તે અમારા માટે દ્રવ્યોને ધારણ કરે.

**विशेष :**

આ મન્ત્રમાં ઋષિ પૃથ્વી વિશે વિવિધ વિશેષણો પ્રયોજી તેની ક્ષમતા અને કાર્યોથી માહિતગાર કરે છે. જેમ કે -

विश्वंभरा – સમગ્ર વિશ્વનું કે ચારેબાજુ વિદ્યમાન બધાનું ભરણપોષણ કરનારી, પૃથ્વી તેના પર નિવાસ કરનારા સૌ કોઈને કશાય ભેદભાવ વિના સાચવે છે.

*वसुधानी – વસુ એટલે દ્રવ્ય. ધાની – એવું પાત્ર જેમાં વસ્તુ કે પદાર્થ મૂકવામાં/સાચવવામાં આવતો હોય આ પરથી વસુધાનીનો અર્થ થશે - દ્રવ્યોને સાચવનારી, દ્રવ્યોને સજાવવા માટેનું પાત્ર, પૃથ્વી પોતાના અંકમાં પ્રકૃતિનાં તત્ત્વોને સાચવે છે.*

*हिरण्यवक्षाः - જેના હૃદયમાં હિરણ્ય – સુવર્ણ રહેલું છે તે. પૃથ્વીના પેટાળમાં સર્વવિધ ધાતુઓ વિદ્યમાન છે. અહીં હિરણ્યનો અર્થ સમગ્ર ધાતુઓ અને સત્ત્વો એવો કરી શકાય. આ સિવાય પૃથ્વીના પેટાળમાં રહેલો લાવારસ એ પણ હિરણ્યવર્ણનો હોય છે. તેના પરથી પણ પૃથ્વીને હિરણ્યવક્ષા કહી શકાય.*

*जगतो निवेशनी – જગત – ગતિશીલ પદાર્થોને નિવાસ આપનારી.*

---

*मन्त्रः* – ***यां रक्षन्त्यस्वप्ना विश्वदानीं देवा भूमिं विश्वमप्रमादम् ।***
***सा नो मधु प्रियं दुहामथो उक्षतु वर्चसा ॥ ७ ॥***

---

**पदपाठः** – *याम् । रक्षन्ति । अस्वप्नाः । विश्वऽदानीम् । देवाः । भूमिम् । विश्वम् । अप्रमादम् । सा । नः । मधु । प्रियम् । दुहाम् । अथो । उक्षतु । वर्चसा ॥ ७ ॥*

***अन्वयः*** – *यां भूमिं पृथिवीम् विश्वदानीं अस्वप्नाः देवाः अप्रमादं रक्षन्ति । सा नः प्रियं मधु दुहाम् अथो वर्चसा उक्षतु ।*

***अर्थः*** – *જે સર્વવિધ પદાર્થો આપનારી વિશાળ ભૂમિને સદા જાગૃત રહેનારા દેવતાઓ પ્રમાદ કર્યા વિના રક્ષે છે. તે અમને પ્રિય એવા મધુર પદાર્થો દોહી આપે તથા વર્ચસ્‌ને અમારા ઉપર સિંચી આપે.*

***विशेष :***

*આ મન્ત્રમાં પૃથ્વીની અસ્તિત્વને ધારણ કરવાની ક્ષમતા, વ્યાપક બનવાની ક્ષમતા જણાવાઈ છે. તથા દેવતાઓને અસ્વપ્ન - ક્યારેય નિદ્રા ન કરનારા અર્થાત્ પોતાના કર્તવ્ય પ્રત્યે જાગૃત રહેનારા તત્ત્વો. જે અપ્રમત્ત બનીને – આળસ કર્યા વિના પોતાનું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક નિભાવવા તત્પર હોય તેના થકી જ પૃથ્વીનું અસ્તિત્વ ટકી રહે છે. આવી સુરક્ષિત પૃથ્વી પ્રજાજનોને તેના મધુર પદાર્થો આપવા ઉત્સાહી બને. આથી મનુષ્યમાત્રનું એ કર્તવ્ય છે કે તે પૃથ્વી પરના પ્રાકૃતિક તત્ત્વો/સત્ત્વોનું જતન કરે અને તે થકી પૃથ્વીને સમૃદ્ધ, મધુર પદાર્થો આપવાની ક્ષમતાવાળી બનાવે.*

मन्त्रः – **यार्णवेधि सलिलमग्र आसीद्यां मायाभिरन्वचरन्मनीषिणः ।**
**यस्या हृदयं परमे व्योमन्त्सत्येनावृतममृतं पृथिव्याः ।**
**सा नो भूमिस्त्विषिं बलं राष्ट्रे दधातूत्तमे ॥ ८ ॥**

**पदपाठः** – या । अर्णवे । अधि । सलिलम् । अग्रे । आसीत् । याम् । मायाभिः । अनुऽअचरन् । मनीषिणः । यस्याः । हृदयम् । परमे । विऽओमन् । सत्येन । आऽवृतम् । अमृतम् । पृथिव्याः । सा । नः । भूमिः । त्विषिम् । बलम् । राष्ट्रे । दधातु । उत्तमे ॥ ८ ॥

**अन्वयः** – या अग्रे अर्णवे अधि सलिलम् आसीत् । यां मनीषिणः मायाभिः अन्वचरन् । यस्याः पृथिव्याः हृदयम् अमृतं परमे व्योमन् सत्येन आवृतम् । सा भूमिः नः उत्तमे राष्ट्रे त्विषिं बलं दधातु ।

**अर्थः** – જે પૃથ્વી પહેલાં સમુદ્રમાં જલનિમગ્ન હતી, જેના પર મનીષીઓ માયાના માધ્યમથી વિચરણ કરતા હતા, જે પૃથ્વીનું અમૃતમય એવું હૃદય સુદૂર આકાશમાં સત્યથી વીંટળાયેલું છે. તે ભૂમિ અમારા ઉત્તમ તેજસ્વી રાષ્ટ્રના વિશે બળ ધારણ કરાવે.

**विशेष :**

સર્જનના આરંભે પૃથ્વીતત્ત્વ જલમગ્ન હોવાની ઘટના સાંખ્ય, વેદાંત અને પુરાણગ્રન્થોમાં વિભિન્ન રીતે વર્ણવાઈ છે. મનીષી – મન પર જેનો અંકુશ રહેલો છે તેવા જિતેન્દ્રિયો.

माया – मीयते अपरोक्षवत् प्रदर्श्यते अनया सा माया । મોનીયર વિલિયમ્સ માયા શબ્દનો અર્થ Art, extraordinary or supernatural power કરે છે. આવી માયાના બળથી જલમગ્ન પૃથ્વી પર મનીષીઓ વિચરણ કરતા હતા. અહીં મનની અપરિમેય ક્ષમતા પણ દર્શાવાઈ છે.

मन्त्रः – **यस्यामापः परिचराः समानीरहोरात्रे अप्रमादं क्षरन्ति ।**
**सा नो भूमिर्भूरिधारा पयो दुहामथो उक्षतु वर्चसा ॥ ९ ॥**

**पदपाठः** – यस्याम् । आपः । परिऽचराः । समानीः । अहोरात्रे । अप्रमादम् । क्षरन्ति । सा । नः । भूमिः । भूरिऽधारा । पयः । दुहाम् । अथो । उक्षतु । वर्चसा ॥ ९ ॥

**अन्वयः** – यस्याम् आपः परिचराः समानीः अहोरात्रे अप्रमादं क्षरन्ति । सा भूमिः भूरिधारा नः पयो दुहाम् अथो वर्चसा उक्षतु ।

***अर्थः –*** જે પૃથ્વી પર ચારેબાજુ વહેનારા પાણી દિવસ-રાત પ્રમાદ કર્યા વિના વહી રહ્યાં છે. તે અનેક ધારાઓવાળી ભૂમિ અમારા માટે દૂધ વહેવડાવે. અને વળી અમને સત્ત્વથી સીંચે.

***विशेष :***

આ મન્ત્રમાં પૃથ્વી પર વહેતા જલના સાતત્ય સાથે સરખાવી પૃથ્વીમાં વિદ્યમાન સત્ત્વો માતૃસ્નેહની માફક વહેવડાવવાની કામના દર્શાવાઈ છે.

---

*मन्त्रः –* ***यामश्विनावमिमातां यस्यां विष्णुर्विचक्रमे ।***
***इन्द्रो यां चक्र आत्मनेऽनमित्रां शचीपतिः ।***
***सा नो भूमिर्विसृजतां माता पुत्राय मे पयः ॥ १० ॥***

---

**पदपाठः –** *याम् । अश्विनौ । अमिमाताम् । यस्याम् । विष्णुः । विऽचक्रमे । इन्द्रः । याम् । चक्रे । आत्मने । अन्ऽअमित्राम् । शचीऽपतिः । सा । नः । भूमिः । विऽसृजताम् । माता । पुत्राय । मे । पयः ॥ १० ॥*

***अन्वयः –*** *याम् अश्विनौ अमिमातां, विष्णुः यस्यां विचक्रमे, शचीपतिः इन्द्रः याम् आत्मने अनमित्रां चक्रे, सा भूमिः माता मे पुत्राय पयः वि सृजताम् ।*

***अर्थः –*** *જે પૃથ્વીને અશ્વિનીકુમારોએ માપી હતી, જેના પર વિષ્ણુએ (ત્રણ ડગલાં વડે) વિક્રમ કર્યો હતો, શચીના સ્વામી ઈન્દ્રે જેને પોતાના માટે શત્રુરહિત બનાવી છે તે ભૂમિ માતા પુત્ર એવા મારા માટે દૂધ – સત્ત્વશીલ પદાર્થો વિશેષરૂપે સર્જે/ મુક્ત કરે.*

***विशेष :***

*આ મન્ત્રમાં અશ્વિનીકુમારો અને ત્રિવિક્રમ વિષ્ણુ દ્વારા કરવામાં આવેલા પૃથ્વીના માપનની ઘટનાને વર્ણન તરીકે વણી લેવામાં આવી છે. આ સાથે ઈન્દ્ર દ્વારા સુરક્ષિત કરવામાં આવેલી પૃથ્વીનો ઉલ્લેખ કરી ઋગ્વેદીય ઈન્દ્રના પરાક્રમોને અહીં સ્મરવામાં આવ્યા છે. આવી દિવ્ય પરિમેય અને સર્વપરાક્રમથી સુરક્ષિત પૃથ્વી માતાની માફક પુત્ર એવા ઋષિ કે સ્તુતિ કરનારને માટે તેનામાં વિદ્યમાન સત્ત્વોને સુલભ કરાવી આપે તેવી અભ્યર્થના કરવામાં આવી છે.*

---

*मन्त्रः –* ***गिरयस्ते पर्वता हिमवन्तोऽरण्यं ते पृथिवि स्योनमस्तु ।***
***बभ्रुं कृष्णां रोहिणीं विश्वरूपां ध्रुवां भूमिं पृथिवीमिन्द्रगुप्ताम् ।***
***अजीतोऽहतो अक्षतोऽध्यष्ठां पृथिवीमहम् ॥ ११ ॥***

---

**पदपाठः –** गिरयः । ते । पर्वताः । हिमऽवन्तः । अरण्यम् । ते । पृथिवि । स्योनम् । अस्तु । बभ्रुम् । कृष्णाम् । रोहिणीम् । विश्वऽरूपाम् । ध्रुवाम् । भूमिम् । पृथिवीम् । इन्द्रऽगुप्ताम् । अजीतः । अहतः । अक्षतः । अधिऽअस्थाम् । पृथिवीम् । अहम् ॥ ११ ॥

**अन्वयः –** हे पृथिवि ! ते गिरयः हिमवन्तः पर्वताः, ते अरण्यम् स्योनम् अस्तु । बभ्रुम्, कृष्णां, रोहिर्णी, विश्वरूपाम् इन्द्रगुप्तां ध्रुवां भूमिं पृथिवीम् अधि अहम् अजीतः, अहतः, अक्षतः अस्थाम् ।

**अर्थः –** હે પૃથ્વી ! તારા ગિરિઓ, હિમવાળા પર્વતો અને અરણ્ય સુખદાયક બનો. બભ્રુ, કાળી, લાલ, સર્વવિધ રૂપોવાળી, ઈન્દ્ર વડે રક્ષવામાં આવેલી, સ્થિર પથરાયેલી ભૂમિ પર હું અજેય, આઘાત પામ્યા વિનાનો, ક્ષતિરહિત થઈને રહું.

**विशेष :**

આ મન્ત્રમાં પૃથ્વી પર વિદ્યમાન સ્થાન વૈવિધ્ય, પૃથ્વીના વિવિધ વર્ણો, તેની સુરક્ષિતતા વર્ણવવામાં આવ્યા બાદ આવી સુરક્ષિત અને વૈવિધ્યપૂર્ણ ભૂમિ પર ઋષિ પણ સુરક્ષિત રહી નિવાસ કરી શકે તેવી કામના પ્રગટ કરે છે.

---

मन्त्रः – **यत्ते मध्यं पृथिवि यच्च नभ्यं यास्त ऊर्जस्तन्वः संबभूवुः ।**
**तासु नो धेह्यभि नः पवस्व माता भूमिः पुत्रो अहं पृथिव्याः ।**
**पर्जन्यः पिता स उ नः पिपर्तु ॥ १२ ॥**

---

**पदपाठः –** यत् । ते । मध्यम् । पृथिवि । यत् । च । नभ्यम् । याः । ते । ऊर्जः । तन्वः । सम्ऽबभूवुः । तासु । नः । धेहि । अभि । नः । पवस्व । माता । भूमिः । पुत्रः । अहम् । पृथिव्याः । पर्जन्यः । पिता । सः । ऊँ इति । नः । पिपर्तु ॥ १२ ॥

**अन्वयः –** हे पृथिवि ! यत् ते मध्यं यत् च नभ्यं याः ऊर्जः ते तन्वः संबभूवुः । नः तासु धेहि । नः अभिपवस्व । भूमिः माता अहं पृथिव्याः पुत्रः । पर्जन्यः पिता सः उ नः पिपर्तु ।

**अर्थः –** હે પૃથિવિ ! જે તારો મધ્યભાગ છે અને જે તારો નાભિદેશ છે, તારા શરીરમાંથી જે ઊર્જા ઉત્પન્ન થઈ છે તેમાં અમને ધારણ કરો. અમને પાવન કરો. ભૂમિ માતા છે અને હું પૃથ્વીનો પુત્ર છું. વળી પર્જન્ય – વરસાદ પિતા છે તે અમારું પોષણ કરે.

***विशेष :***

*આ મન્ત્રમાં ઋષિ પૃથ્વીને પ્રાર્થના કરતાં તેની મૂળ ક્ષમતા દર્શાવે છે. પૃથ્વીના મધ્યભાગમાં વિદ્યમાન નાભિકીય ઊર્જા જેના દ્વારા પૃથ્વી સ્થિર અને ચુંબકીયતત્ત્વથી યુક્ત છે. આ ઊર્જા પૃથ્વીની ધારણશક્તિ પણ છે. ગતિશીલ અને પોતાની ધરી પર રહીને પરિભ્રમણ કક્ષામાં ફરવાની  ક્ષમતા પૃથ્વીના પેટાળમાં રહેલી ઉષ્મા/ઊર્જા થકી પ્રાપ્ત થાય છે. જેના પરિણામે પૃથ્વી પર જીવન સંભવે છે.*

*અહીં ઋષિ પૃથ્વીને માતા અને પર્જન્ય – વરસાદને પિતા સમાન ગણાવે છે. જેના સંયોગથી પૃથ્વી પર ઔષધિઓ, વનસ્પતિઓથી માંડી માનવજીવન સુધી સર્વવિધ પ્રકૃતિ/સર્જનનું ધારણ અને પોષણ સંભવે છે. અહી ભૂમિ શબ્દથી ઉત્પાદન ક્ષમતા અને પૃથ્વી શબ્દથી વિસ્તરવાની ક્ષમતા દર્શાવવામાં આવી છે. ઋષિ સ્વયંને પુત્ર તરીકે પ્રસ્તુત કરી માતાની મમતા અને પિતાના વાત્સલ્યનો અધિકારી બનાવવા પ્રાર્થે છે.*

---

*मन्त्रः –* ***यस्यां वेदिं परिगृह्णन्ति भूम्यां यस्यां यज्ञं तन्वते विश्वकर्माणः ।***
***यस्यां मीयन्ते स्वरवः पृथिव्यामूर्ध्वाः शुक्रा आहुत्याः पुरस्तात् ।***
***सा नो भूमिर्वर्धयद्वर्धमाना ॥ १३ ॥***

---

**पदपाठः –** *यस्याम् । वेदिम् । परिऽगृह्णन्ति । भूम्याम् । यस्याम् । यज्ञम् । तन्वते । विश्वऽकर्माणः । यस्याम् । मीयन्ते । स्वरवः । पृथिव्याम् । ऊर्ध्वाः । शुक्राः । आहुत्याः । पुरस्तात् । सा । नः । भूमिः । वर्धयत् । वर्धमाना ॥ १३ ॥*

***अन्वयः –*** *यस्यां भूम्यां विश्वकर्माणः वेदिं परिगृह्णन्ति यस्यां यज्ञं तन्वते । यस्यां पृथिव्याम् आहुत्यां पुरस्तात् ऊर्ध्वाः शुक्राः स्वरवः (रच्यन्ते) । सा भूमिः वर्धमाना नः वर्धयत् ।*

***अर्थः –*** *જે ભૂમિ પર વિશ્વકર્માઓ વેદીની રચના કરે છે, જેના પર યજ્ઞ વિસ્તારવામાં આવે છે. જે પૃથ્વી પર આહુતિ સમયે પહેલાં ઊંચા સત્ત્વશીલ સ્વરુઓને પ્રમાણવામાં આવે છે. તે વૃદ્ધિ પામનારી ભૂમિ અમારી પણ વૃદ્ધિ કરે.*

***विशेष :***

*સ્વરુ – યજ્ઞમાં રચવામાં આવતા સ્તૂપ – એક પ્રકારના સ્તંભ. સ્વરુના કિરણ, વજ્ર, બાણ અને વીંછી જેવા અન્ય અર્થો પણ થાય છે. પરંતુ અહીં મન્ત્રમાં યજ્ઞ સાથે સંબંધ હોવાથી સ્વરુનો યજ્ઞસ્તૂપ અર્થ જ ગ્રાહ્ય બને છે.*

અહીં યજ્ઞનો અર્થ પણ ત્યાગ,દાન એવો કરતાં પૃથ્વી પાસેથી જે પણ અપેક્ષા રાખવામાં આવે છે તે સમષ્ટિના લાભાર્થે હોય તેવું ઋષિ સ્પષ્ટ કરે છે.

मन्त्रः – **योनो द्वेषत्पृथिवि यः पृतन्याद्योऽभिदासान्मनसा यो वधेन ।**
**तं नो भूमे रन्धय पूर्वकृत्वरि ॥ १४ ॥**

**पदपाठः** – यः । नः । द्वेषत् । पृथिवि । यः । पृतन्यात् । यः । अभिऽदासात् । मनसा । यः । वधेन । तम् । नः । भूमे । रन्धय । पूर्वऽकृत्वरि ॥ १४ ॥

**अन्वयः** – हे पृथिवि ! नः यः द्वेषत्, यः पृतन्यात् यः मनसा वधेन अभिदासत्, हे भूमे ! पूर्वकृत्वरि ! तं नः रन्धय ।

**अर्थः** – હે પૃથિવિ ! જે અમારો દ્વેષ કરનાર હોય, જે અમારા ઉપર હુમલો કરે, જે મનથી કે શસ્ત્રથી હિંસાભાવ કરે. હે ભૂમિ ! પહેલાથી જ અમારું રક્ષણ કરનારી એવી તું તેને અમારા માટે થઈને હણી કાઢ.

**विशेष :**

पृतन्यात् – જો યુદ્ધ કરે તો, જો આક્રમણ કરે તો

अभिदासात् – હિંસાભાવને લીધે, નાશ કરે

पूर्वकृत्वरि – પહેલાથી જ રક્ષણ કરનારી.

रन्धय – વશવર્તી બનાવ.

આ મન્ત્રમાં ઋષિ ભૂમિ પાસેથી રક્ષણની યાચના કરે છે. અથર્વવેદના સમયમાં વિકસિત સંસ્કૃતિ અને પારસ્પરિક વિદ્વેષની ભાવનાનો આવિર્ભાવ થઈ ગયેલો જોઈ શકાય છે.

मन्त्रः – **त्वज्जातास्त्वयि चरन्ति मर्त्यास्त्वं बिभर्षि द्विपदस्त्वं चतुष्पदः ।**
**तवेमे पृथिवि पञ्च मानवा येभ्यो ज्योतिरमृतं**
**मर्त्येभ्य उद्यन्त्सूर्यो रश्मिभिरातनोति ॥ १५ ॥**

**पदपाठः** – त्वत् । जाताः । त्वयि । चरन्ति । मर्त्याः । त्वम् । बिभर्षि । द्विपदः । त्वम् । चतुष्पदः । तव । इमे । पृथिवि । पञ्च । मानवाः । येऽभ्यः । ज्योतिः । अमृतम् । मर्त्येऽभ्यः । उद्यन् । सूर्यः । रश्मिऽभिः । आऽतनोति ॥ १५ ॥

**अन्वयः** – हे पृथिवि ! त्वत् जाताः मर्त्याः त्वयि चरन्ति । त्वं द्विपदः, चतुष्पदः बिभर्षि । इमे पञ्च मानवाः तव (सन्ति) येभ्यः उद्यन् सूर्यः रश्मिभिः अमृतं ज्योतिः आतनोति ।

**अर्थः** – હે પૃથિવિ ! તારા થકી ઉત્પન્ન થયેલા મરણધર્મવાળાઓ તારા ઉપર ફરે છે. તું બે-પગવાળા અને ચાર-પગવાળાનું ભરણ-પોષણ કરે છે. હે પૃથિવિ ! આ પાંચ માનવો તારાં છે. જેના માટે ઉદિત થઈ રહેલો સૂર્ય કિરણો વડે અમૃતમય એવો પ્રકાશ સર્વત્ર વિસ્તારે છે.

**विशेष :**

આ મન્ત્રમાં પાંચ માનવો વિશે જણાવવામાં આવ્યું છે. તે પાંચ માનવો કોણ ? આ પ્રશ્નોનો ઉત્તર આપતાં પંડિત સાતવલેકરજી જણાવે છે કે – વિદ્વાન્, વીર, વેપારી, કારીગર અને સેવાવ્રતી. અન્ય રીતે જોતાં અહીં ચાર વર્ણને પાંચ ભાગમાં વિભક્ત કરવામાં આવ્યા છે જેમાં – બ્રાહ્મણ – વિદ્વાન્, ક્ષત્રિય – વીર, વૈશ્ય – વેપારી અને કારીગર, શૂદ્ર – સેવાવ્રતી આ પ્રમાણે જોઈ શકાય. ટૂંકમાં પૃથ્વી પર વિદ્યમાન માનવ સૃષ્ટિ તારા પર આલંબિત છે. આ સૌને સમાન રીતે પ્રકાશ આપવાનું કાર્ય સૂર્ય કરે છે. એ દૃષ્ટિએ વિચારતાં સમતાનો સંદેશ પણ ધ્વનિત થાય છે.

मन्त्रः – **ता नः प्रजा सं दुह्रतां समग्रा वाचो मधु पृथिवि धेहि मह्यम् ॥ १६ ॥**

**पदपाठः** – ताः । नः । प्रजाः । सम् । दुह्रताम् । समग्राः । वाचः । मधु । पृथिवि । धेहि । मह्यम् ॥ १६ ॥

**अन्वयः** – ताः प्रजाः नः समग्राः वाचः सं दुह्रताम् । पृथिवि मह्यं मधु देहि ।

**अर्थः** – તે ઉત્પન્ન થનારાઓ અમારા માટે બધી જ વાણીને સારી રીતે વહેવડાવો. હે પૃથિવિ ! મને મધુર પદાર્થો આપો.

**विशेष :**

જેમ પ્રજાઓ મિત્રભાવ, ભ્રાતૃભાવ, આત્મીયભાવથી રહે અને પરસ્પર સૌહાર્દને પરિણામે ઉત્તમ પ્રકારના વચનો જ બોલાય તેમ પૃથ્વી પાસેથી પણ ઉત્તમ પદાર્થો, મધુમય – સત્ત્વમય પદાર્થો જ પ્રાપ્ત થાય. જે પદાર્થો થકી માનવનું અકલ્યાણ સંભવ હોય તેવા પદાર્થો પ્રાપ્ત ન થાય.

| | |
|---|---|
| मन्त्रः – | **विश्वस्वं मातरमोषधीनां ध्रुवां भूमिं पृथिवीं धर्मणा धृताम् ।**<br>**शिवां स्योनामनु चरेम विश्वहा ॥ १७ ॥** |

**पदपाठः** – *विश्वऽस्वम् । मातरम् । ओषधीनाम् । ध्रुवाम् । भूमिम् । पृथिवीम् । धर्मणा । धृताम् । शिवाम् । स्योनाम् । अनु । चरेम । विश्वऽहा ॥ १७ ॥*

**अन्वयः** – *विश्वस्वम् ओषधीनां मातरं, ध्रुवां, धर्मणा धृतां, शिवां, स्योनां भूमिं पृथिवीं विश्वहा अनुचरेम ।*

**अर्थः** – *બધાના ધન સમાન, ઔષધિઓની માતા, દૃઢ, ધર્મ વડે ધારણ કરવામાં આવેલી, કલ્યાણકારિણી, સુખ આપનારી, વિસ્તરેલી ભૂમિને અમે બધા સદૈવ અનુસરીએ.*

***विशेष :***

*આ મન્ત્રમાં પૃથ્વીને વિશેષણોથી નવાજવામાં આવી છે. જેમાં –*

*विश्वस्वम् – બધાનું ધન-દ્રવ્ય, ઉપયોગ, દાન અને સુરક્ષાયોગ્ય એવી ભૂમિ,ओषधीनां मातरं – ઔષધિઓની માતા – જન્મ આપનારી, ધારણ કરનારી, પાલન-પોષણ કરનારી પૃથ્વી, ध्रुवां – જે અચલ, અડગ, નિશ્ચલ રહેનારી , धर्मणा धृतां – ધર્મ અર્થાત્ કર્તવ્યપરાયણ લોકો વડે ધારણ કરવામાં આવેલી, शिवां – કલ્યાણકારિણી, તેના ઉપર રહેનારાઓને જીવન અને સ્વાસ્થ્ય આપનારી, स्योनां – સુખ આપનારી, આરામ, રાહત અને સાનુકૂળતા આપનારી, भूमिं - અસ્તિત્વને ઉત્પન્ન કરનારી, ઉત્પન્ન થયેલને ટકાવનારી, पृथिवीं – વિસ્તરવાના સ્વભાવવાળી, જેવા વિશેષણો પ્રયોજાયા છે. આ વિશેષણોથી પૃથ્વીના ગુણો અને વિશેષતાઓ વ્યક્ત થાય છે.*

| | |
|---|---|
| मन्त्रः – | **महत्सधस्थं महती बभूविथ महान्वेग एजथुर्वेपथुष्टे ।**<br>**महांस्त्वेन्द्रो रक्षत्यप्रमादम् ।**<br>**सा नो भूमे प्र रोचय हिरण्यस्येव संदृशि मा नो द्विक्षत कश्चन ॥ १८ ॥** |

**पदपाठः** – *महत् । सधस्थम् । महती । बभूविथ । महान् । वेगः । एजथुः । वेपथुः । ते । महान् । त्वा । इन्द्रः । रक्षति । अप्रमादम् । सा । नः । भूमे । प्र । रोचय । हिरण्यस्यऽइव । सम्ऽदृशि । मा । नः । द्विक्षत । कश्चन ॥ १८ ॥*

**अन्वयः** – महत् सधस्थं महती बभूविथ। ते महान् वेगः ते एजथुः महान्, ते वेपथुः महान्। महान् इन्द्रः त्वाम् अप्रमादं रक्षति। हे भूमे ! सा नः हिरण्यस्य संदृशि प्ररोचय। नः कश्चन मा द्विक्षत।

**अर्थः** – એકઠા રહેવાનું સ્થાન મોટું છે. તું પણ મહાન છે. તારો વેગ, કંપન, ધ્રુજારી મહાન છે. મહાન દેવ ઈન્દ્ર અપ્રમત્ત બનીને તારી રક્ષા કરે છે. હે ભૂમિ ! આવી તું અમોને હિરણ્યની માફક તેજસ્વી બનાવ. કોઈ અમારો દ્વેષ કરે નહીં.

**विशेष :**

આ મન્ત્રમાં મહત્ શબ્દના અનેકવાર પ્રયોગ કરી પૃથ્વીના કાર્યોની ગરિમા દર્શાવી છે તથા ઈન્દ્રને નિષ્ઠાપૂર્વક પ્રકૃતિના રક્ષક તરીકે નિરૂપવામાં આવેલ છે. ભૂમિમાં વિદ્યમાન તેજસ્વિતાના ગુણો ઋષિ પોતાનામાં પણ વાંચ્છે છે અને આ તેજસ્વિતાનો કોઈ (मा विद्विषावहै ની માફક) દ્વેષ ન કરે તેવું પણ માંગવાની તકેદારી રાખે છે.

---

मन्त्रः – **अग्निर्भूम्यामोषधीष्वग्निमापो बिभ्रत्यग्निरश्मसु ।**
**अग्निरन्तः पुरुषेषु गोष्वश्वेष्वग्नयः ॥ १९ ॥**

---

**पदपाठः** – अग्निः । भूम्याम् । ओषधीषु । अग्निम् । आपः । बिभ्रति । अग्निः । अश्मसु । अग्निः । अन्तः । पुरुषेषु । गोषु । अश्वेषु । अग्नयः ॥ १९ ॥

**अन्वयः** – अग्निः भूम्याम् ओषधीषु आपः अग्निं बिभ्रति। अग्निः अश्मसु पुरुषेषु अन्तः अग्निः, गोषु अश्वेषु अग्नयः।

**अर्थः** – અગ્નિ ભૂમિમાં છે, ઔષધિઓમાં અગ્નિ છે, પાણી (વડવાનલરૂપી) અગ્નિને ધારણ કરે છે., પથ્થરોમાં અગ્નિ છે. પુરુષોમાં અગ્નિ છે. ગાય, અશ્વોમાં પણ અગ્નિ છે.

**विशेष :**

પૃથ્વી પર અગ્નિ ક્યા ક્યા પદાર્થોમાં વિદ્યમાન છે તે અહીં દર્શાવવામાં આવ્યું છે. પૃથ્વી પરના દરેક ચેતન અને અચેતન સત્ત્વધારીમાં જે તેજસ્ તત્ત્વ છે તે અગ્નિ છે. ત્યાં સુધી કે પરસ્પર વિરુદ્ધ ગણાતા પદાર્થ જલ વિશે પણ અગ્નિ વડવાનલરૂપે વિદ્યમાન છે. આમ અગ્નિ પૃથ્વી પર સર્વવ્યાપક છે.

---

मन्त्रः – **अग्निर्दिव आ तपत्यग्नेर्देवस्योर्व१न्तरिक्षम् ।**

**अग्नि मर्तास इन्धते हव्यवाहं घृतप्रियम् ॥ २० ॥**

**पदपाठः** – अग्निः । दिवः । आ । तपति । अग्नेः । देवस्य । उरु । अन्तरिक्षम् । अग्निम् । मर्तासः । इन्धते । हव्यऽवाहम् । घृतऽप्रियम् ॥ २० ॥

**अन्वयः** – दिवः अग्निः आतपति । अग्नेः देवस्य उरु अन्तरिक्षम् । मर्तासः हव्यवाहं घृतप्रियम् अग्निम् इन्धते ।

**अर्थः** – અગ્નિ દ્યુલોકમાંથી સર્વત્ર તપે છે. અગ્નિ દેવનું વિશાળ એવું અન્તરિક્ષ છે. હવિષ્યને લઈ જનારા, ઘૃત જેને પ્રિય છે તેવા અગ્નિને માનવો પ્રગટાવે છે.

**विशेष :**

આ મન્ત્રમાં અગ્નિની બ્રહ્માંડમાં વ્યાપકતા દર્શવાઈ છે. દ્યુલોક, અન્તરિક્ષ અને પૃથ્વી એમ અગ્નિનું ત્રિસ્થાનીયત્વ વર્ણવાયું છે.

मन्त्रः – **अग्निवासाः पृथिव्यसितज्ञूस्त्विषीमन्तं संशितं मा कृणोतु ॥ २१ ॥**

**पदपाठः** – अग्निऽवासाः । पृथिवी । असितऽज्ञूः । त्विषीम् । अन्तम् । सम्ऽशितम् । मा । कृणोतु ॥ २१ ॥

**अन्वयः** – अग्निवासाः असितज्ञूः पृथिवी मा त्विषीमन्तं संशितं कृणोतु ।

**अर्थः** – અગ્નિરૂપી વસ્ત્રવાળી, કાળા ઘૂંટણવાળી પૃથિવી મને ચળકાટવાળો અને તીક્ષ્ણ બનાવે.

**विशेष :**

પૂર્વના બે મન્ત્રોમાં જે અગ્નિનું વ્યાપકપણું દર્શાવાયું તેવા અગ્નિરૂપી વસ્ત્રવાળી પૃથ્વી છે. વળી જે અગ્નિ વડે બાહ્ય અને આભ્યંતર બંને બાજુએ આચ્છાદિત છે, વીટળાયેલી છે, સુરક્ષિત છે તેવી પૃથ્વી. असितऽज्ञूः - असित – શ્વેત નહીં તેવા અર્થાત્ શ્યામધૂમ્રથી ઓળખાતા વ્યાપક એવા અગ્નિને ज्ञूः – વ્યક્ત કરનારી પૃથ્વી મને પણ પ્રકાશમાન બનાવે.

## 5.3 તમારી પ્રગતિ ચકાસોઃ

5.3.1 નીચેના શબ્દો વિશે વિવરણાત્મક નોંધ લખો

१ – यज्ञ:, २ – वसुधानी , ३ – हिरण्यवक्षा:, ४ - माया, ५ – स्वरु:

જવાબ –

१ – यज्ञ: -

२ – वसुधानी –

३ – हिरण्यवक्षा: -

४ - माया –

५ - સ્વરુ –

### 5.3.2 યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેની ખાલી જગ્યા પૂરો

૧) પૃથ્વીનો અર્થ ———— થાય. (વિસ્તરતી, સંકોચાતી, ભીંજાતી)

૨) પૃથ્વી ——————— ઔષધિઓને ધારણ કરે છે. ( નાનાવીર્યા, નિર્વીર્યા, મરુવીર્યા)

३) यस्यामन्नं ———— संबभूवुः । (कृष्टयः, ओषधयः, पर्वताः)

૪) દેવતાઓએ અસુરોને —— હરાવ્યા હતા. ( પૃથ્વી પર, આકાશમાં, પાતાળમાં)

૫) પૃથ્વીની રક્ષા ————— કરે છે. (દેવતાઓ, રાજાઓ, માનવો)

*(જવાબ –*

*)*

### 5.3.3 નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો

૧) પૃથ્વીને કોણ – કોણ ધારણ કરી રાખે છે ?

૨) ઋષિ ભૂમિને પોતાને કોની વચ્ચે રાખવા વિનવે છે ?

૩) પૂર્વકાળમાં પૃથ્વી ક્યાં હતી ?

૪) વિષ્ણુએ ક્યાં વિક્રમ કર્યો હતો ?

૫) ઋષિ માતા – પિતા તરીકે કોને નિરૂપે છે ?

### 5.3.4 નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો

૧) પૃથ્વીસૂક્તમાં પૃથ્વીના સ્વરૂપો

૨) પૃથ્વીનો મહિમા

૩) પૃથ્વીસૂક્તનું રસદર્શન

★★★

## ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## (ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# વૈદિક સાહિત્ય અને ઉપનિષદ
**SKTMJ-204**


| વિભાગ- 3 ઈશાવાસ્ય ઉપનિષદ | |
|---|---|
| એકમ : 1<br>ઈશાવાસ્ય ઉપનિષદ પરિચય | 1 - 6 |
| એકમ : 2<br>ઈશાવાસ્ય ઉપનિષદ : મંત્ર 1 થી 9 | 7 - 16 |
| એકમ : 3<br>ઈશાવાસ્ય ઉપનિષદ : મંત્ર 10 થી 18 | 17 - 26 |
| એકમ : 4<br>સમીક્ષાત્મક પ્રશ્નો | 27 - 41 |

એકમ 1

# ઈશાવાસ્ય ઉપનિષદ પરિચય

## રૂપરેખા

**1.0 ઉદ્દેશ**
**1.1 પ્રસ્તાવના**
**1.2 ઈશાવાસ્ય ઉપનિષદનું સ્થાન**
**1.3 તમારી પ્રગતિ ચકાસો**

## 1.0 ઉદ્દેશ :

વિદ્યાર્થીઓ

- પ્રત્યેક ઉપનિષદમાં શાંતિપાઠનો મંત્ર ઉપનિષદના આરંભપૂર્વે હોય છે,તે છાત્રો સમજશે.
- ઈશાવાસ્યની સરળતા અને ગહનતા વિશે છાત્રોને ખ્યાલ આવશે.
- ઈશાવાસ્ય ઉપનિષદનું મહત્ત્વ સ્પષ્ટ થશે.
- ઈશાવાસ્ય એટલે ઈશથી ભરેલું જગત (ઈશ્વરનું નિવાસ અથવા) એ ઉદ્દેશ ધ્યાનમાં આવશે.
- ઈશાવાસ્ય કથિત મુક્તિ અથવા મોક્ષ (ઈશાવાસ્યનું અંતિમલક્ષ્ય)– તેના વિશેનો બોધ થશે.

## 1.1 પ્રસ્તાવના :

આ ઉપનિષદના પરિચય દ્વારા ઉપનિષદ સાહિત્યમાં વાચકનો સીધો-સરળ પ્રવેશ શક્ય બને છે. અહીં વિચારો ટૂંકમાં મુદ્દાસર પ્રત્યેક મંત્રમાં અહીં જોવા મળે છે. બ્રહ્મની વિચારણા છે. આ નાનું ઉપનિષદ હોવા છતાં અને મોક્ષમાર્ગના યાત્રિક રૂપે પ્રત્યેક મનુષ્યને માનતું હોવા છતાં જીવન અંગેની વાત કરે છે. એટલું જ નહિ, જીવન જીવવા માટે નિષ્કામ કર્માચરણનો સુંદર માર્ગ દર્શાવે છે. આ બધા મંત્રોનો નિત્યપાઠ કરવાથી એકાદ માસમાં બધા મંત્રો કંઠસ્થ થઇ જાય છે. વ્યક્તિત્વનિર્માણનાં કેટલાંક સૂત્રો આમાં મૂલ્યો સ્વરૂપે પરોવાયાં છે. જેમકે બધે પરમાત્મા જોનારો કોઇનો દ્વેષ નથી કરતો, કોઇની ઈર્ષ્યા કરતો નથી. એટલે કે આંતરબાહ્ય વ્યક્તિત્વની એકરૂપતા સાધે છે. મૂલ્યનિષ્ઠ બની જાય છે.

## 1.2 ઉપનિષદ સાહિત્યમાં ઈશાવાસ્ય ઉપનિષદનું સ્થાન :

'ઉપનિષદ' સાહિત્યમાં વૈદિક સાહિત્ય અંતર્ગત ઉપનિષદોનો પરિચય કરાવતું પ્રથમ ઉપનિષદ એટલે ઈશાવાસ્ય. મુખ્ય દસ-બાર જેટલા ઉપનિષદો માંહેના પ્રથમ અને મૌલિક વિચારણાના ઉપનિષદ તરીકે ઈશાવાસ્ય દ્વારા જીવ, જગત અને જગદીશ (=ઈશ્વર)ને વિશે આમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી છે. આપણે જાણીએ જ છીએ કે ઈશાવાસ્યના પૂર્ણમદઃ... મંત્રના શાંતિ પાઠ દ્વારા સમગ્ર ઉપનિષદની ઈશ સંબંધી વિચારણા સંક્ષેપમાં પ્રસ્તુત (આ) મંત્ર દ્વારા દર્શાવાઈ છે. ત્યાર પછીના પ્રથમ મંત્રમાં જ ધનની નિરર્થકતા દર્શાવીને અન્યના ધનની વાસના ન રાખવા કવિ-મંત્રદૃષ્ટા જણાવે છે. પરંતુ એનો સંદર્ભ એવો છે કે જ્યારે ઈશથી-પરમાત્માથી સમગ્ર જગત ભરેલું હોય ત્યારે વસ્તુઓને ખરીદવા-વસાવવાનો મોહ છોડવો ઘટે અને વસ્તુ કે પદના ત્યાગને મહત્ત્વ આપવું જોઈએ. વળી, પ્રસ્તુત મંત્રની એ વિશેષતા છે કે ત્યાગની વૃત્તિને પણ ઉપભોગ જ ગણ્યો છે, એ માટે જ "ત્યાગીને ભોગવી જાણો" અને "વાંછોમા ધન અન્યનું" અર્થાત્ "બીજાના ધન મેળવી લેવાની –પડાવી લેવાની ઈચ્છા કે વૃત્તિ પર અંકુશ લાવવાનું જણાવે છે. જેના મૂળમાં ઈશની-પરમાત્માની સર્વત્ર વ્યાપ્તતા છે. એટલે કે ઈશથી સઘળું જગત ભરેલું છે. તેથી પોતાના કર્મ કે ભાગ્યને આધારે મળેલ પદાર્થ કે ધનનો ઉપયોગ કે ઉપભોગ કરો, પરંતુ અન્યના ધનની વાસના ન રાખીને સંતોષી મનોવૃત્તિ દાખવવાનો બોધ જાણે કે આખાય ઈશાવાસ્ય ઉપનિષદની વિચારણાને સંક્ષેપમાં આ પહેલા મંત્રમાં દર્શાવી આપે છે.

ઈશથી ભરેલું-વ્યાપ્ત આ જગત છે એટલું જણાવ્યા પછીના મંત્રમાં તુરંત ઋષિ-કવિ કહે છે કે "કર્મ કરતાં કરતાં આ જગતમાં શતાયુ બનવાની કામના કરવી જોઈએ." પરંતુ એના મૂળમાં "નિષ્કામભાવે કર્મ" કરતાં કરતાં જીવવાની વાત છે એટલું જ મંત્રદૃષ્ટા ઋષિ તે જ મંત્રમાં સ્પષ્ટ જણાવે છે. આમ નિષ્કામભાવે કર્મ કરતાં જ જીવવાનું છે, બીજો કોઈ રસ્તો નથી. આથી, બીજા શબ્દોમાં જોઈએ તો કર્મનો રાજમાર્ગ કવિ દર્શાવે છે, પરંતુ સમગ્ર ઈશાવાસ્યમાં જ્યાં જ્યાં કર્મ કરવાનો બોધ છે, માર્ગદર્શન છે. ત્યાં ત્યાં નિષ્કામભાવે કર્મ કરવાનો ભાવ ઋષિ ચીંધે છે. અહીં એકથી ત્રણ મંત્રમાં આ વાત કહેવાઈ છે.

ઈશાદિ દસ કે બાર ઉપનિષદોમાં જે કંઈ વિષયવસ્તુ મનુષ્યના જીવનને ઉન્નતિકારક પ્રબોધાયું છે (કહેવાયું છે) તે જ સમગ્ર વાત અહીં ઈશાવાસ્યમાં સંક્ષિપ્તમાં છે. છાંદોગ્ય અને બૃહદારણ્યકમાં લાંબા-લાંબા સંવાદોમાં કે વાદ-પ્રતિવાદમાં આત્માની એકતા વિશે છે તે જ વાત અહીં સમગ્ર ઉપનિષદમાં સંક્ષિપ્તમાં દર્શાવાઈ છે. તેથી એક અર્થમાં આ ઉપનિષદ મુણ્ડક, માંડૂક્ય, કેન ઈત્યાદિ ઉપનિષદોનાં તત્ત્વજ્ઞાનને સંક્ષિપ્તમાં દર્શાવે છે. બીજા શબ્દોમાં તત્ત્વજ્ઞાનને પીરસી દેનાર અથવા દર્શાવી આપનાર પ્રતિનિધિ ઉપનિષદ છે. આમ છેલ્લે એટલું જ દર્શાવવાનો હેતુ છે કે સમગ્ર ઉપનિષદ સાહિત્યના તત્ત્વજ્ઞાનનો અર્ક (=સારાંશ) પ્રસ્તુત ઉપનિષદમાં સૂત્રશૈલીમાં આપેલો હોઈ સામાન્ય માણસ અને ઉચ્ચકક્ષાના સાધક, બંનેને સમાનભાવે આત્મતત્ત્વનો બોધ આમાં મળે છે. આમ, સમગ્ર ઉપનિષદ સાહિત્યમાં આ ઉપનિષદ સર્વથ વિલક્ષણ (= જુદું) હોવા છતાં મુખ્ય મુખ્ય ઉપનિષદોના તત્ત્વજ્ઞાનનો સાર દર્શાવનાર હોવાથી જ ઉપનિષદ સાહિત્યમાં સર્વાધિક મહત્ત્વનું છે.

જેને મૃત્યુના રહસ્યને ખોલનારું ઉપનિષદ કહેવામાં આવે છે એવું કઠોપનિષદ છે. કેટલાક તેને કાઠકોપનિષદ કહે છે. જેમાં બે જ અધ્યાયમાં અને પ્રત્યેક અધ્યાયમાં ત્રણ ત્રણ વલ્લી (=પ્રકરણ) છે તે કઠોપનિષદ છે. ઉપરાંત, યમ-નચિકેતાની સળંગસૂત્ર કથા આ એક માત્ર ઉપનિષદમાં ઉપલબ્ધ છે. ઉપરાંત તેનો મધ્યવર્તી વિચાર શ્રેયમાર્ગ અને પ્રેયમાર્ગને દર્શાવનારો

છે. પ્રેયમાર્ગ એટલે ઉપર ઉપરથી પ્રિય લાગે છે તે માર્ગ અર્થાત્ સ્વાદેન્દ્રિયનું સુખ કે જીભનું સુખ, નેત્રઈન્દ્રિય કે આંખનું સુખ ફિલ્મો જોવામાં કે બીજા સુખાવહ પદાર્થોનું સેવન વિવિધ ઈન્દ્રિયોથી કરવામાં આવે છે. કે સ્પર્શનું સુખ જેના થકી મળે છે તે સુખમાં મનુષ્ય અટવાયેલો રહે છે. પાંચ ઈન્દ્રિયોના વિવિધ સુખમાંથી ઉપર ઉઠેલો અથવા ઈન્દ્રિયોના સુખો જેણે ભોગવવા નથી, પરંતુ આત્માનું દર્શન કરવું છે કે આત્માની પ્રાપ્તિના માર્ગે આગળ વધવું છે. તેને શ્રેયનો માર્ગ અથવા કલ્યાણમાર્ગ (=શ્રેય માર્ગ) સ્વીકારવો કે ગ્રહણ કરવો રહ્યો. આથી જ કઠોપનિષદ વર્ણવે છે.

**श्रेयश्च प्रेयश्च मनुष्यमेतस्तौ सम्परीत्य विविनक्ति धीर: I**

**श्रेयो हि धीरोऽप्रेयसो वृणीते प्रेयो मन्दो योगक्षेमाद् वृणीते II**

(**कठोपनिषद** પ્રથમ અધ્યાય, દ્વિતીય વલ્લી, મંત્ર – 2)

ઉપરાંત, આ ઉપનિષદની એ વિશેષતા છે કે સત્યનો મર્ગ સ્વીકારીને, જ્ઞાન કે આત્માનો માર્ગ સ્વીકારીને એક નચિકેતા નામે બાળક યમરાજના દ્વારા સુધી સત્યને માટે પિતા સાથે કલહ કરીને (=ઝઘડો કરીને) પહોંચી જાય છે. તે વાત ઋષિ કવિએ દર્શાવી છે. યમરાજ આ નચિકેતા પ્રત્યે પ્રસન્ન થઈને ત્રણ વરદાન માંગવા કહે છે. તેમાં નચિકેતા પહેલું જ વરદાન પોતાના પિતાને જે માનસિક દુર્ભાવ કે અભાવ થયો છે તેને દૂર કરવાનું માંગે છે. આ વાતમાં નચિકેતાની સાધક તરીકેની ઊંચાઈના દર્શન થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો ઈશાવાસ્યના છેલ્લા મંત્રોમાં મૃત્યુનો નિર્દેશ છે તે મૃત્યુ વિશે અહીં વિસ્તારથી વર્ણન છે અને જ્ઞાનમાર્ગના ઉપાસક રૂપે નચિકેતાએ પોતાના પિતા સાથેના મતભેદને ભૂલી જઈને, પિતાને માફ કરી દઈને સાધક રૂપે આગળ વધવાનું છે માટે જ એ વરદાન માંગે છે. તેમજ સંસારના સુખોમાં સ્વર્ણાભૂષણ, ઉત્તમ સ્ત્રીઓ કે લાંબુ આયુષ્ય વગેરે યમપ્રબોધિત પ્રલોભનોમાં ફસાવાને બદલે માત્ર મૃત્યુનું રહસ્ય જાણવાની હઠ કરે છે, જીદ કરે છે. તેમાં પણ આત્માર્થી નચિકેતાની અનન્ય મોક્ષાર્થી તરીકેની જિજીવિષા (=જીવન જીવવાની ઈચ્છા) દેખાય છે. આમ, કઠ ઉપનિષદ પણ મૃત્યુનું રહસ્ય ઉકેલવાની મથામણ દ્વારા જાણે કે આત્માની અમરતાની વાત જુદી રીતે કરે છે. આત્માને પામનારો ક્યાંયથી કોઈથી ભય પામતો નથી, એ વાત મુખ્ય છે. મૃત્યુનો ભય ન રાખવાની વાત પણ આત્માના સંદર્ભે આવે છે.

ઉમા હૈમવતી-સંવાદ દ્વારા કેન ઉપનિષદ ઈશતત્ત્વનો કે નિરાકાર બ્રહ્મના તત્ત્વનો મહિમા કરે છે. બ્રહ્મની ઈચ્છા વગર કે મનુષ્યમાં રહેલ પ્રાણના તત્ત્વ વગર કોઈ ઈન્દ્રિયો કશું કરી શકતી નથી. તેમજ અગ્નિ એક તણખાને બાળી નથી શકતો કે વાયુ તેને ઉડાડી (=ફગાવી) નથી શકતો કે તણખલાને વરસાદ તેને પલાળી કે ભીંજવી નથી શકતો કે અન્ય પંચતત્ત્વ માંહેના કોઈ તત્ત્વના દેવ તે તણખલાને કશું નથી કરી શકતો એ વાત કેનઉપનિષદમાં દૃષ્ટાંત આપીને કરવામાં આવી છે. સરવાળે ઈશાવાસ્યમાં કહેલી આત્માની અસીમ શક્તિનો જ અહીં જુદી રીતે મહિમા કર્યો છે. મનુષ્યની ઈન્દ્રિયોની શક્તિ પાછળ પણ આત્મતત્ત્વ જ છૂપાયેલ છે. એવો ભાવાર્થ અહીં સમજવો ઘટે.

ઘણીવાર વિભિન્ન ઉપનિષદોમાં બ્રહ્મના નિરાકાર સ્વરૂપનું વર્ણન વાંચીને વાચક ગુંચવાઈ જાય કે કંટાળી જાય કે ભૂલો પડી જાય તો એક શ્લોક એવો મળે છે જેમાં મહાપુરુષો

જે માર્ગે આત્માને પામવા ગયા તે રસ્તે જવાનો સાધકને-વ્યક્તિને બોધ છે. તે સમજી લેવાથી મનની ગુંચ ઉકેલાઇ જાય છે અને વિવિધ દેવોમાંથી ક્યા દેવ કે દેવીને ભજીને મુક્તિ મળે તેવી કોઇ મૂંઝવણ હોય તો પણ તેનું નિરાકરણ અત્રે શ્લોકમાં સ્પષ્ટ રીતે છે. જુઓ –

**श्रुतिर्विभिन्ना स्मृतिऽपिभिन्ना नैको मुनिर्यस्य वचः प्रमाणम् ।**
**धर्मस्य तत्त्वं निहितं गुहायां महाजनो येन गतः स पन्थः ॥**

**- महाभारत**

અર્થાત્ શ્રુતિઓ એટલે કે વેદો ચાર છે, વિભિન્ન છે. સ્મૃતિગ્રંથો પણ વિભિન્ન પ્રકારના છે. કોઇ એક મુનિનું વચન પ્રમાણ રૂપે સ્વીકારી નથી શકાતું. (બધા આત્માને વિશે જુદું જુદું કહે છે.) તેથી ધર્મનું તત્ત્વ કોઇક ગુફામાં છૂપાયેલું પડી રહ્યું છે. તેથી મહાપુરુષો જે માર્ગે ગયા (અથવા મહાપુરુષો એ જે માર્ગ સત્યનો ગ્રહણ કર્યો) તે જ સાચો રસ્તો છે. (અર્થાત્ મહાપુરુષો જે માર્ગે ગયા તે રસ્તો જ આત્માની પ્રાપ્તિ થઇ શકે છે.)
આમ પથભ્રાન્ત (=રસ્તો ભૂલી ગયેલા) માણસને માટે મહાભારતનું આ વચન ઘણું ઉપયોગી છે. ઉપનિષદો પણ જ્ઞાનનો મહિમા કરતાં હોવા છતાં ઘણી જગ્યાએ અવળવાણી છે. તેથી મનુષ્ય મૂંઝાઇ જાય છે.

ઐતરેયને તૈત્તિરીય ઉપનિષદોમાં ગુરુશિષ્યના સંવાદોમાં જ્ઞાનનો મહિમા કરેલો જોવા મળે છે. તો વળી કવિ તૈત્તિરીયમાં કહે છે કે –

देवपितृकार्याभ्यां न प्रमदितव्यम् । मातृदेवो भव । पितृदेवो भव । आचार्यदेवो भव । अतिथिदेवो भव ।

यानि अनवद्यानि कर्माणि । तानि सेवितव्यानि । नो इतराणि । यानि अस्माकं सुचरितानि । तानि त्वया उपास्यानि ।

(तैत्तिरीयोपनिषद, गयारहवां अनुवाक – मंत्र, द्वितीय)

"હે શિષ્ય! અમારાં જે કંઇ સારાં ચરિત્રો છે, આચરણો છે તેની તારે ઉપાસના કરવી (=અર્થાત્ અનુસરણ કરવું) બીજા અન્ય અર્થાત્ ખરાબ કૃત્યોનું તારે અનુસરણ-આચરણ કરવાનું નથી." સમગ્ર શિક્ષાવલ્લીને તૈત્તિરીય ઉપનિષદમાં સમજવા નવી શિક્ષણની ફિલસૂફીનો સાર સમજમાં આવી જાય છે. તેમજ નવી શિક્ષણ નીતિ સંદર્ભે કઇ રીતે તેનો અમલ કરવો તે પણ વ્યક્તિ પોતાનો વિવેકબુદ્ધિથી નક્કી કરી શકે છે. આમ તૈત્તિરીય ઉપનિષદ પણ મહત્ત્વનું છે. તેમજ ઉત્તમ ચરિત્રવાનને જ આત્માનું દર્શન થાય છે. એવું અવાંતરે (=બીજી રીતે) સૂચવાય છે.

છાંદોગ્યમાં જે ગુરુ-શિષ્યના સંવાદો આપેલા છે, તે સંવાદોનું મનોવૈજ્ઞાનીક રીતે અધ્યયન કરતાં મહત્ત્વ સ્પષ્ટ થાય છે. છાંદોગ્યમાં કહે છે કે એક માટીને જાણી લેવાથી માટીથી બનેલા તમામ પદાર્થોનું જ્ઞાન થઇ જાય છે. તે જ રીતે એક લોખંડને જાણી લેવાથી લોખંડી બધી-ચીજ વસ્તુઓ વિશે જ્ઞાન થઇ જાય છે. તે જ રીતે એક આત્માને પામી લેવાથી કે આત્મજ્ઞાન થકી દુન્યવી (=દુનિયાને લગતા) તમામ પદાર્થોનું જ્ઞાન પણ થઇ જાય છે. કારણ કે બધા પદાર્થો છેવટે આત્મામાંથી ઉદ્ભવે છે અને આત્મામાં જ વિલીન થવાના છે. આમ, આત્મતત્ત્વ બધાથી શ્રેષ્ઠ કે મહાન છે, તેમજ તે તત્ત્વ જ જગતની ઉત્પત્તિ – સ્થિતિ – વિલય

માટે કારણભૂત છે. એક માટીને જાણી લેવાથી માટીથી બનેલા પદાર્થોનું જ્ઞાન થઇ જાય છે, તેવું જ બ્રહ્મનું છે, તે વાત છાંદોગ્યમાં આ રીતે મંત્રમાં દર્શાવેલ છે.

**यथा सौम्य एकेन मृत्पिण्डेन सर्वं मृण्मयं विज्ञातं स्यात् ।**
**वाचारम्मणं विकारो नामधेयं मृत्तिका इति एव सत्यम् ॥**

(છાંદોગ્યઉપનિષદ, અધ્યાય-૬, પ્રથમ ખંડ મંત્ર-૪, ૬-૧-૪)

અર્થાત્ – "હે સૌમ્ય! (અહીં જુઓ, ગુરુ-શિષ્યના સંવાદો છે. તેથી શિષ્યને સંબોધનમાં "હે સૌમ્ય" અર્થાત્ "શાંત સ્વભાવવાળા" એવું જણાવે છે, એ બાબત પણ સૂચક છે કે બ્રહ્મજિજ્ઞાસા રાખનારે શાંત સ્વભાવવાળા હોવું જોઇએ. ઉતાવળવાળા કે અસ્થિર મગજ-ચંચળ મનવાળાને બ્રહ્મજ્ઞાન થતું નથી એવું આ "સૌમ્ય" સંબોધન દ્વારા ઋષિ-કવિ જાણે કે સૂચવે છે, દર્શાવે છે.) જેવી રીતે એક માટીના પિંડ (=સમૂહ) દ્વારા સંપૂર્ણ મૃણ્મય (=માટીથી ભરેલ) પદાર્થોનું (=ચીજવસ્તુઓનું) જ્ઞાન થઇ જાય છે કે વિકાર (વિકારનો અર્થ બદલાયેલું સ્વરૂપ, અથવા સ્વરૂપાંતર. ઉદાહરણ રૂપે દૂધનો વિકાર દહીં છે. વિકાર શબ્દનો અર્થ 'વિકૃત' એવો અહીં નથી કરવાનો.) કેવળ વાણીના આશ્રયભૂત નામ માત્ર છે. સત્ય તો કેવળ માટી જ છે."

આમ, હવે ઈશાવાસ્યના પ્રથમ મંત્રમાં "ઈશથી આ સઘળું જગત છવાયેલું છે." એ વાત જે કરી છે. તે જ વાતને આપણે જોયું કે વિવિધ રીતે કઠ ઉપનિષદ, કેન ઉપનિષદમાં કહેવાઇ છે. ભલે બાહ્ય દૃષ્ટિએ આ ચારેય ઉપનિષદોમાં ઉદાહરણો જુદાં છે. છતાં એ બધાંમાં બ્રહ્મની – આત્માની એકતા અને વ્યાપકતા વ્યક્ત થાય છે. તેમજ આત્મા જ અજન્મા છે બ્રહ્મ જ સૃષ્ટિને સર્જે છે એ વેદાંતદર્શનની વાત અહીં વિવિધ ઉપનિષદોમાં વિસ્તારથી સમજાવી છે. જેને ઈશાવાસ્યકારે અઢાર મંત્રોમાં સંક્ષિપ્તમાં વારંવાર ઘૂંટીને વ્યક્ત કરી છે. આત્માની અનશ્વરતા કે નાશવંતતાનો નકાર અહીં વ્યાપકતા દ્વારા વ્યક્ત કરાયો છે. માટે જ અન્ય ઉપનિષદોના વિષયવસ્તુને સમજવા માટે જાણે કે ઈશોપનિષદ એક સુંદર તત્ત્વજ્ઞાનની ભૂમિકા રચી આપે છે.

અત્રે જે ઉપનિષદોના નામ દર્શાવેલાં નથી તે વાત શ્વેતાશ્વતર ઉપનિષદ કૌષિતકી ઉપનિષદ, પ્રશ્નૌપનિષદ વગેરેમાં પણ બ્રહ્મની એકતા અને અખંડતા સર્વત્ર છે. ક્યાંક ગુરુ-શિષ્યના સંવાદોમાં તે વ્યક્ત કરાયેલ છે તો ક્યાંક ઉપનિષદકાર 'વર્ણનકલા'નો આશ્રય લઇને વિસ્તૃત વર્ણન કરવા બેસે છે. તો ક્યાંક વિવિધ પ્રતીકો દ્વારા આત્માનો મહિમા કર્યો છે. તેમજ સાંસારિક પદાર્થોને મેળવવાની કામના જ્યારે ખરી પડે, નાબુદ થાય કે નામશેષ થાય ત્યારે જ બ્રહ્મજ્ઞાનનો મનુષ્યમાં આવિર્ભાવ (=પ્રકટ થવું) થાય છે. એ વાત ઈશાદિ પ્રધાન ઉપનિષદોમાં વિસ્તૃતપણે કહેવાઇ છે. તેમજ ઈશોપનિષદના દૃષ્ટા ઋષિ એ બ્રહ્મને જ ચીંધે છે. આમ, બધાં ઉપનિષદોમાં આખરે જો કંઇ સાર રૂપે દર્શાવવાનું હોય તો બ્રહ્મનું જ તત્ત્વ છે, આત્માનું જ તત્ત્વ છે. તેને પામવા માટે જ સંયમનું પાલન કરવામાં આવે છે. સાદગીને અપનાવવામાં આવે છે. નીતિમય જીવનનો સ્વીકાર કરીને સત્યમય વાણી બનાવી દેવાય છે. તેમજ દેહ-ઈન્દ્રિયોની મર્યાદા છે તેવું વર્તન દ્વારા જણાવાય છે. પોતાના અહંકારને પણ ન્યૂન કરી દેવાય છે.

## 1.3 તમારી પ્રગતિ ચકાસો :

1. ઈશાવાસ્યનો અર્થ સમજાવો.

2. બધા ઉપનિષદ સાહિત્યમાં ઈશાવાસ્ય ઉપનિષદ કઇ રીતે જુદું પડે છે?

3. ઈશાવાસ્યનો બોધ શું છે?

4. ઋષિ-કવિ કેવાં કર્મ કરવાનું કહે છે?

| એકમ 2 | ઈશાવાસ્ય ઉપનિષદ : મંત્ર - 1 થી 9 |
|---|---|

## રૂપરેખા

**2.0 ઉદ્દેશ**
**2.1 પ્રસ્તાવના**
**2.2 નિયત મંત્રો, અન્વય, શબ્દાર્થ અને અનુવાદ**
**2.3 તમારી પ્રગતિ ચકાસો**

## 2.0 ઉદ્દેશ :

વિદ્યાર્થીઓ

- ઈશાવાસ્યના મંત્રો થકી વૈદિક સાહિત્યનો પરિચય મેળવશે.
- મંત્રોના દૃષ્ટાઓ (કવિઓ) ઋષિઓના પરિચય પ્રાપ્ત કરશે .
- પ્રત્યેક મંત્ર દિવ્ય છે તેની પ્રતીતિ કરશે .
- વૈદિક સાહિત્ય અલૌકિક વાણી છે, તેવી સમજણ કેળવશે .

## 2.1 પ્રસ્તાવના :

**ऋषिने** મંત્રદૃષ્ટા કહ્યા છે. **ऋषय: मंत्रद्रष्टार**: 1 લૌકિક કવિને જેમ કાવ્યની સ્ફુરણા થાય છે. કાવ્ય, ઊતરી આવે છે તેમ ઈશાવાસ્યના અને અન્ય વૈદિક સાહિત્યમાં મંત્રોના દૃષ્ટાઓ-જોનારાઓ તરીકે ઋષિ કવિ છે. વળી, સમગ્ર વૈદિક સાહિત્ય મંત્રોથી ભરેલું છે. શ્લોકોથી નહિ. કારણ કે લૌકિક-જગતનું સાહિત્ય હોય તે શ્લોકોમાં રચેલું હોય છે. જ્યારે વૈદિકસાહિત્યમાં દર્શાવેલ પ્રત્યેક શ્લોકને મંત્ર કહેવાય. **मननात् मनुष्य**: અર્થાત્ મનન-વિચાર કરતો હોવાથી મનુષ્ય કહેવાય છે તેમ **मननात् मंत्रम्** અર્થાત્ જે ચિંતન-મનનથી યુક્ત છે અથવા ચિંતન-મનન કરવા પ્રેરે છે. તેથી તે મંત્ર છે. એટલા માટે જ પ્રત્યેક ઉપનિષદના મંત્ર દૃષ્ટાઓ ઋષિ જુદા છે જેમ કે સંભવત: મધુચ્છદસ્ નામના ઋષિને ઈશાવાસ્યના મંત્રોનું દર્શન થયું હતું. તેથી તે તેના મંત્રદૃષ્ટા ઋષિ-કવિ કહેવાય છે.

બીજું, આ સઘળું વૈદિકસાહિત્ય વિવિધ વૈદિક છંદોમાં નિબદ્ધ છે. અહીં ઈશાવાસ્યનો પ્રારંભ **ईशावास्यम्**... **इदं** એવા શબ્દોમાં થાય છે, પરંતુ તે પહેલાં **पूर्णमद: पूर्णमिदम्**.... એવો શાંતિપાઠ આવે છે. તેમજ આ એકમમાં દર્શાવ્યું છે તેમ, સમગ્ર ઈશાવાસ્ય અઢાર મંત્રોમાં વિભાજિત છે. તેથી એના અડધા એટલે કે પ્રારંભના આઠ મંત્રોમાં ઈશોપનિષદના દૃષ્ટા ઋષિ અદ્ભુત વાતો-તત્ત્વજ્ઞાનની અને જીવનની દર્શાવે છે.

## 2.2 નિયત મંત્રો, અન્વય, શબ્દાર્થ અને અનુવાદ

શાંતિપાઠ ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवाशिष्यते ।।

અન્વય : ॐ अदः पूर्णम् (अस्ति) इदम् पूर्णम् अस्ति । पूर्णात् पूर्णम् उदच्यते पूर्णस्य पूर्णम् आदाय पूर्णम् एव अवशिष्यते ।।

[વિશેષનોંધ – પ્રત્યેક ઉપનિષદનો આરંભ શાંતિપાઠથી થાય છે. તેથી અહીં પણ શાંતિપાઠ છે.]

શબ્દાર્થ : **पूर्णम्** = સભર, પૂર્ણ, પૂરેપૂરુ, ભરેલું, **इदम्** = આ જગત – કાર્યરૂપ જગત, **अस्ति** છે – અસ્તિત્વ ધરાવે છે, **पूर्णात्** = પૂર્ણમાંથી, સઘળામાંથી, **पूर्णम्** = પૂર્ણ – ભરેલું, **उदच्यते** = ઉત્પન્ન થાય છે, નીકળે છે. **पूर्णस्य** = પૂર્ણનો, પૂર્ણની, પૂર્ણનું, પૂર્ણના, **आदाय** = લઈને, બહાર કાઢીને, બહાર કાઢી લેવામાં આવતાં, **एवं** = જ [વાક્યમાં ભાર આપવા માટે વપરાતો અવ્યય], **अवशिष्यते** = બાકી રહે છે, શેષ રહે છે.

અનુવાદ : એમ તે [જગતનું કારણ રૂપ બ્રહ્મ] પૂર્ણ છે. આ [અર્થાત્ - જગતના કાર્યરૂપ પૂર્ણ છે. પૂર્ણમાંથી [અર્થાત્ - જગતના કારણ રૂપ બ્રહ્મમાંથી પૂર્ણ [કાર્ય રૂપ જગત] ઉત્પન્ન થાય છે. [નિષ્પન્ન થાય છે, ઊભું થાય છે, પ્રગટે છે,] પૂર્ણમાંથી પૂર્ણ કાઢી લેવામાં આવતાં શેષ પણ પૂર્ણ જ રહે છે.[અર્થાત્ વિનોબાજી કહે છે કે શૂન્યમાંથી શૂન્યને બાદ કરો કે સરવાળો કરો તો પણ છેવટે શૂન્ય જ રહે છે. તેમ આ મંત્રમાં બ્રહ્મમાંથી બહાર કાઢો કે ઉમેરો છેવટે બ્રહ્મ જ શેષ રહે છે એવો ભાવાર્થ છે.]

સમજૂતી : **पूर्णम्** = આ મંત્રમાં જ્યાં જ્યાં '**पूर्णम्**' શબ્દ આવે છે તે પ્રત્યેક સ્થાને તેને 'બ્રહ્મ'ના અર્થમાં સમજવાનું છે. જેથી સમગ્ર મંત્ર-અર્થ સ્પષ્ટ થઈ જશે. અહીં મંત્રદૃષ્ટા ઋષિનો ભાવાર્થ વેદાંત વિચાર વિશે ઇંગિત (=ઈશારો) કરે છે કે "બ્રહ્મમાંથી કશુંક કાઢવાથી કે તેમાં ઉમેરવાથી વધ-ઘટ થતીએ નથી, પૂર્ણ જ રહે છે. શેષ રૂપે બ્રહ્મ જ રહે છે. જે લૌકિક જગતના પદાર્થો કરતાં જુદું છે.

મંત્ર – 1 ईशावास्यमिदं सर्वं यत् किञ्च जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथाः मा गृधः कस्यस्विद् धनम् ।।

અન્વય : इदम् सर्वम् यत् किञ्च जगत्यां जगत् (तत्) ईशावास्यम् (अस्ति) । तेन त्यक्तेन भुञ्जीथाः । मा गृधः । कस्यस्विद् धनम् ।

શબ્દાર્થ : **इदम्** = આ [નપુસંકલિંગમાં છે.], **सर्वम्** = સઘળું, બહુ, यत् = જે કાંઈ. **किञ्च किञ्च** = કંઈ, **जगत्यां जगत्** = **जगत्** શબ્દનું સપ્તમી વિભક્તિ એક વચન – જગતમાં, દુનિયામાં, **जगत** = જગત – દુનિયા, **ईशावास्यम्** = ઈશનું પરમાત્માનું નિવાસસ્થાન(૨) બીજો અર્થ, **ईशा (ईश** નું તૃતીયા એકવચન), **आवास्य** = ઈશ વડે નિવાસ કરવાને યોગ્ય, રહેવાને યોગ્ય, **तेन** = તેના દ્વારા, **त्यक्तेन** = ત્યાગીને, **भुञ्जीथा**: = ભોગવવું જોઈએ. मा = નહિ 'નકાર'નો અવ્યય, मा गृध: = લાલસા રાખીશ નહિ, **कस्यस्विद्** = કોનું છે, **धनम्** = ધન કે સંપત્તિ. અર્થાત્ બીજાની કોઈ કિંમતી વસ્તુ. વ્યાપક અર્થમાં બીજાની સ્ત્રીની પણ કામના ન કરવી એવો અર્થ લેવામાં વાંધો નથી.

અનુવાદ : આ જગતમાં જે કંઈ ચરાચર છે તે સર્વ ઈશ વડે વ્યાપ્ત થવાને યોગ્ય છે. તે સર્વનો ત્યાગ કરી તારા આત્માનું રક્ષણ કર. લાલસા રાખીશ નહિ. ધન કોનું છે ભલા?

સમજૂતી : જો પ્રથમ શાંતિપાઠ બરાબર સમજાયો હોય તો આ મંત્ર પણ એવી જ વાત કરે છે. સઘળું બ્રહ્મમય હોવાથી બીજાના ધન કે કીમતી વસ્તુની વાસના (=ઈચ્છા) રાખીશ નહિ. ઉપરાંત, ત્યાગને પણ અહીં ઉપભોગનો જ પ્રકાર ગણ્યો છે. હકીકતે ત્યાગ કરવાની જ વાત છે.

વિશેષ નોંધ : **जगत्यां जगत्** = દુનિયામાં રહેલી બીજી મનોમય –માનસિક દુનિયા. આ એક મૌલિક અર્થઘટન બંને શબ્દોનું છે. જેમાં ભૌતિક જગતમાં બીજું, મનોમય જગત રહેલું હોય છે. જે સંબંધોમાં આપણે જીવીએ છીએ તે જગત એટલે 'મનોમય જગત'.

મંત્ર – ૨ **कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समा: ।**
**एवं त्वयि नान्येथेतोऽस्ति न कर्म लिप्यते नरे ।।**

અન્વય : **इह कर्माणि कुर्वन् एव (नर:) शतं समा: जिजीविषेत् । एवं त्वयि** नरे **कर्म**

**न लिप्यते इत: अन्यथा न अस्ति ।**

શબ્દાર્થ : **इह** = અહીં (=આ દુનિયામાં), **कर्माणि** = કર્મો, **एव**= જ (ભાર આપવા માટે વપરાતો નિરર્થક અવ્યય – 'જ' છે.), **शतं समा**:= એકસો વર્ષ સુધી, **जिजीविषेत्**= જીવવાની ઈચ્છા કરવી ઘટે-જોઈએ., **एवं**= એ પ્રકારે, **त्वयि**= તારામાં, **नरे**= માણસમાં, **न**= નથી, **लिप्यते**= લેપતું (=લીંપણ કરતું અથવા (કર્મ) બાંધતું નથી), **इत**:= આ સિવાયનો (=માર્ગ), **अन्यथा**= બીજો-અન્ય, **नास्ति**= **न**+**अस्ति** અર્થાત્ (બીજો કોઈ રસ્તો) નથી. ભાવાર્થ છે કે નિષ્કામભાવે કર્મ કર્યા સિવાયનો બીજો કોઈ રસ્તો (જીવન જીવવા માટે) નથી.

અનુવાદ : અહીં (આ મંત્રમાં) કર્મો કરતાં કરતાં જ માણસે સો વરસ જીવવાની ઈચ્છા રાખવી જોઈએ. આમ (કરતાં) તને મનુષ્યને કર્મનો લેપ (બંધન) નહિ સ્પર્શે. આ સિવાયનો બીજો કોઈ ઉપાય (માર્ગ) નથી.

સમજૂતી : અહીં મંત્રમાં "નિષ્કામભાવે" એ શબ્દ મૂક્યો નથી, પરંતુ અંદરનો અર્થ એ જ છે કે (=નિષ્કામભાવે) કર્મ કરતાં કરતાં સો વર્ષ સુધી જીવવાની કામના મનુષ્યે કરવી ઘટે. એ સિવાયનો બીજો રસ્તો જીવન જીવવા માટે નથી. આ જ રાજમાર્ગ-ધોરીમાર્ગ કે મુખ્યમાર્ગ છે. ટૂંકમાં દરેક મનુષ્યને નિષ્કામભાવે કર્મ કરવાનો બોધ સ્પષ્ટ રીતે આપવામાં આવ્યો છે. તરણોપાય-છેલ્લો ઉપાય પણ એ જ છે કે કર્મ કરવાનાં છે, પરંતુ ફલેચ્છા રહિત બનીને કર્મ કરવાનાં છે.

મંત્ર -૩ **असूर्या नाम ते लोका: अन्धेन तमसाऽऽआवृत्ता: ।**
**तांस्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनो जना: ।।**

અન્વય : **अन्धेन तमसा आवृत्ता: ते लोका: असूर्या नाम । ये के आत्माहन: जना: ते प्रेत्य तान् अभिगच्छन्ति ।**

શબ્દાર્થ : **असूर्या** = આસુરી, અસુરોના, **अन्धेन तमसाऽऽवृत्ता** = અંધકાર (તમસ)થી, **आवृत्ता:** = ભરેલ અથવા ઘનઘોર અંધકારથી આચ્છાદિત (વ્યાપ્ત), **प्रेत्य** = મરણ પામીને મરોણપરાંત પ્રાપ્ત કરીને, મરણ પામ્યા પછી, **अभिगच्छन्ति** = પામે છે, [અંધકાર ભર્યા લોકમાં], नाम = નામના (**असूर्या नाम** = આસુરી નામના લોકમાં, **प्रेत्य** = જાય છે), ये = જે લોકો (यत् = પુલ્લિંગનું પ્રથમ વિભક્તિ બહુવચનનું રૂપ છે), તે જ રીતે के રૂપને સમજાવવું હોય તો क: પુલ્લિંગનું પ્રથમ વિભક્તિ બહુવચનનું રૂપ के થાય છે, **आत्महन:** = આત્મહત્યા કરનારા (અથવા આત્મહત્યાની ઈચ્છાવાળા લોકો), **जना:** = માણસો, ते = તેઓ (બધા) જેનું એકવચન स: થાય છે. ते શબ્દ સર્વનામના પ્રથમા વિભક્તિ બહુવચનમાં ते બનશે, तान् = તે બધા આ સર્વનામનું દ્વિતીયા વિભક્તિ બહુવચનનું રૂપ तान् થાય છે, **चात्महनो-च + आत्महन:** = અર્થ ગાઢ અંધકાર વડે કરીને આવૃત્ત (ભરેલ) અથવા **तमस्** ભરેલા તે આસુરી નામના લોકમાં આત્મઘાત્ (આત્મહત્યા) કરનારા લોકો મૃત્યુ પછી તે અસૂર્ય લોકમાં (વારંવાર) જાય છે. (અથવા વારંવાર ગતિ કરે છે.)

અનુવાદ : ગાઢ અંધકારથી વ્યાપ્ત તે લોકો ખરેખર 'અસૂર્ય' છે. જે કોઈ આત્મઘાતી મનુષ્યો છે તેઓ મૃત્યુ પછી તે (અસૂર્ય) લોકો તરફ વારંવાર ગતિ કરે છે.

સમજૂતી : **असूर्या** નો અર્થ સૂર્યરહિત એટલે કે અંધકારથી ભરેલા લોકમાં, આત્મહત્યા કરનારા લોકો જાય છે. અંધકાર અને અસૂર્યા એમ બંને શબ્દો "કાળાશ"ના પર્યાય હોઈ 'ડબલ અંધકાર'ભર્યા લોકમાં આત્મહત્યા કરનારા લોકો જાય છે. તેથી, સરવાળે –ફલત: આત્મહત્યા ન કરવી. પરંતુ (=નિષ્કામભાવે)

કર્મો કરતાં રહેવાનો સૂચિત અર્થ છે. ઉપરાંત, આત્મહત્યા કરનારાઓને ફરીથી પૃથ્વી ઉપર આવીને કરેલાં કર્મો તો ભોગવવાં જ પડે છે. તેથી કર્મો કરતાં રહો તેવો બોધ સંક્ષેપમાં છે તેમજ કોઈપણ સંજોગોમાં આત્મહત્યા ન કરવાની જાણે કે આજ્ઞા છે.

વિશેષ નોંધ : આત્મજ્ઞાનથી વિમુખ કેવળ ભૌતિક પ્રવૃત્તિઓમાં રાચનાર અજ્ઞાની મનુષ્યને આત્મઘાતી મનુષ્ય કહ્યો છે. આત્મવિનાશના માર્ગે ચાલવું તે આત્મહન્.

અસુર શબ્દને વિશે નોંધવાનું એવું છે કે આચાર્ય શંકરની દૃષ્ટિએ મનુષ્યકોટિનો હોય કે દેવકોટિનો કોઈપણ જીવાત્મા જો પરમાત્માને અદ્વૈત દૃષ્ટિએ નિહાળનારો ન હોય તો તે 'અસુર' છે. આ અર્થઘટન જોતાં કેવળ ભોગવિલાસમાં રાચનારા દેવોપણ અસુરો જ કહેવાય. જો કે સમગ્ર મંત્રનો સાર આત્મહનન=) આત્મહત્યા) નિવારણ માટેની મનોવૃત્તિ કેળવવાનો છે.

મંત્ર-૪ अनेजदेकं मनसो जवीयो नैनदद देवा आप्नुवन् पूर्वमर्षत् ।
तद्धावतोऽन्यानत्येति तिष्ठत् तस्मिन्नपो मातरिश्वा दधाति ।।

અન્વય : (तत) एकम् अनेजत् मनस: जवीय: (अस्ति) देवा: पूर्वम् अर्षत् एनत् न आप्नुवन् । तत् तिष्ठात् धावत: अन्यान् अत्येति । तस्मिन् मातरिश्वा: अप: दधाति ।

શબ્દાર્થ : **तद्** = તે, **एकम्** એક (આત્માનું તત્ત્વ), **अनेजत्** = **एज** ધાતુ પહેલો અને પાંચમો ગણ = 'જેવું,', 'ગતિ કરવી' વર્તમાન કૃદંત इजत् છે. એનાં અર્થો- અગતિશીલ, સ્થિર, નિશ્ચલ, બ્રહ્મતત્ત્વ, સ્થિર, નિશ્ચલ અને નિર્વિકારી વગેરે થાય છે, **मनस:** = મનથી, जवीय: = મોટું, **पूर्वम्** = પૂર્વે, **पूर्वमर्षत्** = પૂર્વે જતાં અથવા આગળ જતાં (વિદ્યમાન), **एनत्** આને (આ આત્મતત્ત્વને), देवा: = દેવો न = નથી, **आप्नुवन्** = પામી શકે નહિ (અથવા આત્માના તત્ત્વને દેવોપણ પ્રાપ્ત કરી શકતા નથી, એવો ભાવાર્થ છે.), **तिष्ठत्** = ઊભું રહેલું, **तत्** = તેને, **धावत:** - દોડનાર (અથવા દોડી રહેલા), **अन्यान्**- બીજાને, **अत्येति** = વળોટી જાય છે, પાર પામી જાય છે. (ભાવાર્થ એ છે કે આત્માનાં તત્ત્વને કોઈ પામી શકતું નથી.), **मातरिश्वा:** = વાયુ, **तस्मिन्** = તેમાં, **अप:** -પાણી, **दधाति** = ધારણ કરે છે. **मातरिश्वा** માં मातरि એટલે અંતરીક્ષમાં **श्वयति** = (ગચ્છતિ) જાય છે. **मातरिश्वा** - અર્થાત્ અંતરીક્ષમાં વહે છે, તે વાયુ.

અનુવાદ: (તે આત્મતત્ત્વ) એક અને અચળ છે, મનથી પણ વધુ વેગવાન છે. (તેમની પણ આગળ) જતા રહેલા તેમને (આત્માના તે તત્ત્વને) દેવો અર્થાત્ ઈન્દ્રિયો પ્રાપ્ત કરી શકે નહિ. તે સ્થિર રહેતું હોવા છતાં દોડનાર બધા તત્ત્વોને ઓળંગી જાય છે, તેને વળોટી જાય છે. અથવા ઓળંગી જાય છે

(ટૂંકસાર એ છે કે તેના આધારે વાયુ (પ્રાણ) સર્વ પ્રાણીઓની પ્રવૃત્તિ કર્મ) ધારણ કરે છે.

સમજૂતી : 'આત્મા'નું તત્ત્વ અથવા 'બ્રહ્મ' અચલ અને ચલ અર્થાત્- ચલાચલ કે સ્થિર અને ભાગતું એમ બંને છે. તેથી અનિર્વચનીય છે, અવ્યાખ્યેય છે. અહીં પણ છે અને દૂરથી દૂર જગ્યાએ પણ છે. 'मातरिश्वा' વાયુનો અર્થ આપનાર છે. જેમ વાયુ અહીં પણ છે અને અત્યંત દૂર આવેલ સ્થાનમાં પણ હોય છે. તે રીતે આત્માનું તત્ત્વ સર્વત્ર છે. 'વાયુ' ના દૃષ્ટાંત દ્વારા આત્માની વાત કરી છે.

મંત્ર-૫ **तदेजति तन्नैजति तद् दूरे तद्वन्तिके ।**
**तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः ॥**

અન્વય : **तद् एजति, तद् न एजति । तद् दूरे, उ अन्तिके । तद् अस्य सर्वस्य अंतर् । तद् उ अस्य सर्वस्य बाह्यतः ॥**

શબ્દાર્થ : **तद्** = તે (આત્માનું તત્ત્વ), **एजति** = હાલે-ચાલે છે, **तद्** = તે, न = નથી, **एजाति** = હાલતું ચાલતું નથી, **तद् दूरे** = તે દૂર છે અને तद् **अन्तिके** = નજીક પણ છે (સાર એ છે કે ઈશ સર્વત્ર છે.), **तद् अन्तरस्य सर्वस्य** = તે સઘળા પદાર્થોમાં છે અને સઘળા પદાર્થો એનામાં છે, तद् = તે, उ = નિરર્થક વૈદિક અવ્યય, **अस्य** = આના, **बाह्यतः** = બાહ્યભાગરૂપે, તેની અંદર બહાર ઈશ છે એનો મંત્ર સાર એવો છે કે પરમાત્મા અંદર અને બહાર બધે જ છે.

અનુવાદ : તે આત્મતત્ત્વ હાલે-ચાલે છે અને ચલાયમાન નથી (અર્થાત્-સ્થિર છે.) તે દૂર પણ છે અને નજીક પણ છે તે (બ્રહ્મ કે આત્મતત્ત્વ) બધામાં છે. અને બધા પદાર્થો તેનામાં છે. આમ ઈશ – આત્મા – બ્રહ્મતત્ત્વ અંદર-બહાર બધે જ છે.

સમજૂતી : મંત્ર – ૪ માં જે બાબત આત્માના તત્ત્વ માટે સમજૂતીમાં સમજાવી છે તે જ વાત અહીં બેવડાવી છે. તે બ્રહ્મ દૂરનું દૂર અને નજીકનું નજીક છે. તે સર્વની અંદર અને બહાર રહે છે, સર્વવ્યાપી છે.

મંત્ર – ૬ **यस्तु सर्वाणि भूतानि आत्मन्येवानुपश्यति ।**
**सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥**

અન્વય : **यः तु सर्वाणि भूतानि आत्मनि एव सर्व भूतेषु चात्मानं अनुपश्यति सः ततः न विजुगुप्सते ।**

શબ્દાર્થ : **यः** = જે, तु- વિશેષ કોઈ અર્થ ન દેખાડતો અવ્યય, **सर्वाणि** = બધાં, **भूतानि** = પ્રાણીઓ (મનુષ્ય અને મનુષ્યેતર પ્રાણીઓ), ને **आत्मनि** = પોતાનામાં, एव = જ, **अनुपश्यति** = સારી રીતે જુએ છે, **सर्वभूतेषु**= બધા પ્રાણીઓમાં (અથવા અર્થાત્ અહી અર્થ પ્રમાણે મનુષ્યોમાં), च = અને, **आत्मानं** = પોતાની જાતને (અથવા પોતાને જુએ), ततो = ततः

- ત્યાર પછીના અર્થમાં (ततः ની સંધિ ततोः થઇ છે, વિસર્ગનો 'ઓ' થયો છે. न = નથી પામતો, (घृणा) અથવા ઘૃણા કે ઈર્ષ્યા અનુભવતો નથી, विजुगुप्सते = ઘૃણા કે ઈર્ષ્યા કરતો નથી.

અનુવાદ : (પરંતુ) જે મનુષ્ય/માણસ પોતાના આત્મામાં (પોતાની અંદર જ) બધા લોકોને (અથવા પ્રાણીઓને) પોતાનામાં સતત અથવા નિરંતર જુએ છે. તેથી ઘૃણા કરતો નથી. (ઉપનિષદકારને ટૂંકમાં સર્વત્ર આત્મદર્શન કરનારો કોઈની ઘૃણા કરતો નથી, સહુને પ્રેમ કરે છે, એવું કહેવાનું તાત્પર્ય છે.)

સમજૂતી : 'અનુપશ્યતિ' એવા ક્રિયાપદ દ્વારા, બધામાં પોતાને 'વારંવાર' જુએ છે. એટલે કે બધા પ્રાણીઓમાં પોતાની જાતને જુવે છે, આત્મૌપમ્યથી વર્તે છે, પોતાની જાતને નિરૂપે છે. તેથી જ તે કોઈપણની "જુગુપ્સા" કે ઘૃણા અથવા ઈર્ષ્યા કરતો નથી ઉદાહરણાર્થે જોઈએ તો જેમ હું મારા શરીરમાં ટાંકણી ખૂંચે તેવું કરું તો વેદના થાય છે. તે રીતે બીજાને પણ ટાંકણી ખૂંચાડવાથી વેદના થાય છે. માટે જ મારે કોઈને વેદના આપનારા બનવાનું નથી. આ વાત જ આત્મૌપમ્ય કહેવાય છે. આત્માની-જાતની ઉપમા બીજામાં આપવી તે આત્મૌપમ્ય.

મંત્ર-૭ यास्मिन्सर्वाणि भूतानि आत्मैवाभूद् विजानतः ।
तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥

અન્વય : यस्मिन् विजानतः (जनस्य) आत्मा एव सर्वाणि भूतानि अभूत,
तत्र एकत्वम् अनुपश्यतः कः मोहः कः शोकः ॥

શબ્દાર્થ : यस्मिन् - જેમાં (જે આત્મામાં), सर्वाणि – બધાં, भूतानि - પ્રાણીઓ અર્થાત્ મનુષ્યોને, आत्मा एव अभूत - પોતાની જાતને જુવે છે, તે રીતે, विजानतः - જાણતા હોય અથવા જાણી ચૂક્યા હોય, तत्र – ત્યાં, कः - કોને, मोहः - મોહ થાય, कः શોકઃ - શોક થાય, एकत्वम् - એકરૂપ જ, अनुपश्यत - સારી રીતે જોતા હોય છે.

અનુવાદ : (આ પૂર્વેના મંત્રનો જ જાણે કે અર્થવિસ્તાર અહીં કરવામાં આવ્યો છે) જે (દશામાં) અથવા સ્થિતિમાં જ્ઞાનીપુરુષને પોતાના આત્મામાં જ બધાં ભૂતો (પ્રાણીઓ અને મનુષ્યો) અથવા જગતના સર્વ પદાર્થરૂપે બનતાં જુવે છે. તેથી તેવા નિરંતર એકત્વને નિહાળનારને મોહ કે શોક વળી કેવો?

ખાસ એ નોંધવાનું કે મંત્ર ૬ અને ૭નું યુગ્મ-જોડકું છે. મંત્ર છમાં જે સંક્ષિપ્તમાં કહ્યું છે તેને જ વિસ્તારીને પછીના સાતમા મંત્રમાં દર્શાવાયું છે. વધુમાં શોક અને મોહ એક જ સિક્કાની બે બાજુ છે. સંસારના વિષયજાળની આસક્તિમાં ફસાયેલો મનુષ્ય, વિષયસુખમાં જ રાચતો માણસ મોહદશામાં જીવે છે અને એ વિષયસુખ હણાઈ જતાં તે શોક અનુભવે છે.

સમજૂતી : જ્યારે એવું સમજાય છે કે જેમાં બધા પ્રાણીઓ કે મનુષ્યોમાં પોતાની જાતનો સાક્ષાત્કાર કરે છે, પોતાની જાતને જુવે છે. ત્યાં અથવા તેથી એકતા-પરસ્પરની એકતા અનુભવી રહેલો હોઈ શોક કે મોહ રહેતાં નથી.

જ્યાં બધામાં બ્રહ્મતયા-આત્માની એકતા જોવાતી હોય તો કોણ મોહ રાખે? કોણ શોક કરે? શાના માટે કરી? એ વાત કરી છે.

મંત્ર : ૮ — स पर्यगाचछुक्रमकायमव्रणम् अस्नाविरं शुद्धमपापविद्धम् l
कविर्मनीषि परिभू: स्वयंभू यथातथ्यतोऽर्थान्
व्यदधाच्छाश्चतीभ्य: समाभ्य: ll

અન્વય : स: शुक्रम् अकायम् अव्रणम् अस्नाविरम् शुद्धम् अपापविद्धम् पर्यगात् l (स:) कवि: मनीषि परिभू: स्वयंभू: अर्थान् शाश्वतीभ्य: समाभ्य: व्यदधात् l

શબ્દાર્થ : स: - તે, शुक्रम् = તેજસ્વી, अकायम् = કાયા-શરીર રહિત, अव्रणम् = વ્રણ-ઘા રહિત, अस्नावरिम् = સ્નાયુરહિત, शुद्धम् = (આત્માનું) શુદ્ધ, अपापविद्धम् = પાપવગરના-નિષ્પાપ (એવા આત્મતત્ત્વને), पर्यागात् = ચારેય બાજુએથી વ્યાપ્ત કર્યું છે, कवि: - કવિ (અથવા કાન્તદર્શી, मनीषि: બુદ્ધિમાન, परिभू: = વ્યાપક, स्वयंभू: = આપમેળે પ્રગટેલા (સ્વયંભૂ), शाश्वतीभ्य: = શાશ્વતકાળ-કાયમ સુધી-કાલાંતર સુધી, समाभ्य: - સમય સુધી, यथातथ्यत: - યથાર્થ રીતે ટકનારા, 'એટલે કે જેવા છે તેવા' ઉપરથી यथातथ्यत શબ્દ બને છે अर्थात् = બધા અર્થો व्यदधात् = સાધ્યા અર્થાત્ તે તેને સ્થાને ગોઠવવા દરેકનું સ્થાન શું છે તે નક્કી કર્યું. સમજી લીધું. 'ગ્રહણ કર્યા' એવો અર્થ પણ શક્ય છે.

અનુવાદ : તેણે (આત્મજ્ઞાનીએ) તેજસ્વી, દેહરહિત, વ્રણરહિત, સ્નાયુરહિત, શુદ્ધ તથા નિષ્પાપ (એવા આત્મતત્ત્વને) ચોમેરથી વ્યાપ્ત કર્યું. કવિ, બુદ્ધિમાન, વ્યાપક અને સ્વયંભૂ એવા તેણે શાશ્વતકાળ સુધી ટકનારા બધા પદાર્થો યથાવત્ – કર્મફળ અનુસાર ગોઠવ્યા. (અથવા 'પદાર્થો' યથાવત 'હતા તેમના તેમ' ગોઠવ્યા.)

સમજૂતી : આ મંત્ર અને તેના થકી આત્માનું તત્ત્વ કેવું નિરાકાર છે. તે વર્ણવતાં કહે છે કે તે તેજસ્વી એવું આત્મતત્ત્વ કાયા કે શરીર રહિત છે, કોઈ વ્રણ અર્થાત્ ઘા કે ચીરા વગરનું છે, (કાયા ન હોવાથી) સ્નાયુરહિત છે પરમશુદ્ધ છે. તેથી જ અપાપવિદ્ધ અર્થાત્ પાપરહિત છે. ઉપરાંત, परिभू: અર્થાત્ ચારેય બાજુએથી સર્વત્ર રહેવાવાળું છે અને स्वयंभू: અર્થાત્ આપમેળે પ્રગટે છે અને કાયમ માટે અથવા લાંબા સમય માટે વાસ્તવિક અર્થમાં રહેનારું, ટકી જનારું છે.

મંત્ર : 9 — अन्धं तम: प्रविशन्ति येऽविद्यामुपासते l
ततो भूय इव ते तम: य उ विद्यायां रता: ll

અન્વય : ये अविद्यां उपासते, (ते) अन्धं तम: प्रविशन्ति l य उ विद्यायां रता: ते भूय: इव तम: (प्रविशन्ति)

શબ્દાર્થ : **ये**: = જેઓ (વ્યાકરણની દૃષ્ટિએ 'ય:' પ્રથમાવિભક્તિનું બહુવચન તે, ये અર્થાત્ 'જેઓ') **अविद्याम्** = અવિદ્યાને **उपासते** = ઉપાસના કરે છે, આરાધના કરે છે, (તે **अन्धम्** = અંધકારભર્યા **तम**: = તમસ-તમોગુણવાળા (લોકમાં), **प्रविशन्ति** =પ્રવેશ કરે છે, જાય છે, य उ - જેઓ વળી, **विद्यायाम्** = વિદ્યામાં, **रता**: = રચ્યાપચ્યા રહેનારા (વધુ પડતો વિદ્યાભ્યાસ કરનારા), ते - તેઓ બધા, (स: = પુલ્લિંગનું પ્રથમા વિભક્તિ બહુવચન 'ते' થાય છે, इव = વળી, ની માફક, **भूय**: - ફરીથી **तम**: = તમોગુણયુક્ત (અર્થાત્ શબ્દાંતરે અંધકારથી ભરેલા લોકમાં), **प्रविशन्ति** = પ્રવેશે છે (ઋષિકવિ એવું ચમત્કારિક વિધાન કરે છે કે વિદ્યામાં રચ્યાપચ્યા રહેનારા લોકો પણ વધુ અંધકારથી ભરેલા-તમોગુણયુક્ત લોકમાં જાય છે. ઉપનિષદની આ અવળવાણી છે, કોઈક આત્મચેતનાનો સાક્ષાત્કાર કરેલા વ્યક્તિ આનો સાચો અથવા ગૂઢાર્થ સમજાવી શકે.

અનુવાદ : જેઓ અવિદ્યાની ઉપાસના કરે છે. તેઓ ઘોર તમસમાં (અર્થાત્ અંધકારમાં) પ્રવિષ્ટ થાય છે. જેઓ વિદ્યામાં રચ્યા-પચ્યા છે, વિદ્યારત છે. તેઓ જાણે કે તેથી પણ વધારે ઘોર અંધકારમાં (અથવા અંધકાર ભરેલા લોકમાં) પ્રવેશ કરે છે.

સમજૂતી : અહીં વિદ્યા અને અવિદ્યા શબ્દોને સમજી લેવાથી મંત્રનો અર્થ સમજાય છે. અવિદ્યા અર્થાત્ લૌકિક વિદ્યા કે દુનિયાની વિદ્યા કે પેટભરવા માટે જે શીખ્યા હોઈએ તે લૌકિક વિદ્યાને જાણવાથી અંધકારથી ભરેલા લોકમાં જવાનું હોય છે, પરંતુ જે વ્યવહારની ઉપેક્ષા કરીને માત્રને માત્ર જ્ઞાનમાં જ રચ્યાપચ્યા રહે છે. તે **विद्यायां रता**: અર્થાત્ "લૌકિક કાર્યો કે પોતાનાં કર્તવ્યોની ઉપેક્ષા કરીને માત્ર પરમાત્માને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી વિદ્યામાં જ રચ્યાપચ્યા રહે છે, રમમાણ રહે છે તેઓ પણ મહાઘોર અંધકારથી ભરેલા લોકમાં જાય છે ફલિતાર્થ એ છે કે પોતાના કર્તવ્યોની ઉપેક્ષા કરવાને બદલ નિષ્કામ ભાવે કર્મો કરવાનો બોધ છે. અન્યથા ઘોર અંધકારમાં જવાની નોબત આવે છે.

વિશેષ : પ્રસ્તુત ઉપનિષદમાં મંત્ર ૯ થી ૧૧ નો એક સમયે એટલે કે ત્રણેય મંત્રોનો સંયુક્ત અર્થગ્રહણ કરવાનો છે. માત્ર નવમા મંત્રનો અર્થ પર્યાપ્ત અર્થજ્ઞાન આપી નહિ શકે. ઉમાશંકર જોશીએ પણ ત્રણેય મંત્રોનો સંયુક્તાર્થ સમજાવ્યો છે. તેથી તેની વધુ સ્પષ્ટતા માટે ઈશાવાસ્ય પરના અન્ય ગ્રંથો વાચક જોઈ શકે.

## 2.3 તમારી પ્રગતિ ચકાસો

1. મુખ્ય દસ ઉપનિષદન નામ જણાવો.

___

___

___

2. 'आत्महनो जन:' – એટલે શું?

3. ઈશાવાસ્ય કર્મ કરવાની બાબતમાં શું કહે છે?

4. ઈશાવાસ્ય ક્યા વેદ સાથે સંકળાયેલું છે?

**ખાલી જગ્યા પૂરો.**

1. ઈશાવાસ્ય બ્રહ્મના .......................પ્રકારના સ્વરૂપને વર્ણવે છે. (નિરાકાર, સાકાર)
2. ઈશાવાસ્યમાં કુલ ...................... મંત્રો છે. (૧૭, ૧૮)
3. સર્વત્ર પરમાત્માની (= બ્રહ્મની) એકતાનું દર્શન કરનારમાં ........... અને........... રહેતાં નથી. ((૧) અનુરાગ-વિરાગ (૨) શોક, મોહ)
4. માતરિશ્વા એટલે .......................... (અંતરીક્ષનો વાયુ, પૃથ્વીની માટી )
5. અસ્નાવિરમ, શુદ્ધં અને અપાપવિદ્ધમ એ .................... નાં લક્ષણો છે. (જીવ, બ્રહ્મ)

| એકમ 3 | ઈશાવાસ્ય ઉપનિષદ: મંત્ર - 10 થી 18 |
|---|---|

## રૂપરેખા

**3.0 ઉદ્દેશ**
**3.1 પ્રસ્તાવના**
**3.2 નિયત મંત્રો, અન્વય, શબ્દાર્થ અને અનુવાદ**
**3.3 તમારી પ્રગતિ ચકાસો**

### 3.0 ઉદ્દેશ :

વિદ્યાર્થીઓ

- વિદ્યા અને અવિદ્યા બંને વચ્ચેની તુલના સમજશે .
- જગતમાં (સંસારમાં) જીવન જીવતાં ફરજપરસ્ત રહેવાનું મહત્ત્વ સમજશે .
- આત્મજ્ઞાની વિશે સમજ મેળવશે.
- ઉપનિષદ-નિર્દિષ્ટ મોક્ષ વિશે જાણશે.

### 3.1 પ્રસ્તાવના :

ઈશાવાસ્યમાં સમગ્ર જીવનનો કે જીવન જીવતા સાધકનો નકશો છે. તેની વધુને વધુ જાણકારી ઈશાવાસ્યના ઉત્તરાર્ધમાં (મંત્ર 9 થી 18 માં) મળે છે. જાણે કે આત્મપ્રતીતિ-અનુભૂતિ (= પોતાની જાતનો અનુભવ) થાય છે. તેમજ છેલ્લો મંત્ર પણ જાણે કે સાધક અગ્નિદેવને મોક્ષ માટેની પ્રાર્થના કરતો હોય તે રીતનો દર્શાવ્યો છે. મંત્ર નવમો કેવળ વિદ્યાર્જન કરનારા અને માત્ર જ્ઞાનની ઉપાસના કરનારા લોકો વધુ ગહન અંધકારથી ભરેલા લોકમાં મરણોપરાંત પ્રવેશે છે, તેવું દર્શાવીને જાણે કે સંસારના કર્મો નિષ્કામભાવે કરતાં રહેવાની અપીલ કરી છે. પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિમાર્ગ કઈ રીતે જુદા જુદા છે તેની જ વાત મંત્ર 9 થી 18 માં વિભિન્ન રીતે દર્શાવાઈ છે.

ગાંધીજી, વિનોબા ભાવે અને રવિશંકર મહારાજ, મગનભાઈ દેસાઈ, જુગતરામ દવે વગેરે દ્વારા આ બધા મંત્રોનું એકસૂત્રીય અધ્યયન કરાયું છે. તેમજ ગાંધીવાદી દૃષ્ટિએ એનું અર્થઘટન વિશિષ્ટ રીતે ખાસ કરીને વિનોબા ભાવે દ્વારા દ્રઢ રીતે સુસ્થાપિત કરાયું છે. ગાંધીવિચારના ભાષ્યકાર એવા વિનોબા ઉપરાંત રવિશંકર મહારાજના ઈશાવાસ્ય અંગેના વિચારો ગ્રામીણ માણસો પણ સમજી શકે તેવી ભાષામાં મૂકાયા - દર્શાવાયા છે.

## 3.2 નિયત મંત્રો, અન્વય, શબ્દાર્થ અને અનુવાદ :

મંત્ર : 10 **अन्यदेवाहुर्विद्यया अन्यदाहुरविद्यया ।**
**इति शुश्रुम धीराणां ये नस्तद्विचचक्षिरे ॥**

અન્વય : **ये नः तद् विचचक्षिरे (तेषाम्) धीराणाम् शुश्रुम विद्यया (तद्) अन्यद् एव आहुः, अविद्यया (तद्) अन्यद् आहुः इति ।**

શબ્દાર્થ : **ये** =જે લોકો नः = અમારું **तद्** = તે **विचचक्षिरे** = કહેવું, ઉપદેશ કરવો (**वि** + **चक्ष**) (બીજો ગણ, આત્મનેપદી) પરોક્ષ ભૂતકાળ ત્રીજો પુરુષ બહુવચન) **धीराणाम्** = ધીર-ધૈર્યવાળા પુરુષોનું **शुश्रुम** = સાંભળેલું છે. **विद्यया** =વિદ્યા થકી, વિદ્યા વડે કરીને **अन्यद्** = બીજું, જુદું एव = જ **आहुः** =કહ્યું છે. કહેવામાં આવ્યું છે. **अविद्यया** = અવિદ્યા વડે કરીને, **(तद्) अन्यद्** = તે જુદું છે, તે ભિન્ન છે, પૃથક્ છે. **आहुः** = કહેવામાં આવ્યું છે, કહેવામાં આવેલ, દર્શાવવામાં આવેલ, બતાવવામાં આવેલ. **इति** = એ પ્રમાણે છે. (વ્યંજનાથી 'ઇતિ'નો અર્થ વિદ્યા અને અવિદ્યાથી પર છે, નિરાળું છે.)

અનુવાદ : તેને વિદ્યાથી જુદું કહ્યું છે (અને) તેને અવિદ્યાથી (પણ) જુદું કહ્યું છે. જેમણે અમને તેનો ઉપદેશ આપ્યો તે ધીરપુરુષો પાસેથી અમે આમ સાંભળ્યું છે. (સાંભળેલું છે.) (**धीराणां** = ધીરજવાળા પુરુષો એટલે કે આત્મજ્ઞાનીઓ)

સમજૂતી : જે વિદ્યા અને અવિદ્યાથી પૃથક્ એવું આત્માનું તત્ત્વ છે. તે બધાથી નિરાળું છે તે અવ્યાખ્યેય છે. કોઈપણ વ્યાખ્યામાં બંધાઈ જાય તેવું નથી. તેવું ધૈર્યવાન – ધીરજવાળા લોકો પાસેથી અમે સાંભળેલું છે. ધૈર્યવાનનો અર્થ અહીં જેમને આત્માનું દર્શન થયું છે, તેવા આત્મવેત્તાઓ એવો અર્થ કરવાનો છે.

વિશેષ : ઉપનિષદમાં ઘણીવાર અવળવાણીનો આશ્રય બ્રહ્મના નિર્વચન માટે, વ્યાખ્યા માટે લેવામાં આવેલ છે. આથી, અહીં આ અવિદ્યાથી તે જુદું છે તે વાત સમજાય છે, કિન્તુ વિદ્યાથીએ જુદું છે, એવું ન સમજાય ત્યારે વિદ્યા શબ્દનો અર્થ લૌકિકવિદ્યા અર્થાત્ પેટ ભરવાની કે દુનિયાદારીનું જ્ઞાન કરાવનારી વિદ્યા. એવો અર્થ લેવો. આ બાબતની વધુ સમજૂતી ઉપનિષદકારે આગળ સમજાવી છે. છતાં ન સમજાય તો ફરીને આ ઉપનિષદ અને તેનાં વિભિન્ન અર્થઘટનો વાંચવા. જેથી મનમાં અર્થ બેસાડી શકાય અથવા અર્થ સ્પષ્ટ થાય.

મંત્ર : 11 विद्यां चाविद्यां च यस्तद्वेदोभयं सह ।
अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ॥

અન્વય : य: विद्यां च अविद्यां च उभयं सह वेद: (स:) अविद्यया मृत्युं तीर्त्वा विद्याया अमृतम् अश्नुते ।

શબ્દાર્થ : य: = જે **विद्यां** = વિદ્યાને **च** = અને **अविद्यां** = અવિદ્યાને च અને उभयं = બંનેને **सह** = સાથે **तद्** = તેને वेद: = જાણે છે, સમજે છે (स: - તે) **अविद्यया** = અવિદ્યા વડે કરીને **मृत्युं** = મૃત્યુને **तीर्त्वा** = તરી જઈને **विद्यया** = વિદ્યાથી (અથવા વિદ્યા થકી) **अमृतम्** = અમૃતને **अश्नु ते** = પ્રાપ્ત કરે છે, મેળવે છે.

અનુવાદ : જે માણસ વિદ્યા અને અવિદ્યા બંનેની (ઉભયની) સાથે તેને (આત્માના તત્ત્વને) જે જાણે છે, તે અવિદ્યાથી મૃત્યુને (મૃત્યુરૂપ-મર્ત્ય સંસારને) તરી જઈને વિદ્યાથી અમૃતને (બ્રહ્મને) જાણે છે, પામે છે.

સમજૂતી : અહીં રહસ્ય એ છે કે વિદ્યા અને અવિદ્યાનું સાચા અર્થમાં જ્ઞાન થઈ જવાથી – "થઈ ગયા બાદ" અવિદ્યા વડે કરીને મૃત્યુરૂપ સંસારને તરી જઈને (= વટાવી જઈને, વળોટી જઈને) વિદ્યા વડે કરીને જ્ઞાનામૃત મેળવે છે. આમ બંનેને સાચા અર્થમાં સમજી લેવાથી છેવટે વિદ્યા- એટલે કે સાચી વિદ્યા થકી જ્ઞાન કે જ્ઞાનરૂપી અમૃત મેળવે છે. અર્થાત્ જગતમાંથી મુક્ત થઈ જાય છે, તેનો મોક્ષ થાય છે તેવો સંકેત (= ઈશારો) અહીં ઋષિકવિ-મંત્રદૃષ્ટાએ કરેલો છે.

વિશેષ : અહીં ઋષિ વિદ્યા અને અવિદ્યાનો- ઉભયનો સમન્વય કરવાને માટે કહે છે. વિદ્યા અને અવિદ્યા બંનેની અધ્યાત્મ વિદ્યા અને અનાત્મ વિદ્યા અથવા લૌકિક વિદ્યા બંનેની વ્યષ્ટિગત તેમજ સમષ્ટિગત જીવન વિકાસમાં પોતપોતાની રીતે આવશ્યકતા છે.

મંત્ર : ૧૨ अन्धं तम: प्रविशन्ति येऽसम्भूतिमुपासते ।
ततो भूय इव ते तम: य उ सम्भूत्यां रता: ॥

અન્વય : ये असम्भूतिम् उपासते (ते) अन्धम् तम: प्रविशन्ति । ये उ सम्भूत्यां रता: ते ततो भूय: इव तम: (प्रविशन्ति) ।

શબ્દાર્થ : **ये** = જેઓ **असम्भूतिम्** = અસંભૂતિને (અવિદ્યાને) **उपासते** = ઉપાસે છે (તે અસંભૂતિની) આરાધના કરે છે. (તે) **अन्धम्** = (તેઓ) અંધલોકમાં અથવા तम: = અંધકારથી ભરેલા લોકમાં **प्रविशन्ति** = જાય છે, પ્રવેશ કરે છે, ધકેલાય છે, **य:** - જેઓ **उ** = નિરર્થક અધ્યાય **सम्भूत्यां** = સંભૂતિમાં, વિદ્યામાં, વિદ્યાભાસમાં **रता:** = રચ્યાપચ્યા રહેનારા, (લૌકિકજગતનીફરજો પ્રત્યે બેદરકાર બનીની) રાતદિવસ વિદ્યામાં રત રહેનારા લોકો ते - તેઓ **तत:** = તેથી-તેનાથી વધુ **भूय:** = ફરીથી અથવા પૂર્વે દર્શાવ્યા તેવા અંધકાર કરતાંય વધુ અંધકારભર્યા **इव** = ની માફક, ની

જેમ **तम:** = (વધુ ગાઢ) તમો લોકમાં **प्रविशन्ति** = પ્રવેશે છે અથવા ધકેલાય છે.

અનુવાદ : જેઓ અસંભૂતિની ઉપાસના કરે છે અથવા તેની આરાધના કરે છે, તેઓ ઘોર (ગાઢ) અંધકારથી ભરેલા લોકમાં પ્રવેશે છે. (પરંતુ) જેઓ સંભૂતિમાં રાચે છે, તેમાં જ લય કે લીન રહે છે તેઓ જાણે કે તેથી ય વધુ અધિક અંધકારમાં (અંધકાર ભર્યા લોકમાં) પ્રવેશે છે, જાય છે, ધકેલાય છે.

સમજૂતી : પ્રસ્તુત મંત્રમાં અગાઉ કહી છે તે વાત દોહરાવે છે તેમજ સંભૂતિ વડે કરીને પણ વધુ ઘેરા અંધકારમાં પ્રવેશવાનું જ જો હોય તો સંસારની ફરજો બજાવીને એટલે કે અસંભૂતિની ઉપાસના કરીને, લૌકિક વિષયોનું જ્ઞાન મેળવીને કેમ સત્કીર્તિ હાંસલ ન કરવી? એટલે કે સંસારમાં નિષ્કામભાવે કર્મો કરતાં કરતાં શતાયુ બનવાની વાત અવાંતરે (= બીજી રીતે) જાણે કે દર્શાવાઈ – સૂચવાઈ છે.

મંત્ર : ૧૩ **अन्यदेवाहु: सम्भवात् अन्यदाहुरसम्भवात् ।**
**इति शुश्रुम धीराणां ये नस्तद्विचचक्षिरे ।।**

અન્વય : **(तत्) "सम्भवाद् अन्यद् एव आहु: ।" (तद्) "असम्भवाद् अन्यद् आहु: ।" इति ये न: तद् विचचक्षिरे (तेषाम्) धीराणाम् शुश्रुम् ।**

શબ્દાર્થ : (**तद) सम्भवाद** = તે સંભૂતિથી **अन्यद्** = જુદું एव = જ आहु: - કહેલ છે, કહ્યું છે. (**तद**) (તે) **असंभवाद्** - અસંભવ અર્થાત્ અસંભૂતિથી (પણ) अन्यद् = જુદું आहु: = કહ્યું છે **इति** = એ પ્રમાણે ये - જેઓએ **न**: = અમોને (**अस्माकं** = ની જેમ પર્યાયરૂપે न: = નો પ્રયોગ થાય છે.) **तद** = તેનો (બ્રહ્મનો) **विचचक्षिरे** = ઉપદેશ આપ્યો છે. (**तेषाम्**) **धीराणाम्** = તે ધીરપુરુષો પાસેથી અમે **शुश्रुम** = સાંભળ્યું છે.

અનુવાદ : તે આત્મતત્ત્વને સંભૂતિથી જુદું જ કહ્યું છે, તેને અસંભૂતિથી (પણ) જુદું કહ્યું છે. જેમણે અમને તેનો ઉપદેશ આપ્યો તે ધીરપુરુષો પાસેથી અમે એમ સાંભળેલું છે.

સમજૂતી : રહસ્યવિદ્યા તે આત્માને પામવાની વિદ્યા છે. તેથી ધીરજવાળા અર્થાત્ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ધીરજવાળા લોકો એ જે સંબોધન કરેલું છે તે મુજબ અસંભવ (=અસંભૂતિ) અને સંભવ (=સંભૂતિ) એમ બંને કરતાં જે જુદું આત્મતત્ત્વ છે, તેને પ્રાપ્ત કરવાનું છે, એવો ઈશારો છે.

વિશેષ : આ મંત્રની ચર્ચા-વિચારણા દ્વારા ઉપનિષદકાર પ્રજ્ઞાવાન પ્રાત:સ્મરણીય અને આત્મચેતનાનો સાક્ષાત્કાર કરેલ મહાપુરુષોનું સ્નેહપૂર્વક સ્મરણ કરે છે. આવા મહાપુરુષોના અનુભવસિદ્ધ અભિપ્રાયને પ્રમાણભૂત માનવાની પરંપરાનું ઉપનિષદમાં અન્યત્ર પણ દર્શન થાય છે. એક જાણી તો શ્લોક **श्रुतिर्विभिन्ना स्मृतिऽषिभिन्ना....** માં છેલ્લે કહેવાયું કે **महाजनो** येन गत: स **पन्थ:** । પ્રસ્તુત સંદર્ભમાં યાદ આવી જાય છે.

મંત્ર : 14 **सम्भूतिं च विनाशं च यस्तद्वदोभयं सह ।**
**विनाशेन मृत्युं तीर्त्वा सम्भूत्याऽमृतमश्नुते ॥**

અન્વય : **यः सम्भूतिं च विनाशं च उभयं सह तद्वेद (स) विनाशेन मृत्युं तीर्त्वा सम्भूत्या अमृतम् अश्नुते ।**

શબ્દાર્થ : **यः** = જે લોકો (અથવા જેઓ), **सम्भूतिं** = સંભૂતિને, **च** = અને, **विनाशं** = (અસંભૂતિ અર્થાત્) વિનાશ, **च** = અને, **उभयं** = બંનેની સાથે (અર્થાત્-સંભૂતિ અને અસંભૂતિને બંનેને), **सह** = સાથે, **तद्** = તે, (તેને), **वेद** = જાણે, જાણે છે, સમજે છે. (**सः**) **विनाशेन** = વિનાશ વડે કરીને, **मृत्यु** = મૃત્યુને, **तीर्त्वा** = તરી જઈને, **सम्भूत्या** = સંભૂતિ વડે કરીને અથવા સંભૂતિથી, **अमृतम्** = અમૃતને (અથવા આત્માની અમરતાને) અથવા તો આત્મામૃતને (જગતમાં આત્માની સમાનકોઈ દિવ્યપદાર્થ નથી, તેથી અમૃત સમાન આત્મા છે એવું લૌકિક દૃષ્ટિએ ઋષિ સામાન્ય જનને (અથવા જનસામાન્યને) કે મુમુક્ષોને સમજાવે છે, **अश्नुते** – મેળવે છે, પ્રાપ્ત કરે છે. **अश्नन्** નો અર્થ “ખાય” છે, તેવો કરીએ તો અમૃતને આરોગે (=ખાય) છે.

અનુવાદ : જે મનુષ્ય સંભૂતિ અને અસંભૂતિ (અથવા વિનાશ) બંનેની સાથે તેને (આત્મ તત્ત્વને) જાણે છે, તે અસંભૂતી વડે મૃત્યુને (અર્થાત્-મૃત્યુરૂપી સંસારને) તરી જઈને સંભૂતિથી (આત્મવિદ્યા – મેટાફિઝીક્સથી) અમૃત પામે છે (અર્થાત્- આત્મતત્ત્વને પ્રાપ્ત કરે છે, કે જે અમૃતસમાન છે.)

સમજૂતી : અહીં પણ જાણે કે પુનરાવર્તન કરતાં ઋષિ જણાવે છે કે સંભૂતિ અને વિનાશને એમ બંનેને જાણી લીધા પછી વિનાશ વડે કરીને મૃત્યુને તરી જઈને (= મૃત્યુને જીતી લઈને) સંભૂતિ (= દૈવી વિદ્યા) વડે કરીને અમૃતને પામે છે, અમૃતને મેળવે છે, અમૃતને પ્રાપ્ત કરે છે. આમ આખરે મોક્ષ પણ અમૃત જ છે. તેથી કદાચ સંસારનાં બંધનોથી મુક્ત થઈને મોક્ષરૂપી અમૃત મેળવે છે એવો ભાવાર્થ છે.

મંત્ર : ૧૫ **हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम्**
**तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥**

અન્વય : **सत्यस्य मुखम् हिरण्मयेन पात्रेण अपिहितम् । पूषन्, तत् त्वं सत्यधर्माय दृष्टये अपावृणु ॥**

શબ્દાર્થ : **हिरण्मयेन** = સુવર્ણથી મંડિત (સુવર્ણમય), **पात्रेण** = પાત્ર વડે કરીને, **सत्यस्य** = સત્યનું, **मुखम्** = મુખ = મોઢું, **अपिहितम्** = ઢંકાયેલું, આવૃત્ત છે, **पूषन्** = હે પૂષાદેવ અથવા હે પૂષન્ (અથવા સૂર્ય કે અગ્નિ), **तत्** = તું, **त्वम्** = તું, **सत्यधर्माय** = સત્યરૂપી ધર્મને માટે (અથવા

સત્યરૂપી ધર્મને અર્થે), **दृष्टये** = જોવા માટે કે દેખાડવા માટે અથવા (સત્યધર્મનાં) દર્શનને માટે, **अपावृणु** – દૂર કર, તું ખસેડી લે.

અનુવાદ : સુવર્ણમય પાત્રથી સત્યનું મુખ ઢંકાયેલું (અથવા આવૃત્ત) છે. હે પૂષન્! સત્યધર્મવાળા મને દૃષ્ટિ પ્રાપ્ત થાય તે અર્થે તેને તું ખસેડી લે. (તેને તું દૂર કર) અથવા હે પૂષન્ સત્યધર્મનું દર્શન મને થાય એ માટે તું સોનાનું આવરણ હટાવી દે.

સમજૂતી : અહીં જાણે કે રૂપકાત્મક શૈલીમાં નિરૂપણ છે. સત્યનું મુખ (=મોઢું) હિરણ્ય અર્થાત્ સોનાના આવરણથી આચ્છાદિત (=ઢંકાયેલ) છે એટલે જ માયારૂપી સોનાનું આવરણ આવી ગયેલું હોઈ સત્યધર્મરૂપ બ્રહ્મનું દર્શન થતું નથી. માટે જ, હે વૈદિકદેવ પૂષન્! તું એ આવરણ હટાવી દે, જેથી સત્યરૂપી ધર્મનું દર્શન અમોને થઈ શકે, એવી પ્રાર્થના કરે છે. ઘણીવાર મનુષ્યના પ્રયાસો ઓછા પડતા હોય છે તેવા સંજોગોમાં દૈવી મદદ મળે એ માટે પ્રાર્થના કરવામાં આવે છે. તેવી પ્રાર્થનાનું અત્રે પ્રતિબિંબ છે.

વિશેષ : (**पूषन्** - સૂર્ય, પ્રકાશનો દેવ. આ ઋગ્વેદકાલીન દેવ સૂર્ય પોષણ કરે છે. ભૂલાં પડેલાં પશુઓને તે પાછાં લાવી આપે છે. ઋગ્વેદનાં આઠ સૂક્તોમાં તેની સ્તુતિ કરવામાં આવી છે. પશુધનના રક્ષક છૂપા ખોવાયેલા પદાર્થોને પ્રકાશિત કરનાર દેવ તરીકે તેની ખ્યાતિ છે. નિરુક્તકાર પૂષનની વ્યુત્પત્તિ આરીતે આપે છે. **अथ यद् रश्मिपोषा पुष्यति तत् पूषा भवति** l) તે બધું જુએ છે. મૃતાત્માઓને તે પિતૃયાન દ્વારા લઈ જાય છે. છૂપાયેલા-ખોવાયેલા પદાર્થોને તે શોધી કાઢે છે.

મંત્ર : ૧૬ **पूषन्नेकर्षे यम सूर्य प्राजापत्य**

**व्यूह रश्मीन् समूह ।**

**तेजो यत्ते रूपं कल्याणतमं तत्ते पश्यामि**

**योऽसावसौ पुरुषः सोऽहमस्मि ll**

અન્વય : **पूषन्!, एकर्षे!, यम!, सूर्य!, प्राजापत्य!, रश्मीन् व्यूह, (रश्मीन्) समूह l यत्ते कल्याणतमं तेजः रूपम् तत् ते पश्यामि l यः असौ असौ पुरुष सः अहमस्मि l**

શબ્દાર્થ : **पूषन्!** = હે પૂષન્, **एकर्षे** = એક માત્ર ઋષિ, **यम सूर्य** = હે યમરાજ, હે સૂર્ય, **प्रजापत्य** = હે પ્રજાપતિ, **व्यूहरश्मीन् समूह** = વ્યૂહરૂપી તારાં કિરણોમાં, **समूहते** = સમેટી લે, यत् ते = જે તારું, **तेजः** = તેજ, **तत्** = તે તે, **कल्याणतमं** = તે કલ્યાણકારી, रूपं = રુપને, **पश्यामि** = જોઉં છું, यः = જે, **असौ असौ** = જે પેલો પરાત્પર (પુરુષ:), **पुरुष** = પુરુષ (અથવા આત્મતત્ત્વ) છે, **सः अहम् अस्मि** = તે હું જ છું (વ્યંજનાથી એવો અર્થ લેવાનો છે કે જે પેલો પુરુષ છે અર્થાત્ આત્મતત્ત્વ છે તે જ હું છું અર્થાત્ હું આત્મતત્ત્વ છું. (ટૂંકમાં પ્રત્યેક શરીરમાં પરમાત્માનો અંશ આત્મા છે અને જ્યાં સુધી એ આત્માતત્ત્વ મનુષ્યમાં છે

ત્યાં સુધી જ તે જીવે છે તેમજ મૃત્યૂપરાંત પરમાત્માના તત્ત્વમાં આત્માનું તત્ત્વ ભળી જાય છે, એ જ મોક્ષ છે.)

અનુવાદ: હે પૂષન્ !હે એકમાત્ર ઋષિ !હે જગન્નિયંતા (યમરાજ)! હે સૂર્યદેવ! હે પ્રજાપતિદેવ !વ્યૂહરૂપી તારાં કિરણો સમેટી લે (એકત્રિત કરી લે), જેથી તારું જે તેજ છે, જે તારું કલ્યાણતમ કે કલ્યાણકારી રૂપ છે, તે હું જોઉં. જે પેલો પરાત્પર પુરુષ છે, તે હું છું.

સમજૂતી : અહીં ફરીથી 'પૂષન્' નામે પોષણ કરનાર વૈદિક દેવનું નામ લેવામાં આવ્યું છે, તેમજ સાધકને ઈશ્વર કે બ્રહ્મના જે દર્શન થાય છે (= **पश्यन्ति**) 'તે પરમ પુરુષ જ હું છું', એવું **जीवो ब्रह्मैव नापर:** અર્થાત્ જીવ જ શિવ (= બ્રહ્મ) છે તે સિવાય કશું નથી એટલે કે જીવ અને શિવની એકતા છે, એવું જ્ઞાન થાય છે.

વિશેષ :- **एकऋषि** – ઋષિ એટલે દૃષ્ટા, કાન્તદર્શી, ઈન્દ્રિયોથી અગોચરનું દર્શન કરનાર આવો દૃષ્ટા તે અદ્વિતીય છે, માટે તેને એકઋષિ કહ્યો છે. (**एकमेव अद्वितीयम्**) આદિ શંકરાચાર્ય **एकऋषि** નો અર્થ એકલો જનાર, એકાકી વિહાર કરનાર કરે છે. સંસ્કૃતમાં 'ઋ' ધાતુ જવું અર્થમાં પ્રચલિત છે, રૂઢ છે. તે પરથી ઋષિ એટલે જનાર એવો અર્થ ઘટાવી શકાય.

મંત્ર : 17 **वायुरनिलममृतमथेदं भस्मान्तं शरीरम् ।**
**ॐ क्रतो स्मर कृतं स्मर क्रतो स्मर कृतं स्मर ।।**

અન્વય : **वायु: अमृतम् अनिलम् (प्रतिपद्यतम्)! अथ इदं शरीरं भस्मान्तम् (भूयात्) । ॐ क्रतो स्मर कृतं स्मर । क्रतो स्मर कृतं स्मर ।**

શબ્દાર્થ : **वायु =** પ્રાણવાયુ, **अमृतम्** = અમૃત (અથવા આત્માની અમરતા), **अनिलम् =** પવન, **अथ =** હવે (અથવા તદનંતર કે વિષયાન્તરના આરંભમાં વપરાતો શબ્દ. અહીં, મૃત્યુ ઉપરાંતના જીવન વિશેના જાણે કે સંકેત રૂપે અથ શબ્દ આવે છે.), **इदं** આ **शरीरम्** = શરીર અથવા દેહ, **भस्मान्तं** = ભસ્મીભૂત બનનારું વિશેષણ છે માટે મંત્રનો એવો વિગ્રહ કરતાં **भस्मान्तं शरीरम् ॐ क्रतो स्मर** – હે જીવ! (તારી) કરણીને યાદ કર, યાદ કર. અહીં મંત્રનું એક ચરણ બે વાર આલેખ્યું છે, એમાં **स्थाणुनिरवनन् न्याय** -છે એટલે કે માણસને મનમાં ઠસાવે છે કે તારાં કરેલાં કર્મોને યાદ કર, યાદ કર. આસન્ન મૃત્યુ કે જેનું મરણ નજીક છે એવા મનુષ્ય માટે જાણે કે અહી બોધ છે. (**स्थाणुनिरवनन् न्याय** - એટલે જમીનમાં થાંભલો ખોડતી વખતે વારંવાર હલબલાવીને જમીનમાં ઉતારીએ) એ રીતે મનના દૃઢીકરણ માટે આ છે. મંત્રની વિશેષતા એ છે કે

**वायु:** અને **अनिलम्** બંને શબ્દો 'પવન'નો અર્થ આપે છે, કિન્તુ વાયુ દ્વારા પ્રાણવાયુ સૂચિત થયો છે, જ્યારે **अनिलम्** દ્વારા પંચમહાભૂતો માંહેના એક તત્ત્વ રૂપે અનિલ (વાયુ)નો ઉલ્લેખ છે. વળી, **भस्मान्तं शरीरम्** દ્વારા માનવ શરીરની નાશવંતતા (ભસ્માન્તતા) અહીં દર્શાવી છે, તો સાથોસાથ પ્રાણની અમરતા પણ સૂચવી છે. માનવશરીર તો છેવટે રાખ જ થવાનું છે. એ શરીરની આસક્તિ શાને માટે? એ વાત સમજાવવા **क्रतो स्मर कृतं स्मर**, એ ચરણને બેવડાવ્યું છે.

અનુવાદ : વાયુ અમર પ્રાણ છે અને આ દેહ છેવટે (અંતે)રાખમાં ભળવાનો છે, (તેથી) હે જીવ! તારા કર્મોને યાદ કર, તારા કર્મોનું સ્મરણ કર.

સમજૂતી : અહીં વિશેષતા એ છે કે 'વાયુ' અને 'અનિલ' એમ બંને હવા-સૂચક શબ્દો પર્યાયો (=સમાનાર્થી શબ્દો) સાથોસાથ વપરાયા છે. એકનો અર્થ સંસારનો ભૌતિક વાયુ કે શ્વાસ છે અને બીજો પ્રાણવાયુ કે જેનાથી માણસનો પ્રાણ ટકી રહે છે તે છે. બીજું જાણે કે હવે બ્રહ્મદર્શનની નજીકમાં સાધક પહોંચી જાય છે. તેથી તેને "આ શરીર ભસ્મમાં જેનો અંત આવે તેવું નાશવંત છે – તેવું જ્ઞાન થાય છે માટે જ "તું તારા કરેલા કર્મોનું સ્મરણ કર...સ્મરણ કર...." એ વાત બેવડાવી છે. દૃઢીકરણ કરવાને માટે છે.

વિશેષ વિવેચન: ॐ **क्रतो स्मर** અહીં કેટલાંક ॐ ને કર્મ તરીકે સમજીને હે જીવાત્મા તું ॐ (અર્થાત્ પરમાત્મા શિવ)નું સ્મરણ કર, એવું અર્થઘટન કરે છે. ઉપરાંત, કેટલાક લોકો **क्रतो** ને બદલે **क्रतो:** એવો પાઠ લે છે. અહીં **क्रतु** એટલે યજ્ઞકર્મ અર્થાત્ યજ્ઞકર્મને યાદ કરી લે, યાદ કરી લે એવો અર્થ થશે. (સ્મૃ ધાતુનું કર્મ ઘણીવાર **क्रतो:** અર્થાત્ ષષ્ઠી વિભક્તિમાં મૂકાય છે.) વધુમાં પ્રસ્તુત મંત્રના અંતિમ ચરણમાં **क्रतो स्मर** ને બદલે **क्लिबं स्मर** એવું પાઠાન્તર જોવા મળે છે. **क्लिब** એટલે સંકલ્પ એવો અર્થ આચાર્ય શ્રી વિનોબા ભાવે ઘટાવે છે.) આથી, સારાંશ એ છે કે "તું તારા પરમાત્માની પ્રાપ્તિના સંકલ્પનું સ્મરણ કર, સ્મરણ કર." આ મંત્રમાં મનુષ્યને પોતાની કરણીનો ખ્યાલ કરી તેને સુધારવાનો ઋષિ જાણે કે આદેશ આપે છે. સંસારમાંથી મુક્તિ મેળવવાનો આ જ સચોટ ઉપાય છે કે જીવનના અંત સુધી પરમાત્માનું-શિવનું સ્મરણ કરતો રહે.

મંત્ર : 18 **अग्ने नय सुपथा राये अस्मान्**
**विश्वानि देव वयुनानि विद्वान्** ।
**युयोध्यस्मज्जुहुराणमेनो**
**भूयिष्ठां ते नमउक्तिं विधेम** ॥

અન્વય : (हे) अग्ने, अस्मान् राये सुपथा नय । (हे) देव, (त्वं) विश्वानि वयुनानि विद्वान् अस्मत् जुहुराणम् एनः (त्वं) युयोधि । (वयम्) ते भूयिष्ठां नम उक्तिं विधेम ।

શબ્દાર્થ : **हे अग्ने** = હે અગ્નિ, **अस्मान्** = અમોને (અમને બધાંને), **सुपथा** = સુંદર માર્ગવાળા, **राये** = સંપત્તિવાળા (અર્થાત્ દૈવી સંપત્તિવાળા માર્ગે લઈ જા) **नय** લઈ જા, देव હે દેવ, **विश्वानि** = બધાં ને **वयुनानि** = કર્મોને, **विद्वान्** = જાણે છે, (**असि** છે.) **अस्मान्** અમારું **जुहुराणम्** = આડુંઅવળું, एनः = પાપકર્મ, **युयोधि** = દૂર કરજે. ते = આપને, તમને **भूयिष्ठाम्** = અનેકાનેક (અથવા વારંવાર), **नमउक्तिम्** = નમસ્કાર, પ્રણામ, વંદન **विधेम** = કરીએ છીએ.

અનુવાદ : હે અગ્નિ! અમને સન્માર્ગે દૈવીસંપત્તિ (કલ્યાણ) તરફ દોરી જા. હે દેવ! તું સહુ કર્મોને જાણે છે. અમારું આડુંઅવળું પાપ તું દૂર કરજે. અમે તને અનેકાનેક (અથવા વારંવાર) નમસ્કાર કરીએ છીએ.

સમજૂતી : હે અગ્નિ! અમોને સુપથે લઈ જા, એવું જે સાધક છેલ્લા મંત્રમાં બોલે છે. ત્યાં તેનો જાણે કે મોક્ષ થતો હોય તેવું સૂચવાય છે. અગ્નિને સંબોધન છે એ પણ પ્રતીકાત્મક છે. કારણ કે અગ્નિમાં સમર્પિત કરેલું બધુ બળી જાય છે, તેમ અહીં સાધકના સારાં અને ખરાબ કર્મો અગ્નિમાં સમર્પિત કરવાથી બળી જાય છે, પરિણામે તેને મોક્ષ મળે છે. આમ ઈશાવાસ્યમાં છેવટે મોક્ષ મળે છે એવું સૂચવાયું છે. પરંતુ તે કોને? જે નિષ્કામભાવે કર્મ કરતો રહે છે, તે આખરે મુક્તિ મેળવે છે. તેને જન્મમરણના ફેરામાં બંધાવું પડતું નથી, તે મોક્ષાર્થી-મુમુક્ષુ બની જાય છે. જાણે કે વેદાંતદર્શનની, શાંકરવેદાંતની ફિલસૂફીને અહીં અનુસરીને મોક્ષનો સંકેત સાધકને છેલ્લે આપી દેવામાં આવ્યો છે.

વિશેષ : ઈશાવાસ્યના આ અંતિમ મંત્રમાં બ્રહ્મોપાસનાની જાણે કે માર્ગદર્શિકા હોય એવી પ્રાર્થના છે. આધ્યાત્મિક સંપત્તિ, આત્મકલ્યાણરૂપ સંપત્તિની અહીં કામના છે. મોક્ષપ્રાપ્તિ એ જ માનવજીવનનું લક્ષ્ય છે. તેમાં બાધક બનનાર માત્ર સકામ કર્મો છે. એથી જ ઈશાવાસ્ય ઉપનિષદ નિષ્કામ કર્મની શિક્ષા આપવા માટે આરંભ કર્યા પછી અહીં માનસિક કુટિલતાથી થતાં આડાંઅવળાં પાપોના નિવારણ માટે પ્રકાશના અધિષ્ઠાતા અગ્નિદેવની પ્રાર્થના કરે છે. આ અગ્નિ **वयुन्** છે એટલે કે તે બધાં કર્મોનાં જાણકાર પણ છે. વારંવાર તે પરમાત્મસ્વરૂપને નમસ્કાર કરતાં જ જીવનને ઊર્ધ્વગતિ પ્રાપ્ત થઈ શકે છે.

સત્તરમા મંત્રમાં થયેલી **क्रतो स्मर कृतं स्मर** ની દ્વિરુક્તિ અથવા પુનરાવૃત્તિ જોતાં આ ઉપનિષદ ત્યાં જ સમાપ્ત થઈ જાય છે એમ ઘણાં કહે છે. અઢારમો મંત્ર ઋગ્વેદમાંથી લીધેલો છે અને તેમાં આત્મકલ્યાણની પ્રાર્થના દ્વારા, પૂર્ણસમર્પણભાવ દ્વારા જ ઈશ્વરના સર્વવ્યાપક સ્વરૂપનો

અનુભવ વધુ પ્રબળતાથી થઈ શકે, તે જોતાં આ ઈશોપનિષદનો વિવેચનમાં અંગભૂત ગણી શકાય તેવો મંત્ર હોઈ પ્રસ્તુત ઉપનિષદનો જ અંશ ગણવો ઘટે છે.

## 3.3 તમારી પ્રગતિ ચકાસો :

1. વિદ્યા થકી માણસ શું મેળવે છે?

______________________________
______________________________
______________________________

2. ઋષિએ કોની પાસેથી આત્માના તત્ત્વ વિશે સાંભળેલું છે?

______________________________
______________________________
______________________________

3. સત્યનું મુખ શેના થકી ઢંકાયેલું છે?

______________________________
______________________________
______________________________

4. ઈશાવાસ્ય શરીરની નાશવંતતાને કઇ રીતે વ્યક્ત કરે છે?

______________________________
______________________________
______________________________

5. કરેલા કાર્યોનું તું સ્મરણ કર, સ્મરણ કર... ને સંસ્કૃતમાં દર્શાવો.

______________________________
______________________________
______________________________

**નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**

(1) વિદ્યા વડે ....................... ને મેળવે છે.
(2) અવિદ્યા વડે .................... તરી જઈને વિદ્યા થકી અમૃત મેળવે છે.
(3) ધીરજવાન લોકો પાસેથી ............................. વિશે સાંભળેલું.
(4) સુવર્ણનું આવરણ હટતાં ......................... નું દર્શન થાય છે.
(5) ...................બાબતે ઈશાવાસ્ય એવું વર્ણવે છે કે તેના વિના બીજો કોઈ માર્ગ નથી?

| એકમ 4 | ‘ઈશાવાસ્ય’ વિશેના સમીક્ષાત્મક પ્રશ્નો |
|---|---|

## રૂપરેખા

**4.0 ઉદ્દેશ**
**4.1 પ્રસ્તાવના**
**4.2 ઈશાવાસ્ય વિશેના સમીક્ષાત્મક પ્રશ્નો**
**4.4 તમારી પ્રગતિ ચકાસો**

## 4.0 ઉદ્દેશ :

વિદ્યાર્થીઓ

- વૈદિક શબ્દોને સમજશે .
- ક્યાંક ઉપનિષદની અવળવાણી છે – તે સ્પષ્ટ રીતે સમજશે .
- ઈશાવાસ્યનો મધ્યવર્તી વિચાર “નિષ્કામ કર્મોપાસના” છે તે અનુભવશે.
- વૈદિક દેવોમાં સૂર્ય, પૂષન્ (પૂખાદેવ), માતરિશ્વા વગેરે દેવોથી પરિચિત થશે .

## 4.1 પ્રસ્તાવના :

વેદાંતદર્શનના મોટા મોટા અઘરા અઘરા ગ્રંથોમાં જે વાત પારિભાષિક શબ્દોમાં કહેવાઈ છે, તેને ઈશાવાસ્યોપનિષદનો ઋષિ બની શકે તેવી સરળ રીતે મંત્રોમાં દર્શાવે છે. છતાં જ્યારે નિરાકાર બ્રહ્મ (કે આત્મા)ની વાત હોય ત્યારે કેટલાંક અઘરા શબ્દોનો છંદોમય વિનિયોગ (=ઉપયોગ) સ્વાભાવિક છે. તેમ છતાં જો છાત્રો આ અઘરા શબ્દોનો વિવિધ આચાર્યો દ્વારા કે વિદ્વાનો દ્વારા કરવામાં આવેલ અર્થ સમજે તો ઈશાવાસ્યનું જ્ઞાન જરૂર પામી શકે. આથી જ, ઈશાવાસ્યના દૃષ્ટા ઋષિ નિરાકાર બ્રહ્મને પ્રાપ્ત કરતાં પહેલાં જીવનમૂલ્યો રૂપે બીજાના ધનની વાસના (=કામના) ત્યાગવાનું, સત્યધર્મના દર્શનનું અને અંતિમસત્ય એટલે કે મોક્ષાર્થી બનવાનું સૂચન કરે છે. સમગ્ર રીતે ઈશાવાસ્યના સંભવિત પ્રશ્નોનું જવાબ સમેતનું નિદર્શન અત્રે મળી રહેશે.

## 4.2 સમીક્ષાત્મક પ્રશ્નો :

**(1) ઈશાવાસ્ય ઉપનિષદ દ્વારા પ્રબોધિત (દર્શાવાયેલી) બે વિદ્યાઓ પરા અને અપરાવિદ્યા – વિશે સમીક્ષાત્મક નોંધ લખો.**

એક ઉપનિષદમાં નોંધાયું છે કે **‘द्वे विद्ये वैदितव्ये परा च अपरा च ।** અર્થાત્ માણસે બે વિદ્યાઓનું જ્ઞાન મેળવવું ઘટે, પરા અને અપરા વિદ્યા. તેમાં ‘પરાવિદ્યા’ એટલે કે જે

પારલૌકિક છે, જે બ્રહ્મ છે, તેને જાણવાની વિદ્યા જ્યારે અપરાવિદ્યા છે સંસારના લૌકિક કે ભૌતિક વિષયોનું જ્ઞાન કરાવનારી વિદ્યા; તેમાં કેમેસ્ટ્રી, સાયન્સ, બાયોલોજી, વિવિધ ભાષાઓ અને વ્યાકરણશાસ્ત્ર, છંદશાસ્ત્ર ઈત્યાદિ આવે છે.

ઈશાવાસ્ય કે ઈશોપનિષદ જેને આ બે વિદ્યાઓ અર્થાત્ વિદ્યા અને અવિદ્યાનું યુગ્મ કહે છે, તે જ વાત અન્ય શબ્દોમાં "પરાવિદ્યા અને અપરાવિદ્યા"ના નામે ઓળખાય છે.

ઈશોપનિષદ દર્શાવે છે કે – અવિદ્યાનો આશ્રય લેનારા લોકો અંધકારથી ભરેલા તમસ્ લોકમાં (મૃત્યુ પછી) પ્રવેશે છે, આમ અવિદ્યા તે જ અજ્ઞાન એવું સમજી શકાય છે. કારણ કે જ્ઞાન એટલે વિદ્યા આથવા વિદ્યા થકી જ સારું જ્ઞાન પ્રાપ્ત થાય છે અથવા સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આપણને અજ્ઞાન જ અંધકારમાં કે અંધકારથી ભરેલા લોકમાં લઈ જાય છે, પરંતુ વિદ્યાવાન લોકો તો તેથી વધુ અંધકાર ભરેલા લોકમાં પ્રવેશે છે એવું જે મંત્રદૃષ્ટા ઋષિએ વર્ણવ્યું છે. તેના અનુસંધાનમાં શાંકરભાષ્ય જોઈએ તો સમજાય છે કે શંકરાચાર્ય અહી "અવિદ્યા" શબ્દ દ્વારા 'કર્મ' નો અર્થ ઘટાવે છે. અથવા અવિદ્યા એટલે કર્મ કેવળ કર્મ જ કર્યા કરનારા લોકો અંધકારથી ભરેલ લોકમાં જાય છે અને જેઓ કર્મો છોડીને કેવળ વિદ્યામાં કે જ્ઞાનમાં કે જ્ઞાનોપાસનામાં રચ્યા-પચ્યા રહે છે, તેઓ તો કર્મો ન કરતા હોવાને લીધે, અથવા ક્રીયાહીન કે કર્મશૂન્યતાવાળું જીવન જીવનારાઓ તો અન્ય કરતાં પણ વધુ ઘેરા અંધકારભર્યા લોકમાં પ્રવેશ કરે છે. માટે જ પછીના મંત્રમાં ઈશોપનિષદના કર્તા સ્પષ્ટ કરે છે કે વિદ્યાનું ફળ જુદું છે અને કર્મનું ફળ પણ જુદું છે. કર્મો કરતા રહેવાથી સ્વર્ગાદિ કે નરક વગેરે મળે છે. જ્યારે વિદ્યા વડે કરીને તો અમૃતત્ત્વ અર્થાત્ મોક્ષ મળે છે. તેથી જ તેના પછીના મંત્રમાં – **विद्यां चाविद्यां च....** મંત્ર દ્વારા મંત્રદૃષ્ટા ઋષિ સ્પષ્ટ કરે છે કે - **अविद्यया मृत्युं तीर्त्वा विद्यया अमृतं अश्नुते ।** આથી, એક અભિપ્રાય ઈશોપનિષદના દૃષ્ટા ઋષિ પાસેથી એવો મળે છે કે વિદ્યા અને અવિદ્યા બંનેની આવશ્યકતા સંસારમાં છે કેવળ આ લોકમાં કર્મો કરવાથી કે કેવળ જ્ઞાનભાવ ધારણ કરીને માત્ર જીવવાથી કે દેહેન્દ્રિયોની જરૂરિયાતોની અવગણના કરીને જીવન નથી જીવી શકાતું.

આમ, વેદવિહિત (વેદોમાં જણાવ્યા અનુસારના) કર્મો કરતા રહેવાથી મનુષ્યને કર્મનું બંધન લાગતું નથી. વધુમાં નિષ્કામ ભાવે કર્મ કરતા રહેવાથી તેનું બંધન નથી થતું. પરિણામે, તેને ભવબંધનમાંથી મુક્તિ મળે છે. વેદમાં નિષિદ્ધ્ કર્મોની યાદી છે,એટલે કે એ કર્મો ન કરવાની સલાહ છે. ચોરી કરવી, દારૂ પીવો, જુગાર રમવો અને પરસ્ત્રીગમન વગેરે ખોટાં કર્મો છે, સત્કર્મો નથી. આમ, કર્મસંન્યાસ પણ નિષ્કામભાવે કર્મો કરતા રહેવાનો સંકેત (ઈશારો) આપે છે. બીજા શબ્દોમાં જોઈએ તો 'નિષ્કામભાવે' કર્મો કરતાં રહેવાથી "કર્મ-સંન્યાસયોગ" થયો ગણાય છે.

### (2) ઈશાવાસ્ય સંદર્ભે "સંભૂતિ અને અસંભૂતિ" વિશે સમીક્ષા કરો.

જે વાત ઈશાવાસ્ય ઉપનિષદ વિદ્યા અને અવિદ્યા એવા શબ્દો દ્વારા રજૂ કરે છે, એવા મતલબની જ (લગભગ એવી જ) વાત સંભૂતિ અને અસંભૂતિ શબ્દદ્વય (બે શબ્દો) કે શબ્દયુગલ દ્વારા કહે છે. હવે ઈશોપનિષદના મંત્રોના સહારે જોઈએ તો એકથી વધુ અર્થછાયાઓને દર્શાવતા શબ્દો સંભૂતિ અને અસંભૂતિ છે એવું જણાય છે. તેથી કેટલાકના મતે 'સંભૂતિ' એટલે કે પ્રકૃતિ અને 'અસંભૂતિ' એટલે અવ્યક્ત-પ્રકૃતિ. વળી, શંકરાચાર્યના મતે

સંભૂતિ એટલે હિરણ્યગર્ભ. બીજા લેખકોના મતે તો સંભૂતિ એટલે પરબ્રહ્મ અને અસંભૂતિ એટલે પરિણામી અથવા જગત્ વગેરે. પ્રોફે. જી.ટી. પંડ્યા 'સંભૂતિ' નો અર્થ 'વિકાસ' કરે છે. તો, અસંભૂતિનો અર્થ નિયંત્રણ (નિરોધ) કરે છે.

આ 'સંભૂતિ' નો અર્થ "ઈશ્વરનું કર્તૃત્વ" એવો કર્યો છે. તેમજ 'અસંભૂતિ' નો અર્થ ઈશ્વરનો સંહારધર્મ એવો તારવ્યો છે. તો મહર્ષિ અરવિંદ ઘોષ "પ્રકૃતિની આંતરિક અવસ્થા" ને સંભૂતિ કહે છે તેમજ "પ્રકૃતિની બાહ્ય અવસ્થા" ને અસંભૂતિ કહે છે. તો, પંડિત સાતવળેકરજી 'સંભૂતિ' ને 'સંઘભાવના' ગણાવે છે અને 'અસંભૂતિ' ને 'વ્યક્તિગતભાવના' તો વળી જેમના અર્થઘટનને ખાસ જોવું ઘટે એવા ગાંધીવાદી ચિંતક શ્રી વિનોબા ભાવે પ્રકૃતિને 'ગુણવિકાસ' કહે છે અને અસંભૂતિને 'દોષ' અથવા 'દોષ્નિગક" એવો અર્થ આપે છે આમ 'સંભૂતિ અને 'અસંભૂતિ' શબ્દો કંઈક અંશે ન સમજાય તેવા કોયડા કે પ્રહેલિકા છે.

**(3) ઈશાવાસ્ય પ્રણીત (= જણાવેલ) નિષ્કામ કર્મયોગનું સમીક્ષાત્મક મૂલ્યાંકન કરો.**

આ દુનિયામાં જે કંઈ છે તે ઈશ અર્થાત્ પરમાત્માથી ભરેલ છે, તેને ત્યાગીને ભોગવો. ઈશાવાસ્યનો પ્રથમ મંત્ર જ મનુષ્યને ફલેચ્છા રહિત કર્મો કરતા રહેવાની અને એ રીતે શતાયુ બનવાની પ્રેરણા આપે છે. ઉપરાંત, મંત્રમાં છેલ્લે બીજાના ધનની લાલસા (કે વાસના) ન રાખવાનું કહીને પણ મંત્રદૃષ્ટા ફલેચ્છા રહિત કર્મો કરતા રહેવાનો જાણે કે અવાંતરે (બીજા શબ્દોમાં) બોધ આપે છે. જુઓ –

ईशावास्यमिदं सर्वं यत् किञ्च जगत्यां जगत् ।
तेन त्यक्तेन भूञ्जीथा: मा गृध: कस्यस्विद् धनम् ॥

સમગ્ર ઈશાવાસ્યની ભાષા વૈદિક સંસ્કૃતનું પ્રતિનિધિત્વ કરનારી કાવ્યાત્મક ભાષા છે. ઉપરાંત, **आत्महन्** અર્થાત્ આત્માનું હનન કે નાશ શક્ય નથી. આત્મા અજર, અમર, અવિનાશી છે, પરંતુ મંત્રમાં શબ્દનો લાક્ષણિક પ્રયોગ થયો છે. આત્મહન્ એટલે બુદ્ધિનાશ. અહીં આત્મજ્ઞાનથી વિમુખ કેવળ ભૌતિક પ્રવૃત્તિઓમાં રાચનાર અજ્ઞાની પુરુષને આત્મઘાતી મનુષ્ય કહ્યો છે. તેમજ અંધકારથી ભરેલા તામસલોકમાં તે જાય છે એમ ઉપનિષદ દર્શાવે છે.

આમ આત્માને જાણવાની કે ઓળખવાની વાત ઉપર ઈશાવાસ્ય ભાર મૂકે છે. આત્મતત્ત્વને જાણ્યા વગર કે જાણીને જે માણસ મનુષ્યરૂપે જન્મ લીધો હોવા છતાં આત્મહન બનવા ઈચ્છા છે તે મૃત્યુ પછી પણ શાંતિ મેળવી શકતો નથી.

ઉપરાંત, આ ઉપનિષદના બીજા મંત્રનું છેલ્લું ચરણ **न कर्म लिप्यते नरे ।** અર્થાત્ "કર્મ (કે કર્મબંધન) માણસને લેપતું (બાંધતું) નથી." આ અર્થ પામ્યા પછી તુરંત સમજાય છે કે માણસને કર્મફળની ઈચ્છા હોય છે અથવા કર્મનું ફળ ભોગવવાની ઈચ્છા (અથવા વાસના કે લાલસા) હોય છે. અહીં બીજા શબ્દોમાં ઋષિ કે કવિએ માણસને કર્મફળની ઈચ્છા રાખ્યા વિના કર્મ કરતા રહેવાનો બોધ આપ્યો છે. કારણ કે કર્મનો સ્વભાવ જ ફળ આપવાનો છે. તેમજ નિષ્કામ કર્મ કરતાં કરતાં સો વર્ષ સુધી જીવવાની ઈચ્છા મનુષ્યએ રાખવી અને છેવટે નિષ્કામભાવે કર્મ કરતાં કરતાં જીવનને અંતે મોક્ષ મેળવી શકાય છે એ અંગેની આખીય બ્લ્યૂ પ્રિન્ટ (જીવન અંગેની) ઈશોપનિષદના દૃષ્ટા ઋષિ આપે છે. તેથી જ છેવટના મંત્રોમાં **अनिल....... वायु** દ્વારા આ શરીર ભસ્માન્ત રૂપે શેષ રહેનારું હોવાની વાત નોંધાઈ છે. આમ ટૂંકમાં જણાવીએ તો ઈશાવાસ્ય સમગ્રજીવનનો નકશો આપી છેવટે મોક્ષ મેળવવાની વાત સંક્ષિપ્તમાં દર્શાવે છે. તેથી જ કહેવાયું છે કે "બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ" બ્રહ્મને જાણનારો આખરે બ્રહ્મમય બની જાય છે.

**(4) 'ઈશાવાસ્ય' ઉપનિષદની ભાષાશૈલી વિશે સમીક્ષાત્મક નોંધ લખો.**

આ ઉપનિષદની ભાષાશૈલી અર્થાત્ અભિવ્યક્તિ બ્રહ્મના વર્ણનની છે. તેથી ફિલસૂફી પ્રધાન છે. છતાં વૈદિક સંસ્કૃત જેટલી કે જેવી ક્લિષ્ટ (અઘરી) નથી. શબ્દાંતરે નોંધીએ તો વૈદિકસંસ્કૃત અને લૌકિક સંસ્કૃતના સમન્વય જેવી જણાય છે. તેથી વાંચતાં વેંત કેટલાક શબ્દોના અર્થ સ્ફૂરે છે, સમજાય છે. જાણે કે ઉચ્ચકક્ષાનું ગુજરાતી વાંચતાં હોઈએ એવું લાગે છે. મંત્રદૃષ્ટા ઋષિ અહીં પ્રારંભે શાંતિપાઠ "ઓમ્ પૂર્ણમદ:" શબ્દો દ્વારા દર્શાવે છે. તે મંત્રમાં જ બીજી પંક્તિ છે –

**पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते** ।

આનો અર્થ – "પૂર્ણમાંથી પૂર્ણ કાઢવામાં આવે (લેવામાં આવે) તો પૂર્ણ જ શેષ રહે છે ( બાકી રહે છે) આ વાત તત્ત્વજ્ઞાનાત્મક છે. માટે વિનોબાજી સમજાવે છે તેમ શૂન્યમાંથી શૂન્ય કાઢવામાં આવે કે મૂકવામાં આવે તો શૂન્ય જ બાકી રહે છે. એ રીતે ગણિતની પદ્ધતિથી જો મંત્રની બીજી પંક્તિને સમજીશું તો સમજાઈ જશે. આમ પહેલો મંત્ર પણ બહુ અઘરો નથી. મંત્ર છઠ્ઠાના પ્રારંભની પંક્તિ પણ જુઓ –

**यस्तु सर्वाणि भूतानि आत्मनि एव अनुपश्यति** અર્થાત્ જે માણસ દરેકમાં પોતાની જાતને જુવે છે. આમ, સર્વત્ર આત્માનુભૂતિ કરનારો માણસ એટલા માટે જ **जुगुप्सा** કે **द्वेष** નથી કરતો. કારણ કે પ્રત્યેકમાં પોતાને જ જુએ છે. તેથી સમદર્શન કેળવેલો પુરુષ કોઈપણનો દ્વેષ ન કરતો હોઈ, કોઈની નિંદા પણ કરતો નથી. ઉપરાંત, મંત્ર નવના પ્રારંભને જુઓ –

**अन्धं तमः प्रविशन्ति ये अविद्याम् उपासते** અર્થાત્ "જેઓ અવિદ્યાની ઉપાસના કરે છે, (અવિદ્યાને આરાધે છે) તેઓ અંધકારથી ભરેલા તમસ્ લોકમાં જાય છે (અથવા તમસ્થી ભરેલા અંધકારવાળા લોકમાં પ્રવેશે છે.)

ઉપરાંત, અન્ય ઉપનિષદોની અપેક્ષાએ ઈશાવાસ્યની ભાષા દુરુહ નથી, સરળ છે. છાંદોગ્ય અને બૃહદારણ્યકની ભાષા પ્રમાણમાં અઘરી છે. અહીં એવું નથી તેનું વધુ એક ઉદાહરણ નોંધું તો – પંદરમા મંત્રના પૂર્વાર્ધનો અર્થ – "સુવર્ણમય પાત્રથી સત્યનું મુખ ઢંકાયેલું છે." (**हिरण्मयेन पात्रेण सत्यस्य अपिहितं मुखम्**) થાય છે. ઉપરાંત, હે પૂષન્! તેને – ઢંકાયેલા પાત્રને તું ખોલી નાખ, જેથી મને સત્ય અને ધર્મનું દર્શન થાય.

ક્યાંક સાચી વાત બેવડાવીને પણ ઈશોપનિષદના દૃષ્ટા ઋષિ દૃઢીકરણ માટે કરે છે. તેને લીધે સમગ્ર મંત્રનો અર્થ સ્પષ્ટ થઈ જાય છે જેમ કે **वायुरनिल........कृतं स्मर ।** મંત્ર – ૧૭ દ્વારા અહીં પંચમહાભૂતોથી ભરેલું શરીર ભસ્મશેષ થવાનું છે માટે તું તારા કરેલા કર્મોનું સ્મરણ કર, સ્મરણ કર, એવું બે વાર નોંધ્યું છે. અવાંતરે મનુષ્ય જીવનની ક્ષણભંગુરતા કે નિરર્થકતા છે એવું સમજાય છે. આમ, એકંદરે ઈશાવાસ્યની ભાષા સરળ છે. ક્યાંક ક્યાંક પ્રતીકાત્મક છે.

ઈશોપનિષદના દૃષ્ટા ઋષિ બીજા મંત્રમાં જે કહે છે તે કર્મોપદેશ છે. અથવા નિષ્કામભાવે કર્મ કરતા રહેવાનો અને એ રીતે શતાયુ (સો વર્ષ) બનવાની કામના કરતા

રહેવાનો એક માત્ર કર્મમાર્ગ જ છે. **एवं त्वयि न अन्यथा इत: अस्ति न कर्म लिप्यते नरे** અર્થાત્ એ જ કર્મમાર્ગનો રસ્તો તારે માટે છે બીજો કોઈ રસ્તો નથી, વધુમાં ઈશોપનિષદના દૃષ્ટા ઋષિ કહે છે કે **न कर्म लिप्यते नरे** અર્થાત્ કર્મ માણસને લેપતું નથી એમાં નિષ્કામભાવે કર્મ કરતા રહેવાનો ઇંગિત (ઈશારો) છે, સંકેત છે. વધુમાં માણસ સકામભાવે કર્મ કરતો હોઈ, અથવા આસક્ત ભાવે કર્મ કરતો હોવાથી કર્મ તેના બંધનનું કારણ બને છે, કિન્તુ નિષ્કામભાવે કર્મ કરતો હોય તો આખરે તેનો મોક્ષ થાય અથવા મોક્ષ મળવાની સંભાવના રહે છે.

ઘણીવાર આ ઉપનિષદ અવળવાણીનો આશ્રય લે છે. **तदेजति**....... શબ્દોથી શરૂ થતો ઈશનો પાંચમો મંત્ર બ્રહ્મને વિશેનું અચલ અને ચલ (ચલાયમાન) બંને વ્યાખ્યાઓ લાગુ પડે છે એવી વાત-વ્યાખ્યા અહીં મળે છે. આ ઉપનિષદની બ્રહ્મની આવા પ્રકારની અવળવાણી છે. તે જ રીતે અગિયારમાં મંત્રમાં બીજી લીટીમાં આવતી આ વાત પણ પ્રથમ દૃષ્ટિએ સમજાય તેવી નથી. જુઓ – **अविद्यया मृत्युं तीर्त्वा विद्यया अमृतं अश्नुते** I અર્થાત્ અવિદ્યા વડે કરીને મૃત્યુરૂપ સંસારને (અથવા મૃત્યુમય સંસારને) તરી જઈને વિદ્યા દ્વારા અમૃતને (અથવા વિદ્યારૂપી અમૃતથકી મોક્ષને) મેળવે છે, પ્રાપ્ત કરે છે.

કેટલીક બાબતો પ્રતીકાત્મક રીતે આ ઉપનિષદમાં નિરૂપાઈ છે તે વાત પણ શૈલીની દૃષ્ટિએ નોંધપાત્ર છે. જેમકે આઠમા મંત્રમાં આવતો શબ્દ – **कविर्मनीषि** - અર્થાત્ "મનની મોટી ઇચ્છાવાળો કવિ" એવો સીધો અર્થ ઉપરાંત અનેકાર્થ આ શબ્દ થકી થઈ શકે છે. કવિશ્રી ઉમાશંકર જોશીએ પણ આ શબ્દની ચર્ચા કરી છે. **हिरण्मयेन पात्रेण**.......... મંત્રમાં પણ સોનાના પાત્રથી સત્યનું મુખ ઢંકાઈ ગયું છે – એ વાત પણ પ્રતીકાત્મક છે. તેથી તેના એકાધિક અર્થો વિવિધ આચાર્યોએ કરેલ છે, એવું જ સંભૂતિ-અસંભૂતિ, વિદ્યા-અવિદ્યા વગેરે શબ્દોમાં વિભિન્ન આચાર્યોમાં મતભિન્નતા છે. તેમ છતાં પૂર્ણમદ: મંત્ર પણ સંકેતાત્મક કે પ્રતીકાત્મક છે. તે મંત્રમાં બ્રહ્મની આંતર-બાહ્ય જગતની એકરૂપતા દર્શાવી છે. ઉપરાંત **ॐ क्रतो स्मर कृतं स्मर**........... દર્શાવેલ મંત્રમાં પણ પ્રતીકોપાસના જાણે કે દર્શાવાઈ છે. આમ સરવાળે જોતાં ઈશોપનિષદની ભાષાશૈલી ગીતાની જેમ સરળ છે.

### (5) ઈશાવાસ્ય ઉપનિષદમાં બ્રહ્મના નિરાકારરૂપનું વર્ણન કેવું છે? – સમીક્ષાત્મક રીતે દર્શાવો.

ઈશાવાસ્યના નીચે દર્શાવેલા ચોથા મંત્રમાં બ્રહ્મનું જે વર્ણન છે તેને જોઈએ –

**अनेजदेकं मनसो जवीयो नैनदेवा आप्नुवन् पूर्वार्षत्** I
**तद् धावतोऽन्यात् अत्येति तिष्ठत् तस्मिन्नपो मातरिश्वा दधाति** II

અર્થાત્ આત્મતત્ત્વ એક અને અદ્વિતીય છે તે બિલકુલ હાલતું – ચાલતું નથી (નિશ્ચિત છે.) તેમ છતાં મનથી વધુ અધિક વેગવાન છે. ઇન્દ્રિયોથી એ પકડાતું નથી. પરંતુ તેણે ઇન્દ્રિયોને ક્યારનીય પકડી છે તે સ્વયં ઊભું રહીને પણ દોડવીરોની પાછળ (જાણે કે) દોડે છે અને તેને પાછળ રાખી દે છે. પ્રકૃતિમાતાની ગોદમાં (ખોળામાં) રહેનારા પ્રાણ (અથવા પંચપ્રાણ) આત્મતત્ત્વની સત્તા (અસ્તિત્વ) ને કારણે જ હાલતું – ચાલતું છે (હાલે – ચાલે છે.)

तदेजति तन्नेजति तद दूरे तद्वन्तिके ।

तदन्तरस्य सर्वस्य तद सर्वस्यास्य बाह्यत: ।।

અર્થ – તે (આત્મતત્ત્વ અથવા બ્રહ્મ) હાલતું ચાલતું છે અને નિશ્ચલ (અચલાયયમાન કે અચલ) પણ છે. તે (બ્રહ્મ) દૂર પણ છે અને સમીપ (નજીક) પણ છે. તે (આત્માનું તત્ત્વ) સહુની અંદર છે અને બહાર પણ છે. (ટૂંકમાં સર્વત્ર બ્રહ્મનું તત્ત્વ વિલસે છે.)

ઉપરોક્ત બંને મંત્રોના અર્થનો અભ્યાસ કરીએ તો, ઈશાવાસ્યના પહેલા મંત્રમાં જે વાત કરી છે એટલે કે જગત આખુંય ઈશતત્ત્વ (બ્રહ્મતત્ત્વ) થી ભરેલું છે એ જ વાત અહીં નિરાકાર બ્રહ્મ માટેના વર્ણન દ્વારા પ્રતિબિંબિત થાય છે. ઉપરાંત, બ્રહ્મ કે ઈશ જ સર્વત્ર વિલસી રહ્યું હોઈ ત્યાગ થકી ઉપભોગની (અર્થાત્ ત્યાગની) અને બીજાના ધન કે વસ્તુઓ વિશેની લાલસા-કામના નહિ કરવાની સલાહ ઋષિ કે મંત્રદૃષ્ટા ઋષિ આપે છે. વેદમાં **तन्मे मन: शिवसंकल्पमस्तु** અર્થાત્ તે મારું મન શિવસંકલ્પ- કલ્યાણકારી બાબતોના સંકલ્પ કે નિશ્ચયવાળું બનો. એ વાત જે મંત્રમાં કરી છે અને મનની ગતિની તીવ્રતા બ્રહ્મની ગતિ કે બ્રહ્મતત્ત્વની સાર્વત્રિક ઉપસ્થિતિ (હાજરી) ની વાત વેદમાં આવે છે. તે જ વાત અહીં આવે છે. ઉપરાંત, બ્રહ્મતત્ત્વ જ એવું છે કે જે ચલિત અને અચલ બંને છે. તેમજ પંચેન્દ્રિયોથી જે પકડાતું નથી. છતાં પંચેન્દ્રિયો તેને કારણે પોતપોતાના વિષયોમાં પ્રવૃત્ત છે. આમ, નિરાકાર એવા બ્રહ્મતત્ત્વને ઓછામાં ઓછા શબ્દોમાં વ્યાખ્યાયિત કરવાનો ઈશાવાસ્યનો પ્રયાસ સુંદર છે. હંમેશા બ્રહ્મ અવ્યાખ્યાયિત છે માટે જ તેને **नेति....नेति....** કહેવામાં આવે છે. ગમે તેટલું તેનું વર્ણન કરો છતાં તેની સમગ્ર વ્યાખ્યા કરી ન શકાતી હોઈ તે અનિર્વચનીય કે અવ્યાખ્યેય છે.

આપણું – મનુષ્યનું મન જેમ ચંચળ છે તેવી જ રીતે બ્રહ્મતત્ત્વ પણ ચલ છે, છતાં અચળ કે દૃઢ પણ છે. માટે જ તેને મનની ગતિ સાથે સરખાવ્યું છે. મન કરતાં પણ વધુ તેની ગતિ દર્શાવી છે ઈશના પ્રથમ મંત્રમાં જે નિર્લોભીપણું જગત કે જગતના પદાર્થો (ધન, સત્તા, સુંદરી, ઈત્યાદિ) માં દાખવવાનું છે, તે બ્રહ્મપ્રાપ્તિ માટેના મોટા ધ્યેયની પ્રાપ્તિના સંદર્ભે જ છે. જે માણસ બ્રહ્મની પ્રાપ્તિ કરવાની દિશામાં હોય તેનામાં મૈત્રી, મુદિતા, સર્વસમાવેશ, સર્વકલ્યાણ, ઉદારતા ઈત્યાદિ ગુણો જોવા મળે છે. આમ નિરાકાર બ્રહ્મની પ્રાપ્તિ કરનારો પણ સર્વત્ર સમબુદ્ધિ દાખવનારો હોય છે, એકાંગી નથી હોતો.

### (6) ઈશાવાસ્યનું શીર્ષક સમીક્ષાત્મક રીતે સમજાવો.

પ્રસ્તુત ઉપનિષદનો આરંભ ઈશાવાસ્ય....એવા શબ્દથી થાય છે, તેથી એક અર્થ પ્રથમ આ મંત્રમાં જે દર્શાવ્યું છે એ રીતે કરી શકાય અને બીજું અર્થઘટન સમગ્ર ઉપનિષદમાં જે કંઈ તત્ત્વજ્ઞાન દર્શાવયું છે એના સંદર્ભે કરી શકાય.

પ્રથમ આપણે એવું નિદર્શન કરીએ કે પ્રથમ આખો મંત્ર શું આપે છે અથવા શું અર્થ ખોલી આપે છે:

ईशावास्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत् ।

तेन त्यक्तेन भुञ्जीथा: मा गृध: कस्यस्विद् धनम् ।।

અર્થાત્ – "ઈશથી આ સઘળું જગત છે તે ભરેલું છે (તેથી) તેને ત્યાગીને ભોગવી જાણ (અર્થાત્ – ત્યાગકર) બીજાના ધનની લાલસા-વાસના રાખીશ નહિ."

અહીં ઉમાશંકર જોશી **गृध:** શબ્દને લઈને એવું સમજાવે છે કે આ શબ્દ **गृध** દ્વારા માણસની ગીધવૃત્તિ – બીજાનું પડાવી લેવાની વૃત્તિને ઉપનિષદકાર દર્શાવે છે. સાર એવો છે કે બીજાના ધનની આશા રાખીશ નહિ. કારણ કે જે કંઇ છે, આ સમગ્ર જગતમાં તે બધું ઈશથી ભરેલું છે. તેથી ઈશનું રાજ્ય સમજીને તારે જગત સાથે વ્યવહાર કરવાનો છે, ચોર બનવાનું નથી. 'ઈશાવાસ્ય' શબ્દનો અર્થ 'ઈશનો આવાસ' એવો થાય છે અને જગતના સંદર્ભે ઈશનો આવાસ છે એવું સમજવાનું છે. હવે જો જગત પરમાત્મા (= બ્રહ્મ) નું નિવાસસ્થાન હોય તો કોઇ બીજા પાસેથી કંઇ લૂંટી શકે? પડાવી શકે? ના, ન લઇ શકે. આ અર્થમાં ઈશનું નિવાસસ્થાન જગતને સમજવાનું છે.

હવે સમગ્ર ઉપનિષદને કેન્દ્રમાં રાખીને સમજીએ તો, જીવ-જગત અને બ્રહ્મની એકરૂપતા અહીં ઈશોપનિષદના દૃષ્ટા ઋષિને સૂચવવી છે. તેથી ગાંધીજી કહે છે તેમ પ્રથમ મંત્રમાં જ બધી બાબતો સૂચવાઇ ગઇ છે. "આપણું બધું તત્ત્વજ્ઞાન નાશ પામે અને માત્ર આ એક જ પહેલો મંત્ર જ બચી જાય તો પણ આપણે કશું ગુમાવ્યું નથી." સાર રૂપે એટલું જ કહેવાનું પ્રાપ્ત થાય છે કે આ મંત્ર એટલો અર્થસભર અને ઉત્કૃષ્ટ છે. ઉપરના વાક્યમાં અવતરણ ચિહ્નો થકી જે વાક્ય નોંધેલ છે તે મહત્મા ગાંધીનો ઈશાવાસ્ય અંગેનો વિચાર છે.

જે માણસ બધામાં પોતાનો આત્મા જુએ છે, આત્મૌપમ્યથી જીવે છે અને બધાને પોતાનામાં જુવે છે તે શોક કરતો નથી, મોહ કરતો નથી. ઉપરાંત, સંભૂતિ-અસંભૂતિ, વિદ્યા-અવિદ્યા તેમજ સંભૂતિ-વિનાશ વગેરે જોડકાં (જોડકા શબ્દો) દ્વારા કવિ ઉપનિષદકારનો હેતું સ્પષ્ટ કરે છે. આ સઘળું જગત્ ઈશથી ભરેલું છે એવો તાત્ત્વિક બોધ અહી તત્ત્વજ્ઞાનની અઘરી પરિભાષામાં અપાયો છે તેમજ છેલ્લા મંત્રોમાં **क्रतो स्मर...... कृतं स्मर.......** એ વાત દૃઢ કરાવવા માટે બે વાર નોંધી છે. જાણે કે ઈશાવાસ્ય આખાય જીવનનો નકશો દોરી આપે છે અને છેલ્લે પોતપોતાનાં કર્મોનું સ્મરણ કરાવે છે અને તેના દ્વારા આખરે મનુષ્યએ મોક્ષ મેળવવા મથવાનું છે, મોક્ષ માટેની પણ વાસના હૈયામાં રહેવી જોઈએ નહીં.

જો 'ઈશાવાસ્ય' પ્રબોધિત આંતરબાહ્યની એકરૂપતાનું જ્ઞાન મનુષ્યને થઇ જાય તો કોઈના તરફ઼ ઘૃણા (જુગુપ્સા) ન રહે કે પુત્રાદિ વિશેનો મોહ પણ ઘટતો જાય. તેમજ તેનાં પરિણામે મોહ કે શોક રહે નહિ.

આમ 'ઈશાવાસ્ય' ઉપનિષદ હંમેશા જીવ-બ્રહ્મની એક્તા અને સમગ્ર બ્રહ્માંડનું પરિચાલક બળ (બ્રહ્મ) અથવા ઈશ છે એવું સાકાર અને નિરાકારના સંદર્ભે દર્શાવે છે, જે શીર્ષકને પણ સાર્થક કરતું હોઇ યથાર્થ છે.

## (7) યજુર્વેદ અને ઈશાવાસ્યનો પારસ્પરિક (=પરસ્પરને લગતો) સંબંધ સમીક્ષાત્મક રીતે વર્ણવો.

યજુર્વેદનું માહાત્મ્ય ઘણું છે, મહત્ત્વ ઘણું છે. નિરુક્તકાર યાસ્કના મતાનુસાર 'યજુસ' શબ્દ यज् ધાતુથી ઉત્પન્ન થયેલ છે. યજ્ઞના સ્વરૂપનું જેનાથી નિર્માણ થાય છે તે યજુર્વેદ છે, એવી પણ વ્યાખ્યા છે. વેદો વૈદિક સાહિત્યના સર્વાધિક પ્રાચીન ગ્રંથો છે. તેમાં પણ યજુર્વેદને વિશે વિચારણા કરતાં તેના બે ભાગ કે વિભાગ જોવા મળે છે: (૧) શુક્લ યજુર્વેદ અને (૨) કૃષ્ણ યજુર્વેદ. આપણો વિશેષ સંબંધ શુક્લ યજુર્વેદની સંગાથે છે. તેની એક

શાખાનું નામ કાણ્વ છે અને બીજીનું નામ માધ્યાંદિની છે. જેને માધ્યંદિનશાખા રૂપે પણ ઓળખવવામાં આવે છે. કૃષ્ણ યજુર્વેદની ત્રણ શાખાઓ તૈત્તિરીય, મૈત્રયણી અને કઠ. શુક્લ યજુર્વેદની બે શાખાઓ કાણ્વ અને વાજસનેય.

કાણ્વ શાખા – બોધાયનના પુત્ર મહર્ષિ કણ્વ દ્વારા જે વેદશાખાનો પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો તેને 'કાણ્વ' રૂપે ઓળખવામાં આવી. યાજ્ઞવલ્કયના પ્રથમ પુત્રનું નામ કણ્વ હતું. આ કાણ્વ શાખાના ચાલીસ અધ્યાય, 328 અનુવાક્ તથા 2086 મંત્ર છે. માધ્યંદિન શાખાની સરખામણીમાં આ શાખામાં એકસો ને અગિયાર (111) મંત્રો વધુ છે. તેમાં 104 અધ્યાય છે. પ્રસ્તુત શાખાના ચાલીસમાં અધ્યાયને જ ઈશાવાસ્ય ઉપનિષદ કહેવામાં – ઓળખવામાં આવે છે, જેનો જ્ઞાન કાંડ અંતર્ગત સમાવેશ કરવામાં આવે છે. કારણ કે તેની પૂર્વેના 39 અધ્યાય કર્મકાંડના વિષયવસ્તુને વર્ણવે છે.

માધ્યન્દિન શાખા : મધ્યન્દિન મહર્ષિ દ્વારા જે શાખાનો પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો તેથી જ તે માધ્યન્દિની શાખા રૂપે પ્રસિદ્દિ પામી હતી. આ શાખામાં કેટલાક વર્ણો (=અક્ષરો) ના ઉચ્ચારણની વિલક્ષણતા છે, જુદાઈ કે વિશિષ્ટતા અથવા ખાસિયત છે. તેમજ હાથના હાવભાવ દ્વારા સ્વરોચ્ચારણ કે વેદગાન પદ્ધતિની પણ અભિવ્યક્તિ કરવી એ આની વિશેષતા છે. ઉચ્ચારણ સંબંધી માત્રામાં કે તેના સમયાવધિમાં, વિલમ્બિત આવૃત્તિની લંબાઈમાં ધીમી ઉચ્ચારણ પદ્ધતિ હોવાને કારણે પ્રસ્તુત શાખા-માધ્યન્દિન શાખાના પાઠને દીર્ઘપાઠ કહેવામાં આવે છે. (**माध्यन्दिनीय वेदस्य दीर्घपाठ शब्दविचार: I)** પ્રસ્તુત વેદસંહિતા (વેદગ્રંથેની આવૃત્તિમાં) ચાલીસ અધ્યાય ૩૦૩ અનુવાક્ તથા ૧૯૭૫ મંત્ર છે. કણ્વસંહિતાની અપેક્ષાએ (= એની સરખામણી કરતાં) ૧૧૧ મંત્રો ઓછા છે. માધ્યદિની શાખાનો બ્રાહ્મણગ્રંથ પણ શતપથ બ્રાહ્મણના નામથી પ્રસિદ્ધ બ્રાહ્મણ ગ્રંથ છે. જેના એકસો અધ્યાય છે. આ શાખાની સંહિતા અંતર્ગત ચાલીસમા અધ્યાયને ઈશાવાસ્ય ઉપનિષદ અથવા ઈશોપનિષદ કહેવાય છે.

શુક્લ યજુર્વેદ અંતર્ગત મળી આવનારા ચાલીસમા અધ્યાયને જ્ઞાનકાંડ એટલા માટે કહેવામાં આવે છે, કારણ કે એ ઈશાવાસ્ય છે તેમજ તે પૂર્વેના ૩૯ અધ્યાયોમાં કર્મકાંડનો જ મહિમા વેદમાં મળી આવે છે. પ્રસ્તુત અધ્યાયનો મુખ્યવિષય બ્રહ્મવિદ્યા અથવા આત્મજ્ઞાન છે. આથી તેને આત્મસૂક્ત, બ્રહ્મ-અધ્યાય, બ્રહ્મસૂક્ત ઈત્યાદિ સંજ્ઞાઓ કે નામોથી ઓળખવામાં આવે છે. કાણ્વસંહિતા અને માધ્યંદિન સંહિતા (અથવા માધ્યન્દિન વાજસનેયી સંહિતા) માં ઉપલબ્ધ થતા ઈશાવાસ્યના મંત્રોમાં મહત્ત્વનો પાઠભેદ એટલો જ છે કે કાણ્વસંહિતામાં અઢાર મંત્રો છે જ્યારે માધ્યન્દિન વાજસનેયી સંહિતામાં સત્તર મંત્રો છે. કારણ કે કાણ્વસંહિતાના પંદરમા અને સોળમા મંત્રો માધ્યન્દિન સંહિતામાં મળતા નથી. આથી, શબ્દાંતરે ઈશાવાસ્યને "વાજસનેયી સંહિતોપનિષદ" પણ કહેવાય છે.

અન્ય બાબત એ પણ સમજી લેવાની છે કે ઈશાવાસ્ય સિવાયના ઉપનિષદો બ્રાહ્મણગ્રંથ કે આરણ્યકગ્રંથ સાથે જોડાયેલા મળે છે, કિન્તુ ઈશાવાસ્ય સંહિતા શુક્લયજુર્વેદની સાથે જ જોડાયેલ હોઈ સહુ કોઈ તેનો સ્વીકાર વેદના એક ભાગ રૂપે કરે છે. ઉપરાંત, માત્ર ઈશાવાસ્ય જ એવું ઉપનિષદ છે કે જ્યાં વિદ્યા અને અવિદ્યાને એકબીજાથી ભિન્ન દર્શાવાયાં હોવા છતાં તેમને પરસ્પર વિપરીત માનવામાં આવ્યાં નથી.

ઈશાવાસ્યના દૃષ્ટા ઋષિ અથવા ક્રાન્તદૃષ્ટા કવિ છે, તેમણે અત્યંત સંક્ષેપમાં આ ઉપનિષદ ઈશના તત્ત્વ અને જગતના તત્ત્વ એમ બંનેની સંગાથે કેવો સંબંધ ધરાવે છે તે

વર્ણવ્યું છે. તેમજ તે બંનેના માણસ સાથેના સંબંધને દર્શાવે છે. ઉપરાંત, એક કાવ્યકૃતિ રૂપે પણ આ સળંગસૂત્ર (અઢાર મંત્રોમાં) રચના છે, તે અવિસ્મરણીય જણાય છે.

વધુમાં ઈશાવાસ્યની વાણી શ્રીમદ્‌ભગવદ્‌ગીતા જેવી સરળ છે, લંબાણમાં જતી નથી. પરંતુ રહસ્યમય સંક્ષિપ્તતા-લાઘવયુક્ત અભિવ્યક્તિ બુલંદતા ગીતા કરતાં વધુ પ્રતીતિકર છે, ચોટદાર અભિવ્યક્તિ છે. આમાંના અઢાર મંત્રોને વિવિધ વિભાગોમાં વહેંચીને (અથવા વિભાજિત કરીને) પોતાના અર્થઘટનો તારવવાના પ્રયત્નો પણ થયા છે. શ્રી ઉમાશંકર જોશીનો આવો પ્રયત્ન જોવા-વાંચવા જેવો છે. જે વધુ ઈષ્ટ અર્થઘટન છે. આમ ઈશાવાસ્ય સાથે યજુર્વેદ સંલગ્ન (=જોડાયેલ) હોઈ બંનેનો વિચાર કરવો ઘટે. યજુર્વેદ સાથે ઈશાવાસ્ય અનુસંધાન (=જોડાણ) રાખતું હોવાને લીધે તે મહાન છે, જે રીતે ગીતા મહાભારતના શાંતિપર્વનો એક ભાગ છે, તેના સાથે અનુસંધાન (=જોડાણ) રાખે છે.

**(8) આત્મઘાત અથવા આત્મહત્યા વિશે ઈશાવાસ્યના વિચારો વર્ણવો.**

ઈશાવાસ્ય એક એવું ઉપનિષદ છે કે તેના બધા મંત્રો એકબીજા સાથે અનુસંધાન ધરાવે છે. તેમજ અઢારેય મંત્રોના અર્થને જોતાં સળંગસૂત્ર-એકત્રિત છાપ પાડે છે અથવા પોતાના અર્થઘટનને ન્યાયી ગણાવવા માટે સળંગ રીતે સમગ્ર ઉપનિષદના બધા મંત્રોને ધ્યાનમાં લઈને કશીક વાત કરવાની છે, કરવી ઘટે.

આ સંદર્ભમાં ઈશોપનિષદના દૃષ્ટા ઋષિએ જે કંઈ વર્ણવ્યું છે તેમાંના શરૂઆતના બે મંત્રોના પ્રકાશમાં ત્રીજો મંત્ર જોવાનો છે, એવું કવિ શ્રી ઉમાશંકર જોશી તારવે છે, સમજાવે છે. 'આત્મહન્' એટલે કે 'જાતને હણનારો' એવો ભારેખમ શબ્દ અહીં જ્ઞાનની ચર્ચા-વિચારણા કરતા ઉપનિષદમાં કઈ રીતે વચ્ચે આવી ગયો તે પણ સમજવા જેવું રસપ્રદ છે.

આ સંદર્ભમાં ઉમાશંકર જોશી નોંધે છે કે ઈશાવાસ્યના પ્રથમ અને બીજા મંત્રનો બોધ પામ્યા પછી જગતના પદાર્થોને પદાર્થો કે ચીજવસ્તુઓ તરીકે ભોગવવાના નથી. તેમજ તે તે પદાર્થો-ચીજવસ્તુઓને પોતાના કરવાનો લોભ કરવાનો નથી, પરંતુ દરેકે દરેક પદાર્થમાં ઈશ ભરેલો છે, પરમાત્માથી વ્યાપ્ત-સભર છે, તેને માણવાનો છે. તે તે પદાર્થનું સેવન અનાસક્ત ભાવે કરવાનું છે. આમ વિધેયાત્મક અર્થાત્ હકારાત્મક મનોવલણ રાખવાનું છે. એટલે નિષ્કામ કર્મો કરતાં કરતાં શતાયુ બનવાનો હકારાત્મક રસ્તો ઈશોપનિષદના દૃષ્ટા ઋષિ દર્શાવે છે. ઉપરાંત, "તારે કાજે એ જ રસ્તો છે, બીજો કોઈ રસ્તો નથી." (एवं त्वयि न अन्यथा इतः अस्ति, न कर्म लिप्यते नरे I) તેવું જણાવ્યા પછી તુરંત न कर्म लिप्यते नरे એટલે કે "કર્મ માણસને લેપતું કે આવૃત્ત કરતું નથી" એવું સ્પષ્ટ કર્યું છે. વળી, સતિસપ્તમીનો પ્રયોગ लप्यिते नरे માં છે. (બે સપ્તમી વિભક્તિના એકવચનના શબ્દો એક સાથે આવતા હોઈ, સતિસપ્તમીનો પ્રયોગ છે.) એ પણ વ્યાકરણની દૃષ્ટિએ નોંધપાત્ર બાબત છે.

હવે ક્રમશઃ સમજીએ કે ઉપનિષદની શરૂઆતના બે મંત્રોમાં નિષ્કામકર્મ કરવાની એકમાર્ગીયતાની તાકીદ કર્યા પછી ત્રીજા મંત્રના ભાવાર્થમાં પ્રવેશીએ તો જેઓ આત્મઘાતી છે તેઓ અથવા આત્મઘાતી લોકોનો જન્મ આસુરી યોનિઓમાં થાય છે અને તેમનાં જીવન અજ્ઞાનના ઘોર તિમિરમાં અટવાયેલાં રહે છે. સરવાળે એમ સમજી શકાય કે આત્મહત્યા ન કરવા અવાંતરે (=બીજી રીતે) સૂચવે છે. શબ્દાર્થમાં આત્મહન લોકો અંધકારથી ભરેલ લોકમાં જાય છે તેવું જાણે કે કહેવાયું છે.

શંકરાચાર્ય એવું સમજાવે છે કે આત્મા છે, છતાં અવિદ્યાદોષથી એટલે અવિદ્યામાં રચ્યાપચ્યા રહેવાથી, આત્મવિસ્મૃતિને લીધે આત્મદોષોને ઢાંકવાથી કે ઢાંકવાના પરિણામે જાણે ઘાત થયો હોય, નાશ થયો હોય એમ એ અદ્રશ્ય રહે છે, એટલે પોતે આત્મસ્વરૂપ છે એનું વિસ્મરણ રહે છે. પોતાના ખરા આત્મરૂપને ભૂલી જઈને જીવન જીવે છે, એને આત્મરતિકરણ કે આત્મવિસ્મરણ એ જ આત્મઘાત છે. આ ઉપનિષદના પ્રથમમંત્રમાં કહ્યા પ્રમાણે જે લોકો વર્તતા નથી. અર્થાત્ જેઓ સર્વમાં ઈશને ભર્યો ભર્યો અનુભવતા નથી અને બાહ્યજગતના ઈન્દ્રિયોના સુખોમાં કે ભોગપરાયણતામાં રમમાણ રહે છે, જગતના પદાર્થોની તૃષ્ણા કે વાસના રાખે છે. તેમજ સુવર્ણ, પૈસા, માનમોભો, સ્ત્રી વગેરેનો સંચય કરવા માટે દોડધામ મચાવે છે. કર્મના ઉધામા કરે છે. તેઓ આત્મઘાતક છે અને મૃત્યુ પછી આસુરી યોનિમાં જન્મે છે. ત્રીજા મંત્રના બધા શબ્દોના અર્થ આ જ વાતને જાણે કે અનુસરે છે અથવા મંત્રાર્થને ધ્યાનમાં લઈને આવી આત્મઘાતની સ્થૂળને બદલે સૂક્ષ્મ વ્યાખ્યા કરવામાં આવી છે. 'આત્મહત્યા' શબ્દની સ્થૂળ અર્થ, કોઈ માણસ જિંદગીથી કંટાળીને, થાકી જઈને, હારી જઈને પાણીમાં ડૂબી જઈને કે ઝેર વગેરે અખાદ્ય પદાર્થો ખાઈને જીવનનો અંત આણનાર એવો થાય છે.

આમ સંક્ષેપમાં એવું સમજવાનું છે કે નિષ્કામભાવે કર્મ કરતાં કરતાં જીવવાને બદલે જે લોકો સકામભાવે જીવે છે. પ્રત્યેક પદાર્થોમાં આસક્તિ રાખીને જીવે છે તેઓ જાણે કે આધ્યાત્મિક રીતે આત્મહત્યા કરનારા છે. આત્માને પામી ન શકનારા છે. બીજી બાજુએ કોઈપણ કારણસર આત્મહત્યા ન કરીને જીવન જીવતાં જીવતાં શતાયુ બનવા માટેની મનુષ્યની જિજીવિષા (=જીવન જીવવાની ઈચ્છા) ને પણ અનુમોદન (=સમર્થન) આપેલ છે. આત્મહત્યા ન કરવા સમજાવાયું-દર્શાવાયું છે.

**(9) ઈશાવાસ્યમાં ભક્તિનો બોધ મળે છે? ક્યાં અને કેવી રીતે? - સમીક્ષાત્મક મૂલ્યાંકન કરો.**

જે રીતે સમગ્ર ભગવદ ગીતામાં જ્ઞાન, ભક્તિ અને કર્મનો બોધ છે, એવો ત્રિવેણીસંગમ છે. એવું અર્થઘટન શાસ્ત્રજ્ઞોએ કાઢેલું છે. તે રીતે સમગ્ર ઈશાવાસ્યના ત્રણ વિભાગ પાડીએ તો પ્રથમના અમુક મંત્રોમાં નિષ્કામ કર્મનો ઉપદેશ છે અને વચ્ચેના મંત્રોમાં જ્ઞાન છે તેમજ છેલ્લા ચાર મંત્રોમાં, એટલે કે મંત્ર 15-16-17-18 માં ભક્તિભાવે સંબોધન છે, ભક્તિપૂર્વકનો સાધકનો જાણે કે પોતાના મોક્ષાર્થે સૂર્યદેવને અનુરોધ (=આગ્રહ) છે. આમ ટૂંકમાં ઈશાવાસ્યમાં કર્મ-જ્ઞાન અને ભક્તિ છે, એવું સૂત્રરૂપે જણાવ્યા પછી એનો વિસ્તાર જોઈશું.

ભક્તના હૃદયની આર્તતા-દીનતા પણ આ ચાર મંત્રોમાં જાણે કે વ્યક્ત થઈ છે એવું સૂક્ષ્મ નજરે જોતાં વરતાય છે, પરખાય છે. મૂળમંત્રો તો અભ્યાસુઓ અથવા છાત્રો ઈશાવાસ્યમાં વાંચી શકે છે, કિન્તુ ઉમાશંકર જોશીનો સમશ્લોકી અનુવાદ કે જેને સમ-માંત્રિક અનુવાદ કહેવાય, તેમાં આ ભાવાર્થ કઈ રીતે નિરૂપણ પામ્યા છે. તે જોઈશું?

સુવર્ણમય પાત્રેથી ઢંકાયું મુખ સત્યનું
જે તું, પૂષન્, ઉઘાડી દે સત્યનું કરું દર્શન (મંત્ર-15)
પૂષન્ એકર્ષિ, યમ, સૂર્ય, પ્રાજાપત્ય
બોલ, સંકેલ રશ્મિ (= કિરણ)
તારું તેજસ્વી જે કલ્યાણભર્યું તે જો રૂપ
તે હું કહું છું પુરુષ પેલો પણે જે (મંત્ર – ૧૬)

પ્રાણ અમૃત ચૈતન્યે હો હવે ભસ્મ દેહ આ!
ઓમ ક્રતો! સ્મર, કર્યું સ્મર. ક્રતો ! સ્મર, કર્યું સ્મર. (મંત્ર-૧૭)
રિધ્યર્થે તું સુપથે લૈ જા, અગ્નિ!
જાણે તું દેવ! સહુ કર્મ-માર્ગો,
હટાવી દે અમ પાપ વાકું (= વાંકાચૂકા કર્મો માટે **जुहुराणाम्** એવો ઈશાવાસ્યમાં શબ્દ છે.)
ઝાઝાં તુંને નમન હો અમારાં.

પ્રતીકાત્મક રીતે આ ચાર મંત્રોમાં **हिरण्यमय** અર્થાત્ સુવર્ણમય પાત્રનો શબ્દ પ્રયુક્ત થયો છે. જેણે ભક્તિ કરવી છે તેણે સુવર્ણનો ત્યાગ કરવાનો છે. દ્રવ્યનો મોહ છોડવાનો છે. સંસારના પદાર્થોમાં આસક્તિ ઓછી થાય તો ઈશભક્તિ વધે છે. તેથી સત્ય જે કંઇ હોય તેનું દર્શન કરવા અથવા પરમાત્મા રૂપી સત્યનું દર્શન કરવા બધા પ્રકારનાં આકર્ષણો કે આવરણો હટાવવાની આર્ત-અપીલ છે. પૂષન્ દેવને વેદમાં પોષણ આપનાર પુખાદેવ રૂપે પણ ભજવામાં-ઉલ્લેખવામાં આવેલ છે. તેનું કલ્યાણકારી રૂપ જોવા માટે અથવા તેની ભક્તિ-પૂજા કરવા માટેની જીવની પ્રાર્થના છે. તેમજ ભસ્મરૂપે જેનો અંત આવે છે, તેવા દેહ-શરીરની આસક્તિ ધોડીને પોતાના કરેલા કર્મોનું તું સ્મરણ કર, એવું આત્મસૂચન (= પોતાની જાતને કરેલ સૂચન) જોવા મળે છે. છેલ્લા મંત્રમાં પણ અગ્નિને સંબોધીને અમોને કલ્યાણ માર્ગે-સુપથ ઉપર લઇ જા એવી ભક્તિપૂર્ણ પ્રાર્થના જાણે કે ભક્ત દ્વારા કરવામાં આવી છે. અગ્નિ અને સૂર્ય બંને ચમકતા દેવો છે. ઉપરાંત, બીજો એક મત ધ્યાનમાં લઇએ તો ઉમાશંકર જોશીના મતે આ ઉપનિષદના મંત્ર 12 થી 14 માં સાચી ભક્તિસાધના બ્રહ્મદશાને પ્રાપ્ત કરવા માટે છે. તે અંગેનું પ્રતિપાદન પણ તેમણે કરેલું છે. કવિ શ્રી ઉમાશંકરનું એક નિરીક્ષણ ભક્તિના સંદર્ભે છે. તે જુઓ – "ઈશાવાસ્યમાં એક વસ્તુ ખાસ ધ્યાન ખેંચે છે. જ્ઞાનસાધના અને ભક્તિસાધના અંગે ત્રણ ત્રણ મંત્રોના બે ત્રિકોણમાં (ત્રણ મંત્રોના સમૂહમાં) 'અનેક'ને લક્ષમાં રાખીને કરેલી સાધના અંધતિમિરમાં લઈ જાય છે. અને 'એક'ને લક્ષમાં રાખીને કરેલી સાધના તો જાણે એથીય વધુ ઊંડા-અંધકારમાં લઈ જાય છે. એનો સ્પષ્ટ ખ્યાલ આપી 'એક' ઈશની અને 'અનેક' ઈદંસર્વમ્ ની સાધનાઓ સાથે સાથે જ ચાલવી જોઈએ, એવું ઠસાવ્યું છે. (ઈશા. ઉપનિષદ, અનુવાદ ઉ.જો., પ્રકાશક, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુન:મુદ્રણ-) આમ ઈશાવાસ્ય ભક્તિનો મહિમા પણ કરે છે. તે આપણે વિવિધ ઉદાહરણો દ્વારા જોયું.

## (10) જીવનકલાનું ઉપનિષદ એટલે ઈશાવાસ્ય ઉપનિષદ – સમીક્ષાત્મક નોંધ કરો.

આ દુનિયામાં અથવા આ જગતમાં આવ્યા પછી પ્રત્યેક મનુષ્ય પોતાના ઉછેર, રીતિરિવાજ, સંસ્કાર અને આસપાસનાઅ વાતાવરણમાંથી ઘણું ઘણું શીખે છે. તેમજ દુનિયાદારીના ખાટા-મીઠા અનુભવોને આધારે તેની અમુક પ્રકારની માન્યતા બંધાય છે. તેમજ તેની જીવનરીતિ પણ બંધાય છે. તેનામાં વિવેકવૃત્તિ જન્મે છે. તે સારા-નરસાનો ભેદ પારખે છે અને એ રીતે પોતાનો પ્રતિભાવ આપતો રહે છે. ઈશાવાસ્યના મંત્ર- છ અને સાતમાં ઋષિ-કવિએ જે બાબતો દર્શાવી છે તેને આધારે આપણે આ ઉપનિષદ કઇ રીતે જીવનકલાનું ઉપનિષદ છે તે જોવાનો પ્રયાસ કરીએ.

મંત્ર - यस्तु सर्वाणि भूतानि आत्मनि एव अनुपश्यति ।
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥

અર્થ : જે મનુષ્ય પોતાના આત્મામાં જ (=પોતાની જાતમાં) સૌ ભૂતો (એટલે કે સહુ પ્રાણીઓ) ને તથા સૌ ભૂતો (=પ્રાણીઓ) માં આત્માને (=જાતને) જુવે છે. (બીજા શબ્દોમાં "આત્મૌપમ્ય" ની વૃત્તિ દાખવે છે.) તે તેથી (કોઇ પ્રત્યે) ઘૃણા કે દ્વેષ કરતો નથી.

અહીં **विजुगुप्सते** ને સ્થાને **विचित्सते** એવું બીજું રૂપ પણ કોઇક સ્થાને મૂળ ગ્રંથમાં પાઠભેદ રૂપે મળે છે. જો કે 'વિચિત્સતે' અર્થાત્ તર્કવિતર્ક કરે છે, એવો પાઠભેદ સ્વીકારીએ તો પણ અર્થને કંઇ બહુ હાનિ નથી પહોંચતી.

સર્વત્ર સમદર્શન કરનારો વ્યક્તિ કોઇની ઈર્ષ્યા કે દ્વેષ ન રાખતાં સર્વ સાથે સમાન ભાવે વર્તન રાખે છે. તેવું તારવવું ઇષ્ટ બની રહેશે. મંત્ર સાતને જુઓ -

**यस्मिन् सर्वाणि भूतानि आत्मैवाभूद् विजानतः ।**

**तत्र का मोहः कः शोकः एकत्वमनु पश्यतः ॥**

અર્થ : જે (દશા) માં જ્ઞાની પુરુષને આત્મા જ બધાં ભૂતો (જગતનાં સર્વ પદાર્થરૂપે) બને છે, ત્યાં (અર્થાત્ – તે સ્થિતિમાં – એ દશામાં) નિરંતર એકત્વ નિહાળનાર-જોનારને મોહ કેવો? કે શોક કેવો?

આમ બંને મંત્રોને આધારે વિચારણા કરીએ તો સર્વત્ર સમભાવે જીવનારને શોક, મોહ, ઘૃણા રહેતાં નથી. કારણ કે આ ત્રણેય નકારાત્મક બાબતો જીવ અને શિવની એકતા ન જાણનારને પજવે છે. પરંતુ વેદાંતદર્શન મુજબ સર્વત્ર પ્રભુસત્તાનો વિલાસ જોનાર માણસ કોઇ પ્રત્યે દુશ્મનાવટ રાખતો નથી. સર્વત્ર મૈત્રી-મુદિતા-પ્રેમભાવ દાખવે છે. નરસિંહ મહેતાનું જીવન આનું દૃષ્ટાંત છે. તેઓ સર્વ સાથે સમભાવે જીવતાં જીવતાં ભક્તિ કરતા હતા. કોઇનો દ્વેશ-ઈર્ષા કરતા નહિ.

જીવન સારી રીતે જીવવા માટેની આ જાણે કે ગુરુચાવી અત્રે મળી રહે છે. સર્વની સંગાથે પ્રેમભાવથી જીવન જીવવું સહેલું નથી, પરંતુ દરેક માણસ એ રીતે જીવન જીવવાની સંભાવનાવાળો જરૂર છે. વ્યક્તિ ઇચ્છે તો પોતાના કર્મો થકી જ દેવ કે દાનવ બની શકે. જીવનકલાને ચીંધતું અથવા દર્શાવતું ઉપનિષદ એટલે ઈશાવાસ્ય. અહીં જીવનનો સર્વથાભાવે સ્વીકાર છે. સર્વની સાથે પ્રેમમય જીવન-વ્યવહાર કરનારને કોઇ ભય પણ રહેતો નથી. કારણ કે કોઇના પ્રત્યે તેને મોહ કે શોક નથી. જ્યાં મોહ કે આસક્તિ હોય ત્યાં જ હર્ષ-શોક હોય, પરંતુ જ્યાં માત્ર પ્રેમભાવ હોય ત્યાં કોઇપણ પ્રકારની રાગાત્મક કે દ્વેષાત્મક પ્રવૃત્તિ તહેતી નથી. તેથી અન્યત્ર ઉપનિષદમાં કહ્યું છે તેમ **तरति शोकं आत्मविद्** અર્થાત્ "આત્માને જાણનારો શોકને તરી જાય છે." તે શોકસાગરમાં ડૂબતો નથી – બૂડતો નથી.

જે માણસ નિષ્કામભાવે કર્મો કરતો રહે છે તે જ સર્વત્ર પ્રેમભાવનાથી જીવન જીવી શકે છે. તેમજ તેવા મનુષ્યની જ મુક્તિ છેવટે થાય છે. પોતાના જીવનમાં જે કંઇ કર્તવ્યો બજાવવાનાં છે તે બજાવતો રહે છે, પરંતુ તે પોતાના કર્તૃત્વ વિશે અભિમાન રાખતો ન હોવાને લીધે તેને ભોક્તૃત્વ (= ભોગવનારપણું) પણ રહેતું નથી. કર્મ ત્યારે જ બોજ બને જ્યારે તેમાં કર્તાભાવ કે આસક્તિભાવે કર્મ કરવામાં આવે. આમ, નિષ્કામ કર્મનો ઈશોપનિષદ પ્રબોધિત માર્ગ જ જીવન જીવવા માટેની કલાનો રાજમાર્ગ છે, મુખ્ય માર્ગ છે. તે રીતે જીવન જીવવા સિવાયનો કોઇ બીજો રસ્તો નથી.

આમ ઈશાવાસ્યના મંત્ર-૬ અને મંત્ર-7 મનુષ્યને માટે જીવન પ્રબોધક કલાના પથદર્શક બની રહે છે. ઈશાવાસ્ય અનેક રીતે મનુષ્યને ઉત્તમતાનો બોધ કરાવતું રહે છે. તેનો વધુ એક નમૂનો અહીં પ્રાપ્ત થાય છે.

## (11) ઈશાવાસ્ય અને ભગવદ્ગીતાની સમાનતા અને વિષમતાને (અર્થાત્ અસમાનતાને) દર્શાવીને સમીક્ષાત્મક નોંધ લખો.

આપણા બધા ધાર્મિક ગ્રંથો મોટે ભાગે ગીતામાંથી પ્રેરણા મેળવે છે અથવા વેદ, ઉપનિષદ, પુરાણ ઈત્યાદિનો અનુબંધ ગીતાજી સાથે હોય છે. ઈશાવાસ્યનો પ્રભાવ ગીતા ઉપર છે કેટલાક મંત્રોનું એકદમ સામ્ય ગીતાના શ્લોકો સાથે જોવા મળે છે. નિષ્કામભાવે કર્મ કરવાનો ગીતા ભલે ઉપદેશ આપે, પરંતુ ઈશાવાસ્ય નિર્ભીક રીતે નિષ્કામકર્મ સિવાયનો કોઈ રસ્તો જ નથી એવું સ્પષ્ટ કરે છે. આમ સૂક્ષ્મ રીતે જોતાં ગીતા એ ઈશાવાસ્ય પાસેથી નિષ્કામકર્મ કરતાં રહેવાનો વિચાર લીધો છે. કારણ કે ઉપનિષદ સાહિત્ય ગીતા (= મહાભારત) કરતાં પ્રાચીન છે. ઉપરાંત, ગીતા અને ઈશાવાસ્યની ભાષા સમાનરૂપે સરળ છે, જો કે ઉપનિષદની ભાષા ક્યાંક અઘરી છે.

ગીતા નામે ગ્રંથ મહાભારતના શાંતિપર્વનો ભાગ છે. તે પર્વના સાતસો શ્લોકોનો સંગ્રહ છે. છતાં કઠોપનિષદોમાંથી મંત્રો ગીતામાં આવે છે, પરંતુ ત્યાં ગીતામાં સ્મૃતિસાહિત્યના ભાગરૂપે હોઈને શ્લોક બની જાય છે. તેમજ ઈશાવાસ્યના કેટલાક મંત્રો શાબ્દિક ફેરફાર સાથે કે મૂળ ઈશોપદેશના મંત્રો શ્લોક સ્વરૂપે ગીતામાં જોવા મળે છે. અન્ય ઉપનિષદના મંત્રો પણ ગીતામાં છે. ઈશાવાસ્યમાં નિષ્કામભાવે કર્મ કરતા રહેવાની વાત આવે છે. એકાદ મંત્રમાં વાત કહેવાઈ છે. તે જ બાબતને ગીતા સમગ્ર અધ્યાયમાં રજૂ કરે છે. પછી તે જ્ઞાનની વાત હોય કે ભક્તિની. કર્મયોગ વિશેની સૂક્ષ્મ ચર્ચા કરતાં ગીતાકાર કહે છે કે એક ક્ષણ માટે પણ મનુષ્યકર્મ કર્યા વગર રહી શક્તો નથી. અરે! દરેક મનુષ્ય દૈનિક જીવનમાં જે શ્વાસ લેવાનું કર્મ કરે છે તે પણ એક કાર્ય કે કર્મ જ છે.

બીજા શબ્દોમાં કહીએ તો ઈશાવાસ્ય પ્રબોધિત (= કહેવાયેલ) દરેક વાત ગીતામાં વિચારવિસ્તાર રૂપે કહેવાઈ કે મૂકાઈ હોય એમ જણાય છે. ગીતાની બીજી વિશેષતા એ છે કે જ્ઞાન-ભક્તિ અને કર્મની યોગરૂપે જ્યારે વ્યાખ્યા થઈને જ્ઞાનયોગ બને કે ભક્તિયોગ બને, પરંતુ પરસ્પરને એ પૂરક હોય છે. મનુષ્યના મનમાં (= ભક્તિ કરનાર માણસમાં) પણ પોતે જેનું યજન-પૂજન-ભક્તિ કરતો હોય છે. તે દેવ કે દેવી પ્રત્યે ઊંડો પ્રેમ કે ઊંડી આસ્થા કે ઊંડી શ્રદ્ધા હોય છે. કહો કે તેને શ્રદ્ધા રાખવાનું જ્ઞાન હોય છે તે જ બાબત જ્ઞાનીમાં પણ પોતાના પ્રભુ કે દેવી તરફની ભક્તિભાવથી ભરેલી વૃત્તિ જ જ્ઞાન છે. **न्यायः पन्थाः विद्यते अयनाय** તે વેદમંત્રનું પ્રતિબિંબ **नान्यथा इतः अस्ति** અર્થાત્ કર્મ કર્યા સિવાય બીજો કોઈ માર્ગ જીવન જીવવાનો નથી. તેમ કર્મોપાસના પણ નિષ્કામકર્મની હોવી ઘટે. ગીતાનું પારાયણ કરતાં કે પઠન કરતાં ઈશાવાસ્યનું સ્મરણ થાય છે અને ઈશાવાસ્યનું પઠન-વાંચન કરતાં ભગવદ્ગીતાના શ્લોકો અને ભાવ યાદ આવે છે. કારણ કે બંને એકબીજાનાં પૂરક છે. ઈશાવાસ્યના એ સંક્ષિપ્ત મંત્રાર્થ ગીતામાં ભાષ્યરૂપે વિસ્તારથી રજૂ થતા હોય એવું પણ જણાય અથવા બીજા શબ્દોમાં નોંધુ તો જે વાત ઈશોપનિષદના દૃષ્ટા ઋષિ સૂત્ર રૂપે કે ટૂંકી રીતે મૂકી હોય એ જ વાત ગીતામાં વિસ્તારથી મળે છે, ભાષ્યરૂપે મળે છે.

ઈશાવાસ્યકારે દર્શાવ્યું છે કે ક્રતો સ્મર કૃતં સ્મર... અર્થાત્ તું તારા કરેલાં કર્મોનું સ્મરણ કર... સ્મરણ કર... ઈશોપનિષદના દૃષ્ટા ઋષિ મનુષ્યને મૃત્યુનું સ્મરણ કરાવીને મૃત્યુના

ભયમાંથી મુક્ત કરે છે. તો સમગ્ર ગીતામાં અનેક સ્થળે એવા શ્લોકો છે જે મનુષ્યને નિર્ભય બનાવે અથવા ભયમાંથી મુક્ત કરે અથવા મૃત્યુના ભયમાંથી મુક્ત કરે. ભગવદ્ગીતાના એક શ્લોકનો ભાવાર્થ જુઓ – "આ દેહમાં કુમાર અવસ્થા, યુવાવસ્થા અને જરાવસ્થા (= વૃધ્ધાવસ્થા) આવે છે. તેમજ તે જ રીતે દેહાન્તર એટલે કે બીજા દેહની પ્રાપ્તિ અર્થાત્ મૃત્યુ આવે છે. પરંતુ ધીરજવાન માણસ તેમાં મોહ પામતો નથી. મોહ રૂપી સિક્કાની બીજી બાજુ ભય છે. એટલે કે જે મોહ પામતો નથી, તે ભય પણ પામતો નથી કે મૃત્યુથી પણ ગભરાતો નથી.

આમ, સંક્ષેપમાં જોઇએ તો ઈશાવાસ્યના અઢાર મંત્રોમાં જે તત્ત્વજ્ઞાન ઠાંસીઠાંસીને ભર્યું છે તેનો અર્થવિસ્તાર ગીતાના અઢાર અધ્યાયોમાં વિસ્તાર રૂપે રજૂ કર્યો છે. ગીતાને પણ ઘણીવાર ઉપનિષદ કહેવાયું છે. ગીતાના પ્રત્યેક અધ્યાયના છેલ્લે આવતા "અધ્યાયસમાપ્તિ સૂચક" ગદ્યમાં તેને ઉપનિષદ કહેવાયું છે. આમ ગીતા અને ઈશાવાસ્ય પરસ્પરનાં પૂરક છે. અલબત્ત, ગીતામાં ઈશોપનિષદના તત્ત્વજ્ઞાન ઉપરાંતની પણ ઘણી તત્ત્વજ્ઞાનાત્મક બાબતો છે. જેમાંની ઘણી મૌલિક છે તેમજ કેટલીક બાબતો અન્ય ઉપનિષદોમાં દર્શાવાઇ હોય, દૃષ્ટાંતકથા રૂપે હોય તેવી વાત જ ઉપનિષદમાંથી ગીતામાં તાત્ત્વિક રીતે (=ફિલસૂફીની રીતે) કે તત્ત્વજ્ઞાન ભરી ભાષામાં દર્શાવાઇ હોય.

લોકમાન્ય તિલકને ગીતામાં કર્મયોગ દેખાયો હોય અને તેમણે પોતાના 'કર્મરહસ્ય' ગ્રંથમાં તેનું પ્રતિપાદન (=સમર્થ) કરેલું હોય તો મહર્ષિ અરવિંદને બીજા વિચારોની મહત્તા (= મહાનતા) ગીતામાં દેખાઇ હોય તો તેઓ પોતાની રીતે ગીતાનું અર્થઘટન કરે છે. પરંતુ સત્યમાર્ગના ઉપાસકો તરીકે મહર્ષિ અરવિંદ અને લોકમાન્ય તિલકના ગીતાના અર્થઘટનમાં દેખાતી મતભિન્નતા પણ આખરે તો મનુષ્યને નીતિમય જીવન જીવવાનો બોધ આપતો હોઈ આખરે મોક્ષમાર્ગનો યાત્રિક બનાવે છે. સંક્ષિપ્તમાં જોતાં જે મતભિન્નતા ગીતામાં દેખાય છે તેને મહત્ત્વ ન આપવું, પરંતુ સાધક રૂપે મને શું ઉપયોગી કે સમજાય તેવું ગીતામાં છે તે સમજીને મારે મારું જીવન ઉન્નત બનાવવું છે તે વાત સમજવી ઘટે. આમ ટૂંકમાં ઈશાવાસ્ય અને ગીતાનો અનુબંધ (=સંબંધ) ઘણો સૂક્ષ્મ અને છતાં દ્રઢ છે.

## 4.3 તમારી પ્રગતિ ચકાસો :

1. આ જગત .................... થી ભરેલું છે.
   (અ) શૂન્ય (બ) ઈશ (ક) દ્વેશ (ડ) ભય
2. કોઈના ........................... વાસના (=ઇચ્છા) રાખીશ નહિ.
   (અ) વસ્તુની (બ) ભવની (ક) ધનની (ડ) મનની
3. અંધકારથી ભરેલા લોકમાં ......................... લોકો જાય છે.
   (અ) આત્મહત્યા કરનાર (બ) પ્રેમ કરનાર (ક) નીતિમય જીવનાર (ડ) કશું નહિ
4. વિદ્યાથી મનુષ્ય ..................... મેળવે છે.
   (અ) ભય (બ) શાંતિ (ક) અમૃત (ડ) હાનિ
5. આ શરીર આખરે ................. થવાનું છે. માટે મોહ રાખીશ નહિ.
   (અ) રત્ન (બ) પવિત્ર (ક) શાંત (ડ) ભસ્મ

**પૂરક વાંચન :**

(1) ઈશાવાસ્ય ઉપનિષદ – ઉમાશંકર જોશી
પ્રાપ્તિ સ્થાન : ગુર્જર પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ-૧

(2) ईशावास्य उपनिषद् , कुसुमान्जली हिन्दी टीका एवं शांकरभास्य समेत, डॉ. जगदीश, करोड़ीमल कोलेज, दिल्ली ,प्राप्ति स्थान : परिमल पब्लिकेशन, शक्तिनगर, दिल्ली

BAOU
Education for all

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## વૈદિક સાહિત્ય અને ઉપનિષદ
**SKTMJ-204**

વિભાગ- 4 કેનોપનિષદ


| | |
|---|---|
| એકમ : 1<br>કેનોપનિષદ ખંડ 1 (આત્મચર્ચા) | 1 - 11 |
| એકમ : 2<br>કેનોપનિષદ ખંડ 2 (બ્રહ્મચર્ચા) | 12 - 16 |
| એકમ : 3<br>કેનોપનિષદ ખંડ 3 (યક્ષોપાખ્યાન) | 17- 27 |
| એકમ : 4<br>કેનોપનિષદ ખંડ 4 (બ્રહ્મવિદ્યાચર્ચા) | 28 - 38 |

| એકમ : 1 | કેનોપનિષદ ખંડ-1 (આત્મચર્ચા) |
|---|---|

:: રૂપરેખા ::

**1.0 ઉદ્દેશ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 'ઉપનિષદ'- શબ્દનો અર્થ**

**1.3 કેનોપનિષદનું શીર્ષક**

**1.4 'કેન' શબ્દનું મહત્ત્વ**

**1.5 કેનોપનિષદનો સાર**

**1.6 કેનોપનિષદનો આધાર**

**1.7 ખંડ 1– આત્મચર્ચા**

**1.8 તમારી પ્રગતિ ચકાસો**

## 1.0 ઉદ્દેશ :

- આ એકમના અભ્યાસ દ્વારા તમને કેનોપનિષદનું સ્વરૂપ જાણવા મળશે .
- એક પ્રશ્નાર્થક શબ્દથી શરૂ થનાર ઉપનિષદનો મૂળ પ્રશ્ન અહીં જોવા મળશે.
- બ્રહ્મ સામે ઇન્દ્રિયો કેટલી પામર છે તે વિદ્યાર્થીઓ જાણી શકશે.
- બ્રહ્મ અને અબ્રહ્મ વચ્ચેનો તફાવત વિદ્યાર્થીઓ સમજી શકશે.

## 1.1 પ્રસ્તાવના :

કેનોપનિષદનો પહેલો ખંડ વ્યક્તિને હલાવવા ચલાવવાવાળી પ્રેરક શક્તિ તરફ અંગુલિનિર્દેશ કરે છે. એક સહજ પ્રશ્ન મૂકી ને પ્રથમ ખંડની શરૂઆત થાય છે. વિદ્યાર્થીની જિજ્ઞાસા તે તત્ત્વને જાણવાની છે જેનાથી પ્રેરાઈને આ શરીર કાર્યરત થાય છે એટલે જ કે જ્ઞાનેન્દ્રિયો (श्रोत्र, त्वक्, चक्षु, जिह्वा, घ्राण), કર્મેન્દ્રિયો (वाक्, पाणि, पाद, पायु, उपस्थ) અને મન કોની પ્રેરણાથી ચાલે છે. ખંડ 1 ના આઠ મંત્રોમાં આ જ તાત્ત્વિક ચર્ચા આપણને જોવા

મળે છે. તદુપરાંત કોને બ્રહ્મ કહેવાય અને કોને નહીં એનું સ્પષ્ટીકરણ પણ આ ખંડમાં જોવા મળે છે.

## 1.2 'ઉપનિષદ' - શબ્દનો અર્થ :

**'उप'** અને **'नि'** આ બે ઉપસર્ગો **'सद्'** ધાતુને લાગે ત્યારે ઉપનિષદ શબ્દ બને છે. તેનો અર્થ છે કે ગુરુ પાસે (उप) નિષ્ઠાપૂર્વક (**नि**) બેસીને (**सद्**) ગ્રહણ કરવામાં આવેલું જ્ઞાન. આ જ્ઞાનથી વિદ્યાર્થી/શિષ્યના અજ્ઞાનના પાશ ઢીલા થાય છે કે તૂટી પડે છે. વેદોના અંતિમ ચરણમાં આવતા હોવાને કારણે ઉપનિષદ ગ્રંથોને વેદાંતના ગ્રંથો એમ કહેવામા આવે છે. આ ગ્રંથોમાં વેદોનું સારગર્ભિત જ્ઞાન જોવા મળે છે.

આ વિભાગનું નામ કેનોપનિષદ એવું આપવામાં આવ્યું છે. પ્રસ્તુત વિભાગમાં કેનોપનિષદના 4 (ચાર) ખંડોને ૪ (ચાર) યુનિટમાં વહેચવામાં આવ્યા છે. દરેક ખંડોમાં આવતા મંત્રોનો અર્થ સમજાવવા માટે તેનું ભાષાંતર, નોંધ વગેરે સમાવિષ્ટ છે.

## 1.3 કેનોપનિષદનું શીર્ષક :

કેનોપનિષદ સામવેદના તવલ્કાર બ્રાહ્મણ અથવા જૈમિનીય બ્રાહ્મણના નવમાં અધ્યાયમાં છે માટે જ તેને તવલ્કાર ઉપનિષદ એમ કહેવાતું હતું. પણ આ ઉપનિષદનો પ્રારંભ 'કેન' શબ્દથી થતો હોવાને કારણે તેનું નામ 'કેનોપનિષદ' તરીકે પ્રસિદ્ધ્ થયું.

## 1.4 'કેન' શબ્દનું મહત્ત્વ :

કેન શબ્દનો અર્થ છે કોના દ્વારા. જગતની ઉત્પત્તિ હોય કે પછી આ સંસાર વિશેની ચર્ચા હોય, દરેકના મનમાં તેના શાસક માટે, પ્રેરક માટે પ્રશ્ન ઉદ્ભવે છે: **'केन'** એટલે કે 'કોના દ્વારા'. આ સંસાર કોણ ચલાવે છે? આનો પ્રેરક કોણ છે? આ શરીરના અધિષ્ઠાતા કોણ છે? કોની પ્રેરણાથી આ શરીર ચાલે છે? આવા પ્રશ્નો મનમાં આવ્યા કરે છે પણ તેનો જવાબ દરેક પાસે નથી હોતો. ઉપરના પ્રશ્નોમાં 'કેમ, કોના માટે, કોના દ્વારા આદિ પ્રશ્નોનો ભાવ **'केन'** શબ્દમાં અંતર્હિત થઈ જાય છે. આ ઉપનિષદના પ્રારંભમાં જ પ્રશ્ન કર્યો છે કે કોની પ્રેરણાથી મન વાંછિત વિષય પ્રતિ દોડે છે? આ ઉપનિષદના વિષયનો વ્યક્તિના મન સાથે ઘનિષ્ઠ સબંધ છે.

## 1.5 કેનોપનિષદનો સાર :

કેનોપનિષદમાં 4 ખંડ છે. મુખ્યત: પહેલા બે ખંડમાં આધ્યાત્મિક ઉપદેશ જોવા મળે છે. જ્યારે છેલ્લા બે ખંડમાં આધિદૈવિક ઉપદેશ જોવા મળે છે.

❖ **આધ્યાત્મિક ઉપદેશ :**

**પ્રથમ ખંડ** : મન, પ્રાણ, વાણી, આંખ, કાન - આ ઈન્દ્રિયો કોની પ્રેરણાથી કાર્ય કરે છે? આ બધાની પ્રેરક એક આત્મશક્તિ છે જે મન અને ઈન્દ્રિયોથી પર છે જે ઈન્દ્રિયોનું પોષણ કરે છે.

**દ્વિતીય ખંડ** : આ આત્મશક્તિનું સંપૂર્ણ જ્ઞાન થવું અત્યંત મુશ્કેલ છે. જે તેને જાણવાનો ઘમંડ કરે છે તે તેને બિલકુલ નથી જાણતો. પણ જે સમજે છે કે તેને બિલકુલ જ્ઞાન નથી થયું, તે જ થોડું થોડું જાણે છે. આ જ આત્માથી તેને બળ પ્રાપ્ત થાય છે અને તેને જાણવાથી અમરત્વ પ્રાપ્ત થાય છે.

❖ **આધિદૈવિક ઉપદેશ :**

**તૃતીય ખંડ** : બ્રહ્મએ દેવતાઓ માટે વિજય મેળવ્યો પણ દેવોને ઘમંડ થયો કે તેમને પોતાને લીધે વિજય મળ્યો. આ જોઈને બ્રહ્મ તેમની સામે પ્રગટ થાય છે, પણ દેવો તેને ઓળખી શકતા નથી. અહંકારથી યુક્ત અગ્નિ તેની પાસે જાય છે પણ તે ઘાસનાં તણખલાને બાળી શકતો નથી. આવી જ રીતે વાયુ તે તણખલાને ઉડાવી શકતો નથી. તેથી દેવો લજ્જા પામે છે. જ્યારે ઈન્દ્ર આગળ જાય છે ત્યારે બ્રહ્મ લુપ્ત થઈ જાય છે. તત્પશ્ચાત ઈન્દ્રને તે જ આકાશમાં ઉમાહૈમવતી નામની સ્ત્રીના દર્શન થાય છે ઈન્દ્ર તેને પૂછે છે કે, 'આ કોણ છે?'

**ચતુર્થ ખંડ** : ઉમાએ જવાબ આપ્યો કે 'તે બ્રહ્મ હતું. તેને જ કારણે તમને વિજય પ્રાપ્ત થયો છે.' આમ ઈન્દ્રને બ્રહ્મ વિશે જાણકારી મળી.

આ ઉપનિષદ ઘણું નાનું છે છતાંય ગાગરમાં સાગર જેવુ જ્ઞાન છે. આ ઉપનિષદમાં ૧) પ્રેરક અને પ્રેરિત, ૨) આત્મા અને ઈન્દ્રિય ૩) બ્રહ્મ અને દેવનું વર્ણન ચોટદાર રીતે કરવામાં આવ્યું છે.

## 1.6 કેનોપનિષદનો આધાર :

કેન ઉપનિષદના 4થા ખંડના 33માં મંત્રમાં તેનો આધાર જોવા મળે છે.

**तस्यै तपो दमः कर्मेति प्रतिष्ठा ।**

**वेदाः सर्वाङ्गानि सत्यमायतनम्** ।।४.३३।।

1) તપ – સત્યનો આગ્રહ રાખી પ્રાપ્ત થયેલા કર્તવ્ય કરતી વખતે જે તકલીફ પડે છે તેને ખુશીથી સહન કરવું તે તપ છે.

2) દમ – આંતર અને બાહ્ય બધી જ ઈન્દ્રિયોને પોતાના નિયંત્રણમાં રાખવી અને પોતે ઈન્દ્રિયોને આધીન નહીં થવું તેને દમ કહેવાય છે.

3) કર્મ – સંપૂર્ણ પ્રશસ્તતમ પુરુષાર્થ એ કર્મ શબ્દનો અર્થ છે.

આ ત્રણે પર ઉપનિષદ વિદ્યા આશ્રિત છે. ચારેય વેદ આ ઉપનિષદ વિદ્યાના અંગ અને અવયવ છે અને સત્ય તેનું આયતન (ઘર) છે.

આ મંત્રનો વિચાર કરીએ તો ઉપનિષદનો વેદો સાથેનો સંબંધ સ્પષ્ટ થાય છે. 'ઋગ્વેદ' સૂક્ત વેદ છે. આમાં ઉત્તમ વિચાર છે. 'યજુર્વેદ' કર્મવેદ છે. તેમાં પ્રશસ્ત કર્મોનું કથન છે. 'સામવેદ' શાંતિવેદ છે. આમાં શાંતિ પ્રાપ્ત કરવા માટે ઉપાસનારૂપી સાધન છે અને

'અથર્વવેદ' બ્રહ્મવેદ છે. તેમાં બ્રહ્મવિદ્યા છે. સુવિચાર, પ્રશસ્તકર્મ, ઉપાસના અને બ્રહ્મજ્ઞાન આ પ્રમાણે વેદનો ક્રમ જોવાથી વેદ અને વેદાંતનો સંબંધ જોઈ શકાય છે.

## 1.7 केनोपनिषद् :

**प्रथमः खण्डः**

**ખંડ 1– આત્મચર્ચા**

**ॐ केनेषितं पतति प्रेषितं मनः**

**केन प्राणः प्रथमः प्रैति युक्तः ।**

**केनेषितां वाचमिमां वदन्ति**

**चक्षुः श्रोत्रं क उ देवो युनक्ति ।।१।।**

**શબ્દાર્થ: ॐ- ॐ** केन- કોના વડે **इषितम्-** વાંછિત વિષય તરફ **पतति**-દોડે છે/જાય છે **प्रेषितम्**- પ્રેરણાથી/પ્રેરિત થઈને **मनः**- મન **केन**- કોનાથી **प्राणः**- પ્રાણ **प्रथमः**-પ્રથમ કે પહેલો **प्रैति**- કાર્ય કરે છે **युक्तः**- નિયુક્ત થઈને/ પ્રેરિત થઈને **केन**- કોનાથી/કોની **इषिताम्**- પ્રેરિત થઈને **वाचम्**- વાણી **इमाम्**- આ **वदन्ति**- બોલે છે **चक्षुः**- આંખ **श्रोत्रम्**- કાનને **क** उ- કયા દેવઃ- દેવ **युनक्ति**- નિયુક્ત કરે છે/ ચેતનવંતા રાખે છે

**ભાષાંતર:** ॐ કોની ઈચ્છાથી મન પ્રેરિત થઈને વાંછિત વિષય તરફ જાય છે? કોનાથી નિયુક્ત થઈને પ્રથમ (મુખ્ય) પ્રાણ કાર્ય કરે છે? કોની ઈચ્છાથી આ વાણી બોલે છે? (અને) કાનને નિયુક્ત કરે છે (ચેતનવંતા રાખે છે)?

**વ્યાખ્યા:** કેનોપનિષદના પ્રથમ ખંડનો પ્રથમ મંત્ર તે પ્રેરક-તત્ત્વના વિષયમાં પ્રશ્ન કરે છે/ચર્ચા કરે છે. પ્રશ્ન સહજ છે કે કોની પ્રેરણાથી આપણા શરીરનાં અવયવો, જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, મન વગેરે ચાલે છે? મન કોની ઈચ્છાથી કાર્યરત થાય છે? કોનાથી પ્રેરાઈને માનવશરીરમાં પ્રાણ, વાણી, આંખ, કાન, હાથ, પગ અને અન્ય અવયવો પોતપોતાનો વ્યાપાર-વ્યવહાર કરે છે. આ ઈન્દ્રિયોના વિષયમાં આ પ્રશ્ન છે કે શું આ ઈન્દ્રિયો, અંગો અને અવયવો સ્વતંત્ર છે અથવા આ બધું કોઈકની પ્રેરણાથી ચાલે છે? પ્રાણવાયુ થકી બધી પ્રવૃત્તિઓ થાય છે માટે પંચપ્રાણોમાં પ્રાણ પ્રથમ છે. પ્રાણથી શરીર ચેતનવંતુ થાય છે. માટે પ્રાણનું યોગશાસ્ત્રમાં પણ ખૂબ મહત્ત્વ છે. એટલે પ્રશ્ન અહીંયાં સૌપ્રથમ મન અને પ્રાણ વિશે કરવામાં આવ્યો છે કે શું તે સ્વતંત્ર કાર્યરત છે કે કોઈની પ્રેરણાથી કાર્ય કરે છે? કે કોઈ તેને નિયુક્ત કરે છે? આવા પ્રશ્નોને કારણે જ દર્શનશાસ્ત્રનો ઉદય થાય છે. આ સંદર્ભે બીજો પણ પ્રશ્ન ઉદ્ભવે છે કે શું પ્રેરક એક છે કે અનેક? આપણા શરીરમાં જે હલન-ચલન થાય છે તે પણ શું કોઈની પ્રેરણાથી થાય છે? એવી જ રીતે આંખ-કાન વગેરે ઈન્દ્રિયોને કયા દેવ નિયુક્ત કરે છે અને કોની ઈચ્છાથી વાણી બોલે છે?

'**केन**' પદ '**किम्**' સર્વનામની તૃતીયા વિભક્તિનું રૂપ છે. તૃતીયા વિભક્તિ એ કરણ અથવા સાધનનાં રૂપમાં વપરાય છે. માટે '**केन**'નો અર્થ કોના વડે, શેના વડે, કયા સાધન વડે, કોના થકી – થાય છે. આ મંત્રમાં '**केन इषितम्**' એ કર્મણિ પ્રયોગ છે. માટે '**केन**' શબ્દનો અર્થ 'કયા કર્તા વડે' એવો લેવો જોઈએ. અહીં '**पतति**' ક્રિયાપદનો પ્રયોગ જોવા મળે છે. '**पतति**'નો અર્થ 'પડે છે' એમ ન લેતાં 'જાય છે' એટલે કે ગમનાર્થક લેવાનો છે. અહીં પ્રયોજેલ **इषितम्** પદ **इष्** ધાતુમાંથી બનેલું છે. જેનો અર્થ ગતિ (**इषँ गतौ दिवादि गण- पर.**), ઇચ્છા કરવી (**इषुँ इच्छायां, सुदादि-पर.**) અને **आभिक्ष्ण्य** (વારંવાર થવું) (**इषँ आभीक्ष्ण्ये क्र्यादि-पर.**) એવો અર્થ થાય છે. આ પ્રમાણે **इष्**નાં ગતિ કરવી, ઇચ્છા કરવી, વારંવાર થવું તેવા અર્થો પણ થઇ શકે છે. પણ આ મંત્રમાં તેનો અર્થ 'ઇચ્છા કરવી' તેવો લેવાનો છે.

અહીંયાં બે શબ્દનો પ્રયોગ **इष्** ધાતુમાંથી કરેલ છે. **इषितम् અને प्रेषितम्.** **इषितम्**નો અર્થ થાય છે ઈચ્છિત, ઇચ્છાથી. જ્યારે **प्रेषितम्**નો અર્થ થાય છે કોઈ પ્રેષક દ્વારા મોકલાયેલ એટલે કે મોકલનાર. એનો મતલબ મનને પ્રેરણા આપનાર કોણ છે? આ બંને શબ્દ કર્તાનું વર્ણન કરે છે.

ઘણાં ઉપનિષદોમાં ઉપદેશ સ્વરૂપે ગુરુ કહી રહ્યા હોય છે, જ્યારે કેટલાંક ઉપનિષદોમાં ગુરુશિષ્યસંવાદ દ્વારા જ્ઞાન પીરસવામાં આવે છે. આ પ્રશ્ન પણ કોઈ એક યોગ્ય શિષ્ય દ્વારા પૂછાયેલ જણાય છે. આવો પ્રશ્ન પૂછાતા ગુરુ જવાબ આપે છે.

**श्रोत्रस्य श्रोत्रं मनसो मनो य –**

**द्वाचो ह वाचँ स उ प्राणस्य प्राणः ।**

**चक्षुषश्चचक्षुरतिमुच्य धीराः**

**प्रेत्यस्माल्लोकादमृता भवन्ति ।।२।।**

**શબ્દાર્થ:** **श्रोत्रस्य**- શ્રોત્રનું/કાનનું **श्रोत्रम्**- શ્રોત્ર/કાન **मनसः**-મનનું **मनः**-મન **यद्**- જે **वाचः**- વાણીની **ह**- ચોક્કસપણે **वाचम्**-વાણી **स उ** તે જ - **प्राणस्य**-પ્રાણનો **प्राणः**-પ્રાણ **चक्षुषः**-ચક્ષુનું/આંખોની **चक्षु**-આંખો **अतिमुच्य**- મુક્ત કરીને **धीराः**- ધીરપુરુષો **प्रेत्य**-જઈને **अस्मात्**- આ **लोकात्**- લોકથી **अमृता**-અમર **भवन्ति**- બને છે.

**ભાષાંતર:** જે શ્રોત્રનું શ્રોત્ર(કાનોનાં કાન), મનનું મન, વાણીની વાણી છે, તે જ ચોક્કસપણે પ્રાણનો પ્રાણ અને ચક્ષુનું ચક્ષુ (આંખોની આંખ) છે. ધીરપુરુષો આ ઇન્દ્રિયોથી મુક્ત થઈને આ લોકમાંથી (અલગ થઈને) અમર બને છે.

**વ્યાખ્યા:** જે પ્રેરક દેવ આ શરીરમાં છે, તેના સ્વરૂપનું વર્ણન આ મંત્રમાં જોવા મળે છે. અહીં પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે આ બધી ઇન્દ્રિયોને તેમના કાર્યો કરવા માટે કોણ પ્રેરિત કરે છે ? તો જવાબમાં આ પ્રકારનાં ગુણ ધરાવતું તત્ત્વ સામે આવે છે. તે કાનોનાં કાન, મનનાં મન,

પ્રાણોનાં પ્રાણ, વાણીની વાણી અને આંખોની આંખ છે. આનું તાત્પર્ય એમ થાય કે આપણી બહાર દેખાતી ઇન્દ્રિયો છે જેમકે કાન, આંખ, વગેરે તે માત્ર બાહ્યેન્દ્રિય છે.

**न तत्र चक्षुर्गच्छति न वाग्गच्छति नो मनो न विद्मो न विजानीमो यथैतदनुशिष्यादन्यदेव तद्विदितादथो अविदितादधि । इति शुश्रुम पूर्वेषां ये नस्तद्व्याचचक्षिरे ।।३।।**

**શબ્દાર્થ: न**- નથી **तत्र**- ત્યાં **चक्षुः**- ચક્ષુ/આંખ **गच्छति**- જાય છે/પહોંચે છે **न**- નથી **वाग्**- વાણી **गच्छति**- જાય છે **न**- નથી **मनः**- મન **न विद्म**-વાર્તા નથી **न विजानीमः**- સમજતાં નથી/જ્ઞાન નથી **यथा**- જેવી રીતે **एतद्**- આ **अनुशिष्यात्**- ઉપદેશ કરી શકીએ **अन्यत् एव**- ભિન્ન છે/બીજું જ છે **तद् विदिताद्**- તે જાણેલું છે. **अथो**- અને **अविदिताद्**- અવિદિત/ ના જાણેલી વસ્તુ **अधि**-પર **इति**-આમ **शुश्रुम**- સાંભળ્યું છે **पूर्वेषाम्**- પૂર્વાચાર્યો પાસેથી **ये**- જેઓ/જેમણે **नः**- **(अस्मभ्यम्)**- અમને/આપણને **तत्**- તેનો **व्याचचक्षिरे**- વ્યાખ્યાન કર્યું હતું/ઉપદેશ કર્યો હતો

**ભાષાંતર:** ત્યાં (બ્રહ્મમાં) આંખ (ચક્ષુ/નજર) પહોંચતી નથી, વાણી જતી નથી, મન જતું નથી માટે જ આપણે તેને જાણતાં નથી. આપણને તેનું એવું જ્ઞાન નથી કે જેથી તેનો ઉપદેશ કરી શકીએ. જ્ઞાત વસ્તુથી તે ભિન્ન છે અને અજ્ઞાતથી પર છે, આવું અમે પૂર્વાચાર્યો પાસેથી સાંભળ્યું છે, જેમણે અમારા માટે તેનું વ્યાખ્યાન કર્યું.

**વ્યાખ્યા:** આ મંત્ર દ્વારા માનવીએ તેની ઇન્દ્રિયોની પ્રવૃત્તિ પરત્વે તટસ્થ રહેવું જોઈએ તે સમજાવ્યું છે. કારણ આ અદ્ભુત વિલક્ષણ શક્તિ સુધી આપણી ઇન્દ્રિયો પહોંચતી નથી.
**આંખ** – રૂપને આંખ ગ્રહણ કરે છે, પણ આત્મા સાકાર નહીં હોવાને કારણે ચક્ષુઇન્દ્રિય ત્યાંથી પાછી ફરે છે.
**વાણી** – શબ્દ દ્વારા દરેક જોયેલાં, સાંભળેલા અને ઓળખેલા પદાર્થોનું વર્ણન કરી શકે છે, પણ આત્મા નથી જોયેલો નથી સાંભળેલો કે નથી ઓળખાયેલો. માટે જ વાણી આત્માનું વર્ણન કરવા માટે અસમર્થ બને છે.
**મન** – બધાનું ચિંતન અને મનન કરે છે, પરંતુ તે તેનું જ ચિંતન કે મનન કરી શકે છે જેના વિષયમાં ગુણ કે અવગુણોનું જ્ઞાન હોય છે. આત્માનાં ગુણોનું જ્ઞાન ન હોવાને કારણે તેનું મનન થઇ શકતું નથી. જે અવસ્થા આંખ, વાણી અને મનની છે તે જ અવસ્થા આત્માનો વિચાર કરવાથી કાન, જીભ, ત્વચા અને અન્ય ઇન્દ્રિયોની સંભવિત છે. જ્યાં બધી જ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો સ્તબ્ધ અને કુંઠિત થઇ જાય છે તે આત્મા સામે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર પણ નથી પહોચી શકતાં. આત્માને જાણવા માટે આ બધાં જ સાધનો અપૂરતાં પડ્યાં.

જો કોઇ એમ કહેશે કે જે ઇન્દ્રિયોથી જાણી શકાતો નથી, તે છે જ નહીં, તો આ નિવેદન સંપૂર્ણ ખોટું છે. તે આત્મા જ છે, પણ ઇન્દ્રિયો દ્વારા તેને ઓળખી શકાતો નથી.

પરમાત્માએ ઈન્દ્રિયોને બહારનું જગત બતાવવા માટે નિર્માણ કરી છે. તે અંતર-આત્માને નથી જોઈ શકતી. જ્યારે ઈન્દ્રિયોની પ્રવૃત્તિ બહારની મટીને અંદર તરફ થશે ત્યારે આત્માના અસ્તિત્વનું જ્ઞાન શક્ય છે. માટે જ આત્મા સ્વસંવેદ્ય છે. અર્થાત સ્વયં વિચાર કરવા અને જાણવા યોગ્ય છે. આત્મા વિશે શિષ્ય કંઈપણ પૂછે તો ગુરુ શું કહે? કારણ આત્મા જાણેલાથી પર છે અને ન જાણેલાથી ભિન્ન છે. જે ઈન્દ્રિયો અને મનથી જાણી શકાય તે આત્મા નથી અને જે ઈન્દ્રિયો અને મનથી પ્રાપ્ત અને તર્ક કરવા યોગ્ય છે છતાંય અજ્ઞાત છે, આત્મા કરતાં પણ આત્મા વિલક્ષણ છે અને માટે જ તેનો ઉપદેશ બધા માટે નથી થતો અને કોઈપણ તેનો ઉપદેશ નથી કરી શકતો.

જ્યારે ઉપનિષદકાર એમ કહે છે કે **न तत्र चक्षुर्गच्छति** ત્યાં ચક્ષુ બધી જ્ઞાનેન્દ્રિયોનું પ્રતિનિધિ બને છે એટલે કે આત્મા કોઈપણ જ્ઞાનેન્દ્રિયનો વિષય ન બની શકે. કઠોપનિષદ(1.3.15)માં કહ્યું છે કે **अशब्दमस्पर्शमरूपमव्ययं तथाऽरसं नित्यमगंधवच्च** । જે શબ્દથી રહિત, સ્પર્શથી રૂપ તથા રસહીન, નિત્ય અને ગંધરહિત છે. એટલે આત્મા ઈન્દ્રિયગમ્ય નથી.

ચક્ષુ વગેરે ઈન્દ્રિયોની આત્મા સુધી પહોંચ નથી તે સમજીને જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, મન, બુદ્ધિ એ બધાયે શાંત થઈ જવું જરૂરી છે. એમની પ્રવૃતિ શરૂ હોય તો એ બતાવે છે કે બ્રહ્મને અન્યત્ર એટલે કે, આત્માથી અન્ય વસ્તુ સમજી શોધવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. જ્યારે આ બધી પ્રવૃત્તિઓ શમી જાય ત્યારે બ્રહ્મપ્રાપ્તિ માટે સાધક સિદ્ધ બને છે.

ખરેખર, બ્રહ્મ અત્યંત અજ્ઞાત નથી. વ્યક્તિ બ્રહ્મને જાતિ, ગુણ, ક્રિયા, સંબંધ જેવા વિશેષણો દ્વારા વર્ણન કરવાનો પ્રયત્ન કરે છે. બ્રહ્મમાં આ બધું છે જ નહીં. તે અજન્મા છે, નિર્ગુણ છે. તેનું વર્ણન શબ્દોમાં કરવું મુશ્કેલ થાય છે. એટલે જ ઉપનિષદકાર કહે છે **अन्यत् एव तत् तात विदितात्** વિદિત કરતાં તે અન્ય છે. '**विद्**' ધાતુને '**क्त**' પ્રત્યય લગાવવાથી કર્મણિ ભૂતકૃદંત વાચક વિશેષણ બન્યુ '**विदित**' એનો અર્થ છે –'જે જાણવામાં આવેલુ છે તે' અર્થાત જાણેલું. વિદિતમાં જાણેલા ન જાણેલા બધાનો સમાવેશ થાય છે. બ્રહ્મ વિદિતથી અન્ય છે. અવિદિતથી પણ પર છે. એટલે જે જાણી શકાય, જે વ્યક્ત છે તે બ્રહ્મ નથી. અને જે વ્યક્ત નથી, જેને આપણે જોઈ શકતાં નથી અને જે વ્યક્ત નથી તે અવિદિત પણ બ્રહ્મ નથી. આ મંત્રમાં 'અધિ' શબ્દનો અર્થ લક્ષણાથી અન્ય એવો કરવામાં આવ્યો આમ, સામાન્ય રીતે 'અધિ'નો અર્થ ઉપરનો, ઉપરી એવો થતો હોય છે. પણ અહીં એવો અર્થ છે કે બ્રહ્મ વિદિત અને અવિદિત કરતાં અન્ય છે. શંકરાચાર્ય તેમના ભાષ્યમાં કહે છે, **यद्विदितं तदल्पं मर्त्यं दुःखात्मकं चेति चेयम्** ।- જે વિદિત હોય તે અલ્પ હોય, મર્ત્ય હોય, દુઃખાત્મક હોય અને માટે ત્યાજ્ય હોય.

શિષ્ય બ્રહ્મને ઈન્દ્રિયો દ્વારા જાણે પકડવા માગતો હતો, સાંભળવા માગતો હતો, વિચારવા માગતો હતો એ ત્યારે જ શક્ય છે જ્યારે તે બ્રહ્મ અન્ય હોય. આ મંત્ર દ્વારા આ પ્રકારે ઉપદેશ આપી શિષ્યના મનમાં રહેલા પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યુ છે જેમાં તે પોતે જ બ્રહ્મ છે એવી સમજ જન્માવવામાં આવી. શિષ્યથી બ્રહ્મ ભિન્ન નથી, તે તેનું સ્વરૂપ છે. માટે જ તે પોતાનો ત્યાગ કે પોતાનો ગ્રહણ કેવી રીતે કરી શકે જ્યારે તે પોતે જ બ્રહ્મ છે. આવી સમજ આ પ્રકારના ઉપદેશથી શિષ્યના મનમાં સ્પષ્ટ થાય છે. પોતાના આચાર્યના મુખમાંથી આવો ઉપદેશએ અમૂલ્ય હોય છે. વળી. આ મંત્રમાં તો સંપૂર્ણ આચાર્યપરંપરાની

વાત કહેવામાં આવી છે. ઉપનિષદમાં કહ્યું છે કે પૂર્વાચાર્યોએ પાસેથી સાંભળ્યું છે કે જેમણે વૈદિક વ્યાખ્યાન કર્યું છે જેમણે આત્માના બ્રહ્મત્વનો ઉપદેશ કર્યો છે. આ ઉપદેશ કે ને ગુરુશિષ્ય પરંપરાથી ચાલ્યું આવ્યું છે.

આ મંત્ર દ્વારા બૃહદારણ્યક ઉપનિષદમાં કહેલું વાકય, **'अयमात्मा ब्रह्म'**ની ભૂમિકા બંધાય છે.

**यद्वाचानभ्युदितं येन वागभ्युद्यते ।**

**तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ।।४।।**

**શબ્દાર્થ:** **यद्**- જે **वाचा**- વાણી દ્વારા **अनभ्युदितम्**- પ્રકાશિત થતું નથી **येन**- જેનાથી **वाग्**- વાણી **अभ्युद्यते**- પ્રકાશિત થાય છે तत्- તેને **एव**- જ **ब्रह्म** બ્રહ્મ **त्वं** તું **विद्धि** જાણ **न**- નથી **इदम्**- એ यत्- જેની **इदम्**- આ उपासते- ઉપાસના કરે છે

**ભાષાંતર:** જે વાણી દ્વારા પ્રકાશિત થતું નથી, પણ જેનાથી વાણી પ્રકાશિત થાય છે; એને જ બ્રહ્મ જાણ, જેની ઉપાસના વાણી દ્વારા થાય છે તે બ્રહ્મ નથી.

**यन्मनसा न मनुते येनाहुर्मनो मतम् ।**

**तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ।।५।।**

**શબ્દાર્થ:** **यत्**- જેનું **मनसा**- મનથી **न**- નથી **मनुते**- મનન થતું **येन**- જેનાથી **आहुः**- કહેવાય છે **मनः** મન **मतम्** મનન કરે છે **तत्**- **एव**- જ **ब्रह्म**- બ્રહ્મ **त्वम्**- તું **विद्धि**- જાણ **न**- નથી **इदम्**- એ यत्- જેની **इदम्**- આ **उपासते**- ઉપાસના કરે છે

**ભાષાંતર:** જેનું મનથી મનન નથી થતું, પણ જેનાથી મન મનન કરે છે એને તું બ્રહ્મ જાણ. જેની ઉપાસના મન દ્વારા થાય છે તે બ્રહ્મ નથી.

**यच्चक्षुषा न पश्यति येन चक्षूँषि पश्यति ।**

**तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ।।६।।**

**શબ્દાર્થ:** **यत्**- જે **चक्षुषा**- આંખો વડે न- નથી **पश्यति**- દેખાતો **येन**- જેના થકી **चक्षूँषि**- આંખો **पश्यति**- જુએ છે **तत्**- **एव**- જ **ब्रह्म**- બ્રહ્મ **त्वम्**- તું **विद्धि**- જાણ **न**- નથી इदम्- એ यत्- જેની **इदम्**- આ **उपासते**- ઉપાસના કરે છે

**ભાષાંતર:** જે આંખો વડે દેખાતો નથી, પણ જેના થકી આંખ જુએ છે, એને જ તું બ્રહ્મ જાણ. જેની ઉપાસના નેત્ર દ્વારા થાય છે તે બ્રહ્મ નથી.

**यच्छ्रोत्रेण न शृणोति येन श्रोत्रमिदं श्रुतम् ।**

**तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ।।७।।**

**શબ્દાર્થ: यत्**- જે **श्रोत्रेण**- કાનથી **न**- નથી **शृणोति**- સંભળાતો **येन**- જેના થકી **श्रोत्रम्**- કાન **इदम्**- આ **श्रुतम्**- સાંભળે છે तत्- **एव**- જ **ब्रह्म**- બ્રહ્મ **त्वम्**- તું **विद्धि**- જાણ **न**- નથી **इदम्**- એ **यत्**- જેની **इदम्**- આ **उपासते**- ઉપાસના કરે છે

**ભાષાંતર:** જે કાનથી સંભળાતો નથી પણ જેના થકી કાન સાંભળે છે, એને જ તું બ્રહ્મ જાણ. જેની ઉપાસના કાન દ્વારા થાય છે તે બ્રહ્મ નથી.

**यत्प्राणेन न प्राणिति येन प्राणः प्रणीयते ।**

**तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ।।८।।**

**શબ્દાર્થ: यत्**- જે **प्राणेन**- પ્રાણથી **न**- નથી **प्राणिति**- જીવતો **येन**- જેના થકી **प्राणः**- પ્રાણ **प्रणीयते**- ચાલે છે **तत्**- **एव**- જ **ब्रह्म**- બ્રહ્મ **त्वम्**- તું **विद्धि**- જાણ **न**- નથી **इदम्**- એ **यत्**- જેની **इदम्**- આ **उपासते**- ઉપાસના કરે છે

**ભાષાંતર:** જે પ્રાણથી જીવતો નથી, પરંતુ જેના થકી પ્રાણ ચાલે છે, એને જ તું બ્રહ્મ જાણ. જેની ઉપાસના પ્રાણ દ્વારા થાય છે તે બ્રહ્મ નથી.

**વ્યાખ્યા - મંત્ર 4 થી 8**

આ ચારથી આઠ મંત્રોમાં અધ્યાત્મ નિહિત છે. જે ઇન્દ્રિયો દ્વારા ઓળખાય છે તે બ્રહ્મ અથવા આત્મા નથી. આંખ જેને જુએ છે તે રૂપનો વિષય છે, પણ બ્રહ્મને બાહ્યરૂપ નથી. તે જ પ્રમાણે અન્ય ઇન્દ્રિયોના વિષય પણ છે. વાણી, મન, ચક્ષુ, શ્રોત્ર, પ્રાણ વગેરે ઇન્દ્રિયોથી જેનું જ્ઞાન થાય છે તે બ્રહ્મ નથી.

આ ઉપાસનાનો સંબંધ નિશ્ચિત છે. જેમકે આંખ- રૂપની ઉપાસના કરે છે, જીભ- સ્વાદની ઉપાસના કરી શકે છે, નાક- ગંધની ઉપાસના કરી શકે છે. આ પ્રમાણે બીજી ઇન્દ્રિયો તેનાં-તેનાં વિષયની ઉપાસના કરી શકે છે, પણ આ આત્મા કોઈપણ પ્રકારે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરે વિષયોમાં નહિ હોવાને કારણે તેને ગ્રહણ કરવું શક્ય નથી.

ઇન્દ્રિયોની પ્રવૃત્તિ પોતાનાં વિષયને ત્યજીને બીજાંનો વિષય ગ્રહણ કરવામાં નથી હોતી. જેમકે આંખ સાંભળવા માટે અસમર્થ છે. તેમજ કાન જોવા માટે અસમર્થ છે. બધી ઇન્દ્રિયો દ્વારા તે પરમને જાણવું અશક્ય છે, પણ તેની પ્રેરણાથી બધી જ ઇન્દ્રિયો પોતપોતાનાં કાર્ય કરવા માટે સમર્થ બને છે. તે પરમની જ શક્તિ છે. જે ઇન્દ્રિયો દ્વારા પ્રગટ થાય છે એટલે કે આત્મા અથવા બ્રહ્મ ઇન્દ્રિયોના પ્રેરક છે. પણ ઇન્દ્રિયો તેની પ્રેરક નથી. જે આપણા શરીરમાં સર્વત્ર કાર્ય કરે છે તે આત્મશક્તિ છે. તેની અનુભૂતિ આવી જ રીતે થવી જોઈએ. આમ, અહીંયાં આત્મા અને ઇન્દ્રિયોનો પ્રેરક-પ્રેર્ય સંબંધ નિશ્ચિત થાય છે.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો :

**1. જોડકાં જોડો :**

| | |
|---|---|
| 1. श्रोत्र | a આંખ |
| 2. त्वक् | b નાક |
| 3.चक्षु | c કાન |
| 4. जिह्वा | e ત્વચા |
| 5. घ्राण | f જીભ |

**1 (B) જોડકાં જોડો :**

| | |
|---|---|
| 1. **वाक्** | a હાથ |
| 2. **पाणि** | b વાણી |
| 3. **पाद** | c જનનેન્દ્રિય |
| 4. **पायु** | d પગ |
| 5. **उपस्थ** | e ગુદા |

**2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. ઉપનિષદકારના કહ્યા મુજબ કોની પ્રેરણાથી ઈન્દ્રિયો કાર્ય કરે છે?

2. વીરપુરુષો શેનાથી મુક્ત થઈને અમર બને છે?

3. પૂર્વાચાર્યો કોને વસ્તુથી ભિન્ન અને અજ્ઞાતથી પર માને છે?

4. ઇન્દ્રિયો દ્વારા પરમને જાણવું  શક્ય છે ખરું?

5. આપણાં  શરીરમાં સર્વત્ર કાર્ય કરે છે તે કઈ શક્તિ છે?

6. આ ખંડમાં પ્રયોજાયેલાં તૃતીયા વિભક્તિના પ્રયોગોની સૂચિ બનાવો.

## એકમ : 2 | કેનોપનિષદ ખંડ 2 (બ્રહ્મચર્ચા)

**:: રૂપરેખા ::**

**2.0 ઉદ્દેશ**

**2.1 પ્રસ્તાવના**

**2.2 કેનોપનિષદ ખંડ ૨**

**2.3 તમારી પ્રગતિ ચકાસો**

### 2.0 ઉદ્દેશ:

- આ એકમના અભ્યાસ દ્વારા બ્રહ્મનું સ્વરૂપ જાણવા મળશે.
- બ્રહ્મ કોને સમજાયું અને કોને નહીં તેની સમજ સ્પષ્ટ થશે.
- વ્યક્તિનાં જીવનમાં ધ્યેય હોવું જોઈએ તે સમજશે.

### 2.1 પ્રસ્તાવના :

કેનોપનિષદના બીજા ખંડમાં કુલ પાંચ મંત્રો છે જે બ્રહ્મની ચર્ચા કરે છે. બ્રહ્મ તત્ત્વનું દાર્શનિક મહત્ત્વ, તેની અગમ્યતા, તેનું ભાસિત થવું આ બધી ચર્ચા સંક્ષેપમાં અહીંયા કરવામાં આવી છે. જેને બ્રહ્મજ્ઞાન થયું છે એમ લાગે છે તે ખરેખર બ્રહ્મતત્ત્વને સમજ્યો જ નથી. બ્રહ્મ અચિંત્ય, અતર્ક્ય અને અગ્રાહ્ય છે. તેની પ્રતીતિ થવી અને તેને પામવુ આ બે વચ્ચેની યાત્રા આ ખંડમાં જોવા મળે છે. વ્યક્તિના જીવનનું ધ્યેય બ્રહ્મ છે, જે તેને અમરત્વ તરફ લઈ જાય છે.

### 2.2 કેનોપનિષદ ખંડ 2 :

**यदि मन्यसे सुवेदेति दहरमेवापि नूनं त्वं वेत्थ ब्रह्मणो रूपं यदस्य त्वं यदस्य च देवेष्वथ नु मीमांस्यमेव ते मन्ये विदितम्** ।।१।।

**શબ્દાર્થ: यदि** જો - **मन्यसे**- તું એમ માને **सुवेद इति** - સારી રીતે જાણે છે **दहरम्**- અલ્પ **एव**- જ **अपि**- તો **नूनम्**- નિશ્ચિત જ **त्वम्**- તું **वेत्थ**- જાણે છે **ब्रह्मणः**- બ્રહ્મનું **रूपम्**- રૂપ **यत्**- જો **अस्य**- આ(બ્રહ્મ)નું **त्वम्**- તું **यत्**- જો **अस्य च**- આ(બ્રહ્મ)નું **देवेषु**- દેવોમાં **अथ**- તો

नु- જ **मीमांस्यम्**- વિચાર કરવા યોગ્ય **एव**- જ **ते(तव)**- તારું **मन्ये**- મારું માનવું છે **विदितम्**- જાણેલું

**ભાષાંતર:** જો તું એમ માનતો હોય કે તું બ્રહ્મને સારી પેઠે જાણે છે તો નિશ્ચિત જ તે-બ્રહ્મ અજ્ઞાત છે. જો આ બ્રહ્મનું સ્વરૂપ તું જાણે છે અને જો તું તેને દેવોમાં જુએ છે, તો તારું જાણેલું ફરી વિચાર કરવા યોગ્ય છે, એવું મારું માનવું છે.

**વ્યાખ્યા**: ગુરુ તેના શિષ્યને કહે છે કે જો તે એવું સમજે છે કે તે બ્રહ્મને જાણે છે તો ખરેખર તેમ નથી. તે બિલકુલ જ જાણતો નથી. જે બ્રહ્મનું પૂર્ણરૂપ છે જ નહીં. જો આટલું જાણવાથી તને એમ લાગે કે તને બ્રહ્મજ્ઞાન થયું છે તો ચોક્કસપણે એમ માન કે તું કાંઇ સમજ્યો નથી અને તને ફરીથી જ્ઞાન પ્રાપ્ત કરવાની જરૂર છે.

આનું તાત્પર્ય છે કે તે બ્રહ્મનું સામર્થ્ય અથવા આત્માનું સ્વરૂપ અનાકલનીય છે. મનુષ્યનું મન તેને જાણી નથી શકતું. તો પછી બીજી ઇન્દ્રિયોની શી વિસાત! માટે જ તેને અચિંત્ય, અતર્ક્ય, અજ્ઞેય, અગ્રાહ્ય ઈત્યાદિ કહેવાય છે.

**नाहं मन्ये सुवेदेति नो न वेदेति वेद च ।**

**यो नस्तद्वेद तद्वेद नो न वेदेति वेद च ।।२।।**

**શબ્દાર્થ: न**- નથી अहम्- હું मन्ये- सुवेद इति- તે સરળતાથી જાણી શકાય છે **नो**- નથી **न**- નથી **वेद**- **इति**- જાણતો એમ **वेद**- જાણું છું **च**- અથવા **यो**- જે **नः (अस्माकम)**- આપણામાંથી **तत्**- **वेद**- તે જાણી લીધું છે **नो**- નથી **न**- નથી **वेद इति**- જાણ્યું **वेद**- જાણે છે **च**- તેમ જ

**ભાષાંતર**: તે સરળતાથી જાણી શકાય છે એમ હું નથી માનતો. 'હું નથી જાણતો' અથવા 'હું જાણું છું' આવું પણ તે બ્રહ્મ નથી. આપણામાંથી જે એવું સમજે છે કે તેણે નથી જાણ્યું, તે ખરેખર જાણે છે.

**यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः ।**

**अविज्ञातं विजानतां विज्ञातमविजानताम् ।।३।।**

**શબ્દાર્થ: यस्य**- જેણે **अमतम्**- નથી જાણ્યું **तस्य**- તેણે જ **मतम्**- જાણ્યું **मतम्** જાણ્યું છે **यस्य**- જેણે **न**- નથી **वेद**- જાણ્યું सः- તે **अविज्ञातम्**- અજ્ઞેય છે **विजानताम्**- જ્ઞાનીઓ માટે **विज्ञातम्** – તે જ્ઞાત છે **अविजानताम्**- અજ્ઞાનીઓ માટે

**ભાષાંતર:** જેણે નથી જાણ્યું તેણે જ જાણ્યું છે, પણ જેણે જાણ્યું છે તેણે ખરેખર નથી જાણ્યું. જ્ઞાનીઓ માટે અજ્ઞેય અને અજ્ઞાનીઓ માટે તે જ્ઞાત છે એમ પ્રતીત થાય છે.

**વ્યાખ્યા** ( મંત્ર ૨ અને ૩)

બ્રહ્મને જાણવા અને ન જાણવા અંગે શું મત હોઈ શકે તે બાબતે આ મંત્રો મહત્ત્વપૂર્ણ ઉપદેશ આપે છે. ગુરુ શિષ્યને કહે છે કે માણસે આવો વિચાર ક્યારેય ન કરવો જોઈએ કે તે બ્રહ્મને પૂર્ણપણે જાણે છે. બ્રહ્મ કોઈ ઈન્દ્રિય દ્વારા જાણી શકાતો નથી. માટે તેનું સંપૂર્ણ જ્ઞાન થવું અશક્ય છે એટલે તે બ્રહ્મને તે જ જ્ઞાની પુરુષો સમજે છે કે જે તેને અતર્ક્ય, અજ્ઞેય, અચિંત્ય એમ સમજે છે. આપણે તેને પૂર્ણતાથી જાણી શકતા નથી, આ અનુભવ થવો જ સાચા જ્ઞાનીનું લક્ષણ પણ કહ્યું છે. જે એવું સમજે છે કે તેને બ્રહ્મનાં સ્વરૂપની ખબર પડી ગઈ છે અને તેણે બ્રહ્મ જાણી લીધો છે તો તે અજ્ઞાની છે.

જ્ઞાનનો ઘમંડ જ અજ્ઞાનનું લક્ષણ છે. સાચા જ્ઞાનથી ઘમંડ દૂર થઈ જાય છે.

**प्रतिबोधविदितं मतममृतत्वं हि विन्दते ।**

**आत्मना विन्दते वीर्यं विद्यया विन्दतेऽमृतम् ।।४।।**

**શબ્દાર્થ: प्रतिबोधविदितम्-** પ્રત્યેક બોધ દ્વારા પ્રાપ્ત થયેલ **मतम्-** જ્ઞાનથી **अमृतत्वम्-** અમરત્વ **हि-** નિશ્ચિતપણે **विन्दते-** મળે છે **आत्मना-** આત્માથી **विन्दते-** પ્રાપ્ત થાય છે **वीर्यम्-** બળ **विद्यया-** જ્ઞાનથી **विन्दते-** પ્રાપ્ત થાય છે **अमृतम्-** અમરત્વ

**ભાષાંતર:** પ્રત્યેક બોધ દ્વારા પ્રાપ્ત થયેલ જ્ઞાનથી નિશ્ચિતપણે અમરત્વ મળે છે. આત્માથી બળ પ્રાપ્ત થાય છે અને જ્ઞાનથી અમરત્વ પ્રાપ્ત થાય છે.

**વ્યાખ્યા:** પ્રત્યેક બોધથી જે સમજાય છે તે આત્મા છે. મનુષ્ય પાસે જ્ઞાનપ્રાપ્તિના બે સાધનો છે – ઈન્દ્રિય અને આત્મા. ઈન્દ્રિયથી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને બોધ કહેવાય છે અને આત્માથી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને જાગૃતિ કે પ્રતિબોધ કહેવાય છે. આ ઉપનિષદનાં વાક્યમાં જે બોધ આપવામાં આવ્યો છે તે જાગૃતિ (પ્રતિબોધ). આત્માના ભાવથી મળેલ વિજ્ઞાનથી, મનુષ્ય અમરતા પ્રાપ્ત કરે છે. એણે સ્વયંના પુરુષાર્થથી શારીરિક, માનસિક અને આત્મિક ત્રણેય પ્રકારનાં બળ મેળવવા જોઈએ અને મેળવેલા વિજ્ઞાનથી અમરતાનો લાભ ઉઠાવવો જોઈએ, પણ આ જાગૃતિ કે પ્રતિબોધની પ્રાપ્તિ અહંકારથી નાશ થતી હોય છે. અહંકારના નાશથી મોહનો નાશ થાય છે અને તેનાથી આત્મા અને પરમાત્માની વચ્ચેનું આવરણ હટી જાય છે. આ જ માનવજીવનનું અંતિમ ધ્યેય છે. માટે જ અહીં કહ્યું છે કે આત્માથી બળ પ્રાપ્ત થાય છે. આત્મશક્તિ સૌથી શ્રેષ્ઠ હોવાને કરને જે તેને જ્ઞાનથી પ્રાપ્ત કરે છે તે શ્રેષ્ઠ બને છે. જ્ઞાનથી જ આત્મશક્તિ પ્રાપ્ત થાય છે. માટે જ વિદ્યા-જ્ઞાનનું મહત્ત્વ છે. તેથી જ કહ્યું છે કે, વિદ્યાથી અમરત્વ પ્રાપ્ત થાય છે.

**इह चेदवेदीदथ सत्यमस्ति**

**न चेदिहावेदिन्महतीविनष्टिः ।**

**भूतेषु भूतेषु विचित्य धीराः**

**प्रेत्यास्माल्लोकादमृता भवन्ति ।।५।।**

**શબ્દાર્થ: इह-** અહીં **चेत्-** જો **अवेदीत्-** જાણી લીધો હોય **अथ-** તો **सत्यम्-** સારું/ સત્ય **अस्ति-** છે **न-** ન **चेत्-** પણ જો **इह-** અહીં **अवेदित्-** ન જાણ્યો **महती-** મહાન/મોટો **विनष्टिः-** વિનાશ થશે **भूतेषु भूतेषु-** પ્રત્યેક ભૂતમાં **विचित्य-** શોધ કરીને **धीराः-** બુદ્ધિમાન પુરુષો **प्रेत्य-** વિદાય લીધાં બાદ **अस्मात्-** આ **लोकात्-** લોકથી **अमृता-** અમર **भवन्ति-** બની જાય છે

**ભાષાંતર:** અહીં જો બ્રહ્મને જાણી લીધો હોય તો સારું છે, પણ જો તેને અહીં ન જાણ્યો તો વિનાશ થશે. બુદ્ધિમાન પુરુષ પ્રત્યેક ભૂત(પ્રાણી)માં એવી શોધ કરીને, આ લોકથી વિદાય લીધાં બાદ, અમર બની જાય છે.

**વ્યાખ્યા:** ઉપનિષદનાં આ મંત્રમાં બ્રહ્મજ્ઞાનનું સાધન બતાવી પડકાર આપ્યો છે કે બ્રહ્મને જીવન દરમિયાન જ જાણવાનો પ્રયાસ કરવો જોઈએ. અન્યથા નુકસાન થશે. જગતનાં દરેક સ્થાનમાં તેનો ચમત્કાર પણ જોવા મળે છે. તેને વિચારપૂર્વક જોવો જોઈએ. આવું થવાથી, તે સર્વત્ર છે એવું જ્ઞાન થવા લાગશે. ખરેખર દરેક પ્રાણીમાં આત્મા છે માટે દરેક આત્મારૂપ જ છે. શરીરનાં ધર્મોથી આત્માને અલગ રાખવો જોઈએ. તેને શરીરનો સંચાલક સમજી, આત્મશક્તિનો પ્રભાવ જોવો અને અનુભવ કરવો તે જ આત્મવિદ્યાનો ઉપદેશ છે. જે આ પ્રકારે બ્રહ્મની શોધ કરે છે તે ધીર માનવી અમરત્વને પ્રાપ્ત કરે છે.

## 2.3 તમારી પ્રગતિ ચકાસો :

1. આ ખંડમાં ઉપનિષદકાર શેનો વિચાર કરવા કહે છે?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

2. બ્રહ્મને કોણ ખરેખર જાણે છે?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

3. બ્રહ્મ કેવું પ્રતીત થાય છે?

______________________________

______________________________

______________________________

4. ઉપનિષદકાર આત્માથી અને જ્ઞાનથી શેની પ્રાપ્તિ સૂચવે છે?

5. ઉપનિષદ પ્રમાણે માનવીનો વિનાશ ક્યારે થશે?

6. કોણ અમર બની જાય છે?

| એકમ :3 | ખંડ 3 (યક્ષોપાખ્યાન) |
| --- | --- |

:: રૂપરેખા ::

**3.0 ઉદ્દેશ**

**3.1 પ્રસ્તાવના**

**3.2 કેનોપનિષદ ખંડ ૩ (યક્ષોપાખ્યાન)**

**3.3 તમારી પ્રગતિ ચકાસો**

## 3.0 ઉદ્દેશ :

- આ એકમના અભ્યાસ દ્વારા ઉપનિષદમાં આવતી વાર્તાઓ કેવી હોય છે તે જાણશે.
- વાર્તા દ્વારા નૈતિક મૂલ્યોની સ્થાપનાને સમજશે.
- અહંકાર રહિત થયા વગર બ્રહ્મની પ્રાપ્તિ થતી નથી એનું જ્ઞાન થશે.
- દૈવી શક્તિનું પ્રાગટ્ય રોમાંચ જન્માવે છે અને કથામાં રસનિર્માણ કરાવે છે, તે અનુભવશે.
- ઉપનિષદમાં પણ રસ નિહિત છે તે સમજશે.

## 3.1 પ્રસ્તાવના :

આ ખંડમાં યક્ષોપાખ્યાન દ્વારા બ્રહ્મના મહિમાનું વર્ણન જોવા મળે છે. અહંકાર એ પ્રગતિનો હ્રાસ કરે છે, પછી તે દેવોની હોય, દાનવોની કે મનુષ્યોની. દેવોને થતાં અહંકારથી યક્ષરૂપી બ્રહ્મ તેમનાથી દૂર જતું રહે છે. આ જ વસ્તુ સૂચવે છે કે બ્રહ્મને દેવોના મિથ્યા અહંકારને દૂર કરવા યક્ષરૂપે પ્રકટ થવું પડ્યું. તેમણે તેની જાણ થાય તે માટે તિરોહિત થવું પડ્યું અને ગર્વહરણ થતાં જ દેવોને ઉમાહૈમવતીનાં દર્શન થાય છે. આ ખંડમાં પ્રતીકાત્મક રીતે અગ્નિ અને વાયુનું ગર્વહરણ જોવા મળે છે. તત્પશ્ચાત ઈન્દ્રનું ગર્વહરણ થાય છે. ઉમાદેવીના પ્રાગટ્યથી બ્રહ્મનો મહિમા પુનઃસ્થાપિત થઈ જાય છે. આમ અતિશય રોચક એવું યક્ષોપાખ્યાન અને ઉમા દેવીનું પ્રાગટ્ય આ ખંડની વિશેષતા છે.

## 3.2 કેનોપનિષદ ખંડ 3 :

**ब्रह्म ह देवेभ्यो विजिग्ये तस्य ह ब्रह्मणो विजये देवा अमहीयन्त ।**

**त ऐक्षन्तास्माकमेवायं विजयोऽस्माकमेवायं महिमेति ॥१॥**

**શબ્દાર્થ:** **ब्रह्म**- બ્રહ્મ **ह**- ખરેખર **देवेभ्यो**- દેવો માટે **विजिग्ये**- વિજય પ્રાપ્ત કર્યો **तस्य**- તે **ह**- પરંતુ **ब्रह्मणो**- બ્રહ્મના **विजये**- વિજયના કારણે **देवाः**- દેવો **अमहीयन्त**- ગુમાન કરવા લાગ્યા **त**- તેમણે **ऐक्षन्त**- એમ વિચાર્યું **अस्माकम्**- અમારો **एव**- જ **अयं**- આ **विजयः**- વિજય **अस्माकम्**- અમારો **एव**- જ **अयम्**- આ **महिमा**- મહિમા **इति**- છે

**ભાષાંતર :** તે ખરેખર બ્રહ્મ હતું, જેણે દેવો માટે વિજય પ્રાપ્ત કર્યો, પરંતુ આ બ્રહ્મના વિજયના કારણે દેવો ગુમાન કરવા લાગ્યા. તેમણે એમ વિચાર્યું કે આ વિજય અમારો જ છે અને આ અમારો જ મહિમા છે.

**तद्धेषां विजज्ञौ तेभ्यो ह प्रादुर्बभूव तन्न व्यजानत किमिदं यक्षमिति ॥२॥**

**શબ્દાર્થ :** **तत्**- તે (બ્રહ્મ) **ह**- અવ્યય **एषाम्**- એમનો ભાવ **विजज्ञौ**- જાણી લીધો **तेभ्यः**- તેમની સમક્ષ **ह**- જ **प्रादुर्बभूव**- પ્રગટ થયાં **तत्**- તેને **न व्यजानत**- જાણી શક્યા નહીં **किम्**- કોણ છે **इदम्**- આ **यक्षम्**- યક્ષ **इति**- એમ

**ભાષાંતર :** આ બ્રહ્મએ તેમનો ભાવ જાણી લીધો અને તેમની સમક્ષ પ્રગટ થયું ત્યારે 'આ યક્ષ કોણ છે', તે તેઓ જાણી શક્યા નહીં.

**વ્યાખ્યા 1 અને 2:**

આગળના બે ખંડોમાં જે પ્રકારે તત્ત્વજ્ઞાન કહેવામાં આવ્યું છે તે જ હવે રૂપક અલંકાર દ્વારા આગળ વર્ણન કરેલ છે. અહીંયાં 'દેવ' શબ્દનો અર્થ વ્યક્તિનાં શરીરમાં રહેલી ઈન્દ્રિયો છે જ્યારે બાહ્ય જગતમાં અગ્નિ, વાયુ વગેરે દેવતાઓ છે. બંને જગ્યાએ 'બ્રહ્મ' શબ્દનો અર્થ એક જ થાય છે. પણ વિષય સ્પષ્ટ થવા માટે શરીરમાં 'આત્મા' અને જગતમાં 'પરબ્રહ્મ, પરમાત્મા' સમજવું સારું પડે.

સમસ્ત ભૂત અને ઈન્દ્રિયો ઈશ્વર દ્વારા પ્રદાન કરેલ શક્તિથી જ કાર્ય કરે છે એમ કહેવાનો આ ત્રીજા ખંડની આખ્યાયિકામાં પ્રયત્ન કરવામાં આવેલ છે.
આત્માની શક્તિથી જ વ્યક્તિમાં શારીરિક શત્રુઓનો નાશ થાય છે. આ આત્મશક્તિના પ્રભાવથી જ ઈન્દ્રિયોનું મહત્ત્વ વધી ગયું. ઈન્દ્રિયોને ગર્વ થયો અને તેઓ એમ સમજવા લાગ્યા કે અમારી પાછળ કોઈ શક્તિ નથી અને અહીંયા જે કાઈ પણ કાર્ય થાય છે તે અમારા પ્રભાવથી જ થાય છે. આ ઈન્દ્રિયોનો ભાવ આત્માએ જાણી લીધો અને તે તેમની સામે પ્રગટ થયું, પણ કોઈપણ ઈન્દ્રિય તે પ્રગટ થયેલા આત્માના સ્વરૂપને ઓળખી શકી નહીં.
આપણાં શરીરમાં દરેક ક્ષણ આત્માની શક્તિથી પોષક એવી દૈવી શક્તિઓનો વિજય અને આસુરી શક્તિઓનો પરાજય થતો રહે છે. આ દરેક ક્ષણના યુદ્ધમાં આત્મા બધી જ

ઇન્દ્રિયોને મદદ કરે છે. છતાંય ઇન્દ્રિયોને એમ લાગે છે કે વિજય એમનો છે. આત્માની શક્તિ જ પંચ પ્રાણ અથવા પંચ ઇન્દ્રિયોને વિજય અપાવે છે આત્માને સાથે રહેવાને કારણે મનનો પણ વિજય થાય છે અને બધી દુષ્ટ ભાવનાઓનો નાશ થાય છે. આ થયો એનો આધ્યાત્મિક ભાવ.

એનો આધિદૈવિક ભાવ (જગતમાં) જોઈએ તો બાહ્ય જગતમાં અગ્નિ, વાયુ વગેરે દેવતાઓ પરબ્રહ્મની શક્તિથી પ્રેરિત થઈને કાર્ય કરે છે પણ તેમને પણ પરબ્રહ્મની ખબર નથી. પરબ્રહ્મ લક્ષ્યના સ્વરૂપમાં દેવોની સામે પ્રગટ થયો હોય તો પણ દેવો તેને ઓળખી ન શક્યા.

**तेऽग्निमब्रुवञ्जातवेद एतद्विजानीहि किमेतद्यक्षमिति तथेति ॥३॥**

**શબ્દાર્થ: ते**- તે (દેવો) **अग्निम्**- અગ્નિને **अब्रुवन्**- કહ્યું કે **जातवेदः**- હે જાતવેદા (અગ્નિ) **एतद्**- આ **विजानीहि**- જાણ **किम्**- કોણ **एतद्**-આ **यक्षम्**- યક્ષ **इति**- એમ તથા **इति**- તેમ કરીશ (અગ્નિ એ આદેશનો સ્વીકાર કર્યો)

**ભાષાંતર :** તે દેવોએ અગ્નિને કહ્યું કે હે જાતવેદ! આ યક્ષ કોણ છે? તેને જાણ. અગ્નિએ આદેશનો સ્વીકાર કર્યો.

**तदभ्यद्रवत्तमभ्यवदत्कोऽसीत्यग्निर्वा अहमस्मीत्यब्रवीज्जातवेदा वा अहमस्मीति॥४॥**

**શબ્દાર્થ : तद्**- તે (બ્રહ્મની) **अभ्यद्रवत्**- પાસે ગયા/દોડી ગયા **तम्**- તે અગ્નિ **अभ्यवदत्**- તેણે બ્રહ્માને પૂછ્યું **कः**- કોણ **असि**- છો **इति**- એમ **अग्निर्वा**- અગ્નિ **अहम्**- હું **अस्मि**- છું **इति**- એમ **अब्रवीत्**- બોલ્યા/જવાબ આપ્યો **जातवेदा**- જાતવેદા **वा**- પણ **अहम्**- હું **अस्मि**- છું **इति**- એમ

**ભાષાંતર :** તે અગ્નિ બ્રહ્મની પાસે ગયો. તેણે બ્રહ્મને પૂછ્યું તો બ્રહ્મએ વળતો પ્રશ્ન કર્યો કે તમે કોણ છો? અગ્નિએ જવાબ આપ્યો કે હું અગ્નિ છું અને મને જાતવેદા પણ કહેવામાં આવે છે.

**तस्मिँस्त्वयि किं वीर्यमित्यपीदं सर्वं दहेयं यदिदं पृथिव्यामिति ॥५॥**

**શબ્દાર્થ : तस्मिन् त्वयि**- તારી પાસે **किम्**- કેવી **वीर्यम्**- શક્તિ **इति**- છે **अपि**- અને **इदम्**- આ **सर्वम्**- સર્વને **दहेयम्**- બાળી શકું **यदिदम्**- જે કાંઇ પણ છે **पृथिव्याम्**- ધરતી પર **इति** - એમ

**ભાષાંતર :** બ્રહ્મએ તેણે પૂછ્યું કે તારી પાસે કેવી શક્તિ છે? અગ્નિ એ જવાબ આપ્યો કે આ ધરતી પર જે કાંઈ પણ છે તે સર્વેને હું બાળી શકું છું.

**तस्मै तृणं निदधावेतद्दहेति तदुपप्रेयाय सर्वजवेन तन्न शशाक दग्धुं**
**स तत एव निववृते नैतदशकं विज्ञातुं यदेतद्यक्षमिति ॥६॥**

**શબ્દાર્થ : तस्मै**- તેની (અગ્નિની) આગળ **तृणम्**- તણખલું **निदधौ**- મૂક્યું **एतत्**- આને **दह**- બાળ **इति**- એમ (બ્રહ્મ એ કહ્યું) **तद्**- તેની **उपप्रेयाय**- પાસે **सर्वजवेन**- તમામ શક્તિથી **तत्**- તેને **न**- નહીં **शशाक दग्धुम्**- બાળી શક્યાં નહીં **स**- તે(અગ્નિ) **ततः**- ત્યાંથી **एव**- એમ **निववृते**- પાછા ફર્યા **न एतत् अशकम् विज्ञातुम्**- એને જાણવા હું અસમર્થ છું **यद्**- જે **एतत्**- આ **यक्षम्**- યક્ષ **इति**- છે

**ભાષાંતર :** એની (અગ્નિની) આગળ એક તણખલું મૂક્યું અને બ્રહ્મએ કહ્યું કે, 'આને બાળ'. અગ્નિ એ તણખલા પાસે ગયા, પરંતુ તમામ શક્તિથી પણ એને બાળી શક્યા નહીં. તે અગ્નિ ત્યાંથી પાછા ફર્યા અને દેવોને કહ્યું કે, 'તે યક્ષ કોણ છે તેણે જાણવા હું અસમર્થ છું'.

**વ્યાખ્યા (3 થી 6) અગ્નિનું ગર્વહરણ**

આ આખ્યાયિકા દ્વારા અગ્નિના ગર્વહરણની વાત ઉપનિષદ આપણી સમક્ષ મૂકે છે. પોતાની સમસ્ત શક્તિથી અગ્નિ એક ઘાસના તણખલાને બાળી શકતા નથી. વાસ્તવિક રીતે જોવા જઈએ તો અગ્નિને તણખલાને બાળવા માટે સમસ્ત શક્તિનો પ્રયોગ કરવાની જરૂર જ ન હતી. અગ્નિના સ્વરૂપ અનુસાર તેનું હોવું જ દાહકતાનું પ્રતીક છે. માત્ર અગ્નિના સાથે જવાથી જ તણખલું બળવું જોઈતું હતું, પરંતુ ઉપનિષદકાર, અગ્નિ પોતાની સમસ્ત શક્તિઓનો પ્રયોગ કરે છે તેવું લખે છે. તેનો ગર્ભિતાર્થ સમજવો જરૂરી છે. જ્યાં વધારે પડતી શક્તિની જરૂર ન હોય ત્યાં શક્તિનું પ્રયોજન કરવાનો કોઈ અર્થ નથી અને બીજી દ્રષ્ટિથી જોઈએ તો સમસ્ત શક્તિનો પ્રયોગ કરવો પડવો એ જ અગ્નિની હાર છે. ત્રીજી દ્રષ્ટિએ એમ પણ કહી શકાય કે અગ્નિ તેની સામે ઉપસ્થિત સર્વશક્તિમાનને ઓળખવામાં નિષ્ફળ રહ્યા માટે શક્તિનો પ્રયોગ કર્યો. જો તેઓ ઓળખી ગયાં હોત કે સામે પરબ્રહ્મ છે તો શક્તિનો પ્રયોગ કરવાનું પ્રયોજન ન હતું. પણ ગર્વથી લિપ્ત દેવોમાં આવેલ ઘમંડ તે 'યુદ્ધ અમે અમારા મહિમાથી જ જીત્યા' – આને કારણે અગ્નિ પરાબ્રહ્મનું સ્વરૂપ જ ઓળખી શક્યો નહીં. બ્રહ્મનું પ્રયોજન પણ અહીં ગર્વહરણ કરવાનું જ હતું, માટે અગ્નિદેવતા સામે માત્ર એક તણખલું જ મૂક્યું આ ભાવ આ વાર્તામાંથી વ્યક્ત થાય છે.

બીજી રીતે વિચાર કરીએ તો બાહ્ય સૃષ્ટિમાં જે અગ્નિ છે, તે શરીરમાં વાણી છે. ઐતરેય ઉપનિષદ 1-4 માં કહ્યું છે કે અગ્નિ વાણી બનીને મુખમાં પ્રવેશ કરે છે. **अग्निर्वाग्भूत्वा मुखं प्राविशत्।** આ વાતનું સ્મરણ કરીએ તો અહીંયાં અગ્નિ શબ્દનો અર્થ વ્યક્તિની **वाक्** શક્તિ એવો લેવો જોઈએ. આવી સૂચના આપવા માટે અગ્નિનો પર્યાયવાચી શબ્દ **जात-वेद** નો ઉપયોગ કર્યો છે, જેનાથી વેદ બન્યા છે. જેનાથી શબ્દસૃષ્ટિ બની છે તે **वाग्देवी** છે. એટલે કે અગ્નિ, વાણી અને સરસ્વતીનો આ પ્રકારનો સંબંધ છે. જગતમાં અગ્નિદેવ બ્રહ્મને નથી માની શકતા, બ્રહ્મશક્તિ વગર તેઓ એક તણખલાને પણ બાળી નથી શકતા. માટે જ એ બ્રહ્મશક્તિની સામે પરાજિત થઈ પાછા વળ્યા.

વ્યક્તિની આગ્નેય શક્તિ વાણી પણ આત્માનું વર્ણન નથી કરી શકતી. આત્મા સામે જ્યારે વાણી પહોંચે છે ત્યારે તે કુંઠિત થઈને પાછી ફરે છે. માટે જ આ ઉપનિષદમાં કહ્યું છે કે જ્યાં

વાણી નથી પહોંચતી (મંત્ર – 3), પણ જેનાથી વાણી પ્રકાશિત થાય છે (મંત્ર – 4) વગેરે. બીજા ગ્રંથોની અપેક્ષાએ વેદ બ્રહ્મની કલ્પના અધિક સ્પષ્ટતાથી આપે છે, છતાંય જેનું વર્ણન શબ્દોમાં શક્ય નથી, જ્યાં વાચા કુંઠિત થઈ જાય છે, તેનું વર્ણન અચિંત્ય, અતર્ક્ય વગેરે શબ્દોથી વધારે ન હોઈ શકે. જ્યાં શબ્દોમાં જેટલું વ્યક્ત થઈ શક્યું હોય તેટલું વેદોએ કહેલું છે, બાકી બધુ અનુષ્ઠાનથી પ્રાપ્ત કરવાનું હોય છે. આમ, જગતમાં અગ્નિદેવનું અને વ્યક્તિમાં વાગ્દેવીના ગર્વનું હરણ થઈ ગયું.

**अथ वायुमब्रुवन्वायवेतद्विजानीहि, किमेतद्यक्षमिति, तथेति ॥७॥**

**શબ્દાર્થ : अथ**- ત્યારે (દેવોએ) **वायुम्**- હે વાયુ **अब्रुवन्**- કહ્યું **वायो**- હે વાયુ **एतत**- આ **विजानीहि**- જાણી લાવ **किम्**- પણ **एतत्**- આ **यक्षम्**- યક્ષ **इति** એમ તથા- ભલે **इति**- એવું (એણે આદેશનો સ્વીકાર કર્યો)

**ભાષાંતર:** ત્યારે દેવોએ વાયુને કહ્યું કે, 'હે વાયુ, આ યક્ષ કોણ છે તે તું જાણી લાવ'. એણે આદેશનો સ્વીકાર કર્યો.

**तदभ्यद्रवत्तमभ्यवदत्कोऽसीति वायुर्वा अहमस्मीत्यब्रवीन्मातरिश्वा वा अहमस्मीति ॥८॥**

**શબ્દાર્થ**: **तत्**- તેની(બ્રહ્મની) પાસે **अभ्यद्रवत्**- સત્વરે ગયાં **तम्**- તેને **अभ्यवदत्**- પૂછ્યું **कः**- કોણ **असि**- તું છે **इति**- એમ **वायुः**- વાયુ **वा**- અને **अहम्**- હું **अस्मि**- છું **इति**- એમ **अब्रवीत्**- જવાબ આપ્યો/કહ્યું **मातरिश्वा**- માતરિશ્વા **वा**- પણ **अहम्**- હું **अस्मि**- છું **इति**- એમ

**ભાષાંતર :** વાયુ બ્રહ્મની પાસે સત્વરે ગયાં ત્યારે બ્રહ્મએ તેને પૂછ્યું કે, 'તું કોણ છે?' તેમણે જવાબ આપ્યો કે, 'હું વાયુ છું અને મને માતરિશ્વા પણ કહે છે'.

**तस्मिँस्त्वयि किं वीर्यमित्यपीदं सर्वमाददीय यदिदं पृथिव्यामिति ॥९॥**

**શબ્દાર્થ : तस्मिन् त्वयि**- તારી પાસે **किम्**- કઇ **वीर्यम्**- શક્તિ **इति**- છે **अपि**- અને **इदम्**- આ **सर्वम्**- બધું **आददीय**- ઉડાડી શકું છું/ગ્રહણ કરી શકું છું **यद् इदम्**- જે કંઈ પણ **पृथिव्यामम्**- પૃથ્વી પર **इति**- છે તે

**ભાષાંતર :** બ્રહ્મએ તેને પૂછ્યું કે, 'તારામાં શું શક્તિ છે?' વાયુ એ જવાબ આપ્યો કે, 'જે કંઈ પણ પૃથ્વી પર છે તે તમામને હું ઉડાડી શકું છું'.

**तस्मै तृणं निदधावेतदादत्स्वेति तदुपप्रेयाय सर्वजवेन तन्न शशाकाऽऽदातुं स तत एव निववृते नैतदशकं विज्ञातुं यदेतधक्षमिति ॥१०॥**

**શબ્દાર્થ** : **तस्मै**- તેમની સામે **तृणम्**- તણખલું **निदधौ**- રાખ્યું/ મૂક્યું **एतत्**- અને એને **आदत्स्व इति**- ઉડાડી દે/ ગ્રહણ કર તત્- તેની **उपप्रेयाय**- પાસે જઈને **सर्वजवेन**- પૂરું જોર લગાવ્યા છતાં પણ **तत्**- તેને **न शशाक आदातुम्**- ઉડાડી શક્યા નહીં **स**- તે **ततः**- ત્યાંથી **एव**- જ **निववृते**- પાછા વળ્યા **न एतत्- अशकम् विज्ञातुम्**- આ(યક્ષ)ને જાણવામાં હું અસમર્થ થયો છું **यत्**- જે **एतत्**- આ **यक्षम्**- યક્ષ **इति**- છે તે

**ભાષાંતર :** બ્રહ્મએ તેમની સામે એક તણખલું રાખ્યું અને તેને ઉડાડવા કહ્યું. વાયુ તેની પાસે ગયા, પણ પૂરું જોર લગાવ્યા છતાં પણ તેને ઉડાડી શક્યા નહીં. ત્યારે તે પણ પાછા વળ્યા અને દેવોને કહ્યું કે આ યક્ષ કોણ છે તે જાણવામાં હું અસમર્થ થયો છું.

**વ્યાખ્યા – (7 થી 10 ) વાયુગર્વહરણ**

અગ્નિના જેવી જ કથા વાયુની છે. અગ્નિ જ્યારે દેવો દ્વારા યક્ષરૂપી બ્રહ્મ પાસે મોકલાવાયા ત્યારે એક ક્ષણ તો અગ્નિને અહંકાર આવ્યો જ હશે કે બધા દેવોમાં તેઓ પસંદગી પામ્યા, પણ અસમર્થ થઈને પાછા ફર્યા. જ્યારે અગ્નિ લક્ષને જાણ્યા વગર પાછા આવ્યા, ત્યારે દેવોએ વાયુ દેવને કહ્યું કે તમે જઈને જાણી લાવો કે આ તત્ત્વ જે દેખાય છે તે કોણ છે. અગ્નિના અનુભવમાંથી પાઠ શીખ્યા વગર જ વાયુદેવ પણ અભિમાનપૂર્વક પોતાના સ્થાનેથી ઊઠ્યા અને સત્વરે જ યક્ષ પાસે ગયા, પણ જેવા પહોચ્યા તે કાંઈ ન બોલી શક્યા. ત્યારે યક્ષે પૂછયું કે તમે કોણ છો? વાયુ કહે છે કે, 'હું પ્રસિદ્ધ વાયુ છું'. વાયુ શબ્દને સમજીએ તો **वाति इति वायुः** - જે વાય છે તે વાયુ છે. વાયુ આગળ કહે છે કે તે માતરિશ્વા તરીકે પ્રખ્યાત છે, કારણ આકાશમાં તેમની નિર્વિઘ્ન ગતિ છે. – **मातरि अंतरिक्षे श्वयतीति मातरिश्वा** । (આ અલુક્ તત્પુરુષ સમાસ છે) આ સાંભળીને યક્ષ તેમને તેમનું સામર્થ્ય પૂછે છે. ગર્વથી વાયુ કહે છે કે પૃથ્વી પર જે કાઈ છે તે સર્વને ઉડાડી શકે છે. ત્યારે યક્ષ વાયુની સામે એક તણખલું મૂકે છે. કદાચ અગ્નિની સામે જે મૂકેલું એ તણખલું હજુ ત્યાં જ પડ્યું હશે. એ યક્ષે વાયુને બતાવ્યું અને કહ્યું કે તમે ખાલી આને ઉડાડીને બતાવો. તણખલાને જોઈને વાયુને થયું હશે કે આમા શું? પણ સામાન્ય જોરથી ન ઉડવાથી વાયુને પૂરા જોશથી બધો જ પ્રયત્ન કરવો પડ્યો. પણ તણખલું સહેજે હલ્યું પણ નહીં. શરમથી વાયુદેવનું માથું ઝૂકી ગયું, ત્યાંથી તે દેવો પાસે પાછા ફર્યા અને યક્ષને જાણવા માટે તેઓ અસમર્થ છે એમ કહ્યું.

સાત્વિક દ્રષ્ટિએ જોઈએ તો બ્રહ્મ જગતમાં વાયુ દેવ બ્રહ્મનું જ્ઞાન નથી મેળવી શકતા. તેવી જ રીતે શરીરનાં આંતરિક જગતમાં પ્રાણ પણ આત્મજ્ઞાન નથી પ્રાપ્ત કરી શકતો. ઐતરેય ઉપનિષદ (1.4) કહે છે કે –**वायुः प्राणो भूत्वा नासिके प्राविशत्।** વાયુ પ્રાણ બનીને બંને નાસિકાનાં છિદ્રોમાં પ્રવેશ કરે છે. બાહ્ય વાયુનો અહીંયાં અંશ સ્વરૂપે અવતાર થાય છે. આ પ્રાણ ખૂબ પ્રયત્ન કરવા છતાં પણ આત્માનું જ્ઞાન નથી જાણી શકતો. કેનોપનિષદનો સાતમો મંત્ર આ પ્રાણની વાત કરે છે કે જે પ્રાણથી જીવતું નથી, પણ જેનાથી પ્રાણ ચાલે છે તે બ્રહ્મ છે. માટે કહી શકાય કે આત્મા એ 'પ્રાણનો પ્રાણ' છે. માટે જ બ્રહ્મ

સામેથી પરાજિત થઈને તે પાછો ફરે છે. કારણ કે બ્રહ્મની શક્તિથી જ પ્રાણ અને વાયુ બંને કાર્ય કરે છે. તે આત્મશક્તિ વગર કોઈ કાર્ય કરી શકે નહીં. વાયુ અથવા પ્રાણથી શારીરિક બળ વધારી શકાય છે, પણ આ તાકાત દ્વારા આત્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી. આમ આ આખ્યાન દ્વારા વાયુનું ગર્વહરણ થાય છે.

**अथेन्द्रमब्रुवन्मघवन्नेतद्विजानीहि किमेतद्यक्षमिति तथेति तदभ्यद्रवत्तस्मात्तिरोदधे॥ ११॥**

**શબ્દાર્થ : अथ-** ત્યારે **इन्द्रम्-** ઈન્દ્રને **अब्रुवन्-** કહ્યું કે **मघवन्-** હે મઘવન્ **एतत्-** આ **विजानीहि-** જાણી લાવો **किम्-** કોણ **एतत्-** આ **यक्षम्-** યક્ષ **इति-** છે **तथा-** ભલે **इति-** એમ **तत्-** તે(યક્ષ/બ્રહ્મ)ની **अभ्यद्रवत्-** પાસે સત્વરે ગયા **तस्मात्-** તેની પાસેથી **तिरोदधे-** અંતર્હિત થયાં

**ભાષાંતર :** ત્યારે દેવોએ ઈન્દ્રને કહ્યું કે હે મઘવન્ (ધનસંપન્ન)! તમે જાણી લાવો કે આ યક્ષ કોણ છે? ત્યારે ઈન્દ્ર એ તે વાતનો સ્વીકાર કર્યો અને તેઓ બ્રહ્મની પાસે સત્વરે ગયા, પણ બ્રહ્મ ઈન્દ્રની પાસેથી અંતર્હિત થયાં (છુપાઈ ગયા).

**વ્યાખ્યા: ઈન્દ્રનું ગર્વહરણ**

ઈન્દ્ર એ દેવોના રાજા છે. જ્યારે અગ્નિ અને વાયુ યક્ષને જાણવા અસમર્થ રહ્યા, ત્યારે આ જવાબદારી ઈન્દ્રના માથે આવી પડી. ઈન્દ્ર એ અત્યંત મહાન છે, બળવાન છે. તેને મઘવન્ પણ કહેવામાં આવે છે. જ્યારે દેવો ઈન્દ્ર પાસે જઈને તેમને યક્ષને જાણી લાવવાની વાત કહે છે ત્યારે તે તેમને 'મઘવન્' તેવું સંબોધન કરે છે. દેવોના રાજા તરીકે સંપન્ન હોવાને લીધે દેવોને વિશ્વાસ હતો કે તેઓ આ કાર્યમાં જરૂર સફળ રહેશે. અગ્નિ અને વાયુની જેમ જ આત્મવિશ્વાસ રાખી ગર્વપૂર્વક ઈન્દ્ર વેગભેર યક્ષ પાસે પહોંચે છે, પણ એકાએક યક્ષ ગાયબ થઈ જાય છે. તે અંતર્ધાન થઈ જાય છે. માટે ઈન્દ્રને તેમની સાથે સંવાદ કરવાની તક પણ મળતી નથી. અગ્નિ અને વાયુ સાથે તો યક્ષનો સંવાદ પણ થાય છે પણ ઈન્દ્રને તો એ તક પણ ન મળી.

આદિ શંકરાચાર્યજી કહે છે કે અગ્નિ અને વાયુને પણ પોતપોતાના વિશે અભિમાન તો હતું જ, પરંતુ ઈન્દ્રને તે દેવોનો રાજા હોવાને કારણે ઘણું વધારે અભિમાન હતું. તે સ્વયંને દેવો કરતાં ચઢિયાતા માનતા હતા. દેવો કરતાં વિશેષ હોવાને કારણે જ તે તેમના રાજા છે, તેવું ઈન્દ્ર માનતા હતાં. બીજા કરતાં ચઢિયાતા હોવાની લાગણી તે પદ અથવા ઉપાધિ સાથે આવે છે. કદાચ આ અહંકાર જોઈને જ ઈન્દ્રનું અભિમાન પૂરેપૂરું દૂર કરવા માટે જ યક્ષ કદાચ અંતર્હિત થઈ જાય છે. માટે યક્ષ ઈન્દ્ર સાથે સંવાદ પણ નથી કરતા. ઈન્દ્ર નજીક આવતાં જ યક્ષ અદ્રશ્ય થઈ જાય છે.

હવે થોડો તાત્ત્વિક વિચાર કરીએ તો અગ્નિ, વાયુ આદિ દેવોનો અધિપતિ ઈન્દ્ર છે. અહીંયાં શરીરમાં વાણી, પ્રાણ વગેરેનો અધ્યક્ષ મન છે. તો અહીં એમ સમજી શકાય કે મન આત્માને ખોળવા નીકળ્યું પણ તે આત્માને જોઈ ન શક્યું. આ જ ઉપનિષદનાં પાંચમાં મંત્રમાં કહ્યું છે કે જે મનથી મનન નથી કરતું, પણ જેનાથી મન મનન કરે છે તે બ્રહ્મ છે. માટે

જ જેમ મન આત્માનો સાક્ષાત્કાર નથી કરી શકતું તેવી જ રીતે ઈન્દ્ર પણ બ્રહ્મનો અનુભવ નથી પ્રાપ્ત કરી શકતો. જેમ પંચેન્દ્રિયો કરતાં મનની શક્તિ અધિક છે. તેમ અગ્નિ વગેરે દેવો કરતાં ઈન્દ્રની શક્તિ અધિક છે. માટે જ તે આત્માને થોડાક અંશે જાણી શકે છે.

**स तस्मिन्नेवाऽऽकाशे स्त्रियमाजगाम बहुशोभमानामुमां हैमवतीं तां होवाच किमेतद्यक्षमिति ॥१२॥**

**શબ્દાર્થ : स**- તે **तस्मिन्** एव- તે જ **आकाशे**- આકાશમાં **स्त्रियम्**- સ્ત્રી પાસે **आजगाम**- આવ્યા **बहुशोभमानाम्**- અત્યંત સુંદર **उमाम्**- ઉમા **हैमवतीम्**- સુવર્ણ અલંકારોથી ભૂષિત **ताम्**- તેમને હ **उवाच**- પૂછયું **किम्**- કોણ **एतत्**- આ **यक्षम्**- યક્ષ **इति**- છે

**ભાષાંતર :** તે ઈન્દ્ર તે જ આકાશમાં (પ્રગટેલ) સુવર્ણ અલંકારોથી ભૂષિત, અત્યંત સુંદર ઉમા નામની સ્ત્રી પાસે આવ્યા અને તેમને પૂછયું કે આ યક્ષ કોણ છે?

**વ્યાખ્યા: ઉમાદેવીનું પ્રાગટ્ય**

અગ્નિ અને વાયુની નિષ્ફળતા પછી જ્યારે ઈન્દ્ર યક્ષને જાણવા તેમની પાસે ગયા ત્યારે યક્ષ ત્યાંથી અંતર્હિત થઈ ગયા. યક્ષે ઈન્દ્રને નજીકથી દર્શન પણ ન આપ્યા તેમજ સંવાદ પણ ન કર્યો. આમ હોવા છતાં ઈન્દ્ર ત્યાંથી નીકળી ન ગયા. ખરેખર તો આ ઈન્દ્રનું અપમાન જ કહેવાય. છતાંય તે પ્રગટ થયેલાં રૂપને મહત્ત્વનું સમજી ઈન્દ્રે તેનો ગુસ્સો કર્યો નહીં. એમ તો અગ્નિ અને વાયુનું સામર્થ્યહીન થઈને પાછું ફરવું એ તેમનું પણ અપમાન જ કહેવાય. બંને લજ્જિત થઈને પાછા ફર્યા. ઈન્દ્ર સાથે તો યક્ષ મળવા કે વાત કરવા સુદ્ધાં ન રોકાયા છતાંય ઈન્દ્ર ત્યાંથી ચાલ્યા ગયા નહીં; અને પછી તે જ સ્થળે જ્યાંથી યક્ષ ગાયબ થયા હતા, ત્યાં દેવી ઉમા પ્રગટ થયાં. આ બ્રહ્મએ કરેલો master stroke કહેવાય. દેવોનું ગર્વહરણ તો કરવું હતું, પણ પોતાનો મહિમા અને સામર્થ્ય પણ પ્રગટ કરવું હતું. ગાયબ થઈને ઈન્દ્રનું ગર્વહરણ કર્યું અને અહંકાર નાશ થતાં જ સ્વયં બ્રહ્મવિદ્યા ઉમાના સ્વરૂપમાં પ્રગટ થયાં.

ઉમા માટે ઉપનિષદમાં બીજું વિશેષણ આપે છે – **हैमवती** – હૈમવતી એટલે સુવર્ણનાં અલંકારોવાળી કે અલંકારો ધારણ કરેલી તે સ્ત્રી ઉમા બહુ શોભે છે. ઉમાનો અર્થ હિમાલયની પુત્રી તેમ પણ કહી શકાય અર્થાત શિવજીના અર્ધાંગિની એમ પણ થાય. માટે જ ઈન્દ્ર તે દેવી પાસે જઈને યક્ષનો પરિચય પૂછે છે. જેમ કહેવાય છે, "ગુરુ વિના જ્ઞાન નહીં", તેમ ઈન્દ્ર જાણે શિષ્યવૃત્તિનો સ્વીકાર કરી દિવ્ય ઉમા પાસે યક્ષની માહિતી માગે છે. શરણાગતિ વગર બ્રહ્મજ્ઞાન શક્ય જ નથી. જે શિષ્ય વિધિપૂર્વક ગુરુ પાસે જઇ તેમની શરણાગતિ સ્વીકારે છે તેમને ગુરુ પ્રસન્ન થઈ જ્ઞાન આપે છે. (મુંડકોપનિષદ-1.2.12) જ્યારે ઈન્દ્ર નમ્રતાથી ઉમા પાસે જઈને જિજ્ઞાસાપૂર્વક યક્ષના સ્વરૂપના જ્ઞાન માટે પ્રશ્ન પૂછે છે ત્યારે જ તેમને જવાબના સ્વરૂપમાં ઉપદેશ પ્રાપ્ત થાય છે.

આમ, આ ઉમા-હૈમવતી આખ્યાનમાં, બધાં જ ભૂત અને ઈન્દ્રઓ બ્રહ્મ દ્વારા અપાયેલ શક્તિથી જ કાર્ય કરે છે એમ કહેવામાં આવ્યું છે. અહીં વાર્તામાં કહેવામાં આવ્યું છે કે અગ્નિ તણખલાને બાળી શકતો નથી અને વાયુ તેને ઉડાડી શકતા નથી, તો આ વાત અણછાજતી લાગે. સૂક્ષ્મદ્રષ્ટિથી જોઈએ તો અગ્નિ વાયુ વગેરે અણુ – ભૂતના રૂપે હોય ત્યાં સુધી તે અપ્રકટ રહે છે જેમ કે લાકડામાં અગ્નિ અંતર્હિત છે. લાકડું કોઈને બાળી શકતું નથી. પણ જો ઘર્ષણ દ્વારા તેમાં અગ્નિ પ્રગટ થાય તો બધું રાખ કરવાની ક્ષમતા ધરાવે છે. એનો

અર્થ એવો થયો કે પંચમહાભૂતો જયા સુધી સૂક્ષ્મ સ્વરૂપે અને અપ્રકટ રૂપે રહે ત્યાં સુધી તે પોતાનું કર્મ વ્યક્ત નથી કરી શકતા, પણ જ્યારે તે સ્થૂળ કે પ્રગટ રૂપમાં પરિણમે છે ત્યારે તે પોતાનું કર્મ કરી શકે છે. માટે જ આખ્યાયિકામાં વર્ણવેલી આ વાત – આ પંચભૂતો જડ હોવાને કારણે યક્ષરૂપી બ્રહ્મને જાણી શકતા નથી. જે પ્રકારે પંચમહાભૂતો ન તો ઈશ્વરે આપેલી શક્તિ વિના કામ કરે છે કે ન તો એને જાણવા સમર્થ બની શકે છે. એ જ પ્રકારે ઈન્દ્રિયો પણ ઈશ્વરની શક્તિ વિના કામ કરી શકતી નથી અને એની પ્રાપ્તિ માટે માધ્યમ બની શકતી નથી. ઈન્દ્રિયોની શક્તિ અને તેમનું સ્થાન અલગ અલગ છે. જયાં સુધી બન્નેનો તાલમેલ ન હોય ત્યાં સુધી સ્થૂળ ઈન્દ્રિયો કામ નથી કરી શકતી. તેવી જ રીતે ઈન્દ્રિયોથી કોઈ પણ ઈશ્વરને મેળવી શકતો નથી. ઈન્દ્ર ઉમાના ઉપદેશથી બ્રહ્મને જાણી શક્યા. તો ઈન્દ્ર કોણ છે? પાણિનિના અષ્ટાધ્યાયીમાં **इन्द्रस्य लिङ्गम् इन्द्रियम्** - ઈન્દ્ર તે છે જેનું કર્તવ્યનું સાધન ઈન્દ્રિય છે. માટે ઈન્દ્ર શબ્દનો અર્થ જીવાત્મા એમ કહી શકાય. જ્યારે પ્રશ્ન કરીએ કે ઉમા કોણ છે? તો શાંકરભાષ્ય કહે છે, **विद्या उमारूपिणी प्रादुरभूत स्त्रीरूपा**। શંકરાચાર્યજી ઉમાને સ્ત્રી રૂપી વિદ્યા કહે છે. રામાનુજાચાર્ય પણ ઉપનિષદની ટીકામાં **स्त्रियमतिरूपिणी विद्यामाजगाम** એમ કહે છે. એટલે કે સ્ત્રી રૂપી વિદ્યા આવી. આ રીતે બંને આચાર્યો ઉમાને વિદ્યા (બ્રહ્મવિદ્યા) એમ કહે છે. વિદ્યા એટલે બ્રહ્મવિદ્યા એમ અર્થ સમજવો.

## 3.3 તમારી પ્રગતિ ચકાસો.

**1. નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.**

1. યુદ્ધમાં જીતવાને કારણે કોને અહંકાર થયો?

2. દેવોનો અહંકાર દૂર કરવા કોણ પ્રકટ થયું?

3. યક્ષએ સૌ પ્રથમ કયા દેવનો અહંકાર દૂર કર્યો?

4. યક્ષને કેમ પ્રકટ થવું પડ્યું?

5. વાયુને બીજા કયા નામથી પણ ઓળખવામાં આવે છે?

6.અગ્નિ પછી કયા દેવતા પોતાનું સામર્થ્ય બતાવા જાય છે?

7. વાયુએ પોતાના સામર્થ્ય વિષે શું કહ્યું?

_______________________________________________

_______________________________________________

8. યક્ષરૂપી બ્રહ્મએ વાયુની પરીક્ષા લેવા શું કર્યું?

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

**2. યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા ભરો :**

1. અગ્નિને __________નામથી પણ ઓળખવામાં આવે છે
2. ઈન્દ્ર __________ તરીકે પણ પ્રસિદ્ધ છે.
3. ઉમાદેવી માટે ઉપનિષદમાં બીજું વિશેષણ __________ છે.

**3. સંધિ છોડો:**

1. **ऐक्षन्तास्माकमेवायम्** =
2. **विजयोऽस्माकमेवायम्** =
3. **एतद्विजानीहि** =
4. **किमेतद्यक्षमिति** =
5. **तथेति** =
6. **अहमस्मीति** =
7. **तदभ्यद्रवत्तस्मात्तिरोदधे** =
8. **तस्मिन्नेवाऽऽकाशे** =

| એકમ : 4 | ખંડ 4 (બ્રહ્મવિદ્યાચર્ચા) |
|---|---|

:: રૂપરેખા ::

**4.0 ઉદ્દેશ**

**4.1 પ્રસ્તાવના**

**4.2 કેનોપનિષદ ખંડ 4 (બ્રહ્મવિદ્યાચર્ચા)**

**4.3 પ્રગતિ ચકાસો**

## 4.0 ઉદ્દેશ :

- ❖ આ એકમના અભ્યાસ દ્વારા બ્રહ્મવિદ્યાનું મહત્ત્વ અને જ્ઞાન પ્રાપ્ત થશે.
- ❖ ઉપદેશ દ્વારા ગર્વહરણ થઈ બ્રહ્મજ્ઞાન શક્ય છે તેવું સ્પષ્ટ થાય છે.
- ❖ સ્વર્ગલોકમાં પ્રતિષ્ઠિત થવા માટે શું કરવું જોઈએ તેનો નિર્દેશ અહીં કરવામાં આવ્યો છે.

## 4.1 પ્રસ્તાવના :

કેનોપનિષદનો ચોથો ખંડ બ્રહ્મવિદ્યાની ચર્ચા કરે છે દેવોનું ગર્વહરણ કર્યા પછી ઉમાહૈમવતીએ ઈન્દ્રને ઉપદેશ કર્યો. યક્ષ જ બ્રહ્મ છે એવું ઈન્દ્રને જ્ઞાન થયું. આ ઉપદેશમાં બ્રહ્મનાં આધિદૈવ અને અધ્યાત્મ રૂપો વિશે ચર્ચા જોવા મળે છે. અંતે બ્રહ્મવિદ્યાની પ્રતિષ્ઠા, તેના અંગો અને તેના નિવાસ વિશેની ચર્ચા ઉપનિષદમાં જોવા મળે છે. ઉપનિષદકાર એમ કહે છે કે જે કોઈ પણ બ્રહ્મવિદ્યાના કહ્યા પ્રમાણે વર્તે છે, તે સ્વર્ગલોકમાં પ્રતિષ્ઠિત થાય છે.

## 4.2 કેનોપનિષદ ખંડ 4 :

**सा ब्रह्मेति होवाच ब्रह्मणो वा एतद्विजये महीयध्वमिति ततो हैव विदाञ्चकार ब्रह्मेति ।।१।।**

**શબ્દાર્થ : सा**- તે **ब्रह्मेति- ह उवाच**- કહ્યું/ બોલી **ब्रह्मणः**- બ્રહ્મના **वा**- જ **एतत्**- આ **विजये**- વિજયમાં **महीयध्वम् इति**- મહત્ત્વ વધી ગયું છે **ततः**- તેથી **ह एव**- જ **विदाञ्चकार**- જ્ઞાન થયું **ब्रह्म इति**- તે બ્રહ્મ છે

**ભાષાંતર :** તેણે (દેવી ઉમાએ) કહ્યું કે તે યક્ષ બ્રહ્મ છે. બ્રહ્મના વિજયમાં દેવોનું મહત્ત્વ વધી ગયું છે. આમ તે બ્રહ્મ છે એવું ઈન્દ્રને જ્ઞાન થયું.

**વ્યાખ્યા-** ઉમાદેવી દ્વારા ઉપદેશ ઉમા યક્ષના સ્થાને એટલે કે યક્ષ અંતર્હિત થયા પછી તેની જગ્યાએ ઉમા-હૈમવતી પ્રગટ થયાં હતાં, એમનું દર્શન કરતાં જ ઈન્દ્રને ખ્યાલ આવી ગયો કે, તે ખરેખર બ્રહ્મ જ છે. ઉમાદેવીએ ઈન્દ્રના પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું કે, જેના દર્શન માટે તમે અહીંયાં આવ્યા હતા અને જેને જાણવા માંગતા હતા તે બ્રહ્મ છે. દેવોએ જે આ વિજય પ્રાપ્ત કર્યો છે તે ખરેખર બ્રહ્મના કારણે જ. માટે દેવોનું એવું માનવું કે તેમણે સ્વપરાક્રમથી વિજય મેળવ્યો છે તે સાચું નથી. દેવોનું એવું માનવું છે તે તેમનો વિજય છે તે તેમનું મિથ્યાભિમાન છે. વાસ્તવમાં તે પરમાત્માનો વિજય હતો. ઉમાદેવીનાં ઉપદેશથી ઈન્દ્રને જ્ઞાન થયું કે આ બ્રહ્મ છે. ઈન્દ્રને પોતાને જાતે જ સ્વતંત્રતાથી જ્ઞાન ન થયુ. માટે જ્યારે ઉપનિષદો કહે છે કે બ્રહ્મએ ઉપનિષદનો વિષય છે. તેના વગર તેનો સાચો પરિચય મળતો નથી તે અહીંયા સત્ય પરિભાષિત થાય છે. માટે જ આપણી સંસ્કૃતિમાં ગુરુનો મહિમા ગવાય છે અને અહીંયા જ ગુરુની જરૂર પડે છે. ગુરુ મિથ્યાભિમાનને દૂર કરી યથાર્થ જ્ઞાન તરફ શિષ્યને લઇ જાય છે. ઈન્દ્રને યક્ષને જાણવાનું કુતૂહલ થયું, પણ આપમેળે તે તેનું સાચું સ્વરૂપ જોઇ શકયા નહીં. ઉમાદેવીના સ્વરૂપમાં બ્રહ્મવિદ્યાએ ઉપદેશ આપ્યો ત્યારે ઈન્દ્રને બ્રહ્મનું જ્ઞાન થયું.

કેનોપનિષદમાં પહેલા બે ખંડમા જે કહેવામાં આવ્યું છે તે જ અહીં આખ્યાયિકાના રૂપમાં કહેવામાં આવ્યું છે.

**तस्माद्वा एते देवा अतितरामिवान्यान्देवान्यदग्निर्वायुरिन्द्रस्ते ह्येनन्नेदिष्ठं पस्प्रुषुस्ते ह्येनत्प्रथमो विदाञ्चकार ब्रह्मेति ।।२।।**

**શબ્દાર્થ : तस्मात्**- તેથી **वा**- જ **एते**- આ **देवाः**- દેવો **अतितराम् इव**- શ્રેષ્ઠ પુરવાર થયા **अन्यान्**- અન્ય **देवान्**- દેવો કરતાં **यत्**- જ **अग्निः**- અગ્નિ **वायुः**- વાયુ **इन्द्रः**- ઈન્દ્ર **ते हि**- કારણ કે **एनत्**- આ **नेदिष्ठम्**- સમીપ ઊભેલાં **पस्प्रुषु**- જોઇ શકયા/સ્પર્શ કરી શક્યાં **ते हि**- કારણ કે **एनत्**- એને **प्रथमः**- સૌથી પહેલાં **विदाञ्चकार**- જાણ્યું **ब्रह्म इति**- આ બ્રહ્મ છે

**ભાષાંતર :** તેથી જ આ દેવો અન્ય દેવો કરતાં શ્રેષ્ઠ પુરવાર થયા. કારણ કે અગ્નિ, વાયુ, ઈન્દ્ર આ દેવો જ તેમની સમીપ ઊભેલા બ્રહ્મને જોઇ શકયા અને તેમણે જ સૌથી પહેલાં 'આ બ્રહ્મ છે' એમ જાણ્યું.

**तस्माद्वा इन्द्रोऽतितरामिवान्यान्देवान्स ह्येनन्नेदिष्ठं पस्पर्शं स ह्येनत्प्रथमो विदाञ्चकार ब्रह्मेति ।।३।।**

**શબ્દાર્થ : तस्मात्** તેથી **वा**- જ **इन्द्रः**- ઈન્દ્ર **अतितराम् इव**- શ્રેષ્ઠ છે **अन्यान्**- અન્ય **देवान्**- દેવો કરતાં **स**- **हि**- કારણ કે **एनत्**- આ **नेदिष्ठम्**- સમીપ ઊભેલાં **पस्प्रुषु**- જોઇ શકયા/સ્પર્શ કરી શક્યા **ते हि**- કારણ કે **एनत्**- એને **प्रथमः**- સૌથી પહેલાં **विदाञ्चकार**- જાણ્યું **ब्रह्म इति**- આ બ્રહ્મ છે

**ભાષાંતર :** તેથી ઈન્દ્ર અન્ય દેવો કરતાં શ્રેષ્ઠ છે. કારણકે તે તેની પાસે રહેલ બ્રહ્મને જોઇ શક્યા અને તેણે જ આને 'આ બ્રહ્મ છે' એવું સૌથી પહેલા જાણ્યું.

**વ્યાખ્યા (2 અને 3)**

આ આખ્યાયિકાને પૂર્ણ કરતાં ઉપનિષદના ઉકત મંત્રમાં ખુલાસો કર્યો છે કે, અગ્નિ, વાયુ અને ઈન્દ્ર અન્ય દેવ(પંચભૂતો કે ઈન્દ્રિયોથી) અલગ પડે છે, કારણકે તેઓ બ્રહ્મની સમીપ જઈ શકયા અને આ ત્રણેમાં ઈન્દ્રને સૌથી પહેલાં બ્રહ્મની જાણ થઈ માટે શ્રેષ્ઠતા મળી.

અહીં પ્રશ્ન ઉદ્‌ભવી શકે કે અગ્નિ, વાયુ અને ઈન્દ્ર જ કેમ? બીજા કોઈ કેમ નહીં? દરેક દેવતાને ખાસિયત છે. અગ્નિ કે તેજ, ગરમી, વેગ કે ગતિનો કારક છે. અગ્નિ શબ્દ **अगि** ધાતુથી બન્યો છે, જેનો અર્થ છે ગતિ. ઋગ્વેદનો પ્રારંભ અગ્નિ સૂક્તથી થાય છે. શતપથબ્રાહ્મણમાં અગ્નિને (**रक्षता अपहन्ता**) કીટનાશક કહ્યા છે. આકાશમાં અગ્નિના વિદ્યમાન સ્વરૂપ સૂર્યથી સંપૂર્ણ જગત તેજોમય બની જાય છે. સૂર્યના પ્રકાશને જ કારણે થતા ફાયદાથી આપણે અનભિજ્ઞ નથી. સૂર્ય પણ અગ્નિનો દ્યોતક છે. આવી જ રીતે, વાયુનો પ્રભાવ માનવીના શરીર પર ચોક્કસપણે જોવા મળે છે. વાયુ માનવના શરીરમાં અલગ અલગ નામોથી વિચરણ કરે છે. પ્રાણવાયુને કારણે જડ શરીરમાં ચેતનતત્ત્વ ફૂંકાય છે. પ્રાણશક્તિને કારણે જ શરીર તમામ કાર્ય કરી શકે છે. માટે અગ્નિ અને વાયુ દેવની પસંદગી અહીં યોગ્ય જ લાગે છે. ઈન્દ્રને અહીં શ્રેષ્ઠતમ બતાવાયો છે. અગ્નિ અને વાયુ પંચમહાભૂતોનાં અંગ હોવાથી જડ છે. તેનામાં ચેતનાનો અભાવ છે, પરંતુ ઈન્દ્ર (જીવાત્મા) ચેતન વસ્તુ છે. માટે આ મંત્રમાં જીવે સૌથી પહેલાં બ્રહ્મને જોયું અને દેવોએ બ્રહ્મની મદદથી જ દેવત્વ પ્રાપ્ત કર્યું.

અગ્નિ, વાયુ અને ઈન્દ્ર, આ ત્રણ દેવો યક્ષ(બ્રહ્મ)ની સમીપ ગયા. તેમાં પણ યક્ષ તિરોહિત થતાં અને તેના સ્થાને પ્રગટ થતાં ઉમા હૈમવતી દેવીનું સુંદર સ્વરૂપ બધા દેવોએ જોયું, પરંતુ અગ્નિ, વાયુ અને ઈન્દ્રએ તેમના અત્યંત નજીકથી દર્શન કર્યા. તેમાં પણ અગ્નિ અને વાયુને યક્ષ સાથે વાર્તાલાપ કરવાની તક મળી. જ્યારે ઈન્દ્રને યક્ષનો પરિચય મેળવવાની તક મળી. માટે આ ત્રણે દેવતાઓ બીજા બધા દેવો કરતાં ચઢિયાતા બની ગયા.

અગ્નિ અને વાયુને યક્ષનો બ્રહ્મ તરીકે પરિચય થયો તે ઈન્દ્રને કારણે, પરંતુ ઈન્દ્રને સાક્ષાત બ્રહ્મવિદ્યા સ્વરૂપિણી ઉમાદેવીના ઉપદેશથી થયો. આમ, બધા દેવોમાં ઈન્દ્ર શ્રેષ્ઠ બને છે. કારણ મન દ્‌વારા બ્રહ્મનો સ્પર્શ અને બ્રહ્મ તરીકેનો સાક્ષાત્કાર અને જ્ઞાન ઈન્દ્રને થયું. ગુરુ સમા ઉમાદેવી પાસેથી બ્રહ્મનું જ્ઞાન ઈન્દ્રને થાય છે. આમ, આ આખ્યાયિકામાંથી ગુરુનો મહિમા પણ પ્રગટ થાય છે.

**तस्यैष आदेशो यदेतद्विद्युतो व्यद्युतदा३ इतीन्न्यमीमिषदा३ इत्यधिदैवतम् ।।४।।**

**શબ્દાર્થ : तस्य-** તે (બ્રહ્મ)નો **एषः-** આ **आदेशः-** આદેશ **यत्-** કે **एतत्-** આ **विद्युत-** વીજળીનું **व्यद्युतद् आ-** ચમકવું **इत्-** અને **न्यमीमिषद्-** આંખના પલકારા જેવું **इति-** આ **अधिदैवतम्-** અધિદૈવત સ્વરૂપ છે

**ભાષાંતર :** તે બ્રહ્મનો આદેશ છે જે આ વીજળીનુ ચમકવું અને આંખના પલકારા જેવું (ખોલબંધ થવું) તે બ્રહ્મનું અધિદૈવત સ્વરૂપ છે અથવા આ પ્રકારે અધિદેવતા(દેવતા વિષયક) બ્રહ્મનો ઉપદેશ છે.

**વ્યાખ્યા :** આ મંત્રમાં બ્રહ્મના સ્વરૂપ સંદર્ભે ઉપદેશ કરવામાં આવેલ છે. જે તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોય તે વિશે જાણવું જરૂરી હોય છે. પછી જ તેને પામી શકાય છે. આ વિચારથી જ અહીં આ સુંદર ઉપદેશ આપવામાં આવ્યો છે.

બ્રહ્મ એમ તો સ્વયંપ્રકાશી છે. તે પ્રકાશ માટે બીજા કોઈ પર આલંબન રાખતો નથી, પણ બ્રહ્મનું સ્વરૂપ પામવું બહુ અઘરું બને છે. માટે આ મંત્રમાં વીજળીનો ચમકારો અને આંખોની રોશની /જ્યોતિ અને પાંપણનો પલકારો અને પ્રભુનો આદેશ બતાવવામાં આવ્યો છે. વીજળી જેમ એક ક્ષણમાં ચમકીને, જગતને ચકાચોંધ કરીને ગાયબ થઈ જાય છે તેવું જ બ્રહ્મનું સ્વરૂપ છે. વીજળીની ચમક છે તે આ જગતની બધી જ જ્યોતિઓની દ્યોતક છે. આંખમાં પણ દ્રષ્ટિરૂપી જ્યોતિ જ છે. માટે જ ઉપનિષદો અસત્યમાંથી સત્ય તરફ અને મૃત્યુમાંથી અમૃતત્ત્વ તરફ જવા પ્રેરે છે.

**असतो मा सद्गमय, तमसो मा ज्योतिर्गमय, मृत्योर्मा अमृतं गमयेति ।।**

(બૃહદારણ્યક ઉપનિષદ 1.2.28)

આ બ્રહ્મનું અધિદૈવિક સ્વરૂપ છે એમ ઉપનિષદ કહે છે. જેમ વીજળી ચમકીને અદ્રશ્ય થાય છે તેવી રીતે તે અહીંયા ઉમાહૈમવતી આખ્યાનમાં યક્ષસ્વરૂપે બ્રહ્મ પ્રકટ થાય છે, ઝળહળે છે ચમકે છે અને ઈન્દ્ર જેવા તેની સમીપ જાય છે કે તે અદૃશ્ય થઈ જાય છે. વીજળીના ચમકારાની જેમ બ્રહ્મ ચમકે છે અને અદ્રશ્ય થઈ જાય છે. અહીં બ્રહ્મના પ્રકટ થઈને અદ્રશ્ય થવા માટેનો બીજું સુંદર દ્રષ્ટાંત પણ આપવામાં આવેલ છે. જેમ આંખ ખુલે અને બંધ થાય છે એટલે કે આંખનો પલકારાની ઝડપ સમું બ્રહ્મ પ્રગટ થઈને અદ્રશ્ય થઈ જાય છે.

આમ, અહીંયાં બે ઉપમાઓ આપવામાં આવી છે.

(1) જેમ વીજળીનો ચમકારો એકી સાથે સમગ્ર વિશ્વને વ્યાપ્ત કરી દે છે તેવી જ રીતે પરમાત્મા સ્વયં પ્રકાશી છે તે એકી સાથે સમગ્ર વિશ્વને વ્યાપ્ત કરી દે છે.

(2) જેવી રીતે કોઈપણ પ્રયત્ન વગર આંખનો પલકારો ઝડપથી થાય છે તેવી જ રીતે પરમાત્મા પોતાના સર્જન વગેરે કાર્ય આંખના પલકારાની ગતિથી સંપન્ન કરે છે. આ અધિદૈવત રૂપ છે.

**अथाध्यात्मं यदेतद्गच्छतीव च मनोऽनेन चैतदुपस्मरत्यभीक्ष्णं संकल्पः ।।५।।**

**શબ્દાર્થ :** **अथ**- હવે **अध्यात्मम्**- અધ્યાત્મ **यत्**- જે **एतत्**- આ(બ્રહ્મ)ની સમીપ **गच्छति इव**- જાય છે **च**- અને **मनः**- મન **अनेन**- આ(મન) વડે **च**- અને **एतत्**- આ(બ્રહ્મ)નું **उपस्मरति**- સમીપથી સ્મરણ કરે છે **अभीक्ष्णम्**- વારંવાર **संकल्पः**- સંકલ્પ કરે છે.

**ભાષાંતર :** હવે અધ્યાત્મ કહે છે કે જે આ મન બ્રહ્મની સમીપ જાય છે અને આ મન વડે બ્રહ્મનું સમીપથી સ્મરણ કરે છે અને વારંવાર સંકલ્પ કરે છે.

**વ્યાખ્યા :** અધિદૈવ ઉપદેશ પરથી હવે આધ્યાત્મિક ઉપદેશ આપે છે. બ્રહ્મનું જ્ઞાન કેમ થાય તેના વિશેનું ચિંતન અહીં પ્રકટ કર્યું છે. બ્રહ્મ તરફ મનને લઈ જઈને બ્રહ્મનું જ સતત સ્મરણ કરવાની વાત અહીં કરી છે. સતત સ્મરણ એટલે જ નામ સ્મરણ, વારંવાર ચિંતન એટલે જ મનન કે પછી યોગસૂત્રમાં પતંજલિએ કહ્યા પ્રમાણે **'तज्जपत्तदर्थभावनम्'** - યોગસૂત્ર એટલે કે

સતત તેનો જાપ કરવો અને વારંવાર જાપ કરતાં રહેવું એવો મનનો સંકલ્પ કરવો. સંકલ્પશક્તિ મનની જ છે. તર્ક સંગ્રહકાર અન્નં ભટ્ટના કહ્યા પ્રમાણે **सङ्कल्पविकल्पात्मकं मनः।**

મનની બે શક્તિઓ છે. (1) સંકલ્પ અને (2) વિકલ્પ મનથી સંકલ્પ કરીને મન વડે જ બ્રહ્મનુ સ્મરણ કર્યા કરવું તેમ આ મંત્ર આધ્યાત્મિક ઉપદેશ આપે છે. અધ્યાત્મ એટલે અધિ + આત્મા =આત્માની અંદર, આત્મામાં જે રહે છે તે, આત્મામાં જેનો વાસ છે તે. બ્રહ્મ આત્મસ્વરૂપ છે. આથી, મન વારંવાર બ્રહ્મનું સમીપથી સ્મરણ કરે છે. મન બ્રહ્મના વિષયમાં સ્મરણ કરે છે કે વારંવાર સ્મરણમાં મન પડે તો મન ફરી સંકલ્પ કરે છે. મનમાં સંકલ્પવૃત્તિ વગેરે જે કાંઈ જન્મે છે તેના દ્વારા બ્રહ્મ વ્યક્ત થાય છે. એટલે એમ જોતાં મનમાં અભિવ્યક્ત થાય છે. આમ, આ બ્રહ્મનો અધ્યાત્મક આદેશ છે.

**तद्ध तद्वनं नाम तद्वनमित्युपासितव्यं स य एतदेवं वेदाभि हैनं सर्वाणि भूतानि संवाञ्छन्ति।।६।।**

**શબ્દાર્થ : तत्**- તે (બ્રહ્મ) **ह**- જ **तद्वनम्**- તદ્વન **नाम**- નામથી **तद्वन**- તદ્વન **इति**- એમ **उपासितव्यम्**- ઉપાસના કરવા યોગ્ય છે **सः**- તે **यः**- જે **एतत्**- આ **एवम्**– પ્રકારે **वेद**- જાણે છે **ह**- ખરેખર **एनम्**- તેને **सर्वाणि**- બધાં **भूतानि**- પ્રાણીઓ **संवाञ्छन्ति**- ચાહે છે/ પ્રેમ કરે છે.

**ભાષાંતર** : તે બ્રહ્મ જ ઉપાસનીય હોવાથી ‘તદ્વન’ નામથી જાણીતું છે. માટે જ તે ઉપાસના કરવા યોગ્ય છે. જે આ પ્રકારે જાણે છે તેને બધાં પ્રાણીઓ ચાહે છે, પ્રેમ કરે છે.

**વ્યાખ્યા** : જે કોઈ બ્રહ્મને ઉપાસ્ય સમજી ઉપાસના કરે છે તેને પ્રાણી માત્ર પ્રેમ કરે છે. બ્રહ્મને ‘તદ્વન’ એમ અહીંયા સંબોધવામાં આવ્યું છે. **तस्य वनं तद्वनम्**- તેનું વન એટલે ‘તદ્વન’ – આ તત્પુરુષમાંથી બન્યો છે. ‘**वन्**’ ધાતુથી વન શબ્દ બન્યો છે, જેના બે અર્થ થાય છે, અવાજ કરવો અને સારી રીતે ભક્તિ/સેવા/આરાધના કરવી. બ્રહ્મ એ બધાં જ પ્રાણીઓનું ઉપાસ્ય હોવાના કારણે તે પ્રેમનું પાત્ર છે. ઉપાસકના હૃદયમાં ઉપાસ્ય માટે જયાં સુધી પ્રેમ ખીલતો નથી ત્યાં સુધી તે ઉપાસકના હૃદયને ઉદાર બનાવતો નથી. પ્રેમથી ભરપૂર હૃદયમાં પ્રાણીમાત્ર, જીવમાત્રમાં કલ્યાણની ભાવના સિવાય કોઈ બીજો ભાવ જ ન હોય તે વ્યક્તિમાં ‘**वसुधैवकुटुम्बकम्**’ ની ભાવના, કરુણા અને પ્રેમ જાગૃત થાય છે. તે વ્યક્તિમાં માનવીયતા પ્રગટ થાય છે.

ઉપનિષદના આ મંત્રમાં ‘**सः य एतद् एवं वेद**’ જે વ્યક્તિ આવી જાણકારી રાખે છે એવું સમજવાની જાણકારી સાથે એમાં આચરણ પણ નિહિત કરવું યોગ્ય છે. માત્ર જ્ઞાન હોવાથી કે કર્મ ન કરવાથી કોઈ બ્રહ્મને પામી શકતું નથી. તેમાં આચરણ હોવુ જરૂરી છે. આ મંત્રમાં ઉપાસનાના માર્ગની વાત કરી છે અને કહ્યા પ્રમાણે ઉપાસના કરે છે તે પરમને પામવા યોગ્ય બને છે. જ્યાં સુધી મન કોઈ સંકલ્પ કરી નથી લેતું ત્યાં સુધી મનન, ચિંતન કે ધ્યાન શક્ય નથી. અહીં કહેવામાં આવ્યું છે કે, બ્રહ્મ વંદનીય છે, ભજનીય છે તે જ રીતે જો ઉપાસના કરે છે તે પોતે બધા માટે વંદનીય બને છે.

**उपनिषदं भो ब्रूहीत्युक्ता त उपनिषद्ब्राह्मीं वाव त उपनिषदमब्रूमेति ।।७।।**

**શબ્દાર્થ : उपनिषदम्**- ઉપનિષદનો **भो** હે (આચાર્ય) **ब्रूहि**- ઉપદેશ કરો **इति**- આમ **उक्ता**- કહ્યું **त**- તને **उपनिषद्**- ઉપનિષદ **ब्राह्मीम्**- બ્રહ્મજ્ઞાન વિષયક **वाव**- નિશ્ચિતપણે **त**- તને **उपनिषदम्**- ઉપનિષદ **अब्रूम**- કહ્યું છે **इति**- એમ

**ભાષાંતર :** હે (આચાર્ય) (મને) ઉપનિષદનો ઉપદેશ કરો. આમ (શિષ્યએ કહ્યું) (ત્યારે ગુરુજીએ કહ્યું) તને ઉપનિષદનો ઉપદેશ કર્યો છે. નિશ્ચિતપણે તને બ્રહ્મજ્ઞાન વિષયક ઉપનિષદ મેં કહ્યું છે.

**વ્યાખ્યા - ઉપનિષદનો ઉપદેશ અપાઇ ગયો**

ગુરુ-શિષ્ય વચ્ચેનો સંવાદ અહીંયા સ્પષ્ટ થાય છે. જ્યારે શિષ્ય તેના ગુરુને પ્રશ્ન પૂછે છે કે, 'હે ગુરુ! તમે મને ઉપનિષદનો ઉપદેશ કરો, ત્યારે તેઓ તે સમયે નિશ્ચિતપણે કહે છે કે તે ઉપદેશ અપાઇ ગયો છે.

આમ તો બ્રહ્મનો સંદેશ આ ખંડમાં ચોથા મંત્રથી જોવા મળે છે. તો પ્રશ્ન એમ થાય છે કે અટાણે આવીને શિષ્યને ગુરુને ઉપનિષદનો ઉપદેશ કરવા પાછળનો પ્રશ્ન પૂછવાની શી જરૂર વર્તાઈ? શું એવું હોઇ શકે કે આગળ કહેલો ઉપદેશ સાંભળવા છતાંય શિષ્યને સમજાયો નહીં હોય. કે પછી પ્રશ્ન પૂછવા પાછળ બીજું શું કારણ હશે? અહીં આ પ્રશ્ન પાછળ માત્ર એક જ પ્રયોજન દેખાય છે. તે એમ કે આ પૂછવાથી શિષ્યને ખ્યાલ આવે કે ગુરુનો ઉપદેશ પૂરો થયો કે નહીં. ત્યારે ગુરુજી જડતાથી કહે છે કે તેણે પૂરેપૂરો ઉપદેશ અપાઇ ગયો છે. મંત્રના ભાષ્યમાં શંકરાચાર્ય કહે છે કે શિષ્ય પૂછી રહ્યો છે કે આગળ જે ઉપનિષદ કહેવાઈ ગયું છે તેમાં કાંઇ શેષ બચે છે? કે તેમાં કોઇ સહકારી સાધનોની અપેક્ષા છે? કે તે નિરપેક્ષ જ કહેવાય છે? એટલે કે બ્રહ્મવિદ્યાને કોઇ સહાયકની જરૂર ખરી કે નહીં? શિષ્ય કહી કહ્યો છે કે હે આચાર્ય બ્રહ્મવિદ્યાનો જે ઉપદેશ તમે કર્યો છે તેમાં કાંઇ બાકી રહી ગયું હોય તો તે આપ કહો. અને ગુરુજીના આ વચનોથી '**उक्ता ते उपनिषद्**' શિષ્યોને સંતોષ થાય છે કે બ્રહ્મ વિશે ગુરુ પાસેથી બધું જાણી લીધું છે અને વધારે હવે કઇ સમજવાનું રહેતું નથી.

**तस्यै तपो दमः कर्मेति प्रतिष्ठा वेदाः सर्वाङ्गानि सत्यमायतनम् ।।८।।**

**શબ્દાર્થ : तस्यै**- તે (બ્રહ્મવિદ્યા) માટે **तपः**- તપ **दमः**- દમ **कर्मः**- કર્મ **इति**- એમ **प्रतिष्ठा**- પ્રતિષ્ઠા છે **वेदाः**- વેદો **सर्व**- સર્વ **अङ्गानि**- સર્વ અંગો **सत्यम्**-સત્ય **आयतनम्**- નિવાસ

**ભાષાંતર :** તે (બ્રહ્મવિદ્યા) માટે તપ, દમ અને કર્મ સાધનો છે. અંગ સહિતના વેદ તેની પ્રતિષ્ઠા (આધાર) છે અને સત્ય તેનું આયતન (નિવાસ) છે.

**વ્યાખ્યા** : આ મંત્રમાં બ્રહ્મવિદ્યાના સાધનોની વાત કરી છે. તપ, દમ અને કર્મ; આ ત્રણ સાધનો પર જે આચરણ કરે છે તે જ બ્રહ્મવિદ્યાને મેળવી શકે છે. ચાર વેદ ઋગ્વેદ, યર્જુવેદ, સામવેદ અને અથર્વવેદ અને છ અંગો – શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુકત, છંદ અને જયોતિષ તે બ્રહ્મવિદ્યાની પ્રતિષ્ઠા છે અથવા તો તે બ્રહ્મવિદ્યાના અંગ છે અને તે સત્યમાં જ નિવાસ કરે છે, એટલે સત્ય જ તેનું નિવાસસ્થાન છે.

ધર્મથી આચરણ કરતી વખતે પહેલાં કષ્ટોને સહન કરવાં એટલે તપ. **तपः कायेन्द्रियमनसां समाधानम्।** – શરીર, ઈન્દ્રિય અને મનના સમાધાનને તપ કહે છે. સમાધાન એટલે અનુકૂળતા. સામાન્ય અર્થમાં તપ એટલે ઈન્દ્રિયને એમના વિષયોપભોગથી દૂર રાખવા, સંયમને મેળવવા માટે જે કરવામાં આવે તે તપ. **दमः उपशमः।** ઈન્દ્રિયોના નિગ્રહને દમ કહેવાય છે. જેથી તે કોઈ અનુચિત કાર્ય ન કરી શકે. વિષયોથી નિવૃત થવું એ દમ છે. અહીં તપશ્ચર્યામાં જ ઈન્દ્રિયનિગ્રહનો ભાવ આવી જાય છે. માટે 'દમ'નો અર્થ અહીં 'ઉપશમ' એવો કરવામાં આવ્યો છે. વિષયોમાં રહેલા દોષનું દર્શન કરાવીને મનને તે વિષયોમાં થતી પ્રવૃત્તિમાંથી રોકવું જોઈએ. બ્રહ્મવિદ્યા માટે જે કરવામાં આવે તે કર્મ. કર્મ સકામ પણ હોઈ શકે અને નિષ્કામ પણ. પણ અહીંયા બ્રહ્મવિદ્યાનો પ્રાપ્તિ માટે કરવામાં આવેલું કર્મ છે તેને નિષ્કામ કર્મ સમજવું કારણકે સકામ કર્મથી વાસનાની ઉત્પત્તિ થાય છે. કર્મનો અર્થ કર્તવ્ય પણ થાય. જ્યારે કર્મમાં યજ્ઞ, યાગ, દાન ઈત્યાદિનો સમાવેશ થઈ જાય. તપ, દમ અને કર્મથી અંતઃકરણની શુદ્દિધ થતી હોય છે અને બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ માટે તે ખૂબ જરૂરી છે. પતંજલિ મુનિએ તપસ્ ને ક્રિયાયોગમાં સ્થાન આપ્યું છે. જયાં તે કહે છે તપઃ **स्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः।** (યો.સૂ. 2.43) એટલે કે તપથી અશુદ્દિધનો ક્ષય થાય છે અને શરીર અને ઈન્દ્રિય પર સિદ્દિધ મેળવાય છે. એટલે અશુદ્દિધનો ક્ષય થવો જરૂરી છે. પછી જ શરીર અને ઈન્દ્રિય પર નિયંત્રણ મેળવી શકાય છે. અંતઃકરણમાં નિર્માણ પામતી રાગ-દ્વેષ રૂપી અશુદ્દિધઓનો નાશ થયા વગર બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ શક્ય નથી. માટે ભગવદ્ગીતાના સોળમાં અધ્યાયમાં દૈવી અને આસુરી સંપતિ બ્રહ્મવિદ્યાને પામવા માટે અવરોધરૂપ ગણાવી છે.

ઋગ્વેદ, યર્જુવેદ, સામવેદ અને અથર્વવેદ, આ ચારેચાર વેદો અને તેમનાં છ અંગો સહિત કર્મ અને જ્ઞાનનું પ્રકાશન કરે છે. માટે વેદ અને વેદાંગ બંને બ્રહ્મવિદ્યાની પ્રતિષ્ઠા છે.

સત્ય બ્રહ્મવિદ્યાનું નિવાસસ્થાન છે. સત્ય અત્યંત મહત્ત્વનું સાધન છે. મુંડકોપનિષદમાં પણ કહ્યું છે- **सत्यमेव जयते, नानृतम्** (મું.3.1.5) સત્ય જ જય પામે છે અનૃત (અસત્ય) નહીં. આ આત્મા સત્ય અને તપથી પ્રાપ્ત થાય છે (૩.૧.૫). આ અવસ્થા કાયિક, વાચિક અને માનસિક ત્રણે જગ્યાએ સ્થિર હોવી જોઈએ. વિચાર, વાણી અને વર્તન ઉપર જો સત્યનો પ્રભાવ હોય તો બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ શક્ય છે. મુંડકોપનિષદમાં સત્યના પાલનથી આત્માની પ્રાપ્તિ અથવા દૈવત્વની પ્રાપ્તિ થાય છે એમ કહેવામાં આવ્યું છે એટલે કે સત્ય દ્વારા જ આત્માની પ્રાપ્તિ શક્ય છે. માટે સત્યનું પાલન કરવું જોઈએ. સત્યમાં બ્રહ્મવિદ્યાનો નિવાસ છે. આમ, બ્રહ્મવિદ્યાના સાધન તરીકે તપ, દમ અને કર્મની ચર્ચા કરતાં આ મંત્રમાં વેદ અને વેદાંગોનાં મહત્ત્વનું વર્ણન કરી બ્રહ્મવિદ્યાનું નિવાસસ્થાન સત્યમાં પ્રતિસ્થાપિત કરેલ જોવા મળે છે.

**यो वा एतामेवं वेदापहत्य पाप्मानमनन्ते स्वर्गे लोके ज्येये प्रतितिष्ठति प्रतितिष्ठति।।९।।**

**શબ્દાર્થ : यः**- જે કોઈ **वा**- નિશ્ચયપૂર્વક **एताम्**- આ **एवम्**- પ્રકારે **वेद**- જાણે છે **अपहत्य**- દૂર કરી **पाप्मानम्**- પાપોને **अनन्ते**- અનંત **स्वर्गे लोके**- સ્વર્ગલોકમાં **ज्येये**- શ્રેષ્ઠ **प्रतितिष्ठति प्रतितिष्ठति**- પ્રતિષ્ઠિત થાય છે.

**ભાષાંતર :** જે કોઇ નિશ્ચયપૂર્વક આ બ્રહ્મવિદ્યાને આ પ્રકારે જાણે છે. તે પાપોને દૂર કરી અનંત (અને) મહાશ્રેષ્ઠ (મહાન) સ્વર્ગલોકમાં પ્રતિષ્ઠિત થાય છે (વિરાજે છે).

**વ્યાખ્યા - બ્રહ્મવિદ્યાનું ફળ**

ચોથા ખંડનો આ છેલ્લો મંત્ર બ્રહ્મવિદ્યાના ફળની વાત કહે છે. બ્રહ્મવિદ્યાનાં સાધનોની વાત આગળના મંત્રમાં કરી. અહીં, યક્ષના ઉપાખ્યાન દ્વારા બ્રહ્મવિદ્યાની સ્તુતિ કરવામાં આવી. ઉમા હૈમવતીના ઉપદેશથી ઇન્દ્ર, અગ્નિ અને વાયુ દેવોને બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થાય છે. જેનાથી તે બીજા દેવો કરતાં ચઢિયાતા છે. આમ, આ આખ્યાયિકા બ્રહ્મવિદ્યાને મહાન બતાવે છે.

આ બ્રહ્મવિદ્યાને જે નિશ્ચયપૂર્વક જાણે છે તે વ્યકિતઓનાં સર્વ પાપ નાશ પામે છે. માત્ર એટલું જ નહીં, પણ તે અનંત અને શ્રેષ્ઠ એવા સ્વર્ગલોકને પ્રાપ્ત કરી અમૃતત્ત્વને પ્રાપ્ત કરે છે. આમ, અહીંયાં બ્રહ્મવિદ્યાનું ફળ ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે. સ્વર્ગલોકને અનન્ત અને મહાન એટલા માટે કહ્યું હશે- કારણકે ત્યાં કોઈપણ પ્રકારનું બંધન હોતું નથી. માટે પૂર્ણ રીતે સ્વતંત્ર રહી આનંદમય સ્થિતિનો આસ્વાદ પ્રાપ્ત કરે છે. આ બ્રહ્મવિદ્યા પાપનો નાશ કરે છે. અર્થાત સંસારના બીજમાં રહેલા અવિદ્યારૂપી પાપનો નાશ થાય છે. આ સ્વર્ગલોક તે સામાન્ય નિવાસસ્થાન નથી, પરંતુ પુણ્યના પરિણામે પ્રાપ્ત થયેલું કર્મનું ફળ છે. ભગવદ્ગીતાના નવમા અધ્યાયમાં વર્ણવેલ સ્વર્ગ એક અલ્પકાલિક જગ્યા છે. એટલે પુણ્યક્ષય થતાં સ્વર્ગનું સુખ છોડવું પડે છે.

**ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ।**

**एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभन्ते ।।२१।।**

અહીં ઉપનિષદમાં વર્ણવેલ સ્વર્ગ અનંત છે, મહાન છે, શ્રેષ્ઠ છે માટે જ તેને પ્રાપ્ત કરનારને અમૃતત્ત્વની પ્રાપ્તિ થઇ શકે તેમ કહી શકાય. એટલે કે જ્ઞાનીને અનંત એવા બ્રહ્મમાં-સ્વર્ગમાં પ્રતિષ્ઠત થયા પછી તેનું સંસારમાં પાછું આવવાનું પ્રયોજન જ રહેતું નથી.

આમ, આ બ્રહ્મવિદ્યા બ્રહ્મ પ્રાપ્તિ તરફ લઇ જનારી, અનંતત્વ અને અમૃતત્વ તરફ દોરી જનારી છે. જેનું જ્ઞાન થતાં જ જ્ઞાની જીવનમુકત અવસ્થામાં પહોંચી શકે છે. આ મંત્ર ઉપનિષદના છેલ્લા વાક્ય ફળશ્રુતિ જ જીજ્ઞાસુઓને, જ્ઞાનપિપાસુ સાધકને બ્રહ્મવિદ્યાની ઝંખના કરાવે છે. આ મુખ્ય ફળના કથન સાથે ઉપનિષદની સમાપ્તિ થાય છે.

## 4.3 તમારી પ્રગતિ ચકાસો :

**1. નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ આપો.**

1. કોને બધાં પ્રાણીઓ પ્રેમ કરે છે?

______________________________

______________________________

______________________________

2. ઈન્દ્રને કોણ બ્રહ્મ છે એવું જ્ઞાન થયું?

3. અન્ય દેવો કરતાં ઈન્દ્ર કેમ શ્રેષ્ઠ પુરવાર થયા?

4. બ્રહ્મનું અધિદૈવ સ્વરૂપ શું છે?

5. બ્રહ્મવિદ્યાનાં કયાં સાધનો છે?

6. બ્રહ્મવિદ્યાનાં અંગ કયાં છે?

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

7. બ્રહ્મવિદ્યાને નિશ્ચયપૂર્વક જાણનારને શું પ્રાપ્ત થાય છે?

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

**2. યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા ભરો :**
1. ______ અન્ય દેવો કરતા શ્રેષ્ઠ પૂરવાર થયા.
2. બ્રહ્મવિદ્યાનું નિવાસસ્થાન _____ છે .
3 બ્રહ્મ ઉપાસ્ય હોવાથી ___ નામથી ઓળખાય છે.

**સંદર્ભ ગ્રન્થસૂચિ :**

1. केन उपनिषद्, लेखक- पं. श्रीपाद दामोदर सातवलेकर, भारत मुद्रणालय, स्वाध्याय मंडल- किल्ला पारडी, वलसाड, तृतीय आवृत्ति १९९१

2. કેન ઉપનિષદ, ભાષ્યકાર: મહાત્મા નારાયણ સ્વામી, અનુવાદક: ભૂપેન્દ્ર વેદવ્રત વૈદ્ય, પ્રકાશક: વાનપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન, રોજડ, જિ. સાબરકાંઠા (ગુજરાત) ૩૮૩૩૦૭ પ્રથમ સંસ્કરણ ૨૦૧૦

3. KENA UPANISAD with the commentary of SANKARACARYA Translated by: Swami Gambhirananda, Advait Ashrama, Publication Department Culcutta – 700014, Fourth Impression १९९५

4. EIGHT UPANISADS volume I – (Isa, Kena, Katha and Taittiriya) With the commentary of SANKARACARYA, Translated by: Swami Gambhiranda, Advaita Ashrama, Publication Department Calcutta-700014- Third Reprint Second Revised Edison 1989), 1996

5. **ईशादिदशोपनिषदः**, TEN PRINCIPAL UPANISHADS WITH SANKARBHASYA **श्रीगोविन्दशास्त्रिणा टिप्पणीभिः समलङ्कृताः, मोतीलाल बनारसीदास, दिल्ली पुनर्मुद्रण** १९९७

6. કેનોપનિષદ, સ્વામી વિદિતાત્માનંદ, 'તત્ત્વતીર્થ', અધ્યાત્મ વિદ્યામંદિર, અમદાવાદ-380059, 2014.

*****

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**